ટનો બળવો

અથવા

રાજબા-રણસુંદરી

“ગુજરાતી” પ્રિન્ટિંગ પ્રેસ

બેટનો બળવો

અથવા

રાજબા-રણસુંદરી

(ઐતિહાસિક કાદંબરી)

લખનાર

હરિપ્રસાદ રામનારાયણ મહેતા

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રગટ કીધું
સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઇ
ઈ. સ. ૧૯૧૬ સંવત ૧૯૭૨
કીંમત રૂ. ૧-૮-૦

Printed and Published by Manilal Itcharam Desai at
THE GUJARATI PRINTING PRESS,
SASSOON BUILDINGS, CIRCLE, FORT,
BOMBAY

પ્રસ્તાવના

આજ સુધી આપણા લોકોના જાણવામાં એટલું જ છે કે, ચાર ધામ પૈકી દ્વારકા આપણા ગુજરાત દેશમાં આવેલું છે. પરંતુ એ દ્વારકાના પ્રાચીન યદુવંશના વાઘેર લોકો કોણ છે અને હજુ કેવા છે, તેની કોઇને કલ્પના પણ હશે નહીં. વાસ્તવિક રીતે જોતાં ઐતિહાસિક દૃષ્ટિથી જો કોઈ આ લોકોના સંબંધમાં વિચાર કરે તો તેમનો ઇતિહાસ ખરેખરો બોધદાયક થઈ પડે, એમાં કાંઈ સંશય નથી. શ્રીમંત ગાયકવાડ સરકારના રાજ્યમાં ઉખામંડળ, એ એક નાનકડો મહાલ છે. અને તે જ ભાગમાં માત્ર આ લોકોની ઘણી થોડી વસતી છે. પણ એ થોડા લોકોનો બંદોબસ્ત રાખવા માટે એક આખી લશ્કરી પલટણ ત્યાં રાખવી પડેલી છે, એટલું જ નહીં પણ તેમને આપેલી કેટલીબધી જમીન માફીમાં પાળવી પડે છે. તેમ જ તેમનો ઇન્સાફ પણ ખાસ કડકપણાથી કરવો પડે છે. એ વગેરે બાબતો ઉપરથી જો કોઈ તપાસ કરીને વિચાર કરે તો તેમની કડવી જાતના સંબંધમાં પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થયા સિવાય રહેશે નહીં. આ લોકોનો ઇતિહાસ ઘણો જ મનોરંજક છે; પણ તે સાદ્યંત આવા કાદંબરીના આકારમાં આવી શકવો મુશ્કેલ છે, એ કાંઈ કહેવાની જરૂર જ નથી. આ પુસ્તકમાં બહુધા સન ૧૮૫૩ થી તે સન ૧૮૫૭ સુધીના સમયકાળનું વર્ણન કરેલું છે, અને તેની સ્પષ્ટતા કરવા માટે જેટલી જરૂરની લાગી તેટલી આગળ પાછળની હકીકતો પણ લીધેલી છે. આ લોકોએ બેટનો બળવો કર્યો, પરંતુ તે શ્રીમંત ગાયકવાડની સત્તા પાસે કાંઈ મોટી બાબત હતી નહીં; તોપણ ઇંગ્રેજ સરકાર સાથેના તહનામા પ્રમાણે બારોબાર તેની સમાધાન કરવાની તજવીજ કરવામાં આવી. એ વગેરે હકીકતો તે સંબંધના કાગળ પત્રો ઉપરથી જણાવા જેવી છે.

"મારે તેની તરવાર અને જીતે તેનું રાજ્ય" એ જ ન્યાયનું સ્વરૂપ છે, એમ કહેવાને કાંઈ હરકત નથી. અમુક એક માણસ અથવા ટોળી પોતાના લાભને માટે કાંઈ કામ કરે, તો તે પરિણામે કોઈ વાર પ્રશંસાને અથવા નિંદાને પાત્ર પણ થાય છે. તેમાં જ્યારે પ્રશસા થાય ત્યારે તે ન્યાયનું કામ કહેવાય છે, અને તે જ નિંદાને પ્રસંગે અન્યાયનું કૃત્ય ગણાય છે. જેમ કે એક લુંટારાની ટોળી કોઈ વટેમાર્ગુને લુંટી લે ત્યારે તેને શું કરવું તે તેટલા વખત પુરતું એ ચોર લોકોની મરજી ઉપર

રહે છે, અને તે વખતે તેઓ જે કાંઈ કરે તે જ ન્યાય, એમ સમજવું પડે છે. એ ન્યાયના સ્વરૂપને ગમે તેટલું મોટું વધારીએ, તો પણ તે સરખું જ માલમ પડે છે. એક બે માણસ હોય તો તે ચોર કહેવાય, તેવા જ કેટલાક વધારે ભેગા થાય ત્યારે તેઓ લુંટારા અથવા ધાડપાડુ કહેવાય; અને તેના કરતાં પણ એ લોકોની સંખ્યા વધારે હોય, ત્યારે તેમને બળવાખોર કહેવામાં આવે છે. એ જ બળવાખોરો જો જીત મેળવે તો તેઓ રાજા થાય છે. એવી એક સરખી ઘટમાળ લાગેલી છે. રાજા થયા એટલે તેઓ જે કરે તે જ ન્યાય કહેવાય છે અને આવા રાજા જે કાંઈ કરે અથવા લખી મુકે તે જ કાયદા, અને તે જ કાયદાનાં તાજવાથી ન્યાયની તુલના કરવામાં આવે છે!

હાલની આપણા દેશની સ્થિતિનો વિચાર કરનારને આખા હિંદુસ્થાનમાં ચારે તરફ શાંતતાની સાથે તાર, રેલવે, પોસ્ટ ઑફિસ, દવાખાનાં, છાપખાનાં, વર્તમાન પત્રો, ન્યાયની અદાલતો, પોલીસ, મ્યુનિસિપાલિટી, નિશાળો અને કૉલેજો વગેરે જ્યાં ત્યાં જોવામાં આવે છે. તેમ જ અનેક પ્રકારની વેપારની વસ્તુઓના ઢગલાને ઢગલા પરદેશમાંથી આવેલા નજરે પડે છે, અર્થાત્ વેપારનો સઘળો આધાર પરદેશીઓ ઉપર જ રહેલો છે! આપણા લોકોના જીવનનો આધાર જોઇએ તો માત્ર ગુલામગિરી અથવા બહારથી આવેલા માલના વેપાર ઉપર જ છે! આવી રીતે તે કેટલીક પેદાશ થાય! સંપત્તિરૂપી જળની ભરતી પશ્ચિમ તરફ જવાથી, ખેડુત લોકોને મહેસુલ જેમ તેમ કરીને પુરું કરતાં, મહાદુ:ખે પોતાના દેહમાં આત્મા રહી શકે, તેથી વધારે કાંઈ મળતું નથી. પ્રાચીન કાળની સર્વ વિદ્યાનો લોપ થતાં પરભાષાનું જ્ઞાન, એ જ ખરી વિદ્યા, એવી સઘળાઓની સમજ થયેલી છે. પહેલાંની જુસ્સાદાર તથા કસાયલી પ્રજા નષ્ટ થતાં નવી પ્રજાનાં નેત્રોને બાળવયથી જ ચષ્મા લાગવા માંડ્યાં છે. એકલા માનસિક શ્રમને લીધે શરીર તદન નિર્માલ્ય થઈ ગયાં છે, અને પરદેશી કેળવણીને લીધે જુની રીતભાત, આચાર વિચાર તથા ધર્મના સંબંધમાં માર્ગ જ તદન જૂદો પડ્યો છે. તેની સાથે કારકુની અને શિક્ષકપણા સિવાય તેમને માટે બીજો ધંધો જ રહ્યો નહીં. સ્વદેશાભિમાન પણ ગયું અને વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થવા લાગી! આવી સ્થિતિને લીધે સ્વતંત્રતાના શિખર ઉપર ગયેલા લોકોની દૃષ્ટિએ આ હતભાગી આર્યમાતા અને તેના અનાર્યત્વને પામેલા બાલકો કેવળ ઘેટાં બકરાં જેવાં જ જણાય!

એમાં કાંઈ નવાઈ નથી. કારણ, જો ખરી રીતે વિચાર કરીએ તો તેઓ તેવા દેખાય છે, એ કેવળ સ્વાભાવિક છે. એટલે ઉંચેથી જોનારને નીચેના સર્વ પદાર્થ ઘણા સ્વલ્પ જણાય જ! આ સ્થિતિ કાંઈ બીલકુલ બદલાય નહીં, એવી નથી; પરંતુ તેનો પરિત્યાગ કરવાને માટે અનેક દિશાઓમાંથી અનેક પ્રકારના લોકો તરફથી યોગ્ય પ્રયત્ન થવા જોઇએ. આ પ્રયત્ન પણ તે પૈકીનો અને તેવા જ હેતુથી કરેલો છે. આ આપણી આર્યભૂમિમાં પહેલાં એવા હજારો સ્વદેશાભિમાની વીર પુરુષો થઈ ગયા છે તે ઇતિહાસ ઉપરથી જ જણાઈ આવે છે. અનુકરણ કરવું તે હંમેશાં સારાનું જ કરવું, એ ન્યાય પ્રમાણે જોઇએ તો ઇતિહાસ ઉપરથી ઘણી સારી બાબતો અનુકરણ કરવા લાયક માલમ પડે છે. ઇતિહાસનું વાંચન—એ એક પ્રકારે મનોરંજનનું ઉત્તમ સાધન હોવાની સાથે, તે ઉપરથી આપણે કોણ, આપણું કર્તવ્ય શું, હાલ આપણે કેવી સ્થિતિમાં આવી પડ્યા છીએ, પરતંત્રતાને લીધે આપણી કેવી દુર્દશા થયેલી છે, સ્વતંત્રતા મેળવવાને માટે કેટલી જીવસાટાની મહેનત કરવી પડે, સ્વાર્થ ત્યાગ કેવી રીતે કરવો જોઇએ, કેવા કેવા ઉપાય કરવાથી આપણે પાછા માણસાઇમાં આવી શકીએ, એ વગેરે બાબતોના અગત્યના વિચાર અવશ્ય માણસના મનમાં આવે છે અને એવા વિચાર આવવાને માટે આ પુસ્તક કિંચિત્ પણ ઉપયોગી થઈ પડે, એવી ઉમેદ છે.

આ પુસ્તક લખતા પહેલાં વડોદરાના વતનદાર રા. રા. ચિંતામણરાવ નારાયણ મજૂમદારનું લખેલું "शेवटचा शूर वाघेर" એ નામનું મરાઠી પુસ્તક મને મળ્યું. તે ઉપરથી એ વિષય લખવા જેવો માલમ પડ્યો અને તે સંબંધી મેં હાલના ગુજરાતી સાહિત્યમાં પુષ્કળ મહત્વનો વધારો કરનાર રા. રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ સાથે વાતચિત કરી. તેઓએ આ બાબત મને વધારીને લખવા જેવી જણાવી; તેથી એકંદરે નવી જ યોજના કરી અને કેટલાક સુધારા વધારા તથા ફેરફાર સાથે થોડા જ વખતમાં લખીને આ પુસ્તક તૈયાર કર્યું. તેમાં મુખ્ય મદદ એ પુસ્તકની લીધેલી છે. તો પણ સંકલના સઘળી ફેરવી નાંખવામાં આવી છે, અને જેમ બને તેમ તે વાંચનારને વધારે પ્રિય થાય, એવી તજવીજ કરવામાં આવી છે. આવી રીતે ઐતિહાસિક ગ્રંથોની પ્રિયતા અને ઉત્તેજન માટે ગુજરાતી ભાષાના નામાંકિત 'ગુજરાતી' પત્રના અધિપતિ સુજ્ઞશ્રી દેશાઇને ધન્યવાદ ઘટે છે.

ગ્રંથકર્તા

અનુક્રમણિકા

બેટનો બળવો

અથવા

રાજબા-રણસુંદરી

(ઐતિહાસિક કાદંબરી)

મંગલાચરણ

માલિની છંદ

સકળ અકળ વ્યાપી, બ્રહ્મ માયા અનૂપ,
ચિત નિત સમ સ્થાપી, સર્વથા એક રૂપ;
નમન મનન ચિત્તે, એક ભાવે અનેક,
પ્રગટ પ્રભવ નિત્યે, પાર પ્રભુતા વિશેક.

પ્રકરણ ૧ લું

પ્રવેશિકા-બેટ ઉપર હલ્લો

પ્રાચીન સમયમાં જેને **આનર્ત** દેશ કહેવામાં આવતો હતો, તે અર્વાચીનકાળમાં ***સૌરાષ્ટ્ર** અથવા **સોરઠ**પ્રાંત કિંવા **કાઠીઆવાડ**, એવા નામથી પ્રસિદ્ધ થયેલો છે. તેનો પશ્ચિમ ભાગ ઉખામંડળ વિભાગ તરીકે ઓળખાય છે. તેની ઘણી ખરી બાજુએ સમુદ્ર તથા તેના કેટલાક ભાગમાં રણ આવેલું છે. આ બેટની લંબાઈ આશરે ત્રીસ માઇલની છે, તથા પહોળાઈ સુમારે પંદર માઇલ છે. કેટલાક લોક કહે છે કે, **યાદવ** કુળમાંનાં **અનિરુદ્ધ**ની પત્ની ઉખાના નામ ઉપરથી આ બેટનું નામ ઉખામંડળ અથવા **ઓ**ખામંડળ પડ્યું છે; અને કેટલાકનું એવું પણ કહેવું છે કે, એક ઉખા નામનો દૈત્ય હતો; તેના નામ ઉપરથી આ ભાગનું ઉખામંડળ એવું નામ પડેલું છે. પરંતુ **અનિરુદ્ધ**પત્નીના નામ ઉપરથી ઉખામંડળ-નામ પડેલું હોય, એ વધારે સંભવિત લાગે છે. વળી હિંદુસ્થાનની ચાર દિશામાં જે ચાર ધામ મુખ્ય અને મહા પવિત્ર ગણાય છે, તે પૈકી પશ્ચિમ દિશા તરફનું **દ્વારકાં** ધામ આ જ પ્રાંતમાં આવેલું છે, અને બેટ તથા **દ્વારકાં** વચ્ચે માત્ર સાત કોસનું અંતર છે. ઉખામંડળની જમીન રસાળ નથી, પણ પાક પાણી વગરની જંગલી છે. તેમાં મીઠું પાણી મળવું દુર્લભ છે. તે શિવાય ત્યાં થૉરિયા અતિશય, ફાફડા થોર પણ ઘણા અને સમુદ્રમાં ખાડા ટેકરા

---

* શબ્દાર્થ પ્રમાણે સો રાજ્યો અથવા ઘણાં રાજ્યો મળીને થયેલા દેશના પ્રાંતનું સૌરાષ્ટ્ર, એવું નામ પડેલું હોય, એ સ્વાભાવિક છે. કેમકે **કાઠીઆવાડમાં** આજે પણ નાનાં મોટાં ઘણાં રાજ્યો આવેલાં છે. એક મત એવો પણ છે કે, **સૌરાષ્ટ્ર** શબ્દ **સુરાષ્ટ્ર** ઉપરથી ઉદ્ભવ્યો છે, અને તે રાજ્ય સારું ગણાતું **સુરાષ્ટ્ર-સૌરાષ્ટ્ર** ગણાયું.

પણ બે સુમાર છે. આવી સ્થિતિ હોવાને લીધે ચોર લુંટારા, ધાડપાડુ તથા ચાંચિયા વગેરે લોકોને નિર્ભયપણે પોતાનો ચોરીનો ધંધો કરવાને આ જગા ઘણી જ અનુકૂળ થઈ પડી હતી. સમુદ્રમાં ડુંગરાઓ હોવાને લીધે મોટાં વહાણો નજીક આવી શકતાં નથી, તેથી ત્યાં રહેનારા પ્રસ્તુત બળવાખોર વાઘેરો વગેરે, એવો ધંધો કરનારા લોકો, નાના નાના મછવાઓમાં બેસીને મેળવેલી લુંટ લઇને આ ડુંગરાઓમાં સહેલાઈથી છુપાઇ જતા હતા, એટલે આખા કાઠીઆવાડમાં આવા લોકોનો જુલમ ચાલુ જ હતો. તે વખતે ઉખામંડળના સમુદ્રમાં મુસાફરી કરનારાઓને કદી પણ તેઓ સુખ શાંતિથી જવા દેતા નહીં. તે લોકો કોણ અને આવા ચમત્કારિક શાથી? એવો સવાલ થવો સ્વાભાવિક છે.

શ્રી આદિનારાયણથી દશમી પેઢીએ **યદુ**રાજા થયા, અને તેમના પછી ચુંવાલીસમી પેઢીએ **યદુ**વંશમાં અવતારી પુરુષ **શ્રી**કૃષ્ણ થયા. તેમણે ***દ્વારકા**માં રાજ્ય કર્યું; અને આજ પણ તેમની મૂર્તિઓ ઈશ્વરરૂપે પૂજાય છે. તેમનાં એક પટ્ટરાણી **જાં**બુવતીના કુંવર **શાં**બ **મિસર** દેશના **શો**ણીતપુર નગરના રાજા **બા**ણાસુરના પ્રધાન **કૌ**ભાંડની કન્યા **રા**મા સાથે પરણ્યા હતા. તેને ઉષ્ણીક નામનો કુંવર થયો. †જ્યારે યાદવાસ્થળી થઈ અને સઘળા યાદવો નાશ પામ્યા, તે વખતે ઉષ્ણીક **શો**ણીતપુરમાં હતો; તેથી તે બચી ગયો. ત્યાંના રાજા **બા**ણાસુરના મરણ પછી એ રાજ્ય **કૌ**ભાંડને મળ્યું, અને **કૌ**ભાંડના મરણ બાદ તે રાજ્ય ઉષ્ણીકના હાથમાં આવ્યું. તેનાથી ૭૯ મી પેઢીએ **દેવેંદ્ર** થયા. તેમને **અ**સપત, **ગ**જપત, **ન**રપત અને **ભૂ**પત-એ નામના ચાર કુંવરો હતા. તેમાંનો **અ**સપત તો મુસલમાન થઈ ગયો હતો. **ભૂ**પત ભટ્ટી વંશના રજપૂતોનો મૂળ પુરુષ થયો. **ન**રપતના કુંવર **સા**મતના વંશના, **સા**મજાતી તરીકે અને પાછળથી **સિ**સોદીઆ નામથી ઓળખાવા લાગ્યા. તેમની ગાદી હજુ પણ જેસલમેરમાં છે. આગળ જતાં તે વંશમાંથી **જા**ડેજા રજપૂતની એક શાખા નીકળી હતી. વળી **ગ**જપતનો **ચુ**ડચંદ્ર નામનો કુંવર હતો. તેના વંશના સઘળા **ચુ**ડાસમા રજપૂતો કહેવાયા. આવી જ રીતે આ વંશમાં આગળ જતાં હિરોળ જાતના રજપૂતો થયા. તે લોકો **ક**ચ્છ તરફથી **દ્વા**રકામાં આવ્યા, અને તેઓ જ **દ્વા**રકાનું રાજ્ય કરતા હતા. તેમાં પાળથી **વા**ઘેલા તથા **વા**ઘેર, એવા બે વિભાગ થયા. તે પૈકી

---

* આ નગરીની વસાયત ક્યારે થઈ, તેનો કાંઈ નિશ્ચય થઈ શકતો નથી; પણ તે બહુ જ પ્રાચીન છે, એમ સ્પષ્ટ થાય છે. † એકંદરે ૫૬ કોટી યાદવો કહેવાતા હતા. તેઓનો ઈશ્વરઇચ્છાથી પૃથ્વીનો ભાર ઉતારવાને અર્થે નાશ થયો. **વિશ્વામિત્ર**, **અસિત**, **કણ્વ**, **દુર્વાસા**, **ભૃગુ**, **અંગિરા**, **કશ્યપ**, **વામદેવ**, **અત્રિ**, **વશિષ્ટ** અને **નારદ** વગેરે ઋષિ મુનિઓ પાસે **શાં**બને સ્ત્રીનો વેશ પહેરાવીને યાદવો મશકરી કરવા ગયા, અને એ સ્ત્રીને શું અવતરશે, એવો પ્રશ્ન કરતાં-'યાદવોનો સંહાર કરનાર **મુ**શળને એ જન્મ આપશે.' એવો તેઓએ શાપ દીધો. તે જ **મુ**શળના પ્રભાવવડે યાદવોનો દારુના નિશામાં અંદર અંદર લઢતાં એકદમ નાશ થયો. તેથી તેને યાદવાસ્થળી નામ આપવામાં આવ્યું છે.

વાઘેર લોકોમાં પણ બે ભેદ છે. કચ્છ તરફથી જે લોકો આવ્યા, તે મુસલમાની ધર્મના છે; અને ઉખામંડળમાં રહેનારા વાઘેરો હિંદુ ધર્મના છે. એ ઉખામંડળના વાઘેરોમાં "માકણુ" નામથી ઓળખાતા, ઉંચી જાતના મનાય છે. આ વાઘેર જાતના લોકોનો રંગ ગૌરવર્ણનો હોય છે. કાઠી લોકોના જેવો તેમનો બાંધો ઉંચો પણ નહીં તેમ છેક ઠીંગણો પણ નહીં. તેમના ડોળા હંમેશાં લાલ તથા મુછોનો રંગ જરા ભુખરો હોવાની સાથે તે લાંબી હોય છે. સ્વભાવમાં એ લોકો ઘણા જ ક્રૂર હોય છે. તેમનો આહાર અફઘાન લોકોની પેઠે જંગલી છે. તેઓ કાચાં બકરાં એમને એમ ખાઈ જાય છે. બકરાંનું તથા ઉંટનું દૂધ તેમને બહુ ભાવે છે. તેમનો પહેરવેશ કાઠીઆવાડમાંના રબારીઓ જેવો હોય છે. એટલે તેમના અંગમાં બંડી, પગમાં ઢિલી સુરવાળ અને માથે કાઠીઆવાડી તરેહનો આંબળાવાળો ફેંટો હોય છે. ખેતીના તથા બીજા ધંધાનો તેમને સ્વાભાવિક રીતે જ કંટાળો હોય છે. એમનો પસંદગીનો ધંધો જોશો તો ચોરી, લુંટ વગેરેનો છે. તેમનાં મુખ્ય હથિયારો બંધુક, તલવાર અને તીરકામઠાં વગેરે છે. મજલ કરવામાં, દોડવામાં, તરવામાં અને ઘોડા ઉપર બેસવામાં તે લોકો બહુ જ બહાદુર હોય છે. ચાંચિયાપણાના ધંધામાં તેઓ બહુ જ કુશળ છે, તેમ જ સ્નેહના હકમાં ઘણા જ મમતાળુ છે. તેમની બાયડીઓમાં ઘણી જ થોડી રૂપવાન્ હોય છે. તેઓ રંગમાં શામળી હોવાની સાથે તેમના વાળ જાડા અને લાંબા હોય છે. તેમનું પહેરવાનું લુગડું એટલું બધું જાડું હોય છે કે, ચાલતાં તેનો ફડફડ અવાજ થાય છે. તેમના પગમાંના ચઢાઉ જોડા ઉપર ભાયડાઓના જોડા કરતાં વધારે ગુંચળું અથવા ગોટો હોય છે અને તેઓ પણ ભાયડાઓની પેઠે શૌર્યમાં બહાદુર હોય છે. તેમ જ તેમનામાં વ્યભિચાર બહુ જ થોડો છે. ખેતી કરવાને વખતે પણ હળ ઉપર બંધુક ભરેલી તૈયાર જ હોય છે, તેમનાં બાળકોની રમત જોશો તો શિકાર અથવા હિંસા કરવાની જ હોય છે. એકાદી ખીસકોલી અથવા બીજું કાંઈ એવું નાનું પ્રાણી એ છોકરાંઓની નજરે પડે તો તેઓ એવો તાકીને કાંકરો મારે છે કે, તે ખીસકોલી અથવા બીજું જે પ્રાણી હોય તે ટપ દઇને નીચે પડે જ. ઘોડાની પીઠ તરફ મુખ કરીને અવળા બેસવું, ઘોડાને પૂરપાટ દોડાવવા, અને કોઈ કોઈ વાર ઘોડા ઉપર ઉભા રહીને હાથમાં પાણીનો ભરેલો વાડકો, તેમાંનું પાણી ઢળે નહીં, એવી સિફતથી ઝાલીને ઘોડા દોડાવવા વગેરે બાબતોની, તેમને બાળપણથી જ કેળવણી મળેલી હોય છે. બીજાની ઉંટડીનું દૂધ તે દોડતી હોય તોપણ તેમાં પાછલા પગ ઉપર અચળ ઉભા રહીને પીવાનું તેમને નાનપણથી જ શિક્ષણ મળેલું હોય છે. એટલે વાઘેર લોકો ઘણા ઘાતકી પ્રકૃતિના હોય છે. તોપણ ભાટ, ચારણ, બ્રાહ્મણ, અને સ્ત્રીઓને તેઓ કદી પણ લુંટતા નથી. એટલું જ નહીં, પણ વખતે સાસરવાસિનીને કાંઈ સાસરવાસા તરીકે પણ પોતાની પાસેથી આપે છે. આ લોકો સ્વતંત્ર ખવાસના છતાં તેમને રહેવાનાં હંમેશાં ઝુંપડાં જ હોય છે, અને તેમની સાથે જેમને સ્નેહ થયેલો હોય, તેમની સાથે તેઓ બહુ જ પ્રમાણિકતાથી ચાલે છે. આજકાલના શાંતિ સમાધાનના વખતમાં પણ ચારે તરફ કેળવણી લેવાનાં સાધનો તથા ઉત્તેજન મળવાની યોજનાઓ થયેલી, છતાં પણ તે લોકો જેવા પહેલાં હતા તેવા જ હજુ પણ જંગલી છે. ભણવા તરફ તેમનું

લક્ષ ગયું નથી, એટલું જ નહીં પણ ખેતી કરીને નિર્વાહ કરવાનું પણ તેમને પસંદ પડતું નથી, એવી એ વિચિત્ર અનાડી અથવા જંગલી જાત છે.

આ વાઘેર લોકોએ સન ૧૮૫૬–૫૭માં બળવો કર્યો હતો. ચારે તરફથી બેટમાંના મંદિરના કિલ્લા ઉપર હલ્લાં શરુ કર્યાં છ દિવસ સુધી બેટમાંના ગાયકવાડ સરકારના લશ્કરના સિપાઇઓએ તથા જમાદાર અને અમલદાર લોકોએ તેમને અંદર પેસવા દીધા નહીં. એવી રીતે કોટની અંદરના લોકોએ દારુગોળો ખલાસ થતાં સુધી બહાદુરીથી સારી રીતે બચાવ કર્યો. તથાપિ દ્વારકાં અને સર્વ ઉખામંડળ વાઘેર લોકોના હાથમાં ગયાં, એવું જ્યારે તેમના સાંભળવામાં આવ્યું ત્યારે હવે પછી આપણો બચાવ કાંઈ કામનો નથી, એમ સમજીને અંદરના લશ્કરી, વતનદાર વગેરે કેટલાક લોકો અંદરમાંનાં વહાણોમાં બેસીને શિલવાઈ થઇને ખંભાળિયા તરફ નીકળી ગયા. કોટ ઉપરથી બંદુકના તથા તોપોના અવાજ આવતા બંધ થયા; અને તે વખતે રાત્રિનો સમય હતો! એટલે બંડખોર લોકોને હલ્લો કરવાની સવડ મળી. બુરજમાંથી કોઈ અટકાવ કરનાર નહીં જણાયું ત્યારે વાઘેર લોકોએ સિડીઓ મૂકીને કોટ ઉપર ચઢવાની શરુઆત કરી. "દ્વારકાધીશકી જય!" એવી ઘોર ગર્જના ગાજી રહી. કોટમાંના મંદિરમાં રહેલા લોકો પોતપોતાનો જીવ બચાવવાને માટે જ્યાં રસ્તો મળે, ત્યાં નાસવા લાગ્યા. આખા મંદિર ભરમાં–"મારો, ઝાલો, પકડો" એવા કઠોર અવાજના પ્રતિધ્વનિ નીકળવા લાગ્યા. કોઈ આ રસ્તે તો કોઈ પેલે રસ્તે જીવ લઇને નાસવા લાગ્યું. કોઈ કોઈ વાર બંદુકોના અવાજ સંભળાય છે. કેટલાક વાઘેરો કતલ ચલાવતા બેટની વસ્તીમાં ઘુસ્યા અને જે તેમને અટકાવે, તેમને મારીને તેમણે લુંટનું કામ ધમધોકાર આગળ ચલાવ્યું. આ વખતે બેટમાં સુખશાંતિથી રહેનારા લોકોની કેવી સ્થિતિ થઈ હશે? જે તે પોતપોતાનો જાન માલ સંભાળવાની ફીકરમાં ગુંથાયલા હતા અને એકસરખી દોડધામ ચાલી રહી હતી.

આવી દોડધામમાં સપડાઈ જવાથી એક સુંદર યુવતી અતિશય ગભરાઈ ગઈ હતી. તેની વય ચૌદ પંદર વર્ષના સુમારની જણાતી હતી. તે શરીરે પાતળી અને રંગમાં ગૌરવર્ણની હતી. તેનું નાક તીણું અને અણિયાળું, તેમ જ આંખો મોટી અને પાણીદાર, કપાળ વિશાળ અને વાળ કાળા ભમરા જેવા હતા. 'આપણા બાપના ઘર આગળ બંડવાળા આવી પહોંચ્યા!' એવું લાગતાં અધવચરી ઉંઘની અવસ્થામાંથી હાંફળી ફાંફળી ઉઠીને પાછલા બારણાને રસ્તેથી બહાર નીકળી પડી. આ વખતે રસ્તામાં અંધારું ઘોર હતું. પૂરો રસ્તો પણ દેખાતો નહીં; તેથી તે છાનીમાની એક ખૂણામાં લપાઇને ચારે તરફ જોતી ઉભી રહી હતી. આ રસ્તો ગલી કુંચીનો હતો, તેને લીધે બળવાખોરો આ રસ્તા તરફ વળેલા નહીં. તો પણ અંધારી ઘોર રાત્રિ અને એક સરખો શોર બકોર ચાલી રહેલો–તેમાં વળી "મારો, લુંટો" એવા જ અવાજો તેના કાન ઉપર પડતા હતા, એટલે તે ભયભીત થઈ ગઈ. તે એટલે સુધી કે ભયને લીધે તેનું અંગ થરથર કંપવા લાગ્યું. આખે શરીરે ધામ ધામ થઈ ગયો. ગળું રુંધાઈ ગયું અને મુખ બ્હેબાકળું બની ગયું. 'આપણાં મા બાપની તથા ઘરનાં બીજાં માણસોની શી વલે થઈ હશે! લાજ સચવાઇને પાછાં કુટુંબ ભેગાં થઇએ

ત્યારે ખરાં!' એવી ફીકરમાં પોતે ઉભેલી હતી. તેણે પોતાના મુખ ઉપર આવેલો ઘામ પાલવથી લોહી નાંખ્યો. એટલામાં વિચાર આવ્યો કે, બળવાખોરો હિંદુ છે, તેથી મંદિરમાં લુંટફાટ કરે નહીં, માટે જો મંદિરમાં જવાય તો આપણો બચાવ થાય. આવી રીતે વિચાર કરતાં ધીરજ આવવાથી તેના મનનો ગભરાટ કાંઇક ઓછો થયલો હોય, એમ તેના ચહેરા ઉપરથી જણાઈ આવતું હતું. એટલામાં આ રસ્તે 'મારો લુંટો' કરતી કોઈ મોટી ધાડ આવતી હોય, એવો આભાસ થયો. તે વખતે એક વારકી તો એ સુંદર યુવતી એકદમ જ્યાંની ત્યાં સ્તબ્ધ જ થઈ ગઈ!

પ્રકરણ ૨ જું

રાજખટપટ

દ્વારકાંનાથનું મંદિર તટબંધી હોવાને લીધે કિલ્લાજેવું દેખાતું હતું. તે તટબંધીને બે બારીઓ હતી. તેમાં દક્ષિણબાજુની બારી જિલ્લા સ્વર્ગબારીના નામથી ઓળખાતી હતી, અને બીજી ઉત્તર તરફની બારી જીલ્લા મોક્ષબારીના નામથી જાણીતી હતી. સ્વર્ગબારી પાસે **શંભુ** જમાદારનું કોકણી બેહેડું હતું. અને મોક્ષ બારીના ભાગમાં વહિવટદાર સાહેબની કચેરી તથા તેમને પોતાને રહેવાની જગા હતી. **મુરલીધર** બાબા નામના એક ગૃહસ્થ પહેલા ઇંગ્રેજ સરકારની નોકરીમાં હતા. ત્યાર પછી વળી તેઓ વહિવટદારના તાબામાં રહીને કામ જોતા હતા. આ વખતે રા. રા. **નારાયણ રાવ રઘુનાથ** વહિવટદાર હતા. તેમણે **વાઘેર** લોકોના સંબંધમાં ચોરી, લુંટ તથા ધાડ પાડવા સંબંધી હજુરમાં **વડોદરે** એક ખરીતો મોકલી દીધો હતો.

હવે **વડોદરા**ની શ્રીમંત **ગાયકવાડ** સરકારની ગાદીઉપર શ્રીમંત **ખંડેરાવ મહારાજા** રાજ્ય કરતા હતા. રાજ્યના દિવાનની જગાએ **ગોવિંદરાવ પાન્ડુરંગ રોડે** હતા; અને **ગણેશપંતભાઉ** ઓઝે કારભાર કરતા હતા. તોપણ **ગોવિંદરાવ રોડેનું** પ્રબળ જરા આગળ વધવા લાગ્યું હતું. મહારાજા સરકારની કૃપા સંપાદન કરવા તરફ બન્નેના પ્રયત્ન જારી હતા. એક જ પુરુષના હાથમાં જ્યાં સ્વતંત્ર રાજ્યાધિકાર હોય ત્યાં તે પુરુષને ખુશ રાખવા તરફ સઘળાના યત્ન ચાલુ રહે, એ સ્વાભાવિક છે. મહત્વાકાંક્ષા ઉત્પન્ન થાય એટલે બીજાનું વર્ચસ્વ જોઇએ નહીં અને આપણું તેજ આગળ પડે તો સારું, એમ દરેક માણસને લાગે છે; અને તેને માટે જે હોય તે પોતાનો પક્ષ સબળ કરવાની ખટપટમાં પડે છે. એટલે બેઉ પક્ષના માણસો પોતપોતાના હિતને માટે મથે છે. આવી ખટપટોમાં વખતે ત્રીજા માણસને હાનિ અથવા લાભ થઈ જાય, એ સાધારણ છે.

આવા સમયમાં **દ્વારકાં** તરફથી **વાઘેર** લોકોના તોફાન વગેરે સંબંધી વરદી લખોટા આવ્યો. તે વખતે **વાઘેર** લોકોની શું તકરાર છે, તેમને શી શી અડચણો પડે છે, અને તેનાં કારણો શું છે? વળી તે લોકો જે કારણો બતાવે છે, તે વિચાર કરવા જેવાં છે કે નહીં? એ વગેરે બાબતોનું ટુંકી નજરથી જોનારના લક્ષમાં કાંઈ મહત્વ આવ્યું નહીં. અર્થાત્ **વાઘેર** લોકો તોફાની તથા લુટારા છે, એવા પ્રકારના

પોકળ પોકારો શ્રીમંત મહારાજાના કાન ઉપર જવા લાગ્યા. તેમાં આપણા અમલદારો–કામદારો તરફથી તેમના ઉપર કાંઈ જોર જુલમ કરવામાં આવે છે કે નહીં, અને તેમની માગણી યોગ્ય છે કે નહીં? એ સઘળું બરોબર રીતે શ્રીમંત મહારાજા સાહેબને સમજાવવાનું કામ મુત્સદ્દી મંડળીનું હતું. તથાપિ તેમાં એક પક્ષનું વલણ દ્વારિકાંના વહિવટદાર નારાયણરાવ રઘુનાથના તરફ, અને બીજા પક્ષનું વલણ સખારામ પુરુષોત્તમના તરફ હતું. તેમનો ઇરાદો સખારામ પુરુષોત્તમની સાથે ફોજ, તોપો અને પુષ્કળ દારુગોળો વગેરે આપીને તેમને વાઘેર લોકો ઉપર ચઢાઈ કરવા મોકલવાનો હતો. તેમજ પહેલા પક્ષનો હેતુ એવો હતો કે, જો સખારામ પુરુષોત્તમને જય મળે તો ઠીક જ છે, અને જો નહીં મળે તો નારાયણરાવ રઘુનાથની યોગ્યતા વધશે. આવા આવા બેઉ પક્ષના વિચારો ઉપરથી સખારામ પુરુષોત્તમને દ્વારકાં તરફ વિદાય કરવામાં આવ્યા.

વાઘેર લોકો બહુ જ શૂરા અને કડવા અથવા ઘણા જ બહાદુર છે, અને તેઓ કોઈ વખતે પણ સરકારના ખરેખરા ઉપયોગમાં આવે તેવા છે, એવો દૂર દૃષ્ટિનો ખ્યાલ તે વખતે કોઈના પણ અંતઃકરણમાં આવ્યો નહીં. વાઘેર લોકોનાં આ ક્ષુલ્લક તોફાનો છે; અને તે હરામખોરોનું જોર કમી કરવું જ જોઇએ, એવો શ્રીમંત મહારાજા સાહેબનો એકતરફી આગ્રહ થયેલો હોવો જોઇએ. તેને લીધે કોલકરાર પ્રમાણે બ્રિટીશ સરકાર મારફતે એકદમ પરભાર્યો બંદોબસ્ત થાય તો સારુ, એવી મસલત ચાલતી હતી. હમેશાં માણસની નજર તાત્કાલિક પ્રસંગ પૂરતી ચાલે છે. જેની આગળ નજર પહોંચે નહીં, તે ખરા મુસદ્દી કહેવાય નહીં. જે માણસ રાજ્ય સંપાદન કરે છે, તેને જ માણસની કદર હોય છે. કોનું માન કેવું રાખવું, તેમનો ઉમંગ વધારવાને માટે કેવી રીતે ઉત્તેજન આપવું, એ વગેરે તેઓ બહુ સારી રીતે સમજે છે. આ કારકીર્દી પૂર્વે સંપાદન કરેલા રાજ્યના સુખ વૈભવો ભોગવવાની હતી. તેથી રાજ્યરક્ષણને માટે ફોજફાંટાં રાખવાં જોઇએ, અને મુસદ્દીઓનું મહત્વ પણ કાંઇક જૂદું જ છે, એ વગેરે વિચારો સમજમાં આવવા બહુ જ દુર્લભ હતા. કારણ કે આવાં રાજ્યોને પરચક્રની ધાસ્તી બીલકુલે હતી નહીં, એટલે તેવી કાળજી રાખવાનું કામ બ્રિટિશ સરકારે પોતાને માથે ઉઠાવી લીધું હતું. તોપણ પોતપોતાના રાજ્યનો બંદોબસ્ત રાખવા પૂરતી તજવીજો દરેક રાજ્યમાં હોવી જોઇએ, એવો નામદાર ચક્રવર્તી સરકારનો હેતુ ખરો.

સખારામ પુરુષોત્તમે આવીને વાઘેરોને સમજાવ્યા અને વસઈ વગેરે તરફ બંદોબસ્ત કરીને તેઓ પણ તટબંધીના બીજા ભાગમાં એટલે રામવાડીમાં રહેતા હતા. તેમણે સર્વ બંદોબસ્ત કરવા ઉપરાંત ખરચ ઘટાડવાની તજવીજ પણ કરવા વગેરે બાબતના પત્રો વડોદરા તરફ રવાના કર્યા. તે પત્રોમાં વાઘેર લોકોના ગિરાસ ચાલુ કર્યા, વસઇના ફાફડા થોર વગેરે કાપવાની તજવીજ કરી અને હવે પછી તોફાન નહીં કરવાના વાઘેર લોકોના જામીન લીધા, એ વગેરે બાબતો લખેલી હતી. આ પત્રવ્યવહાર ઉપરથી વડોદરામાં નિરનિરાળી વ્યૂહ રચના કરવામાં આવી. સખારામ પુરુષોત્તમ રાજ્યમાં સામા પક્ષ તરફના હોવાને લીધે, તેમણે ખરચ વધાર્યો અને વાઘેર

લોકો સાથે મળીને રહ્યા છે, તેમાં શી બહાદુરી કરી, એવી રીતે વિરુદ્ધ પક્ષ તરફથી શ્રીમંત મહારાજા સાહેબને સમજાવવામાં આવ્યું. તે ઉપરથી એવા ખરચ કમી કરીને ફરીથી બંદોબસ્ત કરવાનો ઠરાવ કર્યો અને તોપો તથા બીજા બસો માણસોનું લશ્કર વડોદરેથી રવાના કરવામાં આવ્યું. નવો અથવા પાછળથી આવે તે સારો અને ડાહ્યો ગણાય; અને જૂનો અથવા પહેલાંનો હોય તે કમ અક્કલનો અને મૂર્ખ કહેવાય, એવી સર્વ સાધારણ સમજુત છે. સખારામ પુરુષોત્તમે જેના તેના ગિરાસ ચાલુ કરીને ઉપજીવિકા વગેરેનો બંદોબસ્ત કરવાથી વાઘેર લોકો સમાધાનીથી શાંત થયા હતા. તે વ્યવસ્થા નવા આવનારે વહિવટદારની મરજી પ્રમાણે બદલી નાંખી અને વાઘેર લોકોના ગિરાસ વગેરે પાછા બંધ કરી દીધા, એટલું જ નહીં પણ સખારામ પુરુષોત્તમે જે જે યોજનાઓ કરી હતી, તે સઘળી ફેરવી નાંખી. આ ઉપરથી સખારામ પુરુષોત્તમને પોતાની આબરુ ગયા જેવું માઠું લાગે, તેમાં કાંઈ નવાઈ નથી, એટલે પછી તેઓ કેવળ બેદિલીથી વર્તવા લાગ્યા. તેમની સાથે આવેલા લોકો પણ બીલકુલ નારાજ થઈ ગયા, કેમકે તેમને વધારી આપેલા પગારનો વધારો પણ પાછો લેવાનો ઠરાવ થયો. તે ઉપરથી અમલદાર લોકોમાં પણ ગગણાટ ચાલવા લાગ્યો; અને આવી રીતે થાય તે વાજબી નહીં, એમ કેટલાક કહેવા લાગ્યા. આમ થવાથી સરકાર પક્ષમાં બે ભાગ પડી જવાનો ભાસ થવા લાગ્યો, એટલે ગાયકવાડી લશ્કરમાં ફાટ પડી ગઈ; અને જ્યાં ત્યાં બેદિલીનો વધારો થતો દેખાયો. વાઘેર લોકોએ શિબંદી તરફના સિદ્દી મકરાણી વગેરે લોકોને ફોડવાના પ્રયત્ન કર્યા છે, કેટલાક જમાદારો અને અમલદારો પણ તેમને અનુકૂળ થયા છે, અને આવા પક્ષવાદનું પરિણામ સારું આવશે નહીં, એવો અનેક પ્રકારનો ગગણાટ ચાલવા લાગ્યો. એટલું જ નહીં પણ વાઘેર લોકો હવે થોડા વખતમાં તોફાન કરશે, અને હુલ્લડ મચાવશે, એવી અંદર અંદર લોકો વાતો કરવા લાગ્યા હતા, પરંતુ માત્ર સ્પષ્ટ રીતે ખુલ્લે ખુલ્લું કોઈ બોલી શકતા નહીં. તથાપિ એકંદરે જોતાં શાંતતાના પ્રકાશ ઉપર ભય અને બેદિલીનાં વાદળાં ઘેરાઈ આવ્યાં હતાં. એક બાજુ વાઘેર લોકો પોતાની આજીવિકા માટેના ગિરાસ પાછા લઈ લેવા વગેરેના ઠરાવ થવાથી બેહદ ઉશ્કેરાઈ ગયા હતા; અને બીજી બાજુએ જોઇએ તો ગાયકવાડ સરકારના લશ્કર તથા અમલદારોમાં બેદિલી તથા પક્ષાપક્ષનો ફેલાવો થયો હતો. તેમાં લશ્કરી ખાતાના લોકોનો મોટો ભાગ કેવળ નારાજ થઇ ગયો હતો. તેની સાથે વહિવટદાર સાહેબ નારાયણરાવ રઘુનાથની મુસદ્દીનું જોર વધતું હતું. તેઓ સખારામ પુરુષોત્તમની હીનતા થવાથી અને પોતાનો પ્રભાવ વધવાથી આનંદ તથા અભિમાનના આવેશમાં મશગુલ થયેલા હતા; તેને લીધે જે ગગણાટ ચાલતો હતો, તેનું ખોટું પરિણામ આવશે, એમ તેમના ખ્યાલમાં પણ આવ્યું નહીં; અને તેઓ કેવળ બેફિકરા બની ગયા હતા.

પ્રકરણ ૩ જું

જુલમ

રાત્રિનો ભયંકર સમય હતો, દશે દિશાએ અંધારું ઘોર થઈ રહ્યું હતું. ડોળા ફાડીને જોતાં બધી બાજુએ કાળું ધબ દેખાતું હતું. આકાશ તરફ જોતાં તારાગણ પણ નજર આવે નહીં. તેઓ જાણે ભયંકર કાળ રાત્રિના કોપથી તદ્દન લોપ થઈ ગયા હોય, તેમ કેવળ શૂન્ય આકાશ દેખાતું હતું. સામી બાજુએ નજર કરીએ તો કેવળ અંધકાર શિવાય બીજું કાંઈ પણ દેખાતું હતું નહીં. રસ્તા તરફ નિહાળીને જોતાં આગળ કાંઈ દેખાય જ નહીં, એટલે સ્તબ્ધ થઈ ગયેલી સુંદર યુવતી ભયભીત થઈ ગઈ. તેને મનમાં એમ થવા લાગ્યું કે, કોઈ આમથી આવશે કે તેમથી ખાશે! કોઈ હમણાં પકડશે! ભૂત પિશાચ તો નહીં હોય! અરે કોઈ છૂપાઈ રહેલું પણ હોય! આજુ બાજુ ચારે તરફ હોહાકાર થઈ રહેલો છે! શું બોલે છે અને કોની બુમાબુમ છે, તે કાંઈ જ સમજ પડે નહીં. માત્ર હોહોહોઓ–તેમાં વખતે મારો, લુંટો, પકડો, નાઠો, ઝાલો, વગેરે શબ્દો કોઈ કોઈ વાર સમજાતા હતા. થોડે દૂર ગામના રસ્તા ઉપર ઘણા લોકોની દોડાદોડનો અવાજ આવતો હતો, વળી કોઈ કોઈ વાર બંદુકના અવાજો અને ધાજો, ધાજોના ભયંકર પોકારો પણ સંભળાતા હતા. એટલામાં એવો ભાસ થયો કે, કોઈ દોડતું દોડતું આવે છે. આ વખતે સુંદર યુવતી એકી નજરે તે તરફ જોઈ રહી હતી. તે સ્ત્રી છે કે પુરુષ છે, તેની કાંઇ જ સમજ પડે નહીં. તેથી એકદમ પાછો ઘણો જ ગભરાટ થઈ ગયો અને શું કરવું, તે કાંઈ જ સમજ પડે નહીં. એટલામાં વળી એમ લાગ્યું કે, કોઈ સ્ત્રી જ દોડતી આવે છે. તેના પગનો અવાજ સંભળાય છે. તે શિવાય લુંટારુ ટોળી જે નજીક આવતી લાગતી હતી, તે આગળ વધી ગઈ હોય, એમ જણાય છે. તે સ્ત્રી નજીક આવતાં સુંદર યુવતી ખૂણામાંથી નીકળીને આગળ આવી અને તે છેક પાસે આવતાં તેને પૂછ્યું કે 'બા ક્યાં જાઓ છો આમ?' મુખવાટે શ્વાસ માતો નથી. તો પણ તે બોલી કે–'બાઈ! મંદિરમાં જો દેવને આશરે બચીએ તો!'

સુંદર યુવતી–'ચાલો બા, હું પણ આવું છું!'

સ્ત્રી–'અરેરે બેન! હુ તો અભાગિની છું.'

સુંદર યુવતી–'તમે ક્યાં રહો છો અને સાથે કેમ કોઈ કાંઈ જણાતું નથી?'

સ્ત્રી–'મારા ધણીને તો લુંટારાએ મારી નાંખ્યો અને છોકરો એકદમ ઘરમાંથી નીકળીને નાઠો, તેની પાછળ હું પણ આવી; પરંતુ તે કયાં ભરાઈ ગયો, તેની કાંઈ ખબર પડી નહીં; અને પાછળ મુઆ લુંટારા આવી પહોંચવાથી હું તો આ ગલીમાં પેસી ગઈ.'

સુંદર યુવતી–'મારા રડ્યા, સ્ત્રીઓને પણ મારે છે કે શું?'

સ્ત્રી–'કોણ જાણે બેન! પીટચા હિંદુ છે; તેથી મંદિરમાં નિર્ભયતા હશે.'

સુંદર યુવતી–'ચાલો ત્યારે ઝટ, વળી કોઈ આવી પોહોંચશે તો પાછા ભોગ લાગશે.'

લાગલી જ તે બે જણીઓએ મંદિર તરફ દોટ મૂકી; અને ખૂબ દોડતાં દોડતાં હવે હમણાં મંદિરની પાછલી બાજુની બારીએ આવી પહોંચે છે, એટલામાં બળવાખોર બાગેર લોકોની એક ટોળી આપણી પાછળ આવે છે, એવો તેમને ભાસ થયો. તે ટોળીનો ઘોંઘાટ તેમના કાન ઉપર આવ્યો. તેથી સુંદર યુવતીનું સર્વાંગ થરથર કંપવા લાગ્યું, આંખે અંધારાં આવી ગયાં, કાંઈ દેખાય નહીં,—એવું થઈ ગયું, પગ ભારે થયા, મન મુંઝાઈ ગયું અને જીવ જાણે ઉડી જ ગયો હોય, તેમ ભયને લીધે વારે ઘડીએ પાછળ જોતી જોતી ઝટ પેલી સ્ત્રીની પુંઠે મંદિરમાં પેઠી. તે વખતે સામી બાજુએથી કેટલાક લોકો રહ્યો સહ્યો સામાન લુંટીને ગામ તરફ જતા જણાયા. મંદિરમાં જુવે છે તો બ્રહ્મચારી મહારાજ તથા પૂજારીઓ અને નોકર ચાકરો તથા બીજા કેટલાક લોકો ઘાયલ થઇને પડેલા હતા. . તેઓ મહાદુઃખને મારે મોટી બુમો મારતા હતા. "હાય હાય રે! ઓ બાપરે! મરી ગયો રે! અરરરરરઓ ઈશ્વર!" એવા એવા ઘણા જ કઠોર પણ દીન તથા દયાજનક અવાજો સ્પષ્ટ રીતે કાને સંભળાતા હતા. તેમ જ કોઇના ખભા ઉપર ઘા વાગ્યો છે, તો કોઇનો હાથ લટકી પડ્યો છે, કેટલાકને તો માથામાં ઘા વાગવાથી તથા પગ કપાઈ જવાથી અંધારી આવી ગઈ છે; એવી રીતે સઘળા લોહીલોહાણ થઈને પડેલા છે. તે જોઇને આ સુકુમાર અબળાની કેવી સ્થિતિ થઈ હશે વારુ? પાછળથી દોડતા આવતા લોકોનો બુમાટો સાંભળ્યો અને આગળ આવી મંદિરમાંની ભયંકર સ્થિતિનું ચિત્ર જોઇને તે એ ચિત્રના જેવી કેવળ સ્તબ્ધની માફક ઉભી રહી. જીવ બચાવવાને હવે શું કરવું, તે કાંઈ તેને સૂઝે નહીં. જ્યાં તે ઉભી હતી ત્યાં જ તેના જમણા હાથ તરફ કિલ્લા ઉપર જવાનો માર્ગ હતો, પરંતુ ભયને લીધે ગભરાઈ જવાથી તે તેના જોવામાં આવ્યો જ નહીં. એટલામાં પેલા લુંટારા લોકોની ધાડ આવી પહોંચી. તે લોકો દોડતા દોડતા આગલે દરવાજેથી મંદિરમાં આવ્યા અને ચારે તરફ ફરી વળ્યા. જે જેના હાથમાં આવ્યું તે લઈ લીધું. તોપણ કેટલાક પેલા બ્રહ્મચારી તથા પુજારી વગેરે ઘાયલ થઇને લોહીલોહાણ થઈ ગયેલા પડ્યા હતા તેમને, ખજાનો કયાં છે, ભોંયરાનું બારણું કઈ જગ્યાએ છે, બધી દોલત કયાં મૂકેલી છે, એ વગેરે પ્રશ્નો પૂછવા લાગ્યા. પણ તેમણે જણાવ્યું કે, જે હતું તે બધું કયારનાએ તમારા લોકો લઈ ગયા, હવે કાંઈ બાકી રહ્યું નથી. તો પણ કેટલાક તેમને ધમકાવવા લાગ્યા તો કેટલાક ખૂણાખોચરા તપાસવામાં રોકાયા. એટલામાં એક મોટો દૈત્ય જેવો આવીને પેલી સ્ત્રી જરા આગળ પડતી ઉભી હતી, તેને બગલમાં શાનું પોટલું છે, એમ પૂછવા લાગ્યો. એકવાર તો તે સ્ત્રી ગભરાટને લીધે કાંઈ બોલી શકી નહીં, પણ ફરીથી પેલાએ કહ્યું કે, 'વગર બોલે ચાલે જે હોય તે મૂકી દે, નહીં તો મોત આવશે.' પેલી સ્ત્રી પોતાના ઉપર આવો પ્રસંગ આવવાથી ભયભીત થઈ ગઈ; તો પણ તેણે જવાબ આપ્યો કે, 'એ તો દેવસેવાનો દાબડો છે.'

લુંટારો–'જે હોય તે બતાવ.'

સ્ત્રી–'દેવસેવામાં શું જોવું છે?'

લુંટારો–'જે હોય તે એકદમ આપી દે છે કે નહીં? ચાલ, લાવ ઝટ.'

સ્ત્રી–'મૂઆ નખોદિયા, એમાં તો કાંઈ નથી. અમથો શીદ મને સતાવે છે?'

એ સાંભળીને લુંટારાએ તેના હાથ ઉપર બંદુકનો એક એવો કુંદો માર્યો કે, 'ઓ માડીરે!' કરીને પેલી સ્ત્રીએ ચીસ પાડી; અને બગલમાંનો દાબડો નીચે પડ્યો. તેની જ સાથે તે પેલા લુંટારાએ ઉપાડી લીધો અને તેના ગળામાં, કાનમાં તથા પગમાં જે દાગીના પહેરેલા હતા, તે કાઢી આપવાને પાછી તેને ધમકાવી. પેલી સ્ત્રી હાથની વેદનાથી રડતી તથા બુમ મારતી હતી. તેણે કાંઈ ગણકાર્યું નહીં અને એક સરખી ગાળો દેવા લાગી. તે ઉપરથી પેલાએ તેને એવો ધક્કો માર્યો કે, તે ધડમ દઇને નીચે પડી; અને બુમેબુમ પાડવા લાગી. તે જોઇને બીજો એક લુંટારો તેની તરફ આવ્યો અને બોલ્યો કે–'જવા દ્યો. ઓરત જાત છે.' પહેલા લુંટારાએ જણાવ્યું કે, 'માલદાર છે.'

બીજો લુંટારો–'અરે શી નાત છે બાઈ?'

પેલી સ્ત્રી–'વાણીયા છીએ,' એમ રડતાં રડતાં કહ્યું.

તે સાંભળીને 'બસ ઉસકું લુંટો,' એવું તે બોલ્યો; અને પગનાં કલ્લાં કાઢવા લાગ્યો. તેની જ સાથે તે બેઠી થઈ. એટલે એક લુંટારાએ ગળામાંના દાગીના કાઢવાની તજવીજ કરી. પેલી સ્ત્રી એકદમ ઉભી થઈ ગઈ અને 'તારું સત્યાનાશ જાય, નખોદ જાય' એવી ગાળો દેવા લાગી. તેથી પેલા લુંટારાઓને ચીડ ચઢી; અને તેને પકડી રાખીને દાગીના કાઢવા લાગ્યા. તે વખતે તેણે આમ તેમ ઘણાં ફાંફાં માર્યાં, પણ તેનું કાંઈ ચાલ્યું નહીં ત્યારે તેણે એક જણને હાથે બચકું ભર્યું. તે ઉપરથી પેલા લુંટારાએ તલવારની મુઠ મારી. તે તેના માથામાં વાગી; અને ભગભગ લોહી નીકળવા લાગ્યું; તેથી તે તમરી ખાઇને નીચે પડી. બેહોશ થઈ, હાથ પગ જેમના તેમ છુટા પડ્યા. જરા અકડાઇને શરીર તણાઈ જવા જેવું થયું. કાળજું અને પેટ ઉછળવા લાગ્યું તથા મરણાંત અવસ્થા આવી પહોંચી હોય, એમ જણાયું. તે દરમિયાન પેલા લુંટારાઓ પોતપોતાનું કામ કરીને ચાલતા થયા, એટલામાં તેનો શ્વાસોચ્છ્વાસ ચાલતો ધીમો પડીને ટપ બંધ થઈ ગયો.

આટલા બધા વખત સુધી જે સુંદર યુવતી ચિત્ર જેવી સ્તબ્ધ થઈ ગયેલી, તેનું ચિત્ત તદ્દન ચમકી જ ગયું. આ તે હું શું જોઉં છું? સ્વપ્ન છે કે સાચું? આ સ્ત્રી મારી સાથે આવી શું? તેનો મેં મોટો આશરો ધાર્યો શું? તેને ક્રૂર લુંટારાઓએ મારી નાંખી શું? અને તે દિગ્મૂઢ જેવી પડી છે શું? એમ કરીને જરા પાસે જઇને જુવે છે તો, હાય હાય! આ તો લાકડું જ થઈ ગઈ છે! શ્વાસ પણ ચાલતો જણાતો નથી! શું મરી તો ગઈ નહીં હોય! આ બિચારીએ આટલી ઉમરમાં કોઈનું મરણ જ જોયેલું નહીં; તેથી–ખરે જ! આ તો મરી ગયેલી લાગે છે! હાય હાય! હવે હું શું કરીશ. કોઇએ રહ્યું નહીં! મારી શી વલે થશે! આપણે હવે કોને આશરે? મા બાપ ગયાં, ઘર છોડયું, આ બિચારી મળી, મંદિરમાં આવ્યાં, અને એ તો પાછી ચતી પાટ મડદું થઇને પડી છે. બાપરે! હવે આપણું શું થશે? કયાં જાઉં? કોણ આપણું રક્ષણ કરશે? જરૂર આ તો કોઈ કઠણ પ્રસંગ આવ્યો. શ્રી દ્વારકાંધીશ બચાવે ત્યારે! અરે! મંદિરમાં આવ્યાં, ત્યાં પણ આવું? દેવ પણ કોણ જાણે કયાં ગયાં! બિચારા પૂજારી તથા બ્રહ્મચારીની પણ આ દશા! શિવ શિવ શિવ! ઈશ્વર કરે તે ખરું! ઓ પ્રભુ! તું મારું રક્ષણ કરજે! પરમેશ્વર શિવાય કોઈ આ વિઘ્નમાંથી બચાવી

શકે તેમ નથી. ક્યાં મા બાપ! ક્યાં આપણે? ક્યાં મંદિર અને ક્યાં આ બિચારી નિર્દોષ સ્ત્રી? જે થશે તે ખરું! એવા વિચાર કરતી તે દિગ્મૂઢ જેવી બની ગઈ.

પ્રકરણ ૪ થું

સંકેત

હેમંત ઋતુએ પોતાનો અમલ બેસાડ્યો હતો. ચોમાસામાં ચારે તરફ લીલું છમ થઈ જતાં થંડક લાગતી હતી; તેને લીધે શરીરમાંના રોગરાઈ પણ જતા રહ્યા. થંડીએ પોતાનો અમલ બેસાડ્યો હતો. ખેતરો રવીના પાકને લીધે લીલોતરીવાળાં દેખાવા લાગ્યાં. તેના ઉપર પક્ષીઓનાં ટોળાં જીવન આધારને માટે આમ તેમ ઉડતાં દેખાતાં હતાં. ખેડુત લોકો સૂર્યોદયને સમયે પક્ષીઓ ઉડાડવાને માટે કીકીઆરીઓ કરતા હતા. આ વખતે ક્ષિતિજમાં સૂર્યનારાયણની લાલી થઈ રહેલી હોવાથી તેના પ્રકાશને લીધે પરોઢિયામાં પડેલાં ઝાકળનાં ટીપાં મોતીની પેઠે ચમકતાં હતાં. તાઢ ઉરાડવાને માટે કોઈ કોઈ ખેતરોમાં અને કોઈ બાજુએ ઝાડ નીચે તાપણીઓ સળગતી જણાતી હતી, અને તેની આજુબાજુએ છોકરાંઓ હુંડાં શેકવાની ધામધૂમમાં પડેલાં હતાં. ગાયો, ભેંસોનું દૂધ દોહીને વેચવાને માટે દૂધવાળાં, ગોવાળા, રબારી ગામ તરફ જવા લાગ્યાં હતાં. ગામના ઢોરાં છૂટીને ચરવા માટે ટોળાં ને ટોળાં જતાં હતાં, અને તેમની સાથે વાંસળી વગાડતા હાથમાં ડાંગો લઇને ગોવાળીઆના છોકરાઓ ચાલ્યા જતા હતા. શાકભાજી વગેરે વેચનારા લોકો પોતપોતાના ટોપલા ભરીને રસ્તે લાગ્યા હતા. બીજી બાજુએ નદી કીનારા તરફ પ્રાતઃસ્નાન કરીને કપાળે ભસ્મનો પટ્ટો ખેંચેલા તથા ગળામાં રુદ્રાક્ષની માળા વગેરે ઘાલેલા બ્રાહ્મણ લોકો હાથમાં પૂજાપાનું કમંડળ અથવા છાબડી લઇને પૂજા કરવાને માટે શિવાલય તરફ જતા હતા, અને કેટલાક નદીના આરા ઘાટ તરફ પોતપોતાનાં આસનો બગલમાં મારીને ચાલ્યા જતા હતા. તેમ જ કેટલાક સંધ્યા પ્રાણાયામ કરવામાં નિમગ્ન થયેલા જણાતા હતા. ગામની સ્ત્રીઓનાં ટોળાં પોતપોતાનાં લુગડાં ધોવાને ચાલ્યાં જતાં હતાં. અનાજનાં, ઘાસનાં તથા લાકડાંના ગાડાંવાળાઓનાં હારબંધ લાગેલાં ગાડાંઓ પીઠાં તરફ જઈ રહ્યાં હતાં. આ સમયે ધામણવેલની ઝાડીમાંથી ત્રણચાર સ્વારો બહાર પડ્યા. તેમના ઘોડા પાણીદાર હોવાથી દોડતા ચિત્ર જેવા સુંદર જણાતા હતા. તેના ઉપર કેટલાક વાઘેર લોકો કાઠીઆવાડી ઘાટનો ફેંટો બાંધેલો, એક હાથમાં હુક્કો તથા બીજા હાથમાં માળા લઇને બેઠેલા હતા. એ સ્વારો વાવ પાસે ભેગા થયા, અને તેમની બોલચાલમાં તે જ દિવસે રાત્રે વડ નીચે ભેગા થવાનાં આમંત્રણો કરવાને મુકરર કરેલાં ગામો તરફ નિરનિરાળા રસ્તે જવાનું નક્કી થતાં તેઓએ માન ભરેલી રીતે એક બીજાને રામ રામ કરીને પોતપોતાનો રસ્તો લીધો. વાયુવેગે જતાં તેમના ઘોડા જોત જોતામાં દેખાતા બંધ થઈ ગયા. આ સ્વારો વાઘેર લોકોના પટેલ અથવા આગેવાનો હોવાને લીધે વસઈ, ધરેચી, મકનપુર, મુળવાસર, સામળાસર, ગોરિયાળી, રાજપુર અને પિંડારી વગેરે ગામના આગેવાન લોકોને સૂચના કરવા માટે નીકળ્યા હતા. ધામણવેલની સીમમાં એક વડનું

ઝાડ ઘણું જ જૂનું અને વિશાળ છે; તેની છાયામાં હજારો માણસોને બેસવાને કાંઈ હરકત પડે નહીં, એવું અદ્ભુત ઘટાદાર પણ છે. તે ઝાડ નીચેની જગા સાફ કરવાનું કામ લોકો પાસેથી પટેલ જાતે કરાવતા હતા. આવનારા બધા પરોણાઓને માટે કસુંબા પાણી તથા મિઠાઈ વગેરેની તજવીજ બીજા ગામના સારા વેપારીઓ મારફત કરવામાં આવી હતી. એ સઘળાં કામ ત્રીજા પહોર પહેલાં પુરાં થયાં. સવારે આમંત્રણો કરવાને ગયેલા સ્વારો બધી જગાએ ફરીને સાંજે પાછા આવ્યા. સાંજ પડી અને સૂર્યાસ્ત પણ થયો. પક્ષીઓનાં ટોળાં પોતપોતાના માળા તરફ જવા લાગ્યાં. તેનો એક સરખો કલબલાટ ચાલતો હતો. અંધારી રાત હોવાને લીધે વડના ઝાડ નીચે કેવળ કાળું ઘોર અંધારું થઈ ગયું હતું. ઝાડની આજુ બાજુએ દરેક નાકે ચોકીયાત લોકોને બેસાડવામાં આવ્યા હતા. નામવાર ઠરાવેલાં પોતાનાં માણસો શિવાય એ વડના ઝાડ નીચે બીજું કોઈ જાય નહીં, એવી ખાસ તજવીજ કરવામાં આવી હતી. ચોકીઆત લોકોની તાપણી શિવાય ત્યાં બીજો કોઈ પણ પ્રકારનો પ્રકાશ હતો નહીં. બેસવાને માટે મોટી મોટી જાજમો પાથરી હતી અને આવનારા લોકોની વાટ જોતા રામભાઈ અને દાદાભાઈ ત્યાં બેઠેલા હતા. સંકેત પ્રમાણે એક પછી એક આવીને ઉખામંડળના ચારે તરફના વાઘેરો ભેગા થયા. એક બીજાને રામ રામ કરીને ભેટ્યા, તથા અરસ્પરસ કુશળ સમાચાર પૂછીને તેઓ વડ નીચે બેઠા. અફીણનો કસુંબો ગાળીને સર્વેને આગ્રહપૂર્વક પાવામાં આવ્યો. તે પછી મિઠાઈ તથા પાનસોપારી વહેંચાયાં. ચાંદીના હુક્કાઓના ગડગડાટ પણ ચાલવા લાગ્યા. આવી રીતે કેટલોક વખત ગયા પછી આજના દિવસના અગત્યના કામનો આરંભ થયો.

આ વખતે ચંડી ચમકી રહી હતી. મધ્ય રાત્રિનો સુમાર થવા આવ્યો હતો અને ચંદ્રોદય થવાની ઘણી વાર હતી. તો પણ ચંડીને લીધે ઝાડે બાંધેલા ઘોડાઓના ખુંખારા જ માત્ર રહી રહીને સંભળાતા હતા. તે શિવાય આજુબાજુ સર્વત્ર શાંતતા પ્રસરેલી હતી.

વસઈના રવા માણેકે જણાવ્યું કે;—"આજે આપણે અત્રે બધા ભાઇઓ તથા સગા સંબંધીઓ ભેગા થયા છીએ. તેનો હેતુ આપણી હાલની સ્થિતિના સંબંધમાં વિચાર કરવાનો છે. શ્રીમંત ગાયકવાડ સરકારે આપણી જીવાઇનાં વતનો તદ્દન ખાલસા કરી દીધાં છે, તેને લીધે આપણને અનેક પ્રકારની હરકતો પડવા લાગી છે. આપણાં સઘળાં ગામની આજુબાજુએ કોટની પેઠે થોરીયાઓની પરિઘ જેવી વાડો આવેલી છે. તેને લીધે શત્રુનો ધસારો તો શું, પણ બંદુકની ગોળીઓ સુદ્ધાંત અંદર આવી શકે તેમ નથી. વડોદરેથી કોઈ સખારામ પુરુષોતમ નામનો કામદાર તોપો તથા પલટણો લઇને આ થોરીયાની વાડો કાઢી નાંખવાના હેતુથી અત્રે આવેલો છે. તેણે વસઈ ઉપર તોપો ચલાવી હતી; પરંતુ તેનાથી કાંઈ વળ્યું નહીં. તોપણ આખરે તેની સાથે સંદેશા શરુ કરવા પડ્યા. હજારો વર્ષના થોરીયાનાં વન કાઢી નાંખવાની કબુલાત આપી, અને તે પ્રમાણે કરવા માટે આઠ દશ વાઘેરને જમીન પણ આપ્યા. ત્યારે તેઓ લશ્કર લઇને દ્વારકાં તરફ ગયા. આ કામદાર આપણી ઉપજીવિકા માટે બંદોબસ્ત કરે છે; અને તેણે વડોદરે લખ્યું છે. તેનો ખુલાસો આવશે ત્યારે જણાવશે,

એમ કહેવામાં આવે છે. આ બાબતને માટે અને તે શિવાય તેના સંબંધમાં એકંદર વિચાર કરવાને માટે આપણે અત્રે ભેગા મળેલા છીએ.'

તે પછી થોરાણીનો મુખી રણમલ બોલ્યો કે, "જે કોઈ અમલદાર આવે છે, તે પ્રથમ ફાવે તેવી વાતો કરીને દિલાસા દે છે; આપણી સાથે મળી જાય છે, ચોરીઓ તથા લુંટો કરાવે છે અને આપણી લુંટ ચોરીમાંથી પાછો ભાગ પણ પડાવે છે. ગુન્હામાં જો પકડાઇએ તો સજા આપણને થાય છે. આ બધી બાબતો વડોદરે હજુરના જાણવામાં આવી, તેથી બીજા કામદારને મોકલ્યો છે. વતનદાર લોકો આપણી તકરારો પત્રદ્વારાએ શ્રીમંત મહારાજા સાહેબને જણાવે છે અને રુબરુમાં આપણી સાથે સ્નેહ બતાવે છે, માટે તેમના ઉપર પણ આપણે વિશ્વાસ રાખવો કામનો નથી."

મકનપુરનો હાબુ કુંભાણી કહેવા લાગ્યો કે:-'શું વાત કરો છો ? ગાયકવાડ સરકારનું આશરે પાંચસો સાતસો માણસનું લશ્કર અહીંયાં છે, તેમાંથી ખરચ કમી કરવા તરફ કામદાર લોકોનું લક્ષ લાગેલું છે. અત્રેના બેડાના લોકો પણ ઘણા નારાજ થયા છે. ઉત્તર હિંદુસ્થાનમાં નાના સાહેબ પેશવા તરફથી બળવાની ધામધુમ થઈ ચૂકી છે. ઝાંસીની રાણી તેમને મળી ગઈ છે. ગ્વાલીયરની છાવણી તેમણે જિતી લીધી છે. દારુગોળો સઘળો પેશવાના હાથમાં આવ્યો છે. ગાયકવાડ સરકાર તે પોતે પોતાનું રાજ્ય સંભાળશે કે આટલે બધે દૂર તમારી સાથે લઢવા આવશે ? તેમ છતાં કદાચ આવશે તો આપણે તેમની સાથે જંગ કરવાને શા માટે તૈયાર રહેવું જોઇએ નહીં ? આપણા બાપદાદા પણ એ જ કરતા આવ્યા છે. આપણે હવે આવી પરતંત્રતા કેટલાક દિવસ સૂધી ભોગવવી ? દ્વારકાધીશે આવો સારો સમય દેખાડ્યો, એ તેમની મોટી કૃપા જ સમજવી જોઇએ. કારણ કે હાલમાં જ આખા હિંદુસ્થાનમાં પણ બળવો થયો છે અને આવો વખત ફરી ફરીને આવવાનો નથી.'

આ ઉપર બીજો એક જણ બોલવા લાગ્યો કે, 'પ્રયત્ન કરીએ તો પરમેશ્વર જરૂર સહાય કરે છે. ભુખે મરવા કરતાં આમ લડાઇમાં મરવું તે સારું. તેમાં વળી હાલનો સમય પણ સારો અનુકૂળ છે. સરકારના લશ્કરમાં બેદીલી ફેલાઈ છે. કેટલાક જમાદારો, સિંધીઓ વગેરે લોકો આપણી સાથે મળી જાય, એવો ઘાટ પણ છે. તે શિવાય જે બાકી રહેશે, તેમની આપણે ખબર લઇશું જ. સખારામ પુરુષોત્તમના આવવાથી વહિવટદાર નારાયણરાવ રઘુનાથનું પણ અપમાન થયું છે, એ દેખીતું છે. તેથી તેઓ તો આ બાબત તરફ તદ્દન લક્ષ જ આપશે નહીં, અને ઈંગ્રેજ લોકોને હિંદુસ્થાનમાંથી હાંકી કાઢવાનું યાત્રાળુ લોકો પણ કહે છે.'

મુળવાસરનો પુંજો જસાણી વચમાં જ બોલી ઉઠયા કે, 'શું આપણું પરાક્રમ કાંઈ ઓછું છે ? જુનાગઢ, કુતિયાણા, ગોંડળ, જામનગર, પોરબંદર વગેરેની આજુબાજુના લોકોમાં આપણી કેટલી બધી ધાક છે ! આપણે ફાવે ત્યાં લુંટફાટ કરીએ છીએ; તો પણ જ્યારે આપણે તેમની હદમાં જઇએ છીએ ત્યારે પાછી આપણી

બરદારત પણ રાખે છે, તે સઘળું મહેરબાનીખાતર નહીં, પણ આપણા ભયથી! ત્યારે આપણે આજ એક મોટા રાજા કરતાં પણ વધારે કેમ કહેવાઇએ નહીં? આપણે શુદ્ધ યાદવ વંશના છીએ ત્યારે આપણે સ્વતંત્ર રાજ્ય શા માટે મેળવવું નહીં?'

અમરાપુરના જોધા માણેક બધામાં મુખ્ય અને પુખ્ત હતા. તેઓ શરીરે પણ સારા મજબુત હોવાની સાથે સાડા છ ફીટ ઉંચા પહાડ જેવા હતા, અને ભેગા થયેલા લોકો તેમને મુખ્ય ગણીને વધારે માન આપતા હતા. તેમણે કહ્યું કે,–"ઈંગ્રેજોને ઉત્તર હિંદુસ્થાનમાંથી હાંકી કાઢયા તેની ખાત્રી શી? ગાયકવાડ સરકાર તથા ઈંગ્રેજ સરકાર એક બીજાની સાથે દોસ્તીનો હક રાખે છે, એ પણ આપણે ભૂલી જવું કાંઈ કામનું નહીં. જ્યારે વિઠ્ઠલરાવ દેવાજીએ આવીને આખું કાઠીઆવાડ સર કર્યું ત્યારે આપણું શૂરાતન કયાં ગયું હતું? અશ્વમેધની પેઠે તેમણે બકરીના ગળામાં સોનાની કંઠી ઘાલીને તેને આખા કાઠીઆવાડમાં ફેરવી હતી. તે વખતે બાબા સાહેબની બકરી જાણીને તેને કોઇએ હાથ પણ લગાડ્યો નહીં. તેઓ આજે જો કે હયાત નથી, તોપણ મરાઠાની તરવાર ખરેખરી ગાજી રહેલી છે. હાલના મહારાજા કેવળ વાઘ જેવા છે. જેમને પોતાનાં છૈયાં છોકરાંની દરકાર હોય નહીં, તેમણે તેમની સાથે બેવફાઈ કરવી, એવી મારી તો સલાહ છે. આપણી અરજીનો તેઓ હજુ નિકાલ કરતા નહીં હોય તો તેમને ફરીથી અરજીઓ કરવી. તેઓ જરૂર આપણો બંદોબસ્ત કરી દેશે. તેમ છતાં જે કાંઈ કરવું હોય, તે પોતાનું બળાબળ જોઇને કરવું, એ વધારે સારું છે."

રવા માણેક, મુળુ માણેક તથા બીજા વાઘેરો એકદમ બોલી ઉઠયા કે,–"ના, ના, ના, એવું આપણા સ્વપ્નમાં પણ કદી માનવું નહીં. આપણે શું બીકણ છીએ? આપણા સગાસંબંધી ભાઇઓ મળીને ઓછામાં ઓછા બે હજાર ઉપરાંત છીએ, અને તેઓ બધા આપણી ખાતર જીવ આપવાને પણ આઘુંપાછું જુવે તેવા નથી. જોધાજી! આપ આમ આવા નાહિંમત થવા જેવા બીકણ વિચારો જણાવશો નહીં. અમે જે આપને અમારા વડીલપણાનું માન આપીએ છીએ, તે તમે અમારા શૂરા આગેવાન છો, માટે કે આવી નામરદાઈ માટે? છટ, એમ કદી બને જ નહીં! આપ પોતે ઘણા શૂરવીર છો, અને પુખ્ત પણ છો. આપે ઘણી ઘણી બાબતો જોયેલી તેમ જ સાંભળેલી પણ છે, માટે અમે આપને વિશેષ માન આપીએ છીએ.'

જોધા માણેક ફરી વળી શાંતપણાથી બોલ્યા કે, "ભાઈ! હજુ તમારા અંગમાં તાજું લોહી ભરેલું છે, તેથી તમારા વિચાર પણ તેવા જ કાચા છે, તોપણ જે કાંઈ કરવું હોય, તે વિચાર કરીને કરજો.'

તેમણે આટલું કહ્યું ખરું; પરંતુ હૂડહૂડિયા અને જુવાનીઆ લોકો તેમ જ, સરકારનો જેમને ત્રાસ જ થઈ પડ્યો હતો, એવા વસઇના અને બીજા વાઘેરોએ જોધાજીનું કહેવું માન્ય કર્યું નહી. આખરે બધાએ દ્વારકા લેવાની ભાંજગડ કરવા માંડી. જોધાજી સઘળી બાબતો તરફ તટસ્થ વૃત્તિથી જ જોઈ રહ્યા હતા. મુળુ માણેક પોતે આ જગાએ ભેગા થયેલા લોકોનો સરદાર બન્યો. જોધા માણેક પણ તેના કાકા જ થાય, પરંતુ મુળુ માણેકના અંગમાં કાંઈ શૂરાતનનો વાયરો ભરાયો અને પંદર વીસ આસામી

જૂદા જૂદા ગામના મુખ્ય આગેવાન હતા, તેમને ઉદ્દેશી મુળુ માણેકે નીચે જણાવ્યા પ્રમાણે શૌર્ય તથા આવેશથી ભરેલું અસરકારક ભાષણ કર્યું.

"આપણે યાદવ વંશના શૂરવીરો છીએ. સેંકડો વર્ષ સુધી આપણે આ સોરઠ પ્રાંતનું રાજ્ય કરેલું છે. એટલું જ નહીં, પણ આખા આર્યાવર્તમાં આપણી કીર્તિ ફેલાયલી હતી, તે સંબંધી ઇતિહાસ અને પુરાણોમાં અનેક દાખલાઓ મોજુદ છે. મહાભારતમાં પણ આપણા શૂરાતનનાં ગીત ગાયેલાં છે, પરંતુ કેટલાંક કારણોથી તેનો આજે તદ્દન લોપ જ થઈ ગયો છે; તોપણ ખરું શૂરાતન કાંઈ આપણામાંથી જવું રહ્યું નથી. આ વખતે આપણને જે સંધિ મળેલી છે, તે જો આપણે ગુમાવીશું તો પછી જગતમાં આપણા જેવા કોઇ મૂર્ખ અને નિર્બળ કહેવાય જ નહીં. ક્ષત્રિયોને યુદ્ધ કરતાં મરણ આવે તો તેના જેવું બીજું કોઇ પોતાના કુળની કીર્તિ વધારનારું સાધન જ ગણાય નહીં. આપણે આપણો ખરો ધર્મ જોઇશું તો ગૌ બ્રાહ્મણનું રક્ષણ કરવું, એ જ મુખ્ય કર્તવ્ય છે. ઉત્તરના વિદેશી લોકોએ આપણા ઉપર ઘણાં વર્ષ રાજ્ય કર્યું, તેથી આપણું તેજ ઝાંખું પડી ગયું છે. ધર્મ ડૂબવા લાગ્યો અને પરતંત્રતાથી આપણે આજ તદ્દન કંગાલ અવસ્થામાં આવી પડ્યા છીએ. આપણને લોકો ચોર લુંટારા કહેવા લાગ્યા છે. પડતીના કાળમાં કદાચ આપણે આપણા ઉદરનિર્વાહ માટે તેવાં કૃત્ય કર્યાં; પરંતુ એવી નામોશી હવે પછી વધારે વખત સહન કરવાની હલકી ટેવ આપણે તદ્દન છોડી દેવી જોઇએ. પોતાનું હિત જેમાં હોય, તે બાજુ ઉપર મૂકવું જોઇએ નહીં. મુસલમાન અને મોગલ લોકોનો પરાભવ કરીને પેશવાએ પોતાનો ઝંડો અટક સુધી ફરકાવ્યો, તે સ્થિતિ તરફ નજર કરો. મરાઠાઓ પહેલા આપણા જેવી જ પડતી હાલતમાં લુટારા હતા. આવી રીતે એકવાર પડતી સ્થિતિ આવ્યા શિવાય અથવા ખાધાના પણ વાંધા પડ્યા શિવાય ઉંઘી ગયેલું શૂરાતન જાગતું થાય નહીં. પરંતુ તદ્દન અન્નને ને દાંતને વૈર જેવી દશા આવ્યા પછી તથા શરીર કેવળ પરસ્વાધીન થઈ ગયા પછી કાંઈ આવાં કામો આપણાથી થઇ શકતાં નથી. જેઓ દીર્ઘ દૃષ્ટિવાળા હોય છે, તેઓ આવી આવેલી સંધિ વ્યર્થ જવા દેતા નથી. અહો! મારા શૂરવીર બાંધવો! હાલના કાળમાં દ્વારકાનું રાજ્ય મેળવવું, એ બીલકુલ મુશ્કેલ નથી. માત્ર આપણે બધાએ એક દીલથી સર્વનો લાભ આમાં જ છે, એમ સમજીને ખરા અંતઃકરણથી લડવું જોઇએ. તેમાં જેઓ મરશે, તેમને માટે સ્વર્ગ તૈયાર છે અને જેઓ જીવતા રહેશે, તેમને માટે અહિંયાં રાજ્ય પણ તૈયાર જ છે એમ સમજવું."

આવી રીતે તેના મુખના ઉદ્ગાર નીકળતાની સાથે, ગોરિયાળીના ઘોઘા, રાજપુરના ઘોઘા, જસા, માણેક દાદાભાઈ, રામભાઈ દેવા, માણેક, બાબુ, કુંભાણી, વસઇનો રેવો પટેલ તથા બીજા બધા લોકો શાબાસ! શાબાસ! કહીને તેની પીઠ થાબડવા લાગ્યા, અને સઘળાએ પ્રેમથી તેને આલિંગન કર્યું. તેના કહેવા પ્રમાણે ચાલવાનો બધાએ નિશ્ચય કર્યો, અને પાછો પોતપોતાની હથેલીમાં કસુંબો લીધો; તે એક જણે બીજાના હાથમાંથી અને બીજાએ ત્રીજાના હાથમાંથી, એ પ્રમાણે સઘળાઓ પ્રતિજ્ઞા કરવા તરીકે પી ગયા. તેના ઉપર કેફ ચઢવા માટે તેઓએ મિઠાઇ પણ ખાધી. તે ઉપર થંડી ઉરાડવા માટે તેમણે ઉપરા ઉપરી હુક્કા ભર્યા અને પોતાના બધા જાત-

ભાઇઓને ભેગા કરીને શ્રાવણ શુદ પડવાના શુભ મુહૂર્ત ઉપર રાત્રે નીકળીને મધ્યરાત્રિએ દ્વારકા ઉપર તથા બેટ ઉપર હુમલો કરવાનું ઠરાવ્યું. જોધા માણેકને આ મસલત પસંદ પડી નહીં; તોપણ બીજા બધા લોકોએ તેમને એવી રીતે કરવા સંબંધી આગ્રહપૂર્વક સોગન દીધા. તે વખતે તેમને એમ લાગતું હતું કે, દ્વારકા હાથ કરવી, એ તો સહેજ છે; પરંતુ પાછળથી ટકાવ કરવો, એ જ કામ ઘણું મુશકેલી ભરેલું છે. આવા વિચારો તેમના મુખમાંથી બહાર પડ્યા, તે વખતે સારી રીતે ચંદ્રોદય થયેલો હતો. ઝાડની છાયા ચંદ્રના પ્રકાશને લીધે ઘણે દૂર સૂધી પ્રસરેલી હતી. આટલી વડ નીચેની જગા શિવાય ચારે તરફ કેવળ શાંતતા હતી. રહી રહીને ઘણે છેટેથી માત્ર કૂતરાં ભસવાનો જ અવાજ સંભળાતો હતો. અત્રે ભેગા થયેલા સઘળા વાઘેરો પાસે ઘણું કરીને ઘોડાંઓ હતાં; તેને લીધે લેશ માત્ર પણ ગરબડ થઇ નહીં. બારવટું કરનારા લોકોનાં ઘોડાં કદી પણ ખુંખારતાં નથી. તેમના પગનો જરા અવાજ પણ સંભળાતો નથી. તેમના ધણી જેવી રીતે ચોરી કરવાને ગુપચુપ ચાલ્યા જાય છે, તેવી જ રીતે તેમને પણ ચાલવાની ટેવ પડેલી હોવાને લીધે, તે સઘળાં જનાવરો તદ્દન ગુપચુપ મજલ કરે છે. આ વખતે થંડીને લીધે ઘોડાં અકડાઈ ગયાં હતાં ભેગા થયેલા વાઘેરો અરસ્પરસને ભેટયા અને પોતપોતાના ઘોડા પાસે આવીને તેની પીઠ થાબડી, લગામો ચઢાવી અને એક બીજાને રામરામ કરતા પોતપોતાને જૂદે જૂદે રસ્તે ઘોડા હાંક્યા. શ્રાસણવેલના મુખ્ય પટેલ દાદાભાઇએ પાછી બિછાયત ભેગી કરાવીને પગી લોકોની સાથે ગામમાં રવાના કરી. ગામમાંના સઘળા લોકો થંડીને લીધે રાતના ઘોરતા પડેલા હતા. તેમને આ મસલતની સમૂળગી ખબર પણ પડી નહીં. તેથી તે લોકો હંમેશ પ્રમાણે શાંતતાથી સવારમાં ઉઠીને પોતપોતાને ધંધે લાગ્યા, અર્થાત્ આ બાબતની ચોક્કસ બાતમી લેશ માત્ર પણ બહાર પડી નહીં.

પ્રકરણ ૫ મું

ફસાઇ ગયલી બાળા

મંદિરમાંના આવા અત્યંત ત્રાસદાયક અને હ્રદય ભેદક બનાવો જોઇને સુંદર યુવતી બેહદ ભયભીત થઇ ગઈ. શરીરે ખરેખરી કંપારી છૂટી અને દિગ્મૂઢ અને અવાચક થઇને સામી બાજુએ એક થાંભલા તરફ એક સરખી નજર લગાડીને ઉભી રહી. તત્કાળ મનમાં અનેક પ્રકારના ઉભરા આવ્યા. "જ્યાંથી વાહાર મળવાની આશા, ત્યાં જ જ્યારે ધાડ પડી! ત્યારે હવે નસીબને કયાં જઇને ફોડવું? ઘેર જોઇએ તો બારણા બહાર મારામારી અને કાપા કાપી ચાલી રહી હતી. તેનો કલબલાટ સાંભળીને ઝબકી ઉઠીને જોયું તો ખરે જ, આપણા ઘર પાસે જ ખૂનાખૂની ચાલી રહી હતી. માતાપિતાને જોયાં તો ઘરમાં કોઈ મળે નહીં; ત્યારે હવે શું કરવું? પાછલે બારણેથી નાસી છૂટવા શિવાય બીજો કાંઈ ઉપાય જ હતો નહીં. અરે પણ આપણે આ મહા ભયંકર આફતમાં આવી પડ્યાં, તેના કરતાં આપણા ઘરમાં જ આપણું જે થયું હોત તે સારું થાત! ખરી રીતે જોતાં મારે મારા ઘરમાંથી બહાર

નીકળવું ઘટે જ નહીં. તેમ છતાં તે વખતે બીજા ઉપાય શા? હું મારો જીવ બચાવવાને પાછલે બારણેથી નાસી છૂટી. હશે. તે રસ્તે કાળું ઘોર અંધારું હતું. તો પણ ત્યાં કાંઈ ગરડબડ કે તોફાન હતું નહીં; તેથી ત્યાં જ ઉભા રહેવું જોઈએ કે નહીં! પરંતુ કોણ જાણે કયાંથીએ આ સ્ત્રી આવી; અને મારા કયાં ભોગ લાગ્યા કે, હું તેની સાથે આ મંદિરમાં આવી! અરે પણ એનો બિચારીનો શું દોષ? આપણે જ આપણી મેળે નિર્ભયસ્થાન જાણીને મંદિરમાં આવવાના વિચાર કરતાં હતાં. તેવામાં એ આવી અને બેય જણાં અહીંયાં આવ્યાં. તેમાં દોષ કોઇનોએ નહીં. આપણા નસીબનો જ દોષ!" આવા વિચારો એક પછી એક ચાલતાં પણ નજર તો તેની પેલા થાંભલા તરફ જ હતી.

એટલામાં બળવાખોરોમાંથી એક કેવળ કાળા રંગનો સિંધી તેના તરફ આવતો દૃષ્ટિએ પડ્યો. તે દેખાવમાં શરીરે મોટો પહાડ જેવો હોવાને લીધે તેના ડોળા અને દાંત જ માત્ર બધા કાળા શરીરમાં શંખના જેવા સફેત દેખાતા હતા. તેના હાથમાં ઉઘાડી તરવાર તથા કમરે તમંચો બાંધેલો હતો. માથા ઉપર રંગ બેરંગી ફેંટો હતો અને શરીરમાં કાળું અંગરખું પહેરેલું હતું. તેને તેણે પોતાની તરફ આવતો જોયો. તે સિંધીએ પણ તેનું સુંદર સ્વરૂપ જોતાંની સાથે તેના અલંકાર લુંટવાની કલ્પના બાજુ ઉપર મૂકી દીધી અને તેણે એ સુંદર યુવતી પાસે આવી, તેનું મન પોતાના તરફ વાળવાના પ્રયત્ન ચલાવ્યા. આ વખતે તે પોતાની દૃષ્ટિ જમીન તરફ કરીને ઉભી રહી હતી અને તેનાં ચક્ષુઓમાંથી અશ્રુધારાઓ ચાલતી હતી; તેને લીધે તેનો પાલવ ભીંજાઈ ગયો હતો. તેનું શરીર થરથર કાંપતું હતું. આ ભયંકર રાક્ષસ તરફ તેનાથી જરા નજર કરીને જોવાય પણ નહીં. તેણે પોતાની તરવાર મ્યાન કરી અને પાસે આવીને તે આ પવિત્ર અબળા ઉપર હાથ નાંખવા આવ્યો. એટલામાં તેણે ગભરાઇને મોટી ચીસ પાડીને પોતાને પ્રથમને ઠેકાણે ખસીને ઉભી રહી; "તથા કોઈ ધાજોરે ધાજો! 'છોડાવો રે છોડાવો!' એવી રીતે મોટી મોટી બૂમો પાડવા લાગી અને તે પાસે આવેલા બળવાખોરને કહેવા લાગી કે, 'ખબરદાર, જો મારા અંગને સ્પર્શ કરીશ તો હું મારો પ્રાણ દેઈશ. આઘો જા!' આવી રીતે મોટો ઘાંટો કાઢીને કહેવાથી જરા તે પાછો ખસ્યો અને ધીમે રહીને કહેવા લાગ્યો કેઃ–'તું ગભરાઇને આમ શું કરે છે? હું કાંઈ તને મારવા આવતો નથી; પણ જરા પ્રેમની મુલાકાત કરવા ચાહું છું.'

સુંદર યુવતી–'અરે મૂર્ખ! બંધ કર તારું મુખ! ફરીથી આવા નીચ શબ્દો બોલીશ નહીં.'

કાળો સિંધી–'અહો! આમ તે થાય? હું તને ધમકાવીને કાંઈ કહેતો નથી. તું તારી મેળે જ સમજી જાય તો સારું. નહીં તો પછી કાંઈ તને હું છોડવાનો નથી.'

સુંદર યુવતી–'અરે દુષ્ટ! તું કોને કહે છે અને શું કહે છે, તેનું કાંઈ તને ભાન છે? આવી રીતે તારે મારી પાસે બીલકુલ બોલવું નહીં. ચાલ્યો જા તું તારે રસ્તે! મારું નામ દેઇશ તો તું તારી વાત જાણે!'

કાળો સિંધી–'અરે, નકામી આવી અમથી પતરાજી શું કરવા કરે છે? એક રમકડાની માફક તને ઉંચકીને ચાલ્યો જઇશ, તેની કોઇને ખબર પણ નહીં પડે! આ તો ભાઈની ભલાશે કહીએ છીએ. માને તો સારું. તેમાં તારું પણ કલ્યાણ છે.'

એવી રીતે તે બોલે છે ત્યાં તો એ સુંદર યુવતીએ ફરીથી–'હાય હાયરે! ધાજો રે ધાજો! કોઈ આવોરે આવો, આવોરે આવો!' એવી રીતે ઘણી બૂમો પાડી. પરંતુ બળવાખોરોની ખરેખરી ધાંધળમાં એ અબળાને કોણ છોડાવવાને આવે? છેવટ આ કેવળ દીન થઈ ગયેલી અબળા અત્યંત ગભરાટમાં રસ્તો મળે ત્યાં પાછું વાળીને નાસવા લાગી. તે વખતે અનાયાસે તટબંદી ઉપર જવાનો જીનો તેની નજરે પડ્યો. પછી તે ચટ લઈને દોડતી જીનાનાં પગથિયાં ચઢવા લાગી. હું કઈ બાજુએ નાસું છું તથા આગળ શું આવશે, તેનું કાંઈ તેને તે વખતે ભાન જ રહ્યું નહીં. તે આગળ દોડે છે અને પેલો સિંધી વાઘની માફક તેની પાછળ પડ્યો છે.

આવા પ્રકારની સ્થિતિમાં "કોઈ છોડાવોરે છોડાવો!" એવા તેના મુખમાંથી જે અવાજો નીકળતા હતા, તે ખરેખરા હૃદયભેદક હતા. પણ તે કોણ સાંભળે? અને આ નિરપરાધી અબળાને આવીને કોણ છોડાવે? દોડતાં દોડતાં તે બહુ જ થાકી ગઈ. તેવામાં તેને એક વિચાર આવ્યો કે, જો હું મારા અલંકારો આ રાક્ષસને આપી દેઉં; અને તે છોડે તો તેને કહી જોઇએ. તે ઉપરથી તે ત્યાં એકદમ ઉભી રહી. પેલો સિંધી પણ આવી જ પહોંચ્યો. તેને તે અબળાએ જણાવ્યું કે, 'ભાઈ! લે તારે જોઇએ તો તને મારા બધા અલંકારો ઉતારી આપું છું. પણ તું મારો કેડો મૂક.'

કાળો સિંધી–'મારે તારા અલંકારો જોઇતા નથી. તારે જોઇએ તો મારી પાસે ઘણું છે. પરંતુ તું હવે મારું કહ્યું માન. તને હું મારી પ્યારી બનાવું છું.'

સુંદર યુવતી–'અરે! તું મૂર્ખો, આવું શું બોલે છે? એવું તે કોને કહેવાય? ઘરની સ્ત્રીને જઇને એવું કહીએ. બીજા કોઇને કહીએ નહીં.'

કાળો સિંધી–'તને જ મારા ઘરની સ્ત્રી બનાવવા ચાહું છું. મારે બીજી ઓરત નથી; તેથી તને હું એક ફૂલની માફક રાખીશ. અમથી નકામી દોડાદોડ શું કરવા કરે છે? સમજી જા, એટલે બસ થયું.'

સુંદર યુવતી–'અરે દુષ્ટ યમરાજ! આવું નકામું શું કરવા બોલે છે? તને એકવાર કહ્યું કે, ફરીથી એવું બોલીશ નહીં. અમથો ઈશ્વરના ઘરનો ગુન્હેગાર શા માટે થાય છે? એમ કાંઈ કોઈ દીન અબળા ઉપર જુલમ કરાતો હશે? જગતમાં ઘણીએ સ્ત્રીઓ પડી છે. તું તારી નાત જાતમાં એવું કહેતો હોય તો શોભે પણ ખરું, પરનાતની અને આવી આસમાની સુલતાનમાં ફસાયલી ગરીબ અબળા ઉપર અણઘટતો જુલમ કરીએ નહીં, લે, હું તને મારા બધા અલંકારો આપી દેઉં છું અને તું તારી મેળે તારે રસ્તે ચાલ્યો જા.'

કાળો સિંધી–'આવી નકામી અમથી ડાહાપણની વાતો શું કરવા કરે છે? બીજો કોઈ લોભીઓ હોત તો તે તારા અલંકારો લઈને પણ ચાલ્યો જાત; પરંતુ મારે તારા અલંકારો કાંઈ કામના નથી. મારી પાસે જ છે તે કાંઈ થોડું નથી. મારી અને તારી આખી જીંદગી સુધી ખૂટે તેમ છે જ નહીં. તું તારી મેળે મોજ મજા કર્યા કર. શું કરવા વિના કારણ ત્રાસ વેઠે છે. હું કાંઈ તને છોડવાનો નથી; માટે તું તારી મેળે જ સમજી જા. આપણે બડી અમનચેનથી હમણાંથી જ એશઆરામ કરીશું. ચાલ!'

એમ કહીને જરા પાસે જઇને તેને પકડવાનું કરે છે, એટલામાં તો સુંદર યુવતીએ 'આ તો મુઓ કાળ છે!' એવું બોલતાં સામે મોઢે દોડવા માંડ્યું. પાછો એ

સિધી પણ તેની પાછળ 'નળ પછાડી કલિયુગ'ની પેઠે લાગ્યો. એવી રીતે દોડતાં દોડતાં બેઉ જણાં ઘણે દૂર નીકળી ગયાં. સુંદર યુવતી દોડવાથી હવે તો હદ ઉપરાંત થાકી ગઈ, મુખે શ્વાસ માય નહીં, કંઠે શોષ પડ્યો અને આવા અચાનક ગભરાટને લીધે મુખની લાલી જતી રહેતાં તેનો ચહેરો તદ્દન ફીકો પડી ગયો. માથાનો અંબોડો છૂટી જતાં વાયરાથી વાળ ગમે તેમ ઉડતા હતા, તથા આખું શરીર બેહેબાકળું બની ગયું. તેટલામાં પાસે એક બુરજ જોવામાં આવ્યો, તેથી તે બુરજ તરફ જ વળી. ભયને મારે, કોઈ પણ હમણાં આપણને છોડાવવામાટે આવશે, એવી આશાથી ફરીથી તેણે એકવાર મોટી ચીકીઆરી કરીને બૂમો પાડી; અને બુરજની અંદર જઇને તે બહુ જ થાકી ગયેલી કોમળ બાળા ધબ દઇને ત્યાં સુંઢમુંઢ નીચે પડી!! તેને કાંઈ ભાન જ રહ્યું નહીં. એકદમ જાણે કાંઈ મુર્છા આવી ગઈ હોય, તેમ બીલકુલ બેહોશ જ થઈ ગઈ!!!

પ્રકરણ ૬ હું

તૈયારી અને હલ્લો

સંવત્ ૧૯૧૪ ના શ્રાવણ શુદ પડવાની રાત્રી ચોમાસાને લીધે વાદળાં હોવાથી કાળી ઘોર હતી. દશે દિશાએ અંધકાર પ્રસરેલો હતો. સર્વત્ર શાંતતા ફેલાયલી હતી, તોપણ રાત્રીનો પ્રભાવ ભયંકર ભાસતો હતો. કોઈ પણ જગાએથી કોઈ પણ પ્રકારનો અવાજ સંભળાતો નહીં; પરંતુ કોઈ કોઈવાર શિયાળવાં બોલતાં હોય અથવા કુત્રાં ભસતાં હોય, એવા અવાજ આવતા હતા. વળી તમરાંઓનો તમરાટ તથા બીજા પ્રાણીઓના અવાજનો તુંહીકાર થઈ રહ્યો હતો. તેની સાથે બીકણને બીવરાવે, એવો રાત્રીનો ભયંકર ભાસ થતો હતો. જળ જંપી ગયું હતું તથા ચારે તરફ શૂન્યકાર લાગતું હતું. આ વખતે બેટ તથા દ્વારકામાં લોકો ગાઢ નિદ્રામાં પડ્યા હતા. વેપારીઓ, કારીગરો, ધંધાર્થીઓ, મજુરો, શ્રીમંતો અને સાધુસંતો વગેરે મનુષ્ય માત્ર ભરનિદ્રામાં ઘોરતા હતા. કોઇને કાંઈ શુદ્ધ, સાન કે ભાન હતું નહીં. તે વખતે ધન ધાન્ય અથવા બાળબચ્ચાંઓનું ધ્યાન પણ હોય જ ક્યાંથી! ભરનિદ્રાએ એક પ્રકારની ઑઘડ સમાધિ કિંવા દેખીતી રીતે જોઇએ તો તે એક અલ્પ મૃત્યુ જ છે. તે વગર પ્રાણીમાત્રને ચાલે જ નહીં. ધીર, વીર, શૂરવીર, રથી, મહારથી, મહારાજા ઇત્યાદિ આખું જગત્ નિદ્રાને આધીન છે, તે કોઇને છોડતી નથી. રાત્રીની એ મોટી બેન છે. મોટી બેનના અદ્ભુત અમલ પહેલાંથી જ નાની બેન રાત્રી પોતાનો અમલ જમાવતી જાય છે. તેનો અમલ આજે તો કાંઇક ભયભીત ચમત્કારથી ભરપૂર હોય, એવો સ્વાભાવિક રીતે જ કાંઈ આભાસ થતો, એ સંભવિત છે અને તેણે બેટ તથા દ્વારકાં ઉપર પોતાનો જબરજસ્ત ઘેરો ઘાલ્યો હતો; તેથી સઘળા લોકો નિરાંતે ઘોરતા પડ્યા હતા.

આ સમયે વાઘેર લોકોની ટોળીઓ મુકરર કરેલા વખતે તથા જગાએ ભેગી થવા લાગી. પિંડારી, રાજપુર, ગોરિયાલી, સામળાસર, મુળવાસર, અમરા-

પુર, મકનપુરા, ઘડેચી, થોરાણી, ધ્રાસણવેલ, વસાઈ વગેરે ગામના વાઘેરો એક પછી એક ટોળી મળી આવવા લાગ્યા. રવા માણેક, મુળુ માણેક, હાકુ કુંભાણી, મુળા જસાણી, દેવા માણેક તથા દાદાભાઈ અને રામભાઈ વગેરે પોતપોતાની ટોળીઓ સાથે આવી પહોંચ્યા. બીજા પણ કેટલાક લોકો વાઘેરોની મદદમાં આવ્યા હતા. ઢાલ, તરવાર, બંદુક, તીર કામઠાં, કટાર, જમૈયા વગેરે હથિયારો સજીને સઘળા આવેલા હતા. કેટલાકની પાસે ડાંગો, ધારિયાં, ગોફણો અને કાતરિયાં પણ હતાં. એવા અનેક પ્રકારના સાજ સજીને સઘળા હાજર થઈ ગયા હતા. પરંતુ જોધા માણેક કાંઈ હજુ સુધી આવ્યા નહીં. તે જોઈને રવા માણેક કહેવા લાગ્યો કે, 'જોધા માણેક જ આવવા હવે માત્ર બાકી છે. બીજા બધા આવી ગયા છે. જો તે આવવાના હોય નહીં, તો આપણે કુચ કરીએ.'

તરત જ રણમલ બોલી ઉઠયો કે, 'જોધા માણેકના આવ્યા શિવાય કુચ કરવી કામની નહીં. આગેવાન શિવાય આખું લશ્કર આંધળું જ કહેવાય. આપણે બધા છીએ, પણ જોધા માણેકની સર કોઈ આવી શકે જ નહીં. આપણા સર્વ ભાઈઓમાં તે વયમાં, બુદ્ધિમાં, વિચારમાં, બળમાં, શૌર્યમાં અને સમય જોઇને કામ કરવામાં કુશળ તેમ જ શ્રેષ્ઠ છે.'

દાદાભાઈ, રામભાઈ વગેરે પણ પાછા સાથે બોલ્યા કે, 'એ ખરું છે. બરોબર છે. જોધા માણેકના આવ્યા વગર આગળ પગલું જ ભરાય નહીં.'

મુળુ માણેકે ઝટ જણાવ્યું કે, 'અમે આવ્યા ત્યારે તેઓ તૈયારીમાં હતા. તેથી રસ્તામાં જ હશે. હમણાં આવ્યા જાણો.' એવી વાતો થાય છે, એટલામાં જોધા માણેક દોડતે ઘોડે કેટલાક લોકો સાથે આવી પહોંચ્યા. તેમને જોઇને બધાએ ળળીને રામરામ કર્યા.

તે પછી મુળુ માણેકે જણાવ્યું કે, 'મારા શૂરવીર બાંધવો! આજે આપણે સેંકડો પેઢીનું સાર્થક્ય કરવા ભેગા થયા છીએ. આપણે યાદવ કુળના જૂના જમાનાથી જ જાણીતા છીએ. આપણા પૂર્વજોએ અનેકવાર બહાદુરીઓ કરી છે અને પરંપરાથી રાજવંશી ગણાઇએ છીએ; પરંતુ કર્મે ધર્મે સંયોગે દીન દશામાં આવી ગયા છીએ. તેમાં હાલનો સમય આપણે વિજય મેળવવાને માટે બહુ જ અનુકૂળ છે. તેવો સમય આવ્યો છે કે આવશે, એમ જાણીને આપણે ધારેલો ઇષ્ટ હેતુ પાર પાડવામાં પછાત પડવું નહીં. જેનામાં જેટલું બળ અને શૌર્ય હોય, તે જીવ જતાં સુધી બેધડક વાપરવાનું છે. તેમાં કોઇએ પાછી પાની કરવી નહીં. આપણે આપણા કુળનો ઉદ્ધાર કરવાને નીકળ્યા છીએ; માટે હિંમતથી તેની સફળતા કરીને આપણા આ જન્મનું સાર્થક્ય કરવું, એ જ આપણી શોભામાં વધારો કરનાર છે. આપણે કાંઈ બાયલા અથવા કાયરને પેટ જન્મ્યા નથી; પણ ઈશ્વરાવતાર શ્રીકૃષ્ણના જગતપ્રસિદ્ધ યાદવકુળમાં સંપૂર્ણ ભાગ્યશાળી હોવાથી અવતર્યા છીએ. વળી મનુષ્યાવતાર આવ્યો છે કે આવશે, તે વખતે જો આપણે આપણા કુળની કીર્તિમાં વધારો કરીએ નહીં અને વિજયધ્વજા ફરકાવીએ નહીં તો પછી પોતાની માતાને પેટ જન્મ લીધો શું કામનો? આપણી વીર માતાઓ વાંઝણી રહી નથી; પણ આપણે ક્ષત્રિય બાળકોને

જન્મ આપ્યો છે. આપણે હરિભક્તિ કરતા બેસી રહેનારા નથી; પરંતુ દાતાર થઇને શૂરાતનવડે ગો બ્રાહ્મણનું પાલન કરનારા છીએ; અને તે જ આપણો ધર્મ છે. જો આપણે આપણો ધર્મ બજાવીએ નહીં તો ઈશ્વરના ઘરના મોટા ગુન્હેગાર થઇએ છીએ; તેથી આ આપણો દેહ પડે તો બેહેતર, પણ બેટ અને દ્વારકાનું આપણું રાજ્ય પાછું મેળવવાને માટે આ કાળમાં પોતાના જીવ ઉપર જ ઉદાર થવું, એ આપણું ખરું કર્તવ્ય છે. આપણું વાઘેરનું નામ સાંભળીને ગાભણીના ગાભ છૂટી જાય, એવી આપણી બહાદુરી પંકાયલી છે. એ મારા બધા શૂરા બાંધવોના જાણવામાં છે. કહેવત છે કે, 'ઘોડો ઘોડાના રૂપને દોડે છે,' તે પ્રમાણે આપણે આપણી વાઘેરની શૂરવીર જાતના નામને મરવાનું છે. કાળાં મુખ લઇને રણમાંથી પાછા ફરવાનું નથી. 'એક મરણિયો સોને ભારે' એ પ્રમાણે જો આપણે મરણિયા થઇને લઢીશું તો ગમે તેટલું મોટું લશકર આપણા સામું આવશે, તેનો પણ આપણે એકે સપાટે નાશ કરીશું, એવા નિઃશંકપણાથી, આપણાં બધા બહાદુરી કરતા બહારનાં હથિયારોની સાથે, હિંમતરૂપી સતેજ તથા સબળ હથિયાર ધારણ કરીને બેધડક—શ્રી 'દ્વારકાધીશકી જય' બોલીને કુચ કરો! અને આપણા પુખ્ત તથા મહારથી આગેવાન જોધા માણેકના સફેત બાલને છાજતો ઉજળો યશ મેળવો. બોલો શ્રી દ્વારકાધીશકી જય!"

આ પ્રમાણે મુળુ માણેકની સાથે એકે અવાજે 'દ્વારકાધીશકી જય' એવો જયઘોષ સર્વત્ર ગાજી રહ્યો. સઘળા વાઘેરો મારવું કે મરવું, એવા નિશ્ચય ઉપર આવી ગયા; અને દરેકના અંતઃકરણમાં શૌર્યનો આવેશ ઉભરાયો. અંગમાં એકદમ સ્ફુરતી આવી. ચહેરા ઉપર લાલી ચઢી ગઈ. ખુશાલી પણ ખીલી નીકળી અને હવે કુચ કરવાની રાહ જોવા લાગ્યા.

એટલામાં રવા માણેક બોલ્યા કે, "વાહ વાહરે! વાહ વાહરે! મારા શૂરવીર મુળુ માણેક અને વાઘેર ભાઇઓ! હવે મારી ખાત્રી થાય છે કે, આપણે આપણું પરંપરાનું દ્વારકાનું રાજ્ય મેળવીશું. રાજ્ય સંપાદન કર્યા શિવાય પાછા ફરવું નહીં. રણમાં કાયર હોય તે પાછાં પગલાં ભરે. આપણે યાદવ કુળના મહા શૂરવીર ક્ષત્રિયો છીએ. ક્ષત્રીનું બીજ હજુ નાશ પામ્યું નથી, એવી આપણે આ જગતમાં નામના કરવાની છે. એટલું જ નહીં, પણ પેઢીજાત આપણા બાળકોને માટે કાયમનો એક વારસો મેળવવાનો છે. તેને માટે હવે કાંઈ વધારે કહેવાની જરૂર જ નથી. પરંતુ છેવટે એટલું તો જણાવવું જોઇએ કે, કોઈએ માની કુખ અને બાપનું બુંદ લજાવવું નહીં. રણમાં યુદ્ધ કરતાં પોતાનો પ્રાણ વીર માતાને અર્પણ કરીને સદાનું સ્વર્ગ મેળવવું અથવા તો દ્વારકાનું અક્ષય રાજ્ય મેળવવું. બોલો બસ એ જ નિશ્ચય. શ્રી દ્વારકાધીશકી જય! અંબે માતકી જય!! શ્રી કૃષ્ણ બલદેવકી જય!!!"

એ પ્રમાણે મહાન્ જયનાદ થયો. તેનો પ્રતિધ્વનિ પણ સંભળાયો અને વાઘેર સેનાએ ચાલવા માંડયું. તેમાંથી એક ટોળી બેટ તરફ ચાલી અને બીજી ટોળી દ્વારકા તરફ વળી. તેમણે સપાટા બંધ જઈને કિલ્લાને ઘેરો ઘાલ્યો. તે વખતે ત્યાં કાંઈ પણ સાવધગિરી જણાઈ નહીં, એટલે અગ્નિ કોણ તરફથી મોટી નીસરણીઓ મુકીને

તેઓ તુરત ઉપર ચઢયા." બુરજ ઉપરના કેટલાક બેઈમાન લોકોને આજ રાત્રે બનવાના બનાવની ખબર હતી, તેઓ માત્ર જાગતા હતા, અને બાકીના લોકો ભર નિદ્રામાં પડેલા હતા, તેથી વાઘેર લોકોને ખરેખરું ફાવી ગયું.

વાઘેર લોકો કિલ્લામાં પેઠાની બાતમી મળતાંની સાથે જગન્નાથ જમાદારે પોતાના માણસોને તૈયાર કર્યાં. શિરબંદી લશ્કર કેટલુંક બદલાઈ ગયું હતું; તથાપિ હરિ કોંડાજીએ કેટલાક લોકોને સમજાવીને ભેગા કર્યા. તેને લીધે સ્વર્ગ બારી તરફ જેવો જોઇએ તેવો હુમલો થયો નહીં. જે લોકો ત્યાંથી કોટ ઉપર ચઢતા હતા, તેમની સાથે સામનો થતો હતો. બંદુકોના બાર શરુ થયા. 'દ્વારકાનાથકી જય' એવા વાઘેર લોકોના જયઘોષ સંભળાવા લાગ્યા. સેંકડો વાઘેરો મોક્ષબારી તરફથી પણ અંદર પેઠા. તેમને માટે પહેલેથી ફૂટી ગયેલા અને બેદીલ બનેલા લોકોને લીધે દરવાજો ખુલ્લો થયો હતો. જે કોઈ સામા થાય, તેઓ જખમી થઇને ટપોટપ નીચે પડવા લાગ્યા. સ્વર્ગબારીના બુરજ નીચે આવેલા વાઘેર લોકોની શંભુ જમાદાર સારી રીતે ખબર લેતો હતો. કેટલાક ઘાયલ થઇને ત્યાં પડેલા હતા, તો કેટલાક નિર્જીવ થઇને કાયમની પથારીએ જમીનદોસ્ત થઈ ગયા હતા. શંભુ જમાદાર પાસે ભરપૂર દારુ ગોળો હતો નહીં, તોપણ તેણે ઘણાક વાઘેરોને પરલોકમાં પહોંચાડી દીધા. તેમ છતાં સેંકડા વાઘેરો કોટમાં દાખલ થઈ ચૂકયા હતા. તેઓ કોઈ સામનો કરતા આવે, તેની સાથે મરણિયા થઇને લડતા હતા. તે શિવાય કેટલાક તો લુટફાટ પણ કરવા લાગ્યા હતા; અને કેટલાક લડાઇના મોરચા શોધતા હતા, અર્થાત્ બળવાનો પ્રસાર ચારે તરફ થઈ ચૂકયો હતો.

પ્રકરણ ૭ મું

દુષ્ટના પંજામાં

થોડા જ અંતર ઉપર પાછળ પેલો હબસી દોડતો દોડતો સુંદર યુવતીને પકડવા માટે આવતો હતો. તેણે બુરજની અંદર દાખલ થતાં તેને ત્યાં પડેલી જોઈ કે તેના મુખ ઉપર તત્કાળ આનંદ છવાઇ ગયો. તે આનંદના આવેશમાં બોલવા લાગ્યો કે, 'અનાયાસે આ એકાંત બુરજમાં જો આ સ્ત્રી દોડી આવી હોત નહીં તો મારે મુદ્દામ એકાંત સ્થળની શોધ કરવી પડત. અહો! પણ એ પોતાની મેળે જ આવી રીતે ચરિત્ર કરીને આવા સારા એકાંત સ્થળમાં લઈ આવી! શાબાસ છે પ્યારે! ખરી વાત, એ અહિંયાંની ભોમિયણ, તેથી જ આપણે વગર કહે તેણે તેની પોતાની મેળે આ કેવળ એકાંત સ્થળ શોધી કાઢયું! વાહરે વાહ!' એવી રીતે એ પોતાના મનમાં ખૂબ ખુશી થતો થતો એ બેશુદ્ધ પડેલી અબળા પાસે આવ્યો અને થોડે છેટે ઉભો રહીને તેનું અવ્યવિસ્થત સ્થિતિમાં ગમે તેમ પડેલું અંગ નિહાળીને જોવા લાગ્યો.

સ્વરૂપવાન્ સ્ત્રીઓ ગમે તેવી સ્થિતિમાં હોય, તોપણ તેમનું સ્વરૂપ સુંદર અને સુશોભિત જ દેખાય છે. તે હદબેહદ ગભરાઇને નિર્જીવ સમાન—કેવળ મહા-

નિદ્રામાં જ જાણે પડી હોય, તેવી તદ્દન બેભાન પડેલી હતી; તોપણ તેનો એક હાથ ગાલ નીચે હતો; તેની સાથે તે જાણે પાસુ બદલીને જ સુતી હોય, એવી સ્થિતિમાં પડેલી હોવાથી ભયને લીધે અથવા ઘણા જ વેગમાં ચાલતા શ્વાસોચ્છ્વાસને લીધે તેનાં ઉન્નત મનોહર સ્તન કંપતાં કિંવા જરા જરા થરથરતાં હતાં. આખું શરીર પરસેવાને લીધે પાણી પાણી થઈ જવાથી તેના અંગ ઉપરનું લુગડું અંગ સરસું ચોંટી ગયું હતું. કપાળે પરસેવાનાં ટીપાં મોતી જેવાં જણાતાં હતાં અને આકાશમાં તારાઓ હોય એવાં ચમકતાં હતાં. તેની કોટ (ગળા)માંનાં ભૂષણો ભરપૂર શ્વાસોચ્છ્વાસની સાથે હાલ્યાં કરતાં હતાં, એટલું જ નહીં પણ નાકમાંથી નીકળતા દીર્ઘ શ્વાસને લીધે કલ્પનારૂપે વિચારતરંગમાં તેના હૃદયની અંદર જીવને જૂદાં જૂદાં પરિણામોનો ભાસ થવા ઉપરથી જોનારની નિઘામાં તેના ચહેરા ઉપર નવનવા ફેરફાર થતા દેખાતા હતા. કોઈવાર તેનો ચહેરો ભયાનક દેખાય તો કોઈવાર કેવળ નિસ્તેજ થઈ જાય. કવચિત્ કિંચિત્ આનંદનો આભાસ થાય, તો વળી પાછી ભ્રકૂટી ચઢાવતાં ક્રોધયુક્ત મુદ્રા થઈ જાય. એવી રીતે વખતો વખત એક પછી એક અનેક પ્રકારનાં ચિહ્નો તેના મુખકમળ ઉપર દેખાતાં હતાં. આવાં મનોહર ચિત્રને અવલોકન કરનાર હબસી તેને કહેવા લાગ્યો કે–'કેવી સ્ત્રીઓ ચરિત્ર કરનારી હોય છે તે જુઓ! આટલીવાર સુધી મને કિલ્લાની તટબંધી ઉપર દોડાવી દોડાવીને આખરે પોતે જ મને આવા નિરાંતના એકાંત સ્થળમાં તેડી લાવી અને હવે પડ્યાં પડ્યાં ઘડીમાં હસે છે, ઘડીમાં રડે છે, ઘડીમાં ગુસ્સે થાય છે, તો ઘડીમાં કેવળ ચેષ્ટારહિત ક્ષોભવાન્ થઈ જાય છે. વાહજી વાહ! તારાં મનોહારક ચરિત્રોની પણ કમાલ જ છે.' એટલું બોલીને વળી પાછો મુછો ઉપર તાવ દઈને કહેવા લાગ્યો કે, 'પણ તારાં આવાં આ સ્ત્રીચરિત્રોથી આ સિપાઈ ભાઈ કાંઈ ઠગાઈ જાય એવો નથી. સમજી કે? ઘણાં ગામોમાં ધાડ પાડીને બહુ લુંટ મેળવી છે; તેમ તારા જેવી ફતવાખોર ઓરતો પણ ઘણી જોઈ નાંખી છે; તેથી આ સિપાઈ કાંઈ ફસાઈ જાય અથવા એમને એમ ચાલ્યો જાય તેવો નથી.' થોડીવાર પછી વળી વધારે પાસે આવીને બોલ્યો કે, 'અહો મારી દિલોજાન! તું હવે આવા ઢોંગ ધતુરા છોડી દે; અને જરા તારા ચંદ્ર સમાન હાસ્યવદનથી આ થાકીને લોથ થઈ ગયેલા સિપાઈની સાથે કોમળ કંઠના મધુર અવાજથી પ્રેમ ભરેલા બે બોલ બોલીને તેને શાંત કર. મારું કાંઈ હજુ લગ્ન પણ થયેલું નથી, તેથી હું એકલો જ છું. મારી જન્મભૂમિ કદાચિત્ કરાંચી છે; તથાપિ આ લુંટમાં જ મને એટલું બધું ધન મળેલું છે કે, તું અને હું 'આપણે બેઉ આનંદથી સારી રીતે રહી શકીએ! તે શિવાય આજ સુધી જે બધું ભેગું કરેલું છે તે તો જૂદું જ!' એ પ્રમાણે બોલીને તે તેને વા ઢોળીને સાવધ કરવા જાય છે, એટલામાં તેને પાછું એમ લાગ્યું કે, આ સ્ત્રી ઢોંગી ફતવાખોર છે. એની આપણે આમ શા માટે ખુશામત કરવી જોઈએ? એટલામાં તદ્દન બે ભાન પડેલી એ સુંદર યુવતીએ ક્રોધને લીધે લાલચોળ થઈ ગયેલાં પોતાનાં ચપળ નેત્ર હળવે રહીને ઉઘાડ્યાં અને પોતાની પાસે આવીને બેઠેલા આ યવન રાક્ષસને જોઇને એકદમ ગભરાઇને ચટ ઉભી થઈ; એટલે તો સિપાઈ ભાઈ ખુશખુશ થઈ ગયા અને નાચવા કુદવા લાગ્યા. આ વખતે તેને એવું લાગ્યું

કે, મેં અત્યાર સુધી જે જે કાંઈ કહ્યું, તે સર્વ તેણીએ સારી રીતે સાંભળી લીધું છે અને તે પોતાની મેળે જ હમણાં એકદમ ઉભી થઈ ગઈ! ફરીથી પાછો તે હબસી સિપાઈ કહેવા લાગ્યો કે, 'હે દિલચમન ! સિપાઈ લોકોનો ધંધો રોજગાર તેમના પોતાના હાથમાં જ છે; પરંતુ તે પૈકીનો હું કાંઈ નથી. હું એક મોટો વતનદાર અને સારો કુલવાન્ છું. મને ઘણા ઘણા લોકો જાણે છે. મારું લગ્ન કાંઈ થયેલું નથી, અને તું સારી રીતે અમન ચમનમાં રહે, એટલી મારી આવક છે. વાઘેર લોકો જો કે આવા બળવા ઉઠાવે છે, પરંતુ તે માત્ર અમારા જ જીવ ઉપર. તું મને વરીશ અને હું તારી સાથે નિકા અગર લગ્ન કરીશ, એટલે વાઘેર લોકો તારો વાળ પણ વાંકો કરી શકનાર નથી. દેવળમાં ચાલેલા તોફાન અને ગામમાં ચાલતા બખેડાઓને લીધે તારે કાંઈ ડરવાનું અથવા ભય રાખવાનું કારણ નથી. હું તને અહીંથી સહિસલામત લઇને ચાલ્યો જઈશ. તારે કોઈ પણ વાતે ગભરાવાનું કાંઈ કારણ નથી. શાથી કે હું કાંઈ જેવો તેવો સાધારણ માણસ નથી; પણ મારું નામ સાંભળીને સૌ કોઈ આઘા ખસે! એમાં વાંધો જ નહીં.'

આટલું તેનું બોલવું સાંભળીને સુંદર યુવતીના આખા શરીરમાં આગ આગ વ્યાપી ગઈ હતી. તેણે ઉછળીને ક્રોધના આવેશમાં જણાવ્યું કે, 'અરે પાપી રાક્ષસ ! આ તું શું બોલે છે, તેનું કાંઈ તને ભાન છે કે નહીં? મારે તારા ધંધારોજગારને શું કરવો છે, અને તારા મોટા વતનમાં તથા સારા કુળમાં મારે શું પૂળો મૂકવો છે? વાઘેર લોકો આવી રીતે બળવો કરીને ખરાબ થાય છે, તે તમારા જેવા બેઇમાન યવન રાક્ષસોથી જ ! ખબરદાર ! જો મારૂં નામ દઇશ તો તું તારી વાત જાણ્યો! મારો વાંકો વાળ પણ કોણ કરી શકનાર છે? અને મારા અંગને હાથ પણ કોણ લગાડી શકે તેમ છે? શું કોઈની મરજી વગર કોઇનાથી કાંઈ વાત બને છે કે? તું તારે જેની સાથે લગ્ન કરવું હોય, તેની સાથે ખુશીથી કરજે; પણ જો મને તેં હવે પછી આવું કાંઈ કહ્યું તો મારા જેવી કોઈ ભુંડી નથી. તું મને અહીંથી શું લઈ જવાનો હતો? મારો આ પ્રાણ જશે તો પણ તારું કાંઈ ફાવવાનું નથી, એ તું સારી પેઠે સમજી રાખજે. તારા જેવા હજાર હોય, તોપણ કોઈનાથી કાંઈ થઈ શકે જ નહીં. તું તારે મારાં આ આભૂષણો જોઇતાં હોય તો તે ખુશીની સાથે લઈજા અને આવ્યો તે રસ્તે પાછો ચાલ્યો જા. વિનાકારણ મારો કેડો લઈશ નહીં, અને કોઈ પણ રીતે મારો તું છુટકો કર.'

હબસી સિપાઈ જરા હસીને બોલ્યો કે,' શું આ તે બહાદુરી કહેવાય! એવી રીતે બોલવાથી કાંઈ સિપાઈ બચ્ચા ડરી જાય નહીં હોં! તારા જેવી અબળાનો શું હિસાબ છે? તું શું કરી શકવાની છે? નકામો આવો લવારો કરે છે એટલું એ જ. તેમાંનું થવાનું કાંઈ નહીં. બાયડીઓના એવા બકબકારાને કોણ પૂછે છે? આ તો ભાઈની ભલારો કહીએ છીએ, તે ઝટ માને તો સારું. નહીં તો તારું શું ચાલવાનું છે? મારે તારા દાગિનાની જરૂર નથી. મારે તો તારી ગુલાબની કળીની માફક ખિલેલી જુવાનીની જરૂર છે. તે જુવાનીનો બાહાર લીધા શિવાય હું તને કદી છોડવાનો નથી. તેથી એમને એમ સમજે તો સારૂ.'

સુંદર યુવતી બોલી–'અરે મુઆ કાળ જેવા યમદુત! તું મારા લોહીનો શા માટે તરસ્યો થયો છે અને મારો પ્રાણ લેવાને શું કરવા તૈયાર થાય છે? હું આ મારો જીવ જશે તો પણ એકની બે થવાની નથી; માટે મિથ્યા માથાફોડ કરીશ નહીં અને મને અમથી વિનાકારણ સતાવીશ નહીં. હું તને પગે લાગું છું! મને તું હવે માફ કર!' એમ કહીને રડી પડે છે.

હબસી સિપાઈ ખુશી થતાં થતાં બોલ્યો કે, 'આવી રીતે એકદમ આમ રાંક જેવી શું કરવા થઈ જાય છે? હું કાંઈ તને મારવા માટે આવેલો નથી; તેમ જ તારાં આભુ-ષણો લેવાની લાલચથી પણ હું કાંઈ તારી પાછળ પડેલો નથી. મારે તારી પાસેથી કાંઈ પણ લેવું નથી. વિનાકારણ શું કરવા રડે છે, તથા દુ:ખી થાય છે? તારે કોઈ વાતે ડરવાનું કારણ નથી. આટલું બધું આક્રંદ કરવું જ શા માટે જોઇએ? તને કાંઈ હું ધમકાવતો નથી અથવા એવું રડવા જેવું કાંઈ કહેતો નથી. તેમ છતાં તું જ તારી મેળે કલેશ કરી લે છે ત્યારે હું શું કરું? ચાલ હવે વિનાકારણ રડીશ નહીં. જે વખત મળ્યો છે તે સાધી લેવો, એ જ સારી વાત છે. તને હવે વધારે શું કહેવું?"

એ પ્રકારે બોલતાં બોલતાં તેના ગળામાં હાથ નાંખીને બાથમાં લઈ છાતી સાથે દબાવવાના ઇરાદાથી તે તેની પાસે ગયો, તેવી જ તે ગભરાયલી અબળા ક્રોધથી પોતાનાં નેત્ર લાલચોળ કરીને જરા આઘી ખસીને બોલી કે, "જો તું મને હાથ લગાડીશ તો હું મારો જીવ દઇશ. જો તારે મારો જીવ લેવો હોય તો પાસે આવજે." આવું સાંભળીને હબસીભાઇનો મીજાજ ખસી ગયા જેવું જણાયું. તેનું મુખ ભય તથા ક્રોધને લીધે લાલ થઈ ગયું. ડોળા ચકર ચકર ફરવા લાગ્યા. ક્રોધના આવેશમાં બબડવાથી તેના ઓઠમાંથી સફેત દાંત બહાર દેખાવા લાગ્યા અને એકદમ જઇને તે સ્ત્રીને બાઝી પડવું એવા હેતુથી તે બોલ્યો કે, "એવા બાયડીઓના રડવા કકળવાથી આ સિપાઇને કાંઈ અસર થાય તેમ નથી અને પોતાનો ધારેલો હેતુ પાર પાડ્યા શિવાય છોડવાનો નથી." એમ કહીને તે તેને પકડવાને માટે તેના ઉપર ધસી ગયો. તુરત જ તે ભયની મારી બુરજની અંદરથી કોટ ઉપર જવાનાં જે પગથિયાં હતાં, તે ઉપર ચઢી ગઈ; અને છેવટે કોર ઉપર જઇને ઉભી રહી. તેની જ સાથે આ હબસી સિપાઈ પણ પાછે પગલે જઈને થોડા અંતર ઉપર પગથિયામાં ઉભો રહ્યો, અને ક્રોધની તથા કાંઇક લોભની દૃષ્ટિથી તેના તરફ જોવા લાગ્યો. આ વખતે તેના મનમાં એવું આવ્યું કે, જો આપણે હવે વધારે આગળ ખસીશું તો તે જરૂર દરિયામાં પડતું મુકશે; માટે વખત સંભાળી લેવાની જરૂર છે.

હવે આ કાળ જેવા મનુષ્યરૂપી રાક્ષસના સપાટામાંથી આપણો બચાવ શી રીતે કરવો? ઉપર આકાશ અને નીચે દરિયો દેખાય છે. આ જગાએ દરિયામાં પડીને જીવ દેવા શિવાય બીજો કોઈ પણ માર્ગ દેખાતો નથી. એવા વિચાર તે સુંદરીના મનમાં ઘોળાવા લાગ્યા. આ વખતે પવનના ઝપાટાથી દરિયો ખળભળી રહ્યો હતો. મોટાં ડુંગરા જેવાં મોજાં કિલ્લાની તટબંધી ઉપર અથડાતાં હતાં, એટલે દરિયાની ભયંકર ગર્જના સ્પષ્ટ રીતે સાંભળવામાં આવતી હતી; અને તેનો દેખાવ વળી વધારે ભયભીત કરી દે, એવો ભયંકર દેખાતો હતો. એટલામાં એ દેખીતા કાળ જેવા મનુષ્યરૂપી

રાક્ષસની પાછળ હાથમાં ઉઘાડી તરવાર લઇને કોઈ શૂરવીર સપાટાબંધ આલ્યો આવતો દેખાયો. જેનું ગૌરવર્ણ, વિશાળ ભાલ, મુખકાંતિ મનોહારિણી, પરંતુ ક્રોધને લીધે લોચન લાલચોળ અને ઓઠ પીસેલા હોવાની સાથે સુંદર વસ્ત્રો ધારણ કરીને કમરે જમૈયો, તમંચો અને કટાર વગેરે હથિયારો ખુબીદાર કસેલાં હતાં, બખતર પહેરેલું હતું, માથે કાઠિયાવાડી તરેહનો એંટદાર ફેંટો બાંધેલો હતો. પીઠ ઉપર ઢાલ પણ લટકતી હતી અને હાથની બાંહ્યો ચઢાવેલી હોવાની સાથે એકસરખા જોસથી સપાટાબંધ ધાઈ આવતો હતો. તે અકસ્માત તેની દૃષ્ટિએ પડ્યો. તેને જોઇને સુંદર યુવતિને એકદમ ધીરજ આવી અને આશાના અંકુરો ફુટવા લાગ્યા. તથાપિ આપણે આ સ્વપ્ન જોઇએ છીએ કે પ્રત્યક્ષ શ્રી દ્વારકાંનાથ પોતે જ આપણને સહાય કરવા આવ્યા હશે? તે આ આફતમાં ગિરફતાર થયેલી અબલાને કાંઈ સમજ પડી નહીં. તે વખતે કાંઈ ઇશારો કરીને અથવા બોલીને તો તેમને કશું કહી જ શકાય નહીં. કારણ કે આ દુષ્ટ પાછો ચેતી જાય અને તેની સાથે લડવાને તૈયાર થાય અથવા તો આપણને દરિયામાં પણ ધકેલી દે! તેનું શું પ્રમાણ! એવી રીતે એક પછી એક વિજળીના વેગે વિચારતરંગો તેના મનમાં આવવા લાગ્યા, તેને લીધે તેના મુખમાંથી એક અક્ષર પણ નીકળ્યો નહીં. છેવટે તે અધમ પાપીએ તેને એકદમ પકડીને પોતાની પાસે ખેંચી લેવા સારૂ ચિત્તાની પેઠે ચિડાઇને ઝટ પકડવા માટે પોતાનો હાથ લાંબો કર્યો, એટલામાં તો પાછળથી આવેલા શૂરવીરે તરવારનો એક એવા જોરથી ઝટકો માર્યો કે હબસી મિયાંના બે ટુકડા થઇને નીચે બુરજમાં પડ્યા. તે દરમ્યાન હમણાં આ ઘાતકી માણસ આપણને પકડી જ લેશે, એમ લાગવાથી તે અજાણતા જરા પાછળ ખસી; તેની જ સાથે તે એકદમ દરિયામાં જઇને પડી!

જેઓ શૂરવીર હોય છે તેઓ પોતાના દેહની પણ દરકાર કરતા નથી. તે સુંદર રૂપવાન્ અબળાને દરિયામાં પડેલી જોઇને તેણે ઝટપટ પોતાનું બખતર કાઢી મૂકીને ધડમ દઈને તેની પાછળ જ દરિયામાં ભુસકો માર્યો. તેની સાથે દરિયાનું પાણી ખુબ ઉછળ્યું અને તે એકવાર તો પાણીને તળિયે ગયો.

પ્રકરણ ૮ મું

લૂટ અને કત્લ

જેવી રીતે મંદિરમાં ખુનાખુની અને જખમા જખમી થઈ હતી. તેવી રીતે આખા ગામમાં હાહાકાર થઈ રહ્યો હતો. બળવાખોરો ચારે તરફ ફેલાઈ ગયા હતા. જે લોકો પહેલા મંદિરમાં આવ્યા તેમણે લુંટવાનું કામ ઝપાટાબંધ ચલાવ્યું. તે વખતે જે લોકો બચાવ કરવાને સામા થયા તેઓ ઘાયલ થઇને અધમુવા પડ્યા હતા. તેમાં મંદિરના માણસો અને કેટલાક ભાવિક સેવકજનોએ દ્વારકાંનાથના દરવાજા ઉપર જ જીવત દાન દીધાં હતાં. તોપણ બળવાખોરો મંદિરમાં ખોળાખંખોળા કરીને જે જેના હાથમાં આવ્યું તે લઇને ચાલતા થયા. એવી રીતે જે આવ્યા તે એક વારકા મંદિરમાં સપાટો મારીને ગામમાં ઘુસ્યા, અને કેટલાક તો પરભાર્યા ગામ ઉપર જ

પડ્યા હતા. તેથી જ્યાં જોઇએ ત્યાં એક સરખો હાહાકાર ચાલી રહ્યો હતો. લોકો સઘળા પોતપોતાનો જીવ અને જીવિત સંભાળવાની ખટપટમાં દેખાતા હતા. કેટલીક જગાએ ગરીબ બિચારા ગાય જેવા લોકો પોતાનો જીવ બચશે તો જ બહુ છે, એમ જાણીને પોતે બહાર જઇને બેઠા અને બળવાખોરોને શિલક ચાવી સાથે ઘરબાર સ્વાધીન કરી દીધાં. કેટલાક સામા થયા, તેમને વાઘેરોએ જખમી જ કરી નાખ્યા; અને તેમનાં ઘરમાલ બધું લુંટી લેતા. કેટલાક કંગાલ કાલાવાલા કરતા કે, અમારા ગરીબનો ગુજ જીવારો રહેવા દેશો તો ઈશ્વરે તમારે માટે ઘણાં ઘર ભર્યાં ભાદર્યાં મુકયાં છે. કેટલાક માણસો અમારા ઘરમાં તો લુંટારા લુંટી ગયા છે, એમ જણાવવાને ગાભા-ચીંદીઓનાં પોટલાં, રાચ રચીલાં, દાણાદુણી વગેરે બારણા પાસે વેરીને બેઠા હતા, તોપણ વખતે તેવાં ઘરોની પણ એક પછી એક ટોળીમાં આવતા લુંટારા-માંથી કેટલાક ઝડતી લઇને મુદ્દામાલ લેઈ જતા હતા. તેમાં વધારે ખુબી તો એ હતી કે ઘરના માલીક તથા માણસોને પૂછે કે ઘરેણાં ગાંઠાં તથા માલમતા દેખાડો! કયાં છે? જો દેખાડે નહીં તો તેને લાત, લપડાક, લઠ્ઠુલાકડી, ઘોલ ધપાડ, ધક્કા મુક્કી તો થાય જ; અને એટલું કરતાં પણ ન માને તો મારી નાંખવાની ધમકી તો ઉઘાડી તરવારથી તૈયાર જ. તેને પણ ગાંઠયા નહીં તથા સામા થયા તે લોકો તલવાર, બંદુક, કટાર અથવા જમૈયા વગેરે હથિયારના ભોગ થઈ પડ્યા. મહેલ્લે મહેલ્લે અને ગલીએ ગલીએ ઘણા ઘાયલ થઇને પડેલા લોકોના દુઃખદ પોકારો, કીકીયારીઓ અને કરુણાજનક રુદનો સાંભળવામાં આવતાં હતાં. ગાળાગાળી, ઝપાઝપી અને મારામારી તો સાધારણ જ થઈ પડી હતી; તેમ છતાં બળવાખોરોએ ગામમાં જબરજસ્ત લુંટ કરી. તેથી લોકોને હાલ બેહાલ, ભયભીત, નિરાધાર, બેબાકળા, થરથર કંપતા તથા જીવ બચાવવાને આમ તેમ દોડતા, ભટકતા અને નાસી છુટતા બનાવી દીધા હતા. તો પણ કેટલીક જગાએ સામસામાં હથિયારો પણ ખડકી રહ્યાં હતાં. તેમાં એકાદ બળવાખોર ઘાયલ થાય કે તેઓ તે જગા છોડીને આગળ ચાલતા હતા. કેમકે અનાયાસે ફાવે તે લેવાનું આખા ગામમાં મોકળું મૂકીને એકાદ આવી જગાએ કોણ ઝપાઝપીમાં ખોટી થાય છે? ચાલો મારો, લુંટો, જાઓ, પહોંચો, એવા એવા અનેક ક્રૂર તથા ઘાતકી અવાજો પણ સંભળાતા હતા. લોકોની દુર્દશાની કાંઈ સીમાજ હતી નહીં. જે હોય તે 'હાય હાયરે બાપ!' મારું આમ થયું અને તેમ થયું! ફલાણો મરી ગયો ને ઢીંકણો ઘણો ઘવાયો છો! તે મરવાની તૈયારીમાં છે! કોણ કોને બચાવે અને શું કરે? બાપ દીકરાંને છોડાવવા જાય નહીં, તથા માતા છોકરાંની દરકાર રાખે નહીં, ત્યાં પછી શું કહેવાનું રહ્યું!' કેટલાકને બિચારાને ઘરને થાંભલે બાંધી મારીને લુંટારા ચાલ્યા જાય તે બૂમો મારતા જ હોય! તો પછી છૂટાં રહે તે ઘરનાં માણસો તત્કાળ નાસી છૂટેલાં હોય, એમાં નવાઈ શું? અર્થાત્ નાસો જ નાસો! નાસી છૂટશે તે બચશે એવી અનેક પ્રકારની ધાંધલ ચાલી રહી હતી.

સર્વત્ર આવી ધાંધલ ચાલતી હતી, તેની નારાયણરાવ રઘુનાથ વહીવટદારને કાંઈ ખબર પણ હતી નહીં. સારી રીતે ઝગઝગીત અજવાળું થતાં માણસે માણસ દેખાતું હતું. વાઘેર લોકોએ વહીવટદારની કચેરી ઉપર હુમલો કરવાની તૈયારી કરી

અને વહિવટદાર સાહેબને પકડવામાટે તેમના રહેવાના મકાનની આસપાસ ઘેરો ઘાલ્યો. આ વખતે નારાયણરાવ રઘુનાથ પ્રાતઃસ્નાન કરીને દેવપૂજાની ગરબડમાં હતા. તેઓ અકસ્માત્ ગોળીના બાર સાંભળીને તપાસ કરાવતાં વાઘેરોના બળવાની વાત જાણતાં દેવપૂજા જ્યાંની ત્યાં નાંખીને ત્રીજા માળ ઉપર નાઠા અને સાંકળ વાસીને બેઠા. વાઘેરો વહિવટદાર સાહેબની તપાસ કરતા મકાનમાં પેઠા. મેડા ઉપર જવા જાય છે તો જીનામાં નાનાકપ્તાન તથા થોડાક સિપાઈ ઉભેલા હતા. જે વાઘેર ઉપર ચઢવા જાય તેને નાનાકપ્તાન ઝપી નાંખતો હતો. તે જગાએ ઘણા લોકો મરાયા ત્યારે કેટલાક વાઘેર લોકો બીજો જીનો શોધી કાઢીને ઉપર ચઢયા. તેમણે જઇને નાનાકપ્તાન ઉપર ઘા કર્યો તેથી કરીને નાનાકપ્તાન જખમી થઇને ત્યાં જ પડ્યો.

તાત્યા પુનેકર આ વાઘેરોના તોફાનનો તડાકો જોઇને કેટલાક માણસોને ધીરજ આપીને તેમને ભેગા કરવા લાગ્યો. તે જગાએ કેટલાક માણસો ભેગા થયા હતા તે વખતે છ સાત ઘડી દિવસ ચડ્યો હતો. એટલામાં જગન્નાથ જમાદાર પોતાની સાથેનાં માણસો સાથે આવીને તાત્યા પુનેકરને મળ્યો; અને બેઉ જણ વધારે માણસોનો જમાવ કરવાની તજવીજ કરવા લાગ્યા.

આ સમયે સખારામ પુરુષોત્તમ પોતે હજામત કરાવીને સ્નાન સંધ્યાદિ પરવારીને નિરાંતે બેઠા હતા, તેવામાં નારાયણરાવ રઘુનાથ થાણામાં સપડાયા છે અને વાઘેર લોકોએ થાણાને તથા તેમની રહેવાની જગાને ઘેરો ઘાલ્યો છે, એવી બાતમી મળી. તેની સાથે આખા ગામમાં લુંટફાટ થયાની હકીકત પણ જાણવામાં આવી. એ સઘળું સાંભળતાની સાથે સખારામ પુરુષોત્તમે ઉઠીને પોતે પોષાક પહેરીને ઢાલ તરવાર વગેરે હથિયારો સજ્યાં અને કડીના શિવલાલ શુકલ તથા પોતાની તહેનાતમાંનાં માણસોને લઇને થાણાનો બચાવ કરવાના તથા નારાયણરાવ રઘુનાથને છોડાવવાના ઇરાદાથી પોતે બહાર પડ્યા. જતાં જતાં રસ્તામાં તેમને તાત્યા પુનેકર તથા જગન્નાથ જમાદાર પોતાની સાથેનાં માણસો સાથે ભેગા થયા. તે સઘળા મળીને થાણા તરફ આવ્યા. તે વખતે ત્યાં ઘણા વાઘેરોનો જમાવ થયેલો હતો. તે લોકો સામા થયા. તથાપિ સખારામ પુરુષોત્તમે અને તેમની સાથેના લોકોએ બહાદુરીથી ઘણા વાઘેરોને ઘાયલ કર્યા. એ જોઇને તેમના તરફ વાઘેરોએ એક બંદુકનો બાર કર્યો. આ બારને લીધે કોઇને કાંઈ ઈજા થઈ નહીં તે ઉપરથી તેમણે જે બાર કર્યો, તે ખાલી બાર હતો, એમ કહેવાને પણ જગન્નાથ જમાદાર વગેરે કેટલાક ચુકયા નહીં.

*સખારામ બાપુ જે મકાનમાં રહેતા હતા, તેના મેડા ઉપર વાઘેરોએ ગોળી બાર ચલાવ્યો હતો. સામેથી પણ બંદુકના બાર થયા. તેમાં સોરઠના એક બારવટિયાને ગોળી વાગતાં તે ત્યાં પડ્યો. પછી જાણવામાં આવ્યું કે, સખારામ (બાપુ) પુરુષોત્તમ થાણા તરફ ગયા છે, એટલે સઘળા પાછા તે તરફ ગયા.

---

* સખારામ બાપુ નામનો એક ઇસમ નાના સાહેબ પેશ્વા સાથે હતો અને તેનું નામ વધારે પ્રસિદ્ધ છે. તે સખારામ બાપુ આ વાર્તામાં ભાગ લેતો સખારામ બાપુ એક નથી, ગાયકવાડ સરકાર તરફ પણ સખારામ પુરુષોત્તમ હતા તેમને સખારામ બાપુ કહેતા હતા.

થાણા પાસે ચારે તરફથી ઘેરો ઘાલેલો હતો; તે લોકો સાથે સખારામ પુરુષોત્તમનું યુદ્ધ ચાલી રહેલું હતું, એટલામાં પાછળથી બીજા વાઘેરો આવી પહોંચ્યા. આ જોઇને સઘળા ગભરાયા, પણ સખરામ બાપુ, તાત્યા પુણેકર તથા જગન્નાથ જમાદારે લોકોને ધીરજ આપી અને થાણા તરફ એકે સપાટે હુમલો કર્યો. સખારામ પુરુષોત્તમની સરદારી નીચેના શૂરવીરોએ ખરેખરી બહાદુરીથી ઘેરો ઘાલનાર વાઘેરોના બે ભાગ પાડી દીધા અને શિબંધી લશ્કર લઇને નારાયણરાવ રઘુનાથના *વાડામાં પેઠા. ચારે તરફ તપાસ કરી; પણ તેમનો કાંઈ પત્તો લાગે નહીં, છેવટે તે પરાણે ત્રીજામાળ ઉપર ભરાઈ રહેલા અબોટિયું પહેરીને બેઠેલા મળી આવ્યા. બાપુએ તેમને ધીરજ આપતાં જણાવ્યું કે, વાઘેર લોકોને સર્વ ઠેકાણે ફેલાવ થઈ ગયો છે. આપણી તોપો અને સિપાઈઓ અવ્યવસ્થિત સ્થિતિમાં છે. શિબંધીના માણસો વગેરે લોકોને ભેગા કરીને સામા થવાની હવે કાંઈ અનુકૂળતા રહેલી નથી, તથાપિ જેટલા માણસો મારી સાથે છે તેટલાની સહાયતાથી આપણે પાછલે રસ્તેથી નીકળી જવા ધારીશું તો તે બની શકશે. આ મસલત નારાયણરાવ રઘુનાથને પસંદ પડી. ત્યારે પછી રહેલા માણસોને લઇને બેઉ જણાએ વાડામાંથી પાછલે બારણે થઇને જામપુરાનો રસ્તો પકડ્યો. આ વખતે તેમને અટકાવવાનું વાઘેર લોકોમાં સામર્થ્ય હતું અને વાઘેર લોકોએ જામપુરા તરફ જનારા માણસોને અટકાવવા માટે નાના ધ્રુવની ધર્મશાળા પાસે તોપો પણ ગોઠવી હતી તથાપિ તેઓ ગાયકવાડ સરકારના અમલદારો છે અને તેઓ હવે ચાલ્યા જાય છે, એમ જાણીને જોધા માણેક વાઘેરોને તેમના ઉપર હુમલો નહીં કરવા દેતાં તેમને નીકળી જવા દીધા. આ વખતે સઘળા વાઘેર લોકો બજારમાં ઘુસ્યા હતા તથા જોર જુલમ સાથે લુંટફાટ ચલાવતા હતા.

દ્વારકા પણ વાઘેર લોકોના કબજામાં આવી હતી. દક્ષિણામૂર્તિના મઠમાં ટેકરાનંદ સ્વામી રહેતા હતા. વાઘેર લોકો તેમને ગુરુ માનતા હતા, તેમ છતાં તેમણે એ મઠ લુંટવાને પણ આઘું પાછું જોયું નહીં. નાનાકપ્તાન ઘાયલ થવાની ખબર આવી, તે ઉપરથી ટેકરાનંદ સ્વામીએ તેમને ઉચકી લાવવા માટે પોતાના કેટલાક શિષ્યોને મોકલ્યા હતા. તેઓ ઘાયલ થઇને પડેલા નાનાકપ્તાનને ઉઠાવીને મઠમાં લાવ્યા હતા. તેમની સારવાર ચાલતી હતી. મુરલીધર બાબાની સ્ત્રી પણ આ જ મઠમાં પ્રસૂત થઈ હતી. તે સુવાવડી બાયડીના ઓરડામાં જેટલો સામાન હતો તેટલો સુરક્ષિત રહ્યો હતો, કારણ કે વાઘેર લોકો બ્રાહ્મણની સ્ત્રીઓને કદી પણ છેડતા જ નથી.

---

* મોટા રાજદરબારી મકાનોને વાડો કહેવામાં આવે છે. જેમ કે સરકારવાડો, પાંઢરેનો વાડો, શિરકેનો વાડો વગેરે.

પ્રકરણ ૯ મું

છુટકારો

સું દર યુવતિ પાછળ ખસતાં અચાનક દરિયામાં પડી, તે સમયે સૂર્યનારાયણ સારી રીતે પ્રકાશતા હતા. બેટમાં જ્યાં હમેશાં આ વખતે શાંતતા જ હોય અને મંગળા આરતિનાં દર્શન કરવા સારું મંદિરમાં જવાની ધાંધળમાં ભક્તજનો ધામ ધુમ કરી રહ્યા હોય તે જગાએ સર્વ ગામ ભરમાં ધમાધમી, મારામારી, કાપાકાપી, દોડાદોડી અને રડારોળ ચાલી રહી હતી. બળવાખોર લોકોનાં ઝુંડનાં ઝુંડો આવીને, તેમણે ઠેકઠેકાણે પોતાનાં થાણાં બેસાડ્યાં હતાં. સઘળા લુંટફાટ કરતા સરકારી અમલદારોની શોધમાં ઘુમતા હતા. કેટલીક જગાએ સામના થઈ રહ્યા હતા, તેમ જ કેટલીક જગાએ હુમલા કરવાની તૈયારીઓ થઈ રહેલી હતી. સરકારી અમલદારો પોતપોતાનો બચાવ શોધતા હતા. તેમાં લોકોની દાદ લાગે જ ક્યાંથી? એક સરખો હાહાકાર થઈ રહ્યો હતો. કીકીયારીઓ ઉપર કીકીયારીઓ થયા કરતી હતી. અને જે હોય તે પોતાનો જાન સંભાળવાની ભયભીત ફીકરમાં પડ્યા હતા.

હવે જ્યારે આ અભાગી સુંદર અબલા અકસ્માત દરિયામાં પડી ગઈ, ત્યારે તેની સર્વ વૃત્તિઓ એકત્ર થઈ જતાં ગુંચાઈ ગઈ હતી. મનોવૃત્તિ ઉપર જે વખતે એકવાર કોઈ પણ મનોહર મૂર્ત્તિનું પ્રતિબિંબ પડે છે કે તત્કાળ જ મન કલ્પના સૃષ્ટિમાં તલ્લીન થઈને તદાકાર થઈ જાય છે. તે જ પ્રમાણે પેલા દુષ્ટ હબસી સિપાઈના બે કકડા કરીને તેના રાક્ષસી સપાટામાંથી છોડાવનાર વીર પુરુષની એકાએક દૃષ્ટિગમ્ય થયેલી મનોહર મૂર્ત્તિ, તેની નજરે પડી ત્યારથી જ તે તેના હૃદય કમળ ઉપર કોતરાઈ ગઈ હતી. તે મૂર્ત્તિના નિરીક્ષણના એક ધ્યાનમાં આપણો પગ ખસી જવાથી આપણે પાછળ દરિયામાં પડીશું, એવું તેને કાંઈ ભાન રહ્યું નહીં, અને હબસીએ હાથ લાંબો કરવાની સાથે જ ચપળતાવાળા તે શૂરવીરના સખ્ત ઝટકાની ઝડપ જોતાં કાંઈક આનંદ ભરેલી માનસિક અવસ્થામાં તેનો દેહ દરિયામાં પડ્યો; પરંતુ તેથી તેને યત્કિંચિત્ પણ ઈજા થઈ નહીં. નિમિષ માત્રમાં વિજળી જેવી રીતે મેઘમંડળમાં ચમકે છે તે જ પ્રમાણે તે કોટ ઉપરથી પાણીમાં પડીને ગુમ થઈ ગઈ. સૃષ્ટિના સ્વાભાવિક નિયમ પ્રમાણે કોઈ પણ પદાર્થ પોતાના વજન અને પડવાની જગાની ઉંચાઈના પ્રમાણમાં નીચે જાય ખરો, પણ તેટલા જ જોરથી તે પાછો ફરીથી પાણીની સપાટી નીચે જાય નહીં. પાણીનો એવો ધર્મ છે કે, તેના અંગના અવયવના વજનના પ્રમાણમાં પાણીની અંદર પડનારો પદાર્થ હલકો હોય તો તેને તે તરત જ સપાટી ઉપર કાઢી નાંખે છે. તે જ પ્રમાણે આ સુંદર યુવતિ એક વખત પાણીમાં પડતાની સાથે તેને તળિયે જઈને પાછી ઉપર આવી; અને શરીરના ધર્મ પ્રમાણે તે ઉપર આવતા બરોબર ગભરાયલી ગભરાયલી જેમ આવે તેમ તે પોતાના હાથ પગ હલાવવા લાગી. એટલામાં તેણે પેલા જુલમી માણસના પંજામાંથી છોડાવનાર શૂરવીર વાઘેરે પણ તેને દરિયામાં પડેલી જોઇને તેને પાછે પગલે ભુસકો માર્યો હતો. તેણે એકવાર પાણીને તળિએ જઇને સપાટી ઉપર આવતાં જ પાસે હાથ પગ હલાવતી તથા ડુબકાં

ખાતી તે અબળા તરફ તીરની પેઠે જઈને ડુબકી મારી, અને તેને પોતાની પીઠ ઉપર ઉપાડી લીધી.

તે વખતે એ સુંદર યુવતિ તદન ગભરાઈ ગયેલી હતી. પાણીમાં પડવાને લીધે તેના નાકમાં તથા મુખમાં પાણી જવાથી છાતીએ ડચુરો ભરાયો હતો. તેની આંખો ભયની મારી મિચાઈ ગઈ હતી. તેણે લાગલા જ પોતાના મુખ ઉપર આવેલા વાળ બાજુ ઉપર ખસેડ્યા, અને થોડીવારે તેનો છાતીમાં ડુમો ભરાયલો કમી થયો. આવી સ્થિતિમાં તેને પોતાની પીઠ ઉપર લઇને નૌકા પ્રમાણે મોટાં મોજાંની સાથે હેલકારા ખાતાં તેણે જે દિશા તરફ દરિયાનો કિનારો હતો તે તરફ પોતાની તરવાની વલણ ફેરવી. જે જગાએથી તેઓ પાણીમાં પડ્યાં હતાં ત્યાંથી બેટમાં જવાનો પહલો ઘણો જ દૂર હતો. વળી તે તરફ વાઘેર લોકોના હુમલા શરૂ થઈ ચૂકયા હતા, તેને લીધે સામી નાની નાની ટેકરીઓ હતી ત્યાં જઇને કિનારે લાગવામાટે તેણે સામી બાજુએ જવાનો ઈરાદો રાખ્યો. તે વખતે સમુદ્રના ભયંકર ઘુઘવાટા તથા પવનના સુસવાટા જ માત્ર સંભળાતા હતા. તે શિવાય કિલ્લા તરફની બાજુએથી મારો, ઝુડો, પકડો, એવા અવાજો દૂરથી ચાલ્યા આવતા વાયરાના સપાટાથી બરોબર સ્પષ્ટ રીતે સાંભળવામાં આવતા હતા. આપણો શૂરવીર નાયક વાઘેર લોકોમાં ઉત્તમ પ્રકારનો તરનારો હોવાને લીધે પાંચ દશ કોસ સમુદ્રમાં તરી જવાનું તેના કાંઈ હિસાબમાં ન હતું. નૌકા પ્રમાણે તેણે પેલી અબળાને પોતાની પીઠ ઉપર લઇને તરવાનું શાંતપણે સમુદ્રની લેહેરોની સાથે હેલકારા ખાતાં ખાતાં ચાલુ રાખ્યું હતું. તોપણ વચમાં વચમાં પોતાની પીઠ ઉપર લીધેલી એ અબળાને બરોબર સંભાળીને રાખતો હતો.

આપણું અંગ પાણીમાં પડેલું છે, સઘળાં વસ્ત્રો ભિંજાઇને થંડાંગાર થઈ ગયેલાં છે; પરંતુ શરીર કાંઈ પાણીમાં નહીં જતાં સમુદ્રની લાટોની સાથે તરતું દેખાય છે. તે ઉપરથી આપણે કાંઈ કોઈ નૌકામાં તો આવી પડેલાં નથી ? ના, ના, સમુદ્રમાં જ પડેલાં છીએ. ત્યારે આપણે આ સ્વપ્ન જોઇએ છીએ કે, ખરેખરાં સમુદ્રમાં જ છીએ. આવા આવા વિચારમાં તેણે પોતાનાં ચક્ષુ ધીમે રહીને ઉઘાડ્યાં. આ વખતે જો કે સૂર્યોદય થયેલો હતો. ચારે તરફ સમુદ્રનું અથાગ જળ અને ઉપર માત્ર આકાશ જ દેખાતું હતું. તથાપિ તે વખતે પોતાનો આહાર મેળવવાને માટે આકાશમાં ફરનારાં પક્ષીઓ કાંઈ બોલ્યા કરતાં આપણાથી થોડે દૂર આમતેમ ઉડતાં હોય એમ તેના જોવામાં આવ્યું. સ્ત્રીઓ જાતે શરીરે નાજુક અને ઘણી જ કોમળ હોય છે, તેમાં વળી આપણી સુંદર નાયિકા કોટ ઉપર ભયભીત થયેલી તથા ગભરાઈ ગયેલી હોવાને લીધે તેણે પોતાનાં નેત્રો ફરીથી ભયનાં માર્યાં પાછાં ખૂબ મિચી દીધાં. ત્યાર બાદ કેટલીક વારે આપણે પાણીમાં શાને આધારે તરીએ છીએ? તે સંબંધી તેના મનમાં વિચાર આવવા લાગ્યા. બેટમાંના બળવાખોરોની ધામધૂમથી આપણે ભયના માર્યાં ગભરાઇને દ્વારકાનાથના મંદિરમાં નાસી આવ્યાં; ત્યાં આપણી સાથે આવેલી સ્ત્રીનું લોભને લીધે મરણ થયું. તે પછી કામાતુર થયેલો પણ આપણા અંગ ઉપરના અલંકારોની લાલચ નહીં રાખનારો કાળો શાહી જેવો હબસી આપણી પાછળ પડ્યો. તે વખતે આપણે કોટ ઉપર ઉભાં છીએ અને આપણને પકડવાને માટે એ રાક્ષસ

આપણા સામો આવીને ઉભો રહેલો છે. તેની પાછળ આપણને છોડવનારો શૂરવીર આવી પહોંચ્યો છે અને તેણે તેના બે તુકડા કરી નાખ્યા! એ વીરપુરુષનું જોયેલું મુખ કેવું મનોહર હતું! એવી એક પછી એક અનેક કલ્પનાઓ તેના અંતઃ-કરણમાં આવીને ઉભી રહી, તેને લીધે તે ભયની મારી પોતાના નેત્રો જરા ઉઘાડે અને લાગલાં જ પાછાં મિચી દે. એટલામાં આપણા અંગને કોઈ સ્પર્શ કરે છે, અને આપણું શરીર પાણીમાં પડીને ડૂબી જાય નહીં માટે સંભાળ લે છે, એવો તેને આભાસ થયો; ત્યારે હવે આપણે આ બધું સ્વપ્નામાં જોતાં નથી, પણ ખરેખરી જાગૃત અવસ્થામાં જ છીએ કે નહીં? તે નિશ્ચય કરવા માટે તેણે ધીરજથી પોતાનાં નેત્રો પાછાં ઉઘાડ્યાં અને જરા ડોકું વાળીને બાજુ ઉપર જોયું તો કોઈ માણસ આપણને પોતાની પીઠ ઉપર લઈને શાંતપણાંથી તરે છે, એમ તેના જોવામાં આવ્યું. તેના માથા ઉપરના વાળ ચળકતા ચકચકિત હોવાની સાથે બોચી સુધી કાતરેલા હતા. વળી તે ગોર વર્ણનો હતો, પણ તેની બોચી લાલ થઈ ગયેલી હતી. તે જોતાં બરોબર પોતાના મનમાં દયા જાણીને આપણને વહી જનારાને આપણા શરીરનો ભાર ઓછો લાગે, એવું કરવાની તેને જરૂર લાગવા માંડી. એટલે લાગલું જ તેણે પોતાના અંગ ઉપરનું અવ્યવસ્થિત થયેલું વસ્ત્ર બરોબર સંભાળીને ઠીકઠાક કર્યું, અને જરા હુશિયાર થઇને તે કહેવા લાગી કે, "મારા ઉપર આપે આજ મહન્ ઉપકાર કર્યો છે તથા હજુ પણ કરો છો. તેનો બદલો મારા જેવી અબળા શી રીતે આપી શકશે? મને થોડું થોડું તરતાં આવડે છે, પણ આવો મહા વિસ્તારવાળો સમુદ્ર તરી જવાનું મારામાં કાંઈ સામર્થ્ય નથી, તેમ જ તેવી હિંમત પણ ચાલતી નથી; તેમ છતાં આપની સહાયતાથી જો કાંઈ હિંમત આવે તો વળી જોઉં." આવું મધુર તથા રસિક બોલવું સાંભળીને તેને તે વખતે ઘણો જ આનંદ થયો; અને પોતાના સાહસનું સાર્થકય થયા જેવું લાગ્યું, કારણ કે જે વખતે તે તેણે તેને પોતાની પીઠ ઉપર લીધી હતી, તે વખતે એ કેવળ બેશુદ્ધ હતી. આ આનંદના આવેશમાં તેને પેહેલાંના કરતાં વધારે હુશિયારી આવી, તેથી તેણે જવાબ આપ્યો કે-"જો તેવી હિંમત ચાલતી હોય, તો મારા બરડા ઉપર હાથ મુકીને પાણી ઉપર તરતાં રહેતાં, તુંબડા ઉપર હાથ રાખીને લોકો તરે છે તેમ કરો." એટલા બોલ તેના મુખમાંથી નીકળતાં જ તે પાણીમાં પડીને ઉપર તરવા લાગી અને આધાર માટે તેણે પોતાનો એક હાથ તેમના શરીરને જરા અરાડી રાખ્યો. આ વખતે તે પોતાના મન સાથે કહેવા લાગી કે, આ વિશાળ સમુ-દ્રમાંથી, જે તરી પાર જવાને સહાય કરે છે તે જ આગળ ઉપર આ સંસાર સમુદ્ર નીતિથી તરી જવાને માટે મળશે કે? તેના તે પહાડ જેવા સતેજ તથા ગોરવર્ણના ગુલજાર પરંતુ લોઢાના જેવા કસાયલા શરીરને જ્યારે તેનો હાથ લાગ્યો અને તેની દૃષ્ટિ જ્યારે તેની પોહોળી પ્યાલેદાર છાતી, વિશાલ ભાલ, તીર જેવી કમાનદાર ભ્રમરો, હોઠ ઉપર તાજી જ ફુટતી મુછો, તરુણાવસ્થાની લાલી, તથા શૂરાતનવાળી મુખમુદ્રા ઉપર પડી, ત્યારે તેનું મન તદ્દન તલ્લીન જ થઈ ગયું. પોતાની પીઠ ઉપ-રથી ભાર કમી થવાને લીધે તે શૂરવીરને પણ વધારે હુશિયારી આવી હતી. પૂણ્યા-હવાચનને વખતે અથવા યજ્ઞયાગાદિક મંગળકાર્યમાં, પતિની પાસે પત્ની ઉભી રહીને

ક્રિયા સંકલ્પ કરતી વખતે જેવી રીતે પોતાના હાથનો સ્પર્શ કરીને જેમ લજ્જાળુ દૃષ્ટિવડે તેમના તરફ ચોરી છુપકીથી નિહાળીને જુવે છે, તેવી રીતે આ સ્ત્રી પુરુષનું જોડું એક બીજાની તરફ પ્રેમદૃષ્ટિ કરતું તરતું હતું, અને સુંદર યુવતિએ પોતાનો હાથ વિશ્વાસને લીધે, પ્રેમને લીધે અને મમતાને લીધે તેમના અંગ ઉપર મૂકયો હતો.

બેઉ જણાં જેમ જલક્રીડા કરવાનો સંકલ્પ કરીને પાણીમાં પડ્યાં હોય તેમ તરતાં તરતાં પ્રેમ દૃષ્ટથી એક બીજાનું નિરીક્ષણ કરતાં હતાં. તેમાં એકની કૃતજ્ઞદૃષ્ટિ દેખાતી હતી; અને બીજાની નજરે પોતે જાણી જોઇને કરેલા ઉપકારથી મળેલા યશના તોરમાં માલમ પડતી હતી. એકમેકના મનોગત વિચારો જાણવાને માટે બન્ને જણના ચહેરા ઉપર ક્ષણેક્ષણે વિચારતરંગ ઉઠતા હતા, તે જોઇને ઉભયને સંતોષ થતો હતો. તેનું હસ્તિદંત સમાન ગોરું ગબરુ જેવું અંગ, તેના ઉપર ચમકી રહેલી ગુલાબી લાલી, વિશાળ કપાળ, હરિણી સમાન પાણીદાર બાણ જેવાં ચપળ નેત્ર, તેના સંધાનમાં ભ્રુકુટિ–ભ્રમર જાણે ધનુષ્ય કમાન જ, માથાના વાળ કાળા ભમરા જેવા પણ પાણીથી પલળવાને લીધે કાન પાછળ વાળેલા વાંસા ઉપર કાંઈક પાણી સાથે ડોલતા નાગિનીઓની પેઠે નાચ કરતા, સુશોભિત ઉન્નત ઉદરસ્થળ, સરળ તથા લાંબી હંસના જેવી ગરદન, સુકોમળ હાથ અને ચોળાની શિંગના જેવી આંગળીઓ, એ વગેરે જ્યારે પાણીની બહાર આવેલાં નજરે પડતાં ત્યારે આપણે પાણીમાં તરીએ છીએ કે જમીન ઉપર છીએ તેનું તેને કાંઈ ભાન જ નહીં રહેતાં તેનું માન કેવળ ગુંચાઈ ગયું અથવા ચકરાઈ ગયું હતું. અજાણી સ્ત્રીની સાથે આપણાથી કેમ બોલાય? શું બોલવું? આપણા મનનો ભાવ તેને જણાવવો કે નહીં? કદાપિ આ સ્ત્રી પરણેલી હોય અને તેને જો આવી વાત પૂછીએ તો તે ઉપરથી તેના મન ઉપર કેવી અસર થાય? એવા એવા તરંગો આવે તે એ પોતે દાબી દેતો, અને તેના તરફ જોતાં જોતાં પોતાની નજર ફેરવી દેતો. પરંતુ લોહચુંબક જેવી રીતે લોઢાને આકર્ષણ કરે છે તેવી રીતે તેનું ચિત્ત વારેવારે તેના તરફ વળે અને મનમાં નહીં છતાં પણ ફરીથી તેના તરફ જોવું, એમ થઈ જાય. આપણા ઉપર જ જેનું સર્વસ્વ અવલંબન છે અને આપણો જ જેને હાલ આશ્રય છે, એવી તે સુંદર યુવતિ જયારે જ્યારે તેની નજરે પડે, ત્યારે ત્યારે તે તેને કહે કે–"હવે થોડું દૂર રહેલું છે, ધીરજ છોડવી નહીં, ઘડી બેઘડીમાં આપણે કિનારા નજીક જઇશું. એટલે જમીનને પગ લાગશે." આવા ઉત્તેજનથી તેને ધીરજ આવતી હતી. તેના મનમાં પણ એવા જ પ્રકારની વિચારમાલા ઘોળાતી હતી. આ જીવતદાન દેનારના ઉપકારનો બદલો કેવી રીતે ફેડાશે? આપણે કુંવારિકાની અવસ્થામાં છીએ. ધર્મશાસ્ત્ર પ્રમાણે આપણાં માતા પિતાની સંમતિ શિવાય કાંઈ કરી શકાય નહીં. કદાચિત્ આપણે આપણા મનોભાવથી જ વરમાળ ઘાલવાને તૈયાર થઇએ તો આપણા કુલશીલના સંબંધમાં તેમના મનમાં કાંઈ શંકા આવે. પાછું એમ પણ મનને થાય કે, આ પુરુષ આટલા દિવસ સુધી કુંવારો કેમ રહ્યો હોય? આવા ચિત્તાકર્ષક પુરુષનું મન બીજી કોઈ એકાદી ભાગ્યશાળી સ્ત્રીએ પોતાના તરફ કેમ ખેંચી લીધું નહીં હોય? જ્યારે તેઓ મને છોડાવવાના ઇરાદાથી આવ્યા ત્યારે તેમનું લક્ષ મારા ઉપર લાગવાથી તેમણે આવું સાહસ કર્યું નહીં હોય, એમ શા ઉપરથી સમજવું વારુ? વળી પાછું

એમ પણ તેને લાગે કે, શૂરવીરો હોય છે તે પરોપકારની ખાતર આવાં અનેક સાહસ કર્મ કરે છે; એવા પોતે કરેલા ઉપકારક કૃત્યના બદલામાં પોતાને કાંઈ લાભ થાય, એવી તેઓ સમૂળગી ઇચ્છા જ રાખતા નથી. આવા જ પ્રકારના એ પુરુષનું તો આ કામ નહીં હોય! ઈશ્વર કરો અને મારા મનના હેતુ પ્રમાણે તેમના મનનો હેતુ પણ હોય. એવી રીતે તેણે ઈશ્વરની પોતાના મન સાથે યાચના કરી. એ તેના વિચારતરંગો ચહેરા ઉપરથી સ્પષ્ટ જણાઈ આવતા હતા, કારણ કે જ્યારે આ સુંદર યુવતિનો એક હાથ તરતાં તરતાં થાકી જાય ત્યારે તેની એ બાજુ બદલાવીને તેને પોતાની બીજી બાજુએ લેવાને માટે તે તત્પર જ રહેતો.

આ પ્રમાણે કોસ બે કોસ મજલ થઈ, એટલે એ સુકુમાર અબલાને તરવાને માટે આટલો આશ્રય હતો, તો પણ તે તદ્દન થાકી ગઈ; પરંતુ પેલા પરોપકારી પુરુષ ઉપર આ કરતાં વધારે ભાર લાદવાની તેની છાતી ચાલે જ નહીં. તેને પોતાની મેળે જ એમ લાગે કે, આટલી થોડી મજલમાં જ આશરો છતાં પણ હું જો આટલી બધી થાકી ગઈ છું, તો તેમને કેટલો બધો થાક લાગતો જોઇએ? જ્યારે એ નજર ફેરવીને જરા તેના તરફ જુવે, ત્યારે તેનું ગભરાયેલું તથા લાજમર્યાદાથી ગ્લાન થયેલું મુખ, તેના મનના વિચાર તુરત જ કહી આપતું હતું. આખરે તેણે પોતે જ કહ્યું કે, "જો તરવાના શ્રમને લીધે થાક લાગી ગયો હોય તો હું તને પાછી પહેલાંની માફક મારી પીઠ ઉપર લઈ લઉં." પરંતુ તેના મુખમાંથી કાંઇ પણ ઉત્તર નીકળે નહીં. છતાં તેમના તરફ લજ્જાળુ નજરથી જોઇને શરમંદી પડી જાય.

એટલામાં થોડા અંતર ઉપર આઠ દશ હાથ લંબાઇનો તથા હાથભર પહોળાઇવાળો એક પાટિયાનો ટુકડો દરિયાની લાટની સાથે હેલકારા ખાતો ખાતો આવતો નજરે પડ્યો. લાગલો જ તે તેની તરફ આડો તરતો ગયો અને પાટિયા પાસે પહોંચ્યો. તેણે તે પાટિયું પોતાને હાથે પાણીમાં દાબી જોયું તો તે બે જણાનો ભાર સહન કરી શકશે એવી તેની ખાતરી થઈ, ત્યારે તે પેલી સ્ત્રીને કહેવા લાગ્યો કે, "ઈશ્વરે આપણે માટે આ પાટિયું મોકલ્યું છે, એનો આપણે આશ્રય લઇએ." એવું કહેતાની સાથે જ તેણે તે પાટિયું ચટ લઇને પોતાના પેટ નીચે ઘાલ્યું. અને ઈશ્વરનો ઉપકાર માનીને તે બોલી કે, "આપ પણ પોતે આનો જ આશ્રય લ્યો. આપને આ દીન અબલાને માટે ઘણી મહેનત કરવી પડી છે." તે સાંભળીને શૂરવીરે પણ પોતાના શરીરનો ભાર પાટિયા ઉપર મૂક્યો. આ વખતે બેઉ જણાં પાટિયાની બેઉ બાજુએ આશ્રય લઇને પોતાના થાકી ગયેલા હાથ પગને વિશ્રાંતિ આપવા માટે મોકળા મૂકયા. તેણે પાટિયાને આશરે જરા ઉંચા થઇને કિનારા તરફ નજર ફેંકી. એ ઉપરથી તેણે જણાવ્યું કે, "આપણે બે ચાર ઘડી આ પાટિયાને દરિયાનાં મોજાંની સાથે ચલાવતાં લઈ જઇશું તો જલદીથી આપણને કિનારો હાથ લાગશે. પેલી જો સામે પાણીમાંની ટેકરી ઉપર લીલી ચારનો જથો જણાય છે." તેણીના પણ જોવામાં તે આવી; તેથી તેને ઘણી ધીરજ આવી, અને પાછું ઇશ્વરનું સ્મરણ કરીને પોતાનો માર્ગ કાપવાનો આરંભ કર્યો. આ વખતે સૂર્યનારાયણ બરોબર મધ્યાહ્ન ઉપર આવ્યા હતા. તેને લીધે હવે તાપ જરા પહેલાંના કરતા વધારે કડક લાગતો હતો. તથાપિ પવન સુસવાટાથી વાતો હોવાને

લીધે તેમ જ શરીર નીચે પાણી હોવાને લીધે, તે તાપથી બેઉ જણને કાંઈ વધારે ત્રાસ લાગ્યો નહીં. બેઉ જણાંએ પાટિયા ઉપર પોતાનો ભાર મૂકીને પોતાના પગથી પાણી ધકેલતાં હતાં. પવન પણ તે જ બાજુએ વહેતો હોવાને લીધે, આ અણઓળખિતાં સ્ત્રીપુરુષ પોતપોતાના વિચારતરંગમાં તણાતાં ડુંગરા તરફ જવા લાગ્યાં. એટલે સામી બાજુએ લીલીછમ ટેકરી તેમની નજરે પડી. જેમ જેમ તે પાસે આવવા લાગી, તેમ તેમ તેમને એકવારકાં ક્યારે જમીન ઉપર જઈને ઉભાં રહીએ, એવી ઉતાવળ થઈ ગઈ. આ પાંચ સાત કોસના અંતરમાં સારાં ભાગ્યે તેમને કોઈ પણ પ્રકારની જળચર પ્રાણીઓ તરફથી કાંઈ પીડા નડી નહીં. એવી રીતે તેઓ કિનારાથી સુમારે પચાસ હાથના છેટા સુધી આવી પોહોંચ્યાં; પરંતુ અહીંથી આગળ તે પાટિયું ખસે નહીં. પગની અંદર સમુદ્રના પાણીમાંના ઝાડવાં તથા વેલા વેલીઓ લાગવા માંડી. તે વખતે પેલા શૂરવીરે તેને જણાવ્યું કે પાટિયા ઉપર આખા શરીરનો ભાર મૂકીને ચઢી બેઠા શિવાય ઝાંડવાં વગેરેનો ત્રાસ ટળશે નહીં, ત્યારે નિરુપાયે તેને તેમ કરવું પડયું. આ વખતે પાટિયાના એક છેડા ઉપર આગલી બાજુએ તે બેઠી, અને પાછળથી પેલાએ વેલીના જાળાનો આશરો લઈને પગવડે પાટિયું બરોબર ધકેલ્યું. આ વેલીના જાળામાંથી જતાં કિનારો નજીક જણાતો હતો, તથાપિ આ જુજ પ્રવાસમાં તેમને એટલી બધી મહેનત પડી કે તેટલી મહેનત આટલા બધા પ્રવાસમાં કોઈ પણ જગાએ પડેલી નહીં.

મનુષ્ય પ્રાણીમાં આશાનો કાંઈ વિલક્ષણ મનોધર્મ છે. ગમે તેવા અનિવાર્ય પ્રસંગમાં આવી પડે, ગમે તેવાં દુઃખ પડે, તો પણ અશ્રાંત શ્રમ કરીને પણ પોતાની આશા પાર પાડવાની હિંમત આવે છે. આશા જેવું બીજું કાંઈ દુઃખ નથી, એવી એક કહેવત છે: પરંતુ તે કોઇનાથી પણ છોડાઈ નથી. કેટલાક લોકો સંસારથી ત્રાસી જઇને સંસાર સંબંધી આશાનો ત્યાગ કરે છે; પરંતુ આ જગતમાં માયાની આશા છુટે તો પણ પરમાર્થની તથા પરલોકની આશા મોટા મોટા ત્યાગી, વૈરાગી અને સાધુજનોથી પણ છુટતી નથી. ઈશ્વરની ગતિ અદ્ભુત છે. તેનો કોઈ પાર પામ્યું નથી અને હવે પામશે પણ નહીં.

પ્રકરણ ૧૦ મું

વહિવટદારો સપડાયા

વહિવટદાર નારાયણરાવ રઘુનાથ, સખારામ બાપુ, તાત્યા પુણેકર અને જગન્નાથ જમાદાર વગેરે ગાયકવાડ સરકારના અમલદારો નાસી છુટયા તે જામપુરામાં આવ્યા ત્યારે બધાના જીવમાં જીવ આવ્યો. આ જગા સારી મજબુત હતી, એટલે કાંઈ ભય જેવું હતું નહીં. તેથી બધાને ધિરજ આવી અને પોતપોતાની બહાદુરીના તથા વાઘેર લોકોના હુમલા સંબંધી જૂદા જૂદા ગપાટા સપાટા મારવા લાગ્યા. સખારામ બાપુએ નારાયણરાવ રઘુનાથને જણાવ્યું કે, "હવે આપણે કાંઈ વિચાર કરવો જોઇએ. એમને એમ બેસી રહેવું, એ કાંઈ ઠીક નહીં. આ બાબતમાં

આપણુને હજુરથી ઠપકો મળવા જેવું થયું છે. તો પણ જો હજુ કાંઈ સંભાળી લેવાય તો સારૂ, એમ મને લાગે છે."

નારાયણરાવ વહિવટદાર–"તમે કહો છો તે બધીએ વાત ખરી. આપણુને ઠપકો મળવાથી પણ વધારે થઈ ગયું છે, અને તેનું કેવું પરિણામ આવશે, એ કાંઈ કહી શકાતું નથી. જે થયું તે ઘણું જ ખોટું થયું છે. તથાપિ હવે તેનો ઉપાય શું? બેસી રહેવું નહીં તો કરવું શું, તે તમેજ કહો. હવે આપણાથી શું સંભાળી લેવાય તેમ છે?"

જગન્નાથ જમાદાર–"જામપુરામાં હાલ આપણા ગાયકવાડ સરકારના અમલદારો તથા તહેનાતી, શિરબંધી વગેરે મળીને ત્રણ સો માણસોનો સુમાર છે. તેમાં લડાઈ કરે એવી તો થોડી જ સંખ્યા હશે. જો કદાચ એ લોકો હુમલો કરવા આવે તો જેમ તેમ કરીને આપણો બચાવ કરવાનું જ મુશ્કેલી ભરેલું છે.

વહિવટદાર–"હવે જ્યારે આપણી પાસે સાધન નથી અને તેટલું બળ પણ નથી ત્યારે હવે કરવું શું? બાપુ સાહેબ કહે છે કે કાંઇક વિચાર કરવો જોઇએ, પરંતુ કાંઈ પણ વિચાર કરવા જેવી આપણી સ્થિતિ જ ક્યાં છે? ખરી રીતે જોતાં આપણે જીવતા આવ્યા, એ જ ઈશ્વરનો ઉપકાર માનવા જેવું છે."

તાત્યા પુણેકર–"એ ખરી વાત છે. વાઘેરોએ તો જામપુરા તરફ જનારા આપણા લોકોને ઉડાવી દેવા માટે નાના ધ્રુવની ધર્મશાળા પાસે તોપો ગોઠવેલી જ હતી; પરંતુ પ્રારબ્ધયોગ સારો કે અત્રે બધા સહિસલામત આવી પહોંચ્યા મને તો એટલી પણ આશા હતી નહીં; છતાં જે થયું તે સારૂ જ થયું છે."

સખારામ બાપુ–"આપણે જાણી જોઇને જ હાથ જોડીને બેસી રહીએ અથવા ખૂણે ભરાઇને બેસીએ તો પછી શું બને? પ્રથમથી જો ચારે તરફથી સાવધગિરી રાખી હોય તો આવો વખત આવે જ નહીં. જે વખતે ખબર પડી કે વાઘેર લોકો બળવો કરવાના છે તે જ વખતથી બચાવવાની તૈયારી કરવા લાગ્યા હોત તથા કાંઇક તપાસ કરીને ઘટતી તજવીજો કરી હોત તો આવો નામોશીનો વખત આવત નહીં. જો કદાચ આપણે અગાઉથી યોજનાઓ કરી હોત તો વાઘેરોને પાછા હઠાવવા જેટલું કાંઇક કરી શકત. તથાપિ તે વખતે બધા પોતપોતાના મિજાજમાં રહ્યા અને સલાહમસલત કાંઈ કરી નહી, તેમ જ તે બાજુની કાંઈ કાળજી જરાએ નહીં. ત્યારે પછી જે થાય તે ભોગવવું જ જોઇએ, તથાપિ આપણુને અગાઉથી ચેતવણી મળવા છતાં સાવધાની રાખી નહીં, એ આપણી પોતાની જ ભૂલ છે. હવે પછી કહેવું શું!"

તાત્યા પુણેકર–એ વાત પણ ખરી છે. જો આપણે જેવી ખબર મળી, અને મુજુમદાર વગેરે લોકો તેનો બંદોબસ્ત કરવાનું કહેતા હતા, તે વખતે જો બધાએ ભેગા થઇને વિચાર કરીને કાંઇ તજવીજ કરી હોત તો આવો વખત કાંઈ આવત નહીં.'

વહિવટદાર–થવાનું હોય તે થયા કરે છે અને હજુ જે થવા કાળ હશે તે થશે, તેમાં કોઈ કાંઈ ફેરફાર કરી શકતું નથી. તો પણ હવે જે બધા કહેવાને તૈયાર થયા છે ત્યારે તેમણે પોતે જ પહેલેથી તેવી તજવીજો કરવી હતી. કોણે ના કહેલી હતી? અમને તો તે વખતે કાંઈએ વાતો ખરી લાગી નહીં અને વાઘેરોની એવી હીલચાલ

પણ કાંઈ ઉઘાડી પડી નહીં; ત્યારે માણસ શી રીતે સમજી શકે?

જગન્નાથ–"ચાલો હવે એવી વાતો કરવામાં કાંઈ માલ નથી. તોપણ પહેલેથી જ આપણે કેટલીક બેફિકરાઈ અથવા બેકાળજી અને બેપરવાઈ રાખી, એ ઠીક થયું નહીં. તેમ છતાં હજી પણ શીશી સાવધાનીઓ રાખવી જોઇએ, તે વિચાર કરવાની જરૂર છે; પરંતુ હાલ તો બધા વિશ્રાંતિ લ્યો, પછી વળી જોઈ લેવાશે."

સખારામ બાપુ–"મારું એ જ કહેવું છે. હજી પણ કાંઇક આપણે વિચાર કરીએ તો સારું. તમે તમારી મોજમાં બેસી રહો અને હું મારે પાલવે તેમ કરું, તેમાં સારું નહીં. એવી રીતે કરવાથી સરકારની અને આપણી ઉભયની ખરાબી થાય છે. આટલું વેઠવું પડયું, તે ઉપરથી જ આપણે આપણો ખ્યાલ કરવો જોઈએ. કોઈ આપણને કાંઈ કહેવા આવશે નહીં કે, તમે આમ કરો. પરંતુ આપણે માથે જે ભાર હોય, તે આપણે ઉંચકવો જ જોઇએ. જો કદાચ માથેથી ટોપલો કાઢી નાંખીએ, તો પછી કુતરાં ઉજાણી કરે, એમાં નવાઈ શું?"

આવી રીતે બધા જામપુરામાં ભેગા થયેલા આપણા ગાયકવાડી અમલદારો જેને જેમ ફાવે તેમ બોલીને પોતપોતાની વ્યવસ્થામાં લાગ્યા. આપણી પાસે માણસોની જોઇએ તેટલી ભરતી નથી. તેથી કાંઈ બની શકે તેમ નથી, માટે નાઇલાજ થઇને બેસી રહ્યા શિવાય છૂટકો નથી, એમ વહિવટદાર સાહેબે પોતાના વિચાર જણાવ્યા. તે જ છેવટ ઠરાવ. તે શિવાય બીજો કાંઈ માર્ગ જ નથી, એવો જ નિર્ણય હાલ તુરત થયો.

દ્વારકાં પોતાના હાથમાં આવી, એટલે બધા **વાઘેરો** ભેગા થયા અને વિજયના આનંદમાં સઘળાના ચહેરા ઉપર ખુશાલી ઝળકી રહી. આ વખતે જોધા **માણેક** **ભિ**મા **માણેક**ને કેટલાંક માણસો સાથે લઇને **વરવાળા** ગામ હસ્તગત કરવામાટે રવાના કર્યો, અને પિંડારા લોકોની એક ટોળી બેટ તરફ વિશેષ મદદ કરવા સારુ વિદાય કરી. બીજા જે લોકો હતા, તેઓ છયોક લુંટ કરવામાં રોકાયા હતા અને જેની જે મરજીમાં આવે, તે કરવાની સઘળાને સ્વાભાવિક રીતે જ સ્વતંત્રતા મળી હતી. આવે વખતે ચોર, લુટારા, પિંડારા અને ધાડપાડુઓ શું નહીં કરે? સરકારનો બંદોબસ્ત હોય છે અને શાંતિનો વખત હોય છે, તો પણ આવી કાંઈ લુંટારાઓની ધાડ વગેરેની વાત સાંભળી કે કંપારી છૂટે છે; તો પછી આતો અધિકારીઓને નસાડી મૂકીને પોતે જ સત્તાધીશ થયા, પછી શું બાકી મૂકે? આપણે આ જે સમયની વાત કરીએ છીએ, તે વખતમાં ચોર, લુટારા, ફાંસિયા, પિંડારા, બારવટિયા વગેરેનો આખા હિંદુસ્થાનમાં ભયંકર ત્રાસ હતો અને તેઓ જ **દ્વારકાં** સર કરીને બેઠા. હવે કાંઈ જ બાકી રહી નહીં. પ્રજાનાં પુણ્યનો જાણે પ્રલયકાળ જ આવ્યો હોય, એવું થઈ ગયું; અને સર્વત્ર લોકોની રોકકળ ચાલી રહી.

બેટમાં **શંભુ** જમાદાર વગેરેએ ઘણા વખત સૂધી ટકાવ કર્યો. ઘણા **વાઘેરો**ને જમીનદોસ્ત કર્યા અને ઘણાને પાછા હઠાવી નસાડ્યા, પરંતુ **દ્વારકા** તરફથી કાંઈ પણ કુમક આવી પહોંચી નહીં. કિલ્લામાંનો ખાવા પીવાનો સામાન ખૂટી પડ્યો. દારુ- ગોળો પણ પૂરો થયો, ત્યારે તે લોકોનો કાંઈ ઇલાજ રહ્યો નહીં. ઘણા સિપાઈ લડ-

વેચાઓ શૂરાતનથી લડ્યા, પણ આખરે મરણને સ્વાધીન થયા. તેમને કોઈ પણ તરફની મદદ મળી નહીં.

તેમાં કોઈ એક શૂરવીર વાઘેર લોકોને સપાટાબંધ પાછા હઠાવતો હતો. તેની વય પચીસની અંદર હતી. મુછનો દોરો જાણે ફૂટતો હતો, અને શરીરે તે કાંઈ મોટો પહાડ જેવો હતો નહીં, તેમ જ છેક ઠીંગણો પણ કહેવાય નહીં. તેના મુખ ઉપર જુવાનીની લાલી દેખાતી હતી. તેની તરવાર એક સરખી ચાલતી હતી. તેણે ઘણા બળવાખોરોને કાપી નાંખ્યા. તેમ જ કેટલાક નાસભાગ કરતા વાઘેરોને પણ તેણે ઘાયલ કર્યા શિવાય છોડ્યા નહીં. બેટનો શંભુ જમાદાર આ તરુણ શૂરવીરનું શૂરાતન જોઇને કેવળ છક જ થઈ ગયો હતો, પરંતુ આ આપણો પક્ષ પકડીને આવી બહાદુરીથી લડનારો પુરુષ કોણ હશે, તેની કાંઈ ખબર પડી નહીં. તેણે આ વખતે એટલી બધી બહાદુરી બતાવી કે, તેના જેવો એક પણ માણસ ગાયકવાડ સરકાર તરફથી નીકળ્યો નહીં. તે તો એક જ હતો. જો કદાચ તેના જેવા થોડાક શૂરવીરો હોય તો વાઘેરોને થોડા વખતમાં જ નસાડી મૂકે. તેણે ત્યાં એક વાર તો વાઘેર લોકોમાં હાહાકાર વર્તાવ્યો અને નાસ ભાગ કરાવી. એમ કરતાં તે રાત્રિના અંધારામાં ને અંધારામાં મંદિરના હુમલામાં આવ્યો. ત્યાંથી તેણે વાઘેરોને હઠાવી કાઢ્યા અને ઘણા વખત સુધી તેની એક સરખી તરવાર ચાલતી હતી. તથાપિ છેવટે એ ભીડમાંથી તે દેખાતો બંધ થયો અને ક્યાં ગયો, તેની કાંઈ ખબર પડી નહીં.

શંભુ જમાદાર છેવટ સુધી ટકાવ કરી રહ્યો હતો; પરંતુ કોઈ પણ બાજુથી તેને મદદ મળી નહીં અને સાંભળવામાં આવ્યું કે, સઘળા ગાયકવાડી અમલદારો અને લોકો જામપુરા તરફ નાસી ગયા, હવે કોઈ અત્રે રહેલું નથી. આવી ખબર સાંભળીને અત્યાર સુધી બચાવ કરનારા લોકો નિરાશ થયા. કોઈ પણ તરફનો ઇલાજ રહ્યો નહીં અને જાણ્યું કે, હવે આપણે પણ વધારે વખત ટકી શકીશું નહીં, ત્યારે તેમણે પણ ત્યાંથી નીકળી જવાની તૈયારી કરી અને તેઓ બારોબાર જામપુરા તરફ ચાલ્યા ગયા, તે ગાયકવાડ સરકારની છાવણીમાં આવ્યા. વહિવટદાર સાહેબ વગેરેને મળ્યા તથા યુદ્ધની એકંદર હકીકત જણાવી. તેમાં પેલા શૂરવીરની બહાદુરીનાં બધાએ ઘણાં વખાણ કર્યાં, પણ તે કોણ હતો, એ કાંઈ જાણવામાં આવ્યું નહીં, તેથી બધાને ઘણી જ નવાઈ લાગી.

પ્રકરણ ૧૧ મું

સમુદ્રકિનારે

આ અપરિચિત જોડું આ પ્રમાણે એકવાર સમુદ્રકિનારે કોરી જગા ઉપર જઇને ઉભું રહ્યું. બન્ને જણાં પોતપોતાનાં વસ્ત્ર નીચોવવા લાગ્યાં. અને શરીર લોહી નાંખી કોરું કર્યું. શૂરવીરની કમરે દુપટો બાંધેલો હતો, તે તેણે છોડ્યો અને સારી રીતે સુકવી દીધો. એ સુકવવાના કામમાં યુવતીએ પણ મદદ કરતાં એ દુપટાનો બીજો છેડો ઝાલ્યો હતો. તે સુકાઈ ગયો કે તરત જ શૂરવીરે તેને તે પહેરીને

પોતાનાં લુગડાં સુકવી દેવાનું કહ્યું. આ સમયે પરપુરુષનું વસ્ત્ર કેમ પહેરાય, એમ તેના મનમાં આવતાં લાજ આવવાથી તેણે નીચું જોયું. એટલામાં તેના મનની અંદર તરત જ એવું આવ્યું કે, જેણે આપણે માટે પોતાના જીવની પણ પરવા નહીં કરતાં દરિયામાં પડતું મૂક્યું, તેનું કહેવું આવે વખતે અમાન્ય કરવું, તે પણ યોગ્ય નહીં. વળી આપણી પાસે બીજું લુગડું પણ નથી કે, તે બદલીને પહેરેલાં ભિનાં વસ્ત્રો સુકવી લઇએ. બીજો કાંઈ ઉપાય જ નથી, ત્યારે ઈશ્વર ઇચ્છા! એવા એવા વિચાર કરતી તેણે તે એક ઝાડને ઓથે જઇને બદલ્યું અને પોતાનાં બધાં વસ્ત્રો સુકવી દીધાં. પ્રથમ અંગમાંની કાંચળી કાઢીને નીચોવી નાંખી તથા તે સુકવીને પાછી પહેરી લીધી. તે પછી પોતાનો સાડલો સુકાતાં તે પણ તેણે પહેરી લીધો અને એ બદલેલો દુપટો લઇને પાછી પાણી તરફ જવા લાગી. પરંતુ તેમ કરવા દેવું, એ પેલા ગૃહસ્થને ઠીક લાગ્યું નહીં, તેથી તેણે તરત જ કહ્યું કે, “હવે એ દુપટાને ફરીથી ધોઈ નાંખવાની કાંઈ જરૂર નથી. તું બહુ જ થાકેલી છે અને તને આવું કામ કરવા દેવું, એ પણ મને કાંઈ સારું લાગતું નથી.” એવી રીતે કહીને તેના સામું પણ નહીં જોતાં તેના હાથમાંનો દુપટો લઈ લીધો અને વળી જણાવ્યું કે, “તાપ બહુ થયો છે. તેથી કરીને જરા ઉપર જઇને સારું છાયાવાળું વૃક્ષ જોઇને તેની નીચે તું જરા વિશ્રાંતિ લે, એટલામાં હું આજુબાજુ કાંઈ પાણી વગેરે મળે તો જોઉં છું” સુંદર યુવતી કેવળ ચકિત જ થઈ ગઈ! એટલે મુખમાંથી કાંઈ સ્પષ્ટ નહીં બોલતાં માત્ર મર્યાદાશીલપણાથી માથું હલાવીને અનુમોદન આપતી હોય અથવા સારું કહેતી હોય, એવું જણાવ્યું. પછી તેમણે ડુંગર ઉપર ચઢવાની શરૂઆત કરી. આ ડુંગર કાંઈ બહુ ઉંચો નહીં હતો, તોપણ તેમાં કોતરો અને વલણો અનેક હતી, તેની સાથે ગુફાઓ પણ મોટી હતી. થોડું ઉપર ચઢ્યા પછી તે શ્રમથી થાકી જવાને લીધે એક છાયાવાળું વૃક્ષ જોઈને થોભી. તેની નીચે સારું ચોગાન હતું. ત્યાં કેટલાક આડા અવળા પથરા પડેલા હતા. તોપણ શૂરવીરે તેની અવસ્થા સમજી જઇને ત્યાં જ બેસવાનો ઈશારો કર્યો, અને પોતે પાણી તથા કાંઈ ફળફળાદિની શોધ કરવા જાય છે, એમ જણાવીને પાછળ તેના સામું જોતો જોતો ઘણો દૂર નીકળી ગયો.

આ વખતે સુંદર યુવતી બીલકુલ થાકી ગઈ હતી. ભુખને લીધે તેનો જીવ વ્યાકુળ થયો હતો. અંગ ફાટ ફાટ થતું હતું. પરંતુ કરે શું? જે પ્રસંગ આવે તે ભોગવવો જ જોઈએ. પછી ખાડા ટેકરામાંથી જરા એક સરખી સારી જગા જોઈને માથા નીચે પથરાનું ઉશીકું કરીને વિશ્રાંતિ લેવામાટે તે જરા આડી થઈ. તેવી જ સહેજમાં આંખ લાગી ગઈ અને શાંત નિદ્રા આવી. કહેવત છે કે, “ભુખ ન જુવે શીળો ભાત અને ઉંઘ ના જુવે તૂટી ખાટ” એ પ્રમાણે એ સુકુમાર અબળાને તળાઈમાંનું તણખલું પણ ખુંચે, તેમ જ કદી કાંઈ ચાલવાની અથવા જવા આવવાની ટેવ જ નહીં. તો પણ શું કરે? આસમાની સુલતાની વખતે સ્વાર્થબુદ્ધિને લીધે દાવાનલ લાગતાં શાંત તથા નિરામય સ્થાનમાં પણ શાંતતાનો નાશ થઈ જાય છે અને ધાડ પડે છે, આગ લાગે છે અથવા એવા જ કાંઈ શાંતિનો નાશ કરતા અકસ્માતો બને છે, ત્યારે જ આવી સુંદર તથા આંખને આનંદ આપનારી યુવતીઓ પણ પોતાનું સદ્વર્તન કાયમ

રાખવામાટે અથવા નીતિ, શીલ તથા શાસ્ત્રની મર્યાદા સાચવવા માટે વન વગડે અથવા પહાડ અને ભયંકર જંગલોમાં પણ ભટકે છે.

આવા દુર્દૈવની વખતે મોટા મોટા રાજાઓ મહારાજાઓ, શ્રીમંતો, ધનવાનો, જાગીરદારો, વેપારીઓ અને અમલદારો પણ લાચાર થઈ જાય છે. તેમ જ કેટલાક ગરીબસ્થિતિના માણસો હોય છે, તેઓ આવે વખતે જ સંપત્તિના શિખરે પહોંચે છે. જ્યાં મોટાં દેવાલયો અને ઉત્તમ મંદિરો હોય છે, ત્યાં આવો દાવાનલ લાગે તો રણ-વગડા જેવાં મેદાન થઈ જાય છે. આવી મહત્વાકાંક્ષાનું પરિણામ કેવું તથા ક્યાં સુધી જઈ પહોંચે, તેને માટે કાંઈ પણ અનુમાન કરવું. એ કેવળ અશક્ય છે, જે વખતે કોઈ રાજ્યની ચઢતી થતાં, તેની સત્તા પૂર્ણતાએ પહોંચે છે, ત્યારે તેને આરામ અને આનંદ થાય છે. તથાપિ પાયમાલ થયેલા લોકોની દૃષ્ટિએ તો તેઓ કાળ જેવા લાગે છે. તેવા રાજ્યકર્તા પોતાની સત્તાના બળ ઉપર પોતાના સુખ તથા અધિકારની પેલી તરફ કાંઈ જુવે જ નહીં, એવું થઈ જાય છે. અર્થાત્ મદોન્મત્ત બની જાય છે, એ સ્વાભાવિક છે. હવે મહત્વાકાંક્ષા કોને કહેવાય, એ નિર્બળ તથા ગરીબ થયેલા લોકોને કેમ ખબર પડે? જે દેશના લોકોની મહાત્વાકાંક્ષા જતી રહે છે, તેમનો પરતંત્રતાનાં ફળ ભોગવ્યા શિવાય છૂટકો જ થતો નથી. છેવટે પેટનું પોષણ થતાં જે દિવસ જાય તે ખરા, એવી અધમ દશા પણ આવી જાય છે. આવી દશાવાળા આખા જગતમાં બહુ જ થોડા દેશો હશે. તેમાં આપણે પણ આવી ગયા છીએ અને આપણી સ્થિતિ પણ દિન પરદિન એવી જ થતી જાય છે. તેમાં એક રીતે જોઇએ તો દોષ આપણો જ છે. આપણે પોતે પોતાનો વિચાર કરીએ નહીં, અને આળસ તથા એશઆરામમાં દિગ્મૂઢ જેવા બીકણ બની જઇએ, તેમાં કોઇનો શું દોષ? પરંતુ મહત્વાકાંક્ષા ક્યારે અને કોનામાં ઉત્પન્ન થશે, તેનું પણ કાંઈ પ્રમાણ નથી. મહત્વાકાંક્ષાને લીધે જ શિવાજી જેવા શૂરવીરો આપણા આર્યાવર્તમાં અર્વાચીન કાળમાં જ થઈ ગયા, છે. તેઓ દૃઢતાને લીધે જ ધારે છે તે કરે છે અને અસંભવિત મહત્કાર્યો પણ તેમને હાથે થઈ જાય છે. એ સઘળાં મહત્વાકાંક્ષાનાં જ ફળ છે. આપણા યાદવવંશના વાઘેરો પણ મહત્વાકાંક્ષાને લીધે જ દ્વારકાંનું ઉખામંડળનું રાજ્ય મેળવવાને બહાર પડ્યા. તેમાં પ્રજાની પાયમાલી થઈ, પણ ઘણા કાળા ગોરા લોકો ગરીબના ધનવાન્ અને ધનવાનના ગરીબ થઈ ગયા.

પેલો શૂરવીર આ ડુંગરાઓનો માહીતગાર હતો. તેણે પોતાની તરવાર કમરેથી કાઢીને હાથમાં ઝાલી, અને તે એક કોતરની બાજુએ થઇને વાઘેર લોકોની ચાંચિયાપણાનો ધંધો કરીને લુંટનો માલ મૂકવાની જગાઓ શોધવા લાગ્યો. એટલામાં એક ગુફા નજરે પડી. તેની પાસે ઉભા રહીને નજર કરી તો તે ઘણી ઉંડી માલમ પડી. તેમાં જઇને જુવે છે, તો એક મોટો લાંબો વાઘ સુતેલો છે. તે શૂરવીરના આવવાનો અવાજ સાંભળીને જાગી ઉઠ્યો, અને એકદમ તેના ઉપર ગર્જના કરતો ધસી આવ્યો. શૂરવીર જરા પાછે પગલે ચાલીને ગુફાની બહાર નીકળ્યો અને જેવો તે વાઘ તેના ઉપર તલપ મારીને આવે છે, તેવો જ તેણે તરવારનો એવો ઝટકો માર્યો કે, તે વાઘના બે ટુકડા થઈ ગયા. આ એક અકસ્માત્ આફત જ આવી હતી; પરંતુ

પેલી અબળાને નસીબે કહો કે ગમે તેમ, પણ એ વિઘ્ન સહેજમાં ટળી ગયું. તે પછી તે થોડોક આગળ ચાલ્યો. એટલામાં બીજી એક મોટી ગુફા આવી, તેમાં પાછો તે ગયો અને અંદર જઇને જુવે છે તો આગળ એક મોટો પથરો મૂકેલો માલમ પડ્યો. આ ઉપરથી તેની અંદર કાંઈ પણ હોવું જોઇએ, એમ લાગવાથી તેણે તે પોતાના જોર અને યુક્તિવડે કરીને બાજુ ઉપર ખસેડ્યો. અંદર જોવા જાય છે તો ચાંચિયા લોકોએ પશ્ચિમ સમુદ્રમાં જનારા વેપારી લોકોનાં વહાણો લુંટીને જથા બંધ માલ ભરેલો હતો. એક બાજુએ પોઠ તથા થેલા ગોઠવી મૂકેલા છે તથા બીજી બાજુએ વાસણ કુસણોનો ઢગલો પડેલો છે. તે સિવાય કાપડની ગાંસડીઓ તથા બીજો વેપારી માલ પણ ઘણો પડેલો હતો. એ સર્વ તેના જોવામાં આવ્યું. તે પૈકી પોઠ તથા થેલા હતા, તે પહેલા તોડી જોયા. તેમાંથી ખજુર, અંજીર, બદામ, સાકર વગેરે ઘણી જાતનો મેવો નિકળ્યો. તેમાંથી જોઇએ તેટલો લઈને શૂરવીરે પોતાના દુપટ્ટામાં બાંધ્યો, અને ત્યાં પડેલાં વાસણો-માંથી એક લોટો, તપેલી તથા થાળી લઈને આવ્યો, તે રસ્તે પાછો ચાલતો થયો.

પ્રકરણ ૧૨ મું

વાઘેરોનું રાજ્ય

સૂર્યના અસ્તમાનનો સમય થવા આવ્યો હતો. આકાશમાં ઉડનારાં પક્ષીઓ આનંદનો કલબલાટ કરતાં પોતપોતાના માળા તરફ જવા લાગ્યાં હતાં. તે વખતે બેટ અને દ્વારકામાં એક સરખો હાહાકાર થઈ રહેતાં આપણું સર્વસ્વ ગયું. હવે આપણે શું કરીશું? કયાંથી લાવીશું? શું ખાઇશું? કોણ આપશે? જેનાં ઘરબાર બાળી દીધેલાં, તેઓ કયાં જઇને સુઈ રહીશું? કયાં બેસીશું? કેમ થશે? એવી એવી અનેક પ્રકારની ચિંતાઓમાં ભ્રમિત થઈ, આમ તેમ રડતા કકળતા અથડાતા હતા અને એક બીજાની અવસ્થાની વાતો કરીને આખા દિવસના તોફાનને લીધે ત્રાસભર્યા કંપી ઉઠતા હતા. દેવાલયનાં દેવમંદિરમાં બારણાં બંધ કરીને કેટલાક પૂજારીઓ પેસી ગયા હતા. કેટલાક ઘાયલ થઇને દુઃખના માર્યા બૂમો મારતા પડ્યા હતા. છેવટે શિબંધીના લોકો વગેરે જામનગર તરફ નીકળી જવાથી શ્રાવણ શુદ ૬–૭ ને દિવસે ઉખામંડળ તથા દ્વારકાં વાઘેર લોકોના હાથમાં આવ્યાં. દારુગોળો પણ તેમને હાથ લાગ્યો. કેટલાક મકરાણી તથા સિંધી સિપાઇઓ ફૂટી ગયેલા ફીતુરી તથા બે ઇમાન હતા, તે વાઘેર બળવાખોરોની ટોળીમાં મળી ગયા.

વાઘેર લોકોએ પહેલી તો જામનગર તરફ નીકળી જવાના રસ્તા ઉપર નાના ભુવની ધર્મશાળા પાસે તોપો ગોઠવી હતી. તેમનો ઇરાદો સઘળા ગાયકવાડી લોકોને તોપને ગોળે ઉડાવી દેવા, પણ છોડવા નહીં એવો હતો. પરંતુ જોધા માણેકે તેવી રીતે કરવા દીધું નહીં. એ લોકોને તેણે સમજાવીને એમ જણાવ્યું કે, ગમે તેમ હોય તોપણ તેઓ આપણા અન્નદાતા છે, અને આપણા હાથમાં દ્વારકાં ઉખામંડળ આવી ગયા પછી તેમને મારવામાં કાંઈ વિશેષ લાભ નથી. તેમ જ નાસી જતા લોકોને પીઠ પાછ-ળથી મારવામાં કાંઈ પુરુષાર્થ નથી. આવી રીતે જોધા માણેકે કહેવાથી વાઘેર લોકો

યુદ્ધની ઉદ્ધતાઈ છોડીને સમજી ગયા હતા. તો પણ તેઓને અત્યારે જામપુરામાં રહેવા દેવાનું ઠીક લાગ્યું નહીં. તેમને તો દૂર જ નસાડી મૂકવા જોઇએ, એવો વાઘેરોનો અભિપ્રાય થયો. તે ઉપરથી તેમણે નારાયણરાવ રઘુનાથ તથા સખારામ પુરુષોત્તમને કહાવી મોકલ્યું કે, તમે જલદીથી જામપુરામાંથી નીકળી જાઓ, નહીં તો તમારા ઉપર હુમલો કરવામાં આવશે. આવો ધમકીભરેલો સંદેશો આવ્યો ત્યારે સામનો કરવામાટે તેમની પાસે ત્રણસો ચારસો માણસોની ભરતી હતી, તોપણ નિરુપાય થઇને તેમને જામપુરા છોડવું પડ્યું. તેમણે ખંભાળિયાનો રસ્તો પકડ્યો. એ લોકોને તે દિવસે કાંઈ ખાવાનું પણ મળ્યું નહીં. બધાના જીવ આકળ વિકળ થઈ ગયા. તો પણ ગુપચુપ જીવ લઇને ચાલતા થવું, એ જ તેમને વધારે સારુ લાગ્યું.

વાસ્તવિક રીતે જોતાં ગાયકવાડ સરકારના લશ્કરમાં બેદિલી, પક્ષાપક્ષ તથા ફાટફૂટ હોત નહીં તો વાઘેર લોકોને પાછા હઠાવવાને તેટલું જ લશ્કર બસ હતું. અને જો તેઓએ ખરી બહાદુરી બતાવી હોત તો વાઘેરોને હાંકી કાઢીને અથવા કેદ કરીને બળવાનું સમાધાન કરી શકત. આપણા આર્યાવર્તની આવી દીનદશા આવવાનું કારણ પણ એ જ છે. બેટ તાબામાં આવ્યાની જ્યારે ખબર આવી, ત્યારે સર્વ ઉખામંડળ તથા દ્વારકાંનું રાજ્ય હવે આપણા હાથમાં આવ્યું, એવો બળવાખોરોને આનંદ થયો. આ સમયે સઘળાએ મળીને જોધા માણેકને ઉખામંડળ તથા દ્વારકાના રાજ્યાધિકાર આપ્યા. તેમણે નાકેબંધી કરી. જ્યાં ત્યાં બધે વાઘેરોનાં થાણાં બેઠાં. બેટ, દ્વારકાં તથા આખા ઉખામંડળમાં છ ચોક લુંટ શરુ થઈ. વાઘેર લોકોએ ભલભલા ધનવાન્ શાહુકાર લોકોને પકડી લાવીને તેમની પાસેથી ધન કઢાવવા માટે તેમના ઉપર ઘણો જોર જુલમ કર્યો. તે વખતના લોકોના આક્રંદનું શું વર્ણન કરવું! સર્વત્ર ત્રાસ વર્તી રહ્યો હતો. સર્વે લોકો ભય, ત્રાસ અને નિરાશાને લીધે ભયભીત તથા રાંક જેવા કંગાલ થઈ ગયા હતા, કારણ કે ગાયકવાડ સરકાર તરફનું કોઈ પણ ત્યાં રહ્યું હતું નહીં.

મજમુદાર વગેરે વતનદાર લોકો અગાઉથી વાઘેર લોકોના બળવાની ખબર પડવાને લીધે નારાયણરાવ રઘુનાથ વગેરેને જણાવવા છતાં નહીં માનવાથી આ ધાંધળ વખતે પહેલેથી ચેતીને રાજકોટની હદમાં નાસી ગયા હતા. વાઘેર લોકો બળવો કરવાના છે, એવી તેમણે નારાયણરાવ રઘુનાથને ગુપ્ત બાતમી આપી હતી; પરંતુ તે તેમણે કેવળ મશ્કરીમાં કાઢી નાંખી, અને આ લોકો અમથા ડરે છે. વાઘેરોથી શું થવાનું છે? એમ લાગવાથી તેમણે તે તરફ લક્ષ જ આપ્યું નહીં, ત્યારે તેઓ પોતપોતાનાં કુટુંબનાં માણસો સાથે રાજકોટ આવ્યા હતા. વતનદાર લોકોએ આ સંબંધમાં વડોદરે કારભારી મંડળીને પરભારી ખબર આપી હતી, અને તે ઉપરથી ત્યાં બેટના બળવાની ગણગણતી વાતો ચાલતી હતી.

ઉખામંડળ તથા દ્વારકાં વાઘેર લોકોના હાથમાં ગયાના સત્તાવાર સમાચાર ખંભાળિયાથી વડોદરે લખી જણાવ્યા. કારણ બીજો કાંઈ ઈલાજ જ હતો નહીં. આ વખતે જામનગરના જામ સાહેબ તરફના અમલદારોએ ગાયકવાડ સરકારના માણસોની સારી બરદાસ્ત રાખી, તથાપિ ગાયકવાડી લોકો આવી રીતે જ્યાં ત્યાં ખંભાળિ-

યામાં આવીને ઠેકાણે પડ્યા હતા. તે પણ વાઘેર લોકોથી સહન થયું નહીં અને તેમને ત્યાં નહીં રહેવા દેવામાટે વાઘેર લોકોએ ધમકીભરેલા પત્રો લખ્યા. તેથી કરીને જામ સાહેબને નિરુપાયે તે લોકોને ત્યાંથી ચાલ્યા જવાનું કહેવું પડચું. આમ થવાથી આ સઘળી ગાયકવાડી મંડળી રાજકોટ ખાતે ગઈ. નગરના અમલદારોને પણ વાઘેર લોકો કહેતા હતા કે, ઉખામંડળના તાબાના ગુરુઘડ તથા પિંડારુ, એ બે ગામો તમે દાબી બેઠા છે તે છોડી દ્યો. આવા પ્રકારની ધમકીને લીધે નવાનગરના જામસાહેબ પણ ગભરાઈ ગયા હતા. કેમકે 'ભુંડાથી ભૂત નાસે.'

વાઘેર લોકોએ દ્વારકાંનો કારભાર ચલાવવાનું કામ શરુ કર્યું. વારા ફરતી અનાજ પૂરું પાડવા સંબંધી વેપારી લોકોની પાસેથી તેમણે કરાર કરી લીધા. તે પછી જોધા માણેકે લુંટ બીલકુલ બંધ કરાવી. યાત્રાળુ લોકો પાસેથી જેવી રીતે ગાયકવાડ સરકાર કર લે છે, તેવી રીતે કર લેવાનું કામ તેમણે શરુ કર્યું અને યાત્રાળુ લોકોને બળવાખોરો તરફથી કાંઈ હેરાન કરવામાં આવે નહી, તેને માટે વળાવા આપીને જાપ્તો રાખવાનો પણ આરંભ કર્યો. એટલું જ નહી પણ ઉખામંડળના હવે આપણે જ રાજા છીએ, એમ લાગવાથી તેમણે પોતાના સઘળા જાતભાઈ તથા સગાં સંબંધીઓને અને જંગલી તથા ડુંગરાળી લોકોને પણ આપણા ઉપર શ્રી દ્વારકાનાથની કૃપા થઈ છે, તેથી શ્રીનાં દર્શન કરવાને માટે આવજો, એવી રીતે કાગળો લખ્યા. દરરોજ નિત્યના રાજભોગ શરુ થયા. ચારે તરફથી 'ઘણી ખમા, ઘણી ખમા' કરવા ભાટચારણો તથા બારોટ લોકો તરફથી વખાણ ઉપર વખાણ શરુ થયાં. બ્રાહ્મણોને દાન દક્ષિણા મળવા લાગ્યાં. શૂરાતનથી લડનારા લોકોને તેમની યોગ્યતા પ્રમાણે ઇનામ સરપાવ આપવાનું કામ પણ શરુ કરવામાં આવ્યું.

આ વખતે આખા કાઠીઆવાડમાં બારવટિયા લોકોનું જોર વધી પડચું હતું. તેમની નજર ચારે તરફ ફરતી હતી. ભાટ બ્રાહ્મણ શિવાય બીજા બધા વાટ વટેસરી લોકોને તેઓ બેધડક લુંટતા હતા. વડોદરા સરકારનાં તથા આસપાસના રાજારજવાડાનાં ગામો લુંટવામાં પણ તેઓ આધું પાછું જોતા નહીં. આ બારવટિયા લોકોનાં ઘોડાં ઘણાં ચપળ હોવાની સાથે વખત આવે તો ચાલીસ પચાસ કોસની સહેજ મજલ કરતાં. આ લોકોની પાસે ખભા ઉપર ભાલો, કમરે તરવાર અને પીઠ પાછળ ઢાલ વગેરે હોવાની સાથે તેમની દાઢી બાંધેલી હોય છે. કેટલાકના અંગમાં બખતરો પણ હોય છે. કેટલાક બારવટિયાઓએ પોલીસ તથા લશ્કરી લોકોને પણ લુંટી લીધા હતા. તેમના લશ્કરી તથા પોલીસના સરકારી પોષાક પહેરીને પણ કેટલાક લોકો ફરતા હતા. કોઈ કોઈવાર તો મુસાફર લોકોને અગર ગામના લોકોને પોતે સરકારી સ્વાર છે, એવી ભુલથાપ દઇને પણ તેઓ લુંટ કરતા હતા. તેને લીધે ખરા લશ્કરી લોકો ગયા હોય, તો પણ તેમનાથી ગામના લોકો ડરતા હતા. આવે વખતે ખરા ખોટાની પરીક્ષા કરવાનું કામ ઘણું જ મુશ્કેલી ભરેલું થઈ પડે છે. જો વિશ્વાસ રાખે તો તત્કાળ જીવ ઉપર આફત પડે. આવા લોકોની પાછળ સરકારી સ્વારો અને પેદલ માણસો પણ હોય છે. પરંતુ હરણો જેમ ટોળાબંધ દોડી જાય છે, અથવા પક્ષીઓ જેમ ભરરરર કરીને જોત જોતામાં ઉડી જાય છે, તેવી રીતે બારવટિયા

લોકોનાં ઘોડાં સપાટાબંધ નાસી જાય છે. એકાદા વાણિયાની દુકાન ઉપર તેઓ છાપો મારે કે, તેઓ ધીનાં કુલ્લાં તરવારથી કાપીને ઉઘાડતા. ગોળ, ખાંડ, લોટ વગેરે ઉઘાડાં મૂકી દેતા, તેથી બારવટિયા લોકો બીજો માલ લુંટવાને દુકાનમાં અગર ઘરમાં પેસે, એટલે ઘોડાં ધી, ગોળ, ખાંડ, લોટ વગેરે ઉપર એક સરખો સપાટો મારે. આવાં આઠ દશ ઘોડાં છૂટાં પાડોશમાં ભેગાં થાય, તોપણ પડોશના ઘરનાં માણસોને તેનો જરા સણસારો પણ જણાય નહીં. જેવા તેમના ધણી તેવા તે ઘોડાં પણ ઘણાં ચપળ તથા ચોર હોય છે. આ બારવટિયાઓના ત્રાસથી લોકો કાયર થઈ ગયા હતા. વાઘેર લોકો તરફથી પણ તેમનો કાંઈ બંદોબસ્ત થાય નહીં. હંમેશાં જ્યાં લડાઈ તોફાનો શરૂ થાય, એટલે આવા ચોર લુંટારાઓનો રોજગાર જાગે. તેમાં તે લોકોની કાંઈ સરકાર ઉપર નજર હોતી નથી. તેઓ પોતાના સ્વાર્થ પૂરતાં કૃત્યો કરે છે. તેમનામાં કોઈની સાથે સામા થઇને લડવાની હિંમત હોતી નથી, અને તેવો તેમનો ઈરાદો પણ હોતો નથી. તે લોકો તો માલ લુંટવાનું જ સમજે છે. તે શિવાય ટંટા તોફાન થાય ત્યાં તેઓ વધારે ઉભા જ રહે નહીં. આ લોકો દ્વારકામાં વાઘેર લોકોનું રાજ્ય થયું, એમ જાણીને તેમને જઇને મળ્યા અને લુંટ પણ સારી રીતે મેળવી. અર્થાત્ આ વખતે ઉખામંડળ અને દ્વારકામાં વાઘેરો, લુંટારાઓ, બારવટિયાઓ, મકરાણીઓ, પિંડારાઓ અને ચાંચિયા વગેરે ચોર લોકો ભેગા થયા હતા.

દારૂ ગોળો વગેરે કાંઈ પણ વખતસર આવી પહોંચ્યું નહીં, અને સઘળા ગાયકવાડી લોકો નાસી ગયા, એવી રીતે સાંભળવામાં આવ્યું ત્યારે બંદરમાં સરકારી વહાણો હતાં, તેમાં બેસીને શ્રાવણ શુદ ૯ ને દિવસે કિલ્લા ઉપરનો બહાદુર જમાદાર પોતાનાં માણસો સાથે સલાયા બંદર તરફ નાસી છૂટયો. બેટમાંના કિલ્લેદારે વાઘેર લોકોની સાથે લડીને મોટા શૌર્યથી છ દિવસ સૂધી ટકાવ કર્યો. પરંતુ જોધા માણેકની બહાદુરી પાસે તેમનું કાંઈ ચાલ્યું નહીં. ચારે તરફ ઉખામંડળમાં હવે વાઘેર લોકો જ ફેલાઈ ગયા છે, એમ જ્યારે તેને નિશ્ચય થયો, ત્યારે તેણે નિરુપાય થઇને કિલ્લાનો કબજો છોડયો. બેટના કિલ્લામાં હતી તે નાની મોટી મળીને ઓગણીસ તોપો તથા શિલક રહેલો દારૂ ગોળો બળવાખોરોના હાથમાં આવ્યો. તેમાં એક તોપ નાદુરસ્ત થયેલી હતી. નવ તોપો વસઈ ઉપર હુમલો કરવાને માટે વડોદરેથી આવેલી હતી, અને બાકીની તોપો બેટમાંની જ હતી. ઉખામંડળ વાઘેર લોકોએ સર કર્યું, તે વખતે હથિયારબંધ બે ચાર હજાર માણસો ભેગા થયેલા હતા. તે શિવાય તેમને બારવટિયા લોકો પણ આવી મળ્યા હતા. તેમાં વળી બરડાના ડુંગરમાંના મેર જાતના લોકો તથા દોઢસો બસો સિંધી લોકોની પણ ભરતી થઈ હતી. ધિણકી ગામના ત્રિયો વરવાળાએ પિંડારી ગામનું કામ જોવા માંડયું. અને પિંડારા લોકો બેટમાં કામ જોવા લાગ્યા. બેટ પાસેની સમુદ્ર બારીમાં, જોઇએ તેવો પત્તન નહીં હોવાથી વેપારી લોકોનાં વહાણો લાંગરેલાં હતાં, તે તેમના હાથમાં આવ્યાં. તેમાં બારસો પિપો સોડાની તથા સાતસો પિપો ગંત્રકથી ભરેલી હતી. તેને લીધે આ લોકોને વધારે જોર આવ્યું. કાળા પાણીથી નાસી આવેલા વિધા સુમનિયા અને મવાશીનો ભીમા ખોડા પણ તેમને આવીને મળેલો હતો. તેમનો લુંટ કરવાનો ભયંકર પ્રકારનો સપાટો ચાલુ હતો. રણમલ પિંડારાએ મંદિરમાંના પૂજા-

રીઓને પકડીને નાણું કઢાવવાની તજવીજ કરી; પરંતુ જોધા માણેકે તેમ કરવા દીધું નહીં અને હવે પછી મંદિરમાં કોઈ પણ પ્રકારની લુંટ થાય નહીં, માટે પહેરા બેસાડ્યા. વળી રાજભોગ વગેરે દેવના નિત્ય નિયમ પ્રમાણે સઘળા વૈભોગ શરુ કરવામાં આવ્યા. વળી ઉખામંડળ અને દ્વારકાં વગેરે કોઈપણ ઠેકાણે આસપાસના મુલકમાં લુંટફાટ પણ થાય નહીં, એવો બંદોબસ્ત કર્યો; તેમ જ સ્વતંત્ર રીતે રાજ્યવ્યવસ્થા કરવા લાગ્યા.

પ્રકરણ ૧૩ મું
વીતક કથા

ભૂખ, તૃષા અને શ્રમથી મોટા મહારાજા, શૂરવીર, મહારથી, શ્રીમાન્ તથા મદોન્મત્ત પણ આસમાની સુલતાની વખતે રાંક ગરીબ જેવા નિરાધાર, નિરુપાય નાઇલાજ થઇને છેવટે માત્ર નિદ્રાદેવીનો જ આશ્રય મળતાં તેને વશ થઇને વિશ્રાંતિ લે છે. સુંદર યુવતી પણ પથરાની શૈયા ઉપર પથરાનું જ ઓશિકું લઇને મહા આફતોમાંથી પાર પડતાં ભૂખ, તરશ અને થાકને લીધે, વૃક્ષનીચે નિદ્રાવશ થઈ છે. તે વખતે તેને ભરનિદ્રામાં, પોતાને વીતેલા ભયંકર પ્રસંગનું ચિત્ર પ્રત્યક્ષ થયું; અને એકંદરે વિચિત્ર પ્રકારનું એક મોટું સ્વપ્ન આવ્યું. તે દરમ્યાન પેલા કાળ જેવા હબસીને પોતાના ઉપર હાથ નાંખવા આવતો જોઇને નિદ્રામાંથી એકદમ ઝબકીને જાગૃત થઈ. આજુબાજુ નજર કરે છે, તો તેને સમુદ્રમાં આવેલો ડુંગર વનવગડા જેવો ઉજ્જડ જણાયો. તત્કાળ તેને બધું ભાન આવ્યું. આપણો પ્રાણદાતા શૂરવીર આપણને અત્રે બેસાડીને ગયો છે. વાહ! મને કાળ જેવા યમદૂતના પંજામાંથી છોડાવી તો છોડાવી! પણ મારી પાછળ દરિયામાં ઝંપલાવીને મહા મહા મહેનતે મને બચાવીને જીવતી રાખી! અને વળી પાછા ખાવાનું ખોળવા માટે ગયા છે! આ ઉપકારની તો કાંઈ સીમાજ નહીં. તેનો બદલો કોઈ પણ રીતે વાળી શકાય તેમ નથી. અહો! આપણે તો બચીને અત્રે તરી પાર આવ્યાં, પરંતુ ત્યાં માતા પિતાની શું અવસ્થા થઈ હશે, તે કોણ જાણે! હું નીકળી ત્યારે માડી કાંઈ ઘરમાં દેખાઈ નહીં તથા બાપા બહાર ધમાધમીમાં હતા. તે પછી કોણ જાણે શું થયું હશે, તેનું કાંઈ પ્રમાણ જ નહીં. જો તેઓ જીવતાં હશે તો મારે માટે તેમને બહુ ફિકર થતી હશે. હાય હાય! હવે હું શું કરું? મારાં માતાપિતા શું કરતાં હશે? તેમને હું હમણાં જ જઇને શી રીતે મળું? ઈશ્વરે પાંખો આપી નથી, એટલે લાચાર! પ્રભુ જ્યારે સર્વેને મેળવે ત્યારે ખરો! એવા એવા બાળવાસબંધી, લુટફાટ સંબંધી, માબાપ સંબંધી શૂરવીર સબંધી અને પોતાની જાત સંબંધી અનેક પ્રકારના તર્કવિતર્ક સુંદર યુવતીના અંતઃકરણમાં ઉભરાયા. તેની સાથે આ જંગલી ડુંગરમાં ગયેલા શૂરવીર હજુ સુધી કેમ આવ્યા નહીં? વાર થઈ ત્યારે કોઈ જર જનાવર તો મળ્યું નહીં હોય? એવો વિચાર આવતાં તેણે ભય ભરેલી પણ આશાની આતુરતાવાળી પોતાની દૃષ્ટિ ચારે તરફ ફેંકી.

તત્કાળ થોડે દૂર શૂરવીરને આવતો જોયો, એટલે ઘણો આનંદ થયો અને તેનો ચહેરો પ્રફુલ્લિત થઈ ગયો. શૂરવીર હાથમાં તપેલી લઇને તે બેઠી હતી તે જગાએ

આવી પહોંચ્યો. આવતાં આવતાં તેણે ડુંગરમાંના ઝરાનું પાણી વાસણમાં ભરી આણ્યું હતું. તેની પાસે આણેલો સર્વ સામાન મૂકયો. વળી પાસે વડનું ઝાડ હતું, તેનાં પાંદડાં ઉતારીને, તેને સળીના ઠાંકા દઈ પતરાળાં પણ બનાવી મૂકયાં. સુંદર યુવતીએ એટલામાં પેલો બાંધી આણેલો મેવો વીણીને સાફ કર્યો, અને તે બે પત્રાળાંમાં કાઢીને એક પત્રાળું તેમની પાસે મૂકતાં પોતે જરા લજવાઇને તેમને ઉપહાર કરવાની વિનતિ કરી. આ પ્રકારે બન્ને બોલ્યા ચાલ્યા શિવાય ખાવા લાગ્યાં. છેવટે શૂરવીરે કહ્યું કે-"ઘી સાકરના ખાનારને ઈશ્વર જંગલમાં પણ તેવું આપે છે, એ વાતનો આજે અનુભવ થયો."

આ વખતે સંધ્યાકાળ થવાને થોડી વાર હતી. બે ઘડી દિવસ દેખાતો હતો. ખાધા પછી પાણી પીને તે થોડે છેટે એક પથરા ઉપર બેસીને ચારે દિશાએ વન-સૌંદર્ય જોવા લાગ્યો. આ ડુંગરની એક બાજુએ સમુદ્ર હતો અને બીજી બાજુએ ડુંગરોની હાર ઘણે દૂર સૂધી ફેલાયલી હતી. એ ડુંગરો ઉપર મોટાં ઝાડ જોઇએ તો માત્ર વડનાં જ દેખાતાં હતાં. તે શિવાય બીજાં નાનાં ઝાડમાં જોઇએ તો અગણિત હતાં. કોઈ કોઈ ઠેકાણે જમીનમાં કાળા રંગનાં પડ, તો કોઈ ઠેકાણે માટીના ઢગલા દેખાતા હતા. એ ઢગલા સો બસો હાથથી વધારે ઉંચાઇના નહીં હોય, અને તેજ માટીના ડુંગર પાણીના ઘર્ષણને લીધે કપાઈ જતાં તે જગાએ કોતરો પડેલાં હતાં. તે એટલાં બધાં લાંબાં હતાં કે, એકદમ જોનારની તો ઠેઠ નજર પણ પહોંચે નહીં. આવાં કોતરોની ગુફાઓમાં વાઘ, ચિત્તા વગેરે હિંસક પ્રાણીઓ રહેતાં હતાં. અંધારું થતા પહેલાં એકાદ કોઈ પાસેની ગુફાની બખોલમાં આશરો લઇને રાત કાઢી નાંખવી, એવો તેણે પોતાનો વિચાર જણાવ્યો, અને સુંદરીએ પણ તેમ કરવાની માથું હલાવીને હા કહી.

બન્ને જણ્ હળવે હળવે રાતે સુઈ રહેવા જેવા નિર્ભય સ્થાનની શોધ કરતાં ચાલ્યાં. સૂર્યાસ્તનો સમય નજીક આવ્યો હતો. જમીનના કિનારા તરફથી પક્ષીઓનાં ટોળાં પોતાના માળા જે ઝાડ ઉપર હોય તે તરફ ચાલ્યા જતાં. વિવિધ પ્રકારનો કલબલાટ કરતાં હતાં, વળી આ અચાનક મળેલું જોડું પણ આખા દિવસના તરવા વગેરેના ત્રાસને લીધે થાકી ગયું હતું. પાસે એક કોતરની નાની સરખી બખોલ જોવામાં આવી. તેના વલણમાં એક નાનો સરખો સ્વચ્છ તથા નિર્મળ પાણીનો ઝરો પણ વહેતો હતો. તેમણે પાછી ત્યાં પોતાની તરસ છીપાવી અને બખોલ અથવા ગુફામાં આશરો લીધો. શૂરવીરે ચકમકના પથરા શોધી કાઢીને પોતાના કપડામાંથી એક ચિંદરડું ફાડીને તેવડે દેવતા પાડ્યો. ઝાડ નીચે પડેલાં સુકાયલાં પાંદડાં તથા કેટલાંક ડાંખળાં અને લાકડાંના કકડા સુંદરીએ ભેગાં કરી મૂકયાં. તે બળતણ આખી રાતભર ચાલે તેટલું હતું. ગુફાના છેક મોખરા પાસે તાપણી કરીને તે પોતે બેઠો, એટલે આ સુંદર યુવતી પણ ગુફાની અંદરની બાજુએ સ્વચ્છ જગા જોઇને પાસે જ જઇને બેઠી. આ વખતે ડુંગરામાંનાં જંગલી પ્રાણીઓની ભયાનક ગર્જનાઓ તથા વગડામાંના રાત્રિના જીવજંતુઓનો કરેરાટ, તથા તમતમાટ ચાલેલો જ હતો. એમ કરતાં પોતપોતાની જગાએ લાંબાં થઇને એક પછી એક સુતાં; પરંતુ તમે કોણ, કયાંનાં, નામ, ગામ,

ધંધો વગેરે જાણવાની ઇચ્છા છતાં અરસપરસ કોઈ કોઈનાથી પૂછી શકાયું નહીં. દરેકના મનમાં એકમેકની હકીકત જાણવાનું આવ્યું હતું; પરંતુ બેમાંથી એકની જીભ જ ઉપડે નહીં. છેવટે પેલા વીર પુરુષે કહ્યું કે, "તારા ઘર ગામ વગેરેની હકીકત જાણવાની મારી ઇચ્છા થઈ છે. જો નિદ્રા આવવાને વાર હોય તો કહે." એ સાંભળીને તેણે મર્યાદાથી પોતાની હકીકત કહેવાનો કાંઇક ચતમત્કારિક આનંદથી આરંભ કર્યો. તેણે જણાવ્યું કે–"એટમાંના મંદિરની બહારની બાજુએ જે લોકોની વસ્તી છે, ત્યાંના એક ખાંચા અથવા ગલીમાં મારા બાપનું ઘર છે. તેમનું નામ જોધા કુંભાણી અને મારી માનું નામ જીતાબા છે તથા મારું નામ રાજબા છે. મને હજુ પરણાવી નથી. રાતમાં બળવાખોરોએ હુલ્લડ મચાવ્યું, તે વખતે અમારા ઘર ઉપર ધાડ આવી પહોંચી. તે વખતે મારી માડી ઠીકઠાક કરવામાટે ઓરડામાં કે મેડા ઉપર બીજી બાજુએ કાંઈ ગરબડમાં પડી હશે, અને મારા બાપા હાથમાં હથિયાર લઇને બળવાખોર લોકોને ધમકાવતા તેમના તરફ ઘરની બહાર ચાલ્યા ગયા. તેમને પણ એ ગરબડમાં એક બીજાની કાંઈ ખબર રહી નહીં. હું તો ભયની મારી ગભરાઈ ગઈ, અને મારી માડી પાછલે બારણે ઓસરીમાં હશે, એમ જાણીને તે તરફ દોડી ગઇ. તેને ત્યાં કાંઈ જોઈ નહીં; અને બળવાખોરો પાછા ઘરમાં પેઠા, એવો મને ભાસ થયો. તેની જ સાથે હું ગભરાઇને પાછલે રસ્તેથી નાઠી. રસ્તામાં સામસુમ અને અંધારું ઘોર હતું. તેથી એક ઘરને ઓથે છાની માની ઉભી રહી. ત્યાં રહી રહી આપણા ઘરમાં કાંઈ ગરબડ સંભળાય છે કે નહીં? એમ એક બે વાર કાન દઇને સાંભળ્યું; પણ કાંઇ તોફાન જણાતું નથી, એમ લાગ્યું. તેથી બ્હીતી બ્હીતી પાછી ઘર તરફ થઈ. તથાપિ ઘરમાં કોઈ નથી, એમ જ્યારે લાગ્યું, ત્યારે મારા પોતાના ઘરમાં જવાની પણ મારી હિંમત ચાલી નહીં. કારણ કે અમારા ઘર ઉપર ધાડ આવી ત્યારે દશ પંદર બળવાખોર લોકો અમારી ખડકીનાં બારણાં તોડીને અંદર પેઠા હતા અને તેમણે પરસાળનાં બીજાં બારણાં તોડવાનું કામ આગળ ચલાવ્યું હતું. એ સઘળું ધ્યાનમાં આવતાં હું એમની એમ પાછી વળી. એટલામાં મોટા રસ્તા ઉપરથી બળવાખોરોની કીકીયારી સાંભળવામાં આવી. તેવી જ હું તો ત્યાંની ત્યાં સ્થિર થઇને ઉભી રહી. થોડીવાર થઈ નહીં હોય, તેટલામાં કોઈ એક સ્ત્રી એ ગલીમાં દોડતી દોડતી આવી અને ત્યાંથી અમે બે જણાં મંદિરના પાછલા બારણા તરફ ગયાં. તેવામાં પાછળ કેટલાક લોકોને દોડતા આવતા જોઇને ગભરાટમાં મંદિરને પાછલે બારણેથી અંદર પેસી ગયાં. તે જગાએ એક લુંટારાએ પેલી અબલાને ઘરેણાંના લોભથી મારી તે બિચારી મરી જ ગઈ. તે પછી જરાવારે એક ભયાનક કાળ પુરુષ જેવો હબસી મારી પાછળ પડ્યો. ત્યારે નાસતાં નાસતાં ભયની મારી કોટના બુરજ તરફ વળી. છેવટે તેમને ઝાલીને હમણાં પોતાની તરફ ખેંચી લે છે, એટલામાં આપે તેના ઉપર ઘા કર્યો; એટલું મેં જોયું; પરંતુ પકડી લેવાના ભયને લીધે હું જરા આઘી ખસતાં પાછળ પાણીમાં પડી ગઈ. તે તમે જાણો જ છો. મારો બાપ કાંઈ મોટો શ્રીમાન્ નથી; પરંતુ થોડી ઘણી ધીર ધાર તથા ખેતી વાડી કરે છે. તેમાંથી સારી રીતે ગુજરાન થાય છે. એટલી આવક થાય છે. હવે મને તો આપે જીવતદાન દીધું, પરંતુ ત્યાં મારાં માબાપની કેવી દશા

થઈ હશે તે કોણ જાણે? ઘરમાંની જણશ ભાવની તો લુંટારાઓએ ખરાબી કરી જ નાંખી હશે. ઈશ્વર જાણે!" આ વખતે જણશ ભાવ વગેરેના સ્મરણથી તે જરા ગભરાયલા જેવી થઈ ગઈ. તેના મુખમાંથી સ્પષ્ટ બોલ પણ નીકળે નહીં. માબાપના સ્મરણને લીધે તેના નેત્રોમાંથી ગરગર આંસુ નીકળી પડ્યાં. કંઠ ગળગળો થઈ ગયો અને બોલતી બંધ થઈ ગઈ. આવી થોડી હકીકત સાંભળીને તે બોલ્યો કે, "હું જો હમણાં બેટમાં કે જમીન ઉપર કોઈ ઠેકાણે હોત તો, તે જ વખતે દોડી પહોંચીને તપાસ કરી લાવ્યો હોત, તથા તારાં માબાપને પણ મદદગાર થયો હોત અને તને તત્કાળ તેમને સ્વાધીન કરી દીધી હોત. તથાપિ હમણાં સમુદ્ર ઓળંગીને જવું, એ જીવ પારનું કામ છે. કોઈ વાર જ્યારે વખત આવે ત્યારે મોટાં અસાધ્ય કામો કરવાને પણ જીવ પાછો પડતો નથી. પરંતુ વચમાં જો કાંઈ થોડી સવડ મળે તો યુક્તિ પ્રયુક્તિ કરવા તરફ મન ખેંચાય છે! હમણાં જ જાણે એકવાર એમ થાય છે કે, આ ડુંગર ઓળંગીને બેટ તરફ પગ રસ્તેથી ચાલ્યાં જઈએ. પરંતુ બેટ બળવાખોરોના હાથમાં છે કે વળી કાંઈ બીજા અનિવાર્ય પ્રસંગ ગુજર્યા છે, તે જાણ્યા શિવાય હમણાં એકદમ બેટ તરફ જવું, એ ઘણું જોખમ ભરેલું છે. પેલા કિનારા તરફ સાધુનો એક મઠ છે, તેની તપાસ કરીને એકવાર તને ત્યાં મૂકી દેવી; અને પછી તારાં માબાપની તપાસ કરવા જવું એ મને ઠીક લાગે છે. હવે રાત ઘણી ગઈ છે. આખો દિવસ તને ત્રાસ પડવાથી તું તદ્દન થાકી ગયેલી છે, માટે હવે વિશ્રાંતિ લે. તોપણ જંગલી જનાવરોનો અત્રે બહુ ભય છે, માટે વારાફરતી આપણે પહેરો કરવો એ સારું." તાપણી પાસે વાઘ આવે નહીં, તેથી ગુફાના મુખ ઉપર જ તાપણી સળગાવી હતી; અને ત્યાં જ તે સુઈ ગયો. રાજબા પણ પોતાની જગાએ પોતાના માબાપ સંબંધી વિચારમાં અને આ અચાનક આવેલા મહાભારત પ્રસંગના ધ્યાનમાં નિમગ્ન થયેલી છતાં પણ કેટલીક વારે તેની આંખ લાગી ગઈ.

ડુંગરાઓમાં ધીચ ઝાડી હોવાને લીધે વાઘ વરુ વગેરે જંગલી જનાવરોના અવાજ શિવાય બીજું કાંઈ સાંભળવામાં આવતું નહીં અને કેવળ અંધારું હોવાને લીધે આકાશમાં માત્ર તારાઓ ચમકતા હતા. આવી નિરામય સ્થિતિમાં આ અપરિચિત જોડું નિદ્રાવશ થયું.

આખો દિવસ મહેનત કરીને થાકી ગયેલા અથવા કોઈ પણ રોગને લીધે પીડા પામતા અગર રાજકારસ્થાનોના ત્રિવિધ તાપથી ત્રાસી ગયેલા માણસ જ્યારે ખરેખરો નિદ્રાવશ થાય છે, ત્યારે તેની બાહ્યેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયો લય પામે છે. પરંતુ નિદ્રાવસ્થામાં જ જ્યારે સ્વપ્નાવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે બાહ્યેન્દ્રિયો જ માત્ર વિશ્રાંતિ લે છે અને જ્ઞાનેન્દ્રિયવડે મનોરાજ્ય ચાલુ થાય છે. જે જે પદાર્થ જોયા હોય અગર સાંભળ્યા હોય, તે ઉપરથી વિચારતરંગો ફાવે તેવી ઇમારત ઉભી કરે છે. જાગૃત અવસ્થામાં પણ વખતે કેટલીક વાર સ્વપ્નના જેવા પ્રકાર બની જાય છે. નાટકના થીએટરમાં નાટક જોનાર જાગૃત હોય છે. પરન્તુ જેવો કથાભાગ આવે, તેવા રસમાં તેના વિચાર ગુમ થઈ જાય છે; અને તેને લીધે કોઈ વાર તેને હસવું આવે છે તો કોઈ વાર રડવા જેવી છાતી ભરાઈ આવે છે. વળી કોઇવાર તેનો કંઠ ગદ્ગદિત થઈ

જાય છે તો કોઇવાર બીલકુલ છાતી બંધ થઈ જાય છે. તેમ જ કોઇવાર તેને કામ-વિકાર ઉત્પન્ન થાય છે તો કોઈવાર વૈરાગ આવી જાય છે. પરન્તુ એ સઘળા વિકારો જોવાના અથવા સાંભળવાના પરિણામ તરીકે છે. જ્યારે તેને એવું ભાન આવે કે આતો નાટક એટલે જાગૃત અવસ્થામાંનું એક સ્વપ્ન છે ત્યારે એકદમ તેના મનનું સમાધાન થઈ જાય છે. તોપણ અંતઃકરણ આદિ પંચજ્ઞાનેન્દ્રિયોને તેને લગતા વિકારનો શ્રમ લાગે છે. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થામાં નિદ્રાવસ્થા, એ શરીરને હુશિયારી આપનારી તથા આયુષ્યવર્ધક ગણાય છે.

પ્રકરણ ૧૪ મું

ખંડેરાવ ગાયકવાડ

આ મોટા બળવાના અરસામાં વડોદરા રાજ્યની અંદર શ્રીમંત ખંડેરાવ મહારાજનો અમલ હતો. તેમનો ઇંગ્રેજ સરકાર સાથે વડીલોપાર્જિત દોસ્તીનો હક હતો. તે હકને અનુસરીને તેમણે બળવા વખતે અરસપરસ બહુ સારી મદદ કરી હતી. એટલું જ નહીં પણ દોસ્તીના હકમાં બહુ સારો વધારો કર્યો હતો. ખંડેરાવ મહારાજાનું શરીર પહેલવાન જેવું બહુ જ પાણીદાર તથા તેજસ્વી હતું. તેમનો ચહેરો ભવ્ય તથા ભયંકર દેખાતો હતો. તેમની તે વાંકડી વળેલી દાઢી તથા વાઘના જેવાં નેત્ર જોઇને મોટો ભયંકર અવાજ સાંભળતાની સાથે સાધારણ માણસ તો ગભરાઇ જ જાય. કુસ્તીના શૉખને લીધે તેમનું શરીર પહેલવાન જેવું કસાયલું હતું. તેમને સદા-કાળ સાદો પોષાક પસંદ પડતો હતો. તેઓ ઘણું કરીને સફેત કાન ટોપી તથા જાંગ સૂધીનો ચોયણો ઘાલીને બાજઠ ઉપર બેસતા. અને વાર તહેવાર શિવાય અલંકારો તો કદી ઘાલતા જ નહીં. 'શરીર સંપત્તિ સારી હોય એટલે સર્વસ્વ મળે' એ કહેવત તેમને અનુકૂળ હતી. તે સમયની રીત પ્રમાણે તેમણે સાધારણ કેળવણી લીધી હતી. તેઓ પોતાના શરીરસામર્થ્યને લીધે મોટું ભૂષણ માનતા હતા, અને તે તેમને માટે શોભવા જેવું પણ હતું. તેઓ હાથી ઉપર બેસીને અથવા ઘોડા ઉપર બેસીને વાઘનો શિકાર કરતા. કોઇ કોઈવાર તો તેઓ ખરેખરા સખ્ત તડકામાં પણ શિકાર કરવા માટે જતા, અને તે વખતે તેમને છત્રીની પણ જરૂર પડતી નહીં. સત્તાવાન પુરુષને શૂરાતન વગેરે ગુણોની પસંદગી હોય છે. મલ્લની કુસ્તીઓ માટે તેમણે સેંકડો પહેલવાનો તૈયાર કર્યા હતા. રમજુ જેવા પ્રસિદ્ધ પહેલવાનની હાથે તેઓ પોતાના બળની સામ્યતા કરતા અર્થાત્ પ્રત્યક્ષ પોતે કુસ્તીમાં ઉતરતા હતા. આવા શૉખને લીધે આખા હિંદુ-સ્થાનમાંથી હજારો પહેલવાનો, કારીગરો અને ઘણા ગુણી જનો આ મહારાજા પાસે ચાહીને આવતા અને પોતાના ગુણ પ્રમાણે હજારો રૂપિયાનાં ઇનામ તથા શરપાવ મેળવતા હતા. રમજુ પહેલવાન જેવા દિગંબર માણસો આ કાળમાં જોવામાં આવવા પણ મુશકેલ છે. તેને માત્ર જોવાને માટે જ સેંકડો બીજા દેશના લોકો તથા ઘણા યુરો-પિયનો પણ ત્યાં ખાસ આવતા હતા. જેવી રીતે આ મહારાજાનું કુસ્તી બાજી તરફ લક્ષ હતું, તેવી રીતે લશકરી ખાતા તરફ પણ સારું ધ્યાન આપતા હતા. સન ૧૮૫૭ વખતના બળવાની ધામધુમમાં તેઓ હિંદુસ્થાન સરકારને વિશેષ ઉપયોગી થઇ પડ્યા

હતા. એમની કારકીર્દીમાં ફોજ ખાતાની સુધારણા સારી થઈ હતી. પલટણો, ટ્રુપ રસાલા, તેશિવાય દેશી રીતના લશ્કરમાં ગોસાંઈ બેડુ, આરબ બેડુ વગેરે કેટલાંક બેડાંઓ અને હજુરાત પાયગા વગેરે કેટલીક ઘોડેસ્વાર પાયગાઓ હતી. પાયગાઓમાંના સઘળા સ્વારોને મંદિલો, દુપટાઓ, કડાં, કંઠીઓ તથા રોકડ રકમોની થેલીઓનાં ઇનામ તથા શરપાવ આપીને તેમનાં જુનાં કરજ ફેડ્યાં હતાં. સોના ચાંદીની તોપો પણ એમના જ વખતમાં થઈ હતી. વડોદરામાં શ્રી ગણપતિની, તથા દસરાની અને આષાઢી એકાદશીની સ્વારીઓ જોવાને ઘણા દૂરદૂરના લોકો આવતા હતા. આ મહારાજા દેખાવમાં ઘણા ઉગ્ર જણાતા હતા, તો પણ અંતઃકરણથી ઘણા જ દયાળુ તથા ઉદાર હતા. તેમની ઉદારતાના સંબંધમાં લોકો તેમને રાજા કર્ણની ઉપમા આપતા હતા. હોળી ઉપર અને શ્રાવણ માસમાં આખા હિંદુસ્થાનના તમાશગિરો, વિદ્વાનો અને બ્રાહ્મણો દેશ દેશાંતરથી આવતા હતા. તેમ જ જેની તેની યોગ્યતા પ્રમાણે કદર કરવા માટે તેમની આખા હિંદુસ્થાનમાં કીર્તિ ફેલાયલી હતી. તેઓ જાતે નિર્વ્યસની તથા સત્યપ્રિય હતા. ઠગ, લુચ્ચા, દારુડિયા તથા વ્યભિચારી લોકોની નજરે તેઓ કાળ જેવા ભાસતા હતા. તેમને મનુષ્ય માત્રની બહુ દયા આવતી. આપણા રાજ્યમાં અન્નને માટે કોઈ દુઃખી થાય નહીં, એવી તેમની ઇચ્છા હતી, તેમ જ સઘળી રૈયત સદાકાળ આનંદમાં તથા સુખમાં રહે, એવી તે ઉત્કંઠા રાખતા હતા. બ્રાહ્મણોને ખીચડી તો દરરોજ પહેલેથી જ મળતી હતી પરંતુ એકાદશી તથા સોમવારે કાંઈ ખીચડી મળતી નહીં, તે તથા બીજા કેટલાક ગરીબ ગુરબાને ખીચડી આપવાનું ચાલુ કર્યું. વળી હિંદુ તથા મુસલમાનોને પોતે સમાન ગણતા, અને તેમનામાં કદી ભિન્ન ભેદ પડે નહીં તથા ધર્મ સંબંધી તેઓમાં કદી દ્વેષ જ થાય નહીં, માટે તેમણે ગ્યારમી નામનું ખાતું શરુ કર્યું. તેમાં હિંદુ પ્રમાણે મુસલમાનોને પણ ખીચડી આપવાનો રિવાજ ચાલુ કર્યો. પરભુ લોકોએ રાજ્ય સ્થાપન કરવાના કામમાં મદદ કરી હતી, એ ધ્યાનમાં રાખીને તેમને કદી યાચના કરવાનો વખત આવે નહીં માટે મહારાજાએ માણસ દીઠ દર મહિને ચાર રૂપિયા કરી આપ્યા હતા. હિંદુ ધર્મનાં દેવાલયો તથા મુસલમાનોની મશિદો અને પીરસ્થાનોને માટે નિમણુંકો તથા વર્ષાસનો બાંધી આપ્યાં હતાં. અન્નદાન તથા ગૌદાન હમેશાં થતાં; તે શિવાય હરકોઈ જાતના આંધળા પાંગળાં માણસોને માટે હજારો રૂપિયાની ખેરાત કરતા. એકંદરે આપણા રાજ્યમાં હિંદુ મુસલમાનો વચ્ચે ધર્મ સંબંધી કલહ થાય નહીં, તેને માટે તેઓ ઘણી કાળજી રાખતા, એમ કહેવાને કાંઈ હરકત નથી.

કાશીથી રામેશ્વર સુધીના વિદ્વાન્ બ્રાહ્મણો વેદશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરીને વડોદરે આવતા. તેમની પરીક્ષા લેવામાટે રાજગુરુ તથા દાનાધ્યક્ષની દેખરેખ નીચે દરબારમાંના વિદ્વાન્ શાસ્ત્રી, પંડિત, વૈદિકી, જ્યોતિષી, હરદાસ, પુરાણી વગેરેને નિમવામાં આવતા હતા, તથા જેની તેની વિદ્યાની યોગ્યતા પ્રમાણે તેમને દક્ષિણા, વિદાયગિરીઓ, મહાવસ્ત્રો વગેરે મળતાં હતાં. આ સમયે વડોદરા શહેર વિદ્વાન્ લોકોથી ગાજી રહેલું હતું. ઠામેઠામ મંત્ર જાગરણમાં વેદઘોષ તથા શાસ્ત્રોના વાદવિવાદ ચાલતા હતા. મંદિરોમાં કથા પુરાણ તથા હરિકીર્તનોની એક સરખી ભીડ થતી હતી. દક્ષિણી તથા

ગુજરાતી બ્રાહ્મણોને શ્રાવણ શુદ તથા વદ ૧૧ ને દિવસે રમણાની સઘળાને એક સરખી દક્ષિણા આપવાનો સંપ્રદાય હતો. આ વખતે રમણામાં આવેલા સેંકડો ગામના બ્રાહ્મણોથી સાઠમારીના અગડમાંની વિશાળ જગા તથા કેદારેશ્વરના મંદિરની ખીચડી આપવાની જગા ભરાઈ જતી હતી, અને મહારાજાના નામનો જયજયકાર સાંભળવામાં આવતો હતો. શ્રાવણી સોમવાર તથા શનિવારે દેવદર્શનમાટે જતાં લોકોનાં ટોળાંથી અને રાજવૈભવથી જોવા જેવા દેખાવ થઈ રહેતા હતા. આ મેળાના દિવસોએ હજારો મિઠાઈવાળા, તંબોળીઓ તથા બીજા વેપારીઓની દુકાનો લાગતી. તેમ જ ઠામે ઠામ ભજન કીર્તનની મંડળીઓ, તથા લોકોના મનરંજનને માટે તમાશા ચાલતા જણાતા હતા. આ મેળાઓમાં જનારા લોકોનાં ટોળેટોળાં ચૈનથી આમ તેમ મૌજમજા જોતાં ફરતાં હતાં. સન્નારીઓનાં ટોળાં સારા વસ્ત્રાલંકાર સજીને દેવદર્શન કરવા માટે જતાં આવતાં નજરે પડતાં હતાં. કોઈ કોઈવાર વરસાદનાં ઝાપટાં આવે ત્યારે લોકોની ગમ્મતભરેલી દોડાદોડ થતી હતી. વિશ્વયોષિતા પોતાના રૂપ યૌવનની જાળ ફેલાવવાને રસ્તે ચાલતા રસિકજનો અને તેમના જોડીદારો સાથે હાસ્યવિનોદમાં નિમગ્ન થયેલી દેખાતી હતી. રસ્તામાં કાદવ કીચડવાળું પાણી ઉરાડતા જતા સ્વાર, ગાડીઓ તથા હાથીઓની દોડધામથી મોટી મજા થઈ રહેતી. આવા મેળા તથા જાત્રાઓમાં ખરો ધર્મનો ભાગ બાજુએ રહેતાં આજકાલ મજા મારવાના તથા ચૈનબાજી કરવાના દિવસો થઈ પડ્યા છે. કાલાંતરે લોકાભિરુચિ જેમ જેમ બદલાતી જાય છે, તેમ તેમ ધર્મનો તથા સદાચારનો લોપ થતો જાય છે. જે કાળમાં જેવા મોટા લોકો થાય છે અને તેઓ જે પ્રમાણે વર્તે છે, તે પ્રમાણે ચાલવાની લોકો ખુશીની સાથે નકલ કરે છે, એ સ્વાભાવિક છે. આવી રીતે જે લોકો બધા ખુશી આનંદમાં રહેતા અને વડોદરા રાજ્યની નામના કાશીથી રામેશ્વર સુધી ફેલાઈ હતી.

દેશી રાજ્યોમાંથી કાઢી મુકેલાં અને ગરીબ અવસ્થામાં આવી પડેલાં કેટલાંક કુટુંબો વડોદરામાં આવીને આનંદથી ચરિતાર્થ ચલાવતાં અને મહારાજાને દુવા દેતાં હતાં. તે વખતે આ રાજ્ય ખરેખરું ધર્મરાજ્ય ગણાતું હતું. સઘળા દેશોમાંથી સર્વ પ્રકારના હુન્નરીઓ અને ગુણીજનો આવતા તેમની તેમના ગુણ પ્રમાણે બૂજ થતી હતી. તેમ જ આ સંપત્તિવાન્ શહેર સુખાનંદમાં રહેતું હતું. રસ્તામાં ચાલતાં કડાં, કંઠીઓ, શાલ, દુશાલા, દુપટા અને તોડા ઘાલેલા સેંકડો લોકો નજરે પડતા હતા. ગામમાં કસરતની તાલિમના સેંકડો અખાડા હતા. પટ્ટાબાજી, ઘોડાના ભાલા અને બોથાટીના ફેર ચાલતા દેખાતા હતા. લોકોને તાલિમબાજીના કામમાં મહારાજા ઘણું ઉત્તેજન આપતા, તેથી લોકો પણ ઉમંગથી શરીર કેળવી શકતા. શહેરમાંની તાલિમનું દંગલ જોવાને ખુદ મહારાજા બેસતા અને ખુશી થઈને ઉત્તેજનાર્થે છોકરાઓને ઇનામ બક્ષિસો આપતા. ગુણગ્રાહકતા હોય ત્યાં જ ગુણીજનોને ઉત્તેજન મળે છે. ખંડેરાવ મહારાજાની કારકીર્દીમાં શારીરિક શિક્ષણને સારું ઉત્તેજન મળ્યું હતું! તેમ જ નાચ, બેઠકો, તમાશા, સાઠમારીઓ અને હાથી ગેંડાની ટક્કરો વગેરેને પણ ઉત્તેજન મળતું હતું. બહારના લોકોને વડોદરા ખરેખરું આનંદનું સ્થાન લાગતું હતું.

એ મહારાજા બહાર બાજઠ અથવા પાટ ઉપર હમેશ પ્રમાણે સફેત પોષાક પહેરીને બેસે, એટલે કારભારી તથા કામદાર લોકો પોતપોતાનાં કામો સમજાવતા હતા; અને અરજદારોને પણ તે વખતે હજુરમાં પાસે જવાની છુટ હતી. એકાદી નિરાશ્રિત વૃદ્ધ અબળા પણ ત્યાં દાદ માંગવાને જાય તો તેને કાંઈ પણ પ્રકારનો અટકાવ હતો નહીં. મહારાજા બહાર આવીને બેસે એટલે હજારો માણસો તેમની આજુબાજુએ પોતપોતાના દરજા પ્રમાણે ઉભા રહેતા, તેમાં સિપાઈ, જાસુસ, સાઠમાર, પહેલવાન તમાસગીર વગેરે લોકો માથે મંડીલ, કમરે દુપટા, ગળામાં કંઠીઓ અને પગમાં તોડા ઘાલેલા હાથમાં સોના ચાંદીની લાકડીઓ લઈને ઉભેલા હોય, એ રાજવૈભવ જોઈને જોનારનાં નેત્ર દીપી ઉઠતાં હતાં. મહારાજા દયાળુ પણ સત્યપ્રિય હોવાને લીધે લુચ્ચા લબાડ લોકોની તેમની પાસે જવાની છાતી ચાલતી નહીં. તેમનો ઉગ્ર, તેજસ્વી તથા ભવ્ય ચેહેરો જોઈને તેમના સામે બોલતાં હરકોઈની જીભ લોચવાય. તેમનો બધા કામદારો ઉપર ઘણો રવાબ હતો. તેમણે ગામેગામ વાવ, કુવા તથા તળાવો બંધાવ્યાં. તેમના કારભારમાં જમીન આબાદ તથા જમાબંદી દુપ્પટ કરતાં પણ વધી ગઈ. તેમણે સ્વારી માટે સોનાની અંબાડી કરાવી, તે વખતે પ્રજાએ હજારો રૂપિયાનો નજરાણો કર્યો. પોતાની પ્રજા તેમને પોતાના જીવ કે પ્રાણ જેવી વહાલી લાગતી. બ્રિટીશ સરકાર તરફથી તેમને આજ વખતે મોર્ચલો વાપરવાનું માન મળ્યું. તેમની દેનગી તથા ધર્મ અપાર હતાં, તેમ જ તેમની શિક્ષા પણ ઘણી કડક હતી. કોઈ કોઈવાર તો તેઓ સાધારણ અપરાધીને પણ મોટું શાસન કરતા. ખેરાતના કામમાં લબાડી કરનારને દંડ તથા ફટકાની શિક્ષા કરતા. તેથી કરીને ગુનો અથવા લબાડી કરનારને મોટો ભય લાગતો હતો. હાલ પ્રમાણે તેમના વખતમાં ન્યાય, મુલકી, મિલીટરી, પોલિસ, આબકારી, જંગલ, મેડીકલ અને કેળવણી વગેરે ખાતાંઓ જૂદાં જૂદાં કરેલાં હતાં નહીં. તો પણ તે દરેક ખાતા સંબંધી જૂદી જૂદી વ્યવસ્થાઓ કરવામાં આવેલી હતી. આ વખતે ઇંગ્રેજી દફતર હતાં નહીં, પણ સર્વ કામ દેશી ભાષામાં ચાલતાં હતાં. માત્ર ઇંગ્રેજ સરકાર સાથેનો પત્રવ્યવહાર ઇંગ્રેજી ભાષામાં ચાલતો. એટલે ઇંગ્રેજી ભાષા જરા આવડી કે થયા વિદ્વાન્, એવો તે કાળ હતો નહીં. મુસદ્દીપણાને તે વખતમાં વધારે માન મળતું હતું. રાજ્યની હકીકત લખીને અંતઃસ્થિતિ ઉઘાડી કરવી, એ તે વખતમાં જોખમભરેલું ગણાતું હતું. ફોજનો તથા સંપત્તિનો કોઈને અંત નહીં લાગવા દેતાં, તે બહુ જ ગુપ્ત રાખવામાં આવતાં હતાં. તેને લીધે આ રાજ્યના સામર્થ્ય સંબંધી બહાર બહુ જ દબદબો હતો. બ્રિટીશ સરકાર દોસ્ત છતાં અંતર્વ્યવસ્થા તરફ કદી પણ બીલકૂલ લક્ષ આપતા નહીં. અર્થાત્ આપણે સ્વતંત્ર છીએ, અને આપણી સ્વતંત્રતા સંભાળવાને માટે મુખ્યત્વે કરીને પ્રજા, ઇનામદાર, હકદાર, ગિરાસદાર, વતનદાર, સરદાર, કામદાર તથા લશ્કરને ખુશ રાખવાની શી જરૂર છે? તે તેઓ સારી રીતે સમજતા હતા. પ્રજાસત્તાક રાજ્યને એકવાર બાજુ ઉપર મુકીએ, તોપણ આવી બાબતો તરફ જ્યારે દુર્લક્ષ થાય અથવા બેપરવાઈ થાય, ત્યારે તેનું વિપરીત પરિણામ આવે, એ સારી રીતે તેમના જાણવામાં હતું. ખંડેરાવ મહારાજનો સ્વભાવ બહુ જ અભિમાની હતો.

જેને તેઓ પોતાનો કહે તેને કદી કોઈ વાતે કમી પડવા દેતા જ નહીં. રાજાને અંગે જેટલા ગુણ જોઇએ તે સર્વે તેમનામાં હતા નહીં, તોપણ ઉદારતા, ગુણગ્રાહકતા, શૌર્ય, માયાળુપણું, નિર્વ્યસન, નીતિ અને સત્યપ્રિયતા, એ ગુણો તેમના અંગમાં સ્વાભાવિક હતા.

મહારાજા ત્રીજા માળ ઉપર બારદ્વારીમાં મુસદ્દી મંડળીમાં બેઠેલા હોવાથી કામની સુનાવણી થતાં જે હુકમ થાય, તે નોંધી રાખવાનું કામ શરુ થયું હતું. ગોવિંદરાવ પાન્ડુરંગ રોડેની દિવાનગિરીના અમલમાં તેમની કોઈ પણ ઠેકાણે સહી થતી નહીં, તો પછી પરચુરણ કામો ઉપર મહારાજાની સહી ક્યાંથી હોય? સહી, એ કાયદાના કાળમાં પુરાવાનું ચિહ્ન છે. ફક્ત વિશ્વાસ ઉપર જ્યારે કામકાજ ચાલે ત્યારે સહીનું મહત્ત્વ ક્યાં રહે? આજકાલ સ્વદસ્તુર અગર પોતાની સહીથી કરેલા લેખને માટે પણ મારા જેવા અક્ષર લાગે છે ખરા, પણ મારા નહીં, એમ કહેવાથી પણ ન્યાય થાય છે; ત્યારે સત્ય બોલવાની તો આ કાળમાં કિંમત જ ક્યાંથી હોય? કોઈવાર એમ પણ બને છે કે, ખરી બાબત છતાં તેને માટે રીતસર ખોટા પુરાવો ઉભો કરવામાં ન આવે તો ખરાનું ખોટું પણ થઈ જાય છે. આ ઉપરથી આજકાલ સઘળા જ ખોટું બોલનારા હોય છે, એમ કહેવાનો અમારો હેતુ નથી, કારણ બેઉ બાજુએ અપવાદ તો હોય છે જ; તથાપિ વિશ્વાસથી જેવાં સારાં કામ થાય છે, તેવાં ગેરવિશ્વાસથી થતાં નથી. તેમાં કેટલીક વાતો વિશ્વાસ રાખવા લાયક હોતી નથી, તો કેટલીક બાબતોમાં વિશ્વાસ રાખ્યા શિવાય ચાલે જ નહીં.

આ વખતે જાસુદે આવીને દિવાનના હાથમાં એક લખોટો મૂક્યો. તેમણે તે ફોડીને અંદરની હકીકત વાંચી જોઈ. તેમાં ઉખામંડળના વાઘેર લોકોએ બળવો કરીને દ્વારિકા લઈ લીધાનું લખેલું હતું. આ હકીકત મહારાજાને વાંચી સંભળાવ્યા બરોબર તેમનો ચહેરો ક્રોધથી લાલ થઈ ગયો, અને જણાવ્યું કે, "કાંપમાં જાઓ અને બંદોબસ્ત કરવાનું રેસિડેન્ટને કહો. તે જો કાંઈ બંદોબસ્ત કરતા નહીં હોય તો એકદમ આપણા લશ્કરની તૈયારી કરીને ચઢાઈ કરવી. દ્વારિકાની ગાદી શું ચોર લુંટારા લઈ જાય?" આવા શબ્દો તેમના મુખમાંથી નીકળતાં કામદાર મંડળી તેમના સામું જોઈ પણ શકી નહીં. ગોવિંદરાવ રોડેએ જણાવ્યું કે, "એમાં કાંઈ વિશેષ મોટી વાત નથી. આપના હુકમ પ્રમાણે હું સઘળી તજવીજ કરું છું." એમ કહીને રોડે રેસિડેન્ટ પાસે ગયા. તે વખતે આજ વિષયના સંબંધમાં અને વાઘેર લોકોના પહેલાંના બંડના સંબંધમાં વાતો ચાલતી હતી. તેમાં રોડે પણ દાખલ થયા. તેઓ ગાયકવાડ સરકાર તથા બ્રિટીશ સરકારના દરમ્યાન વકીલાતનું કામ કરતા હતા. એકંદર વાત વિચાર કરીને તેઓ કાંપમાંથી તુરત પાછા આવ્યા; અને જણાવ્યું કે, "બળવાનો બંદોબસ્ત કરવા માટે કેપ્ટન બાર્ટનની નિમણુંક કરવામાં આવી છે તથા આપણા તરફથી વહિવટદારે ત્યાં જે લશ્કર હોય તે લઇને તેમને મદદ કરવી," એવું રેસિડેન્ટનું કહેવું છે. તે પ્રમાણે સર્વાનુમતે વહિવટદાર ઉપર હુકમ લખવાનું ઠર્યું. તે પછી મહારાજાનો રોષ થોડો કમી થયો. મુસદ્દી તથા કામદાર લોકો પોતપોતાના કામો પુરાં કરીને પોતપોતાને ઉદ્યોગે લાગ્યા. ખુશામતીઆઓ મહારાજા પાસે ભેગા થવા લાગ્યા. દરબારી કામને

વખતે આ લોકોને આવવાની પરવાનગી જ હતી નહીં. એ લોકો ભેગા થાય એટલે ફાવે તેવી ઠઠ્ઠા મશકરીઓ કરે. તે વખતે મહારાજાને પણ ફાવે તે માણસને ગમે તેવું કહેવાની છુટ હતી, આવા પ્રકારમાં પણ ખરું બોલવાની રીતને લીધે તે લોકો મહારાજાને તેમના દોષ પણ દાખવતા, તેથી કેટલીક ભૂલચૂકની દુરસ્તી થતી હતી. કોઈ એકાદાની રીતભાતને માટે મહારાજાને થયેલી અસર આ મંડળીના બોલવાથી બદલાઈ જતી હતી. ગરીબ લોકો ઉપર કામદાર લોકો તરફથી જુલમ થાય, તે વાત પણ આ મંડળી મારફતે મહારાજાના કાન ઉપર જતી હતી. તે પછી ચંડોલ, બુલબુલ વગેરે પક્ષીઓની લડાઇઓ જોતા તથા બીજી તરફ ભાંડ લોકોની નકલો પણ ચાલતી હતી. વખત મળે તો સાંજે પતંગ તુક્કલ પણ પોતે ઉડાવે. એક જ વિષયથી હરહમેશ મનરંજન થતું નથી. અનેક વિષયો તરફ મન દોડે છે. તેમાં માત્ર નિયમિતપણું હોય તો ખોટાથી પણ સારું પરિણામ આવે છે.

પ્રકરણ ૧૫ મું

નિમકહલાલ વાઘેર

વિઠ્ઠલરાવ દેવાજીએ પહેલાં જ્યારે કાઠીઆવાડ સર કર્યું, તે વખતે તેમનો શૂરા જોધાણી નામનો વાઘેર જીવજાન મિત્ર હતો. તે કુલીન, શૂરો, પુખ્ત વયનો અને આ પ્રાંતનો માહિતગાર હોવાની સાથે સારો સલાહકાર હતો. ગાયકવાડ સરકાર તરફ તેની સારી નજર હતી; માટે કાઠીઆવાડની સર્વે ચઢાઇમાં વિઠ્ઠલરાવે તેને પોતાની સાથે જ રાખ્યો હતો. ડુંગરોમાંના ચોર રસ્તા અને ચોર લોકોનો તે સારી રીતે જાણીતો હતો. ચોરટા લોકો તેનાથી ડરીને રહેતા હતા. કાઠીઆવાડની ચઢાઇની સ્વારીમાં તેણે જે ઇમાને ઇતબારે મદદ કરી, તેનો બદલો તેને વિઠ્ઠલરાવે કાઠીઆવાડનો બંદોબસ્ત કરતી વખતે જ આપ્યો હતો. શૂરા જોધાણીને વંશપરંપરાનો ગિરાસ હક આપ્યો. અને તે શિવાય કેટલાંક ગામની જાગીર પણ કરી આપી. આ છોટી જાગીર દ્વારિકાથી ઘણા અંતર ઉપર હોવાની સાથે ગિરમાંથી નીકળેલી જાવંત્રી નદીએ તેને ઘેરો ઘાલ્યો હતો. તેને લીધે તેનો બેટના જેવો દેખાવ જણાતો હતો. તેના સંપાદક શૂરા જોધાણીના નામ ઉપરથી તે જાગીરવાળા ગામનું નામ સુરપુર પડેલું છે.

આ જાગીરની આજુબાજુએ સારી નામના હતી, તથા ત્યાંનો પરોણાચાર સારો વખણાતો હતો. આ જાગીર વિઠ્ઠલરાવે ગાયકવાડ સરકારના રાજ્યમાંથી કાઢી આપેલી નહીં છતાં જીતી લીધેલા મુલકમાંથી જૂદી પાડી આપેલી હતી. શૂરા જોધાણીએ નિમક હલાલીથી નોકરી કરી, ખરેખરું શૂરાતન બતાવ્યું, સેંકડો નવાં ગામો મેળવી આપ્યાં, એટલું જ નહીં પણ ગિર મેળવવામાં સુદ્ધાં તેમણે સારી બહાદુરી બતાવી હતી. ગિરમાંથી પણ ઘણાં ગામો તેમને જાગીરમાં આપેલાં તે હજુ સુધી છે! શાંતતાના સમયમાં પુરાવા, તામ્રપટ, વહિવટ અને હકના ધોરણ ઉપર ઇન્સાફ થાય છે. તથાપિ જે ગિર તરવારના જોર ઉપર મેળવ્યું, તેની કોણ

સનદો કરી આપે ? પરંતુ હાલના સમયમાં તો સોના ચાંદીની ગોળીઓથી લડવું પડે છે ! પંજાબના રણજીતસિંહને, દિલ્લીપતિઓને અને આપણા રાજ્યકર્તા નામદાર ઇંગ્રેજ સરકારને જૂદા જૂદા મુલકની કોણે સનદો લખી આપેલી છે ? કોઇએ કાંઈ લખી આપેલી નથી. સઘળાએ પોતાની તરવારના જોર ઉપર અને અકલ હુશિયારીના બળે મુલક મેળવ્યા. સરહદ ઉપર જેમ ઘણીવાર જૂદાં જૂદાં તોફાનો થાય છે, તેવી અંતઃસ્થિતિ હોતી નથી, ત્યાં શાંતતા હોય છે. વેપાર ધંધો, આગગાડીઓ, તારયંત્રો પોસ્ટ અને અન્ય વ્યવહાર સરળ રીતે થાય છે. ન્યાયની કોર્ટો ધમધોકાર ચાલે છે. તથાપિ સરહદ ઉપરનો અને રાજ્ય જીતવાનો ઇન્સાફ તો તરવારના તેજ ઉપર જ ચાલે છે.

વિઠુલરાવની કારકીરદીના છેવટ ભાગમાં આ વયોવૃદ્ધ વાઘેર મરણ પામ્યો. તેને બે છોકરા હતા. મોટો છોકરો પ્રજાપાલ તે વખતે પચીસ વર્ષનો હતો. અને બીજા છોકરા રાજપાલની વય વીસેક વર્ષની હતી. આપણે ગાયકવાડ સરકારની કૃપાથી જાગીરદાર થયા છીએ અને તે જ આપણા ખરા અન્નદાતા છે, એવા વિચાર શૂરા જોધાણીએ પોતાના છોકરાઓના મનમાં ઠસાવી દીધા હતા. ખરી નીતિ અને નિમક હલાલીથી રહેનાર ઉપર પરમેશ્વર રાજી રહે છે, એવો તે તેમને હંમેશ ઉપદેશ કરતો. અને મરતી વખતે પણ તેણે એ જ ઉપદેશ તેમને કર્યો હતો. ઘોડા ઉપર બેસવામાં, તાકીને નિશાન મારવામાં, પટા ખેલવામાં, તરવામાં અને શિકાર કરવામાં આ છોકરાઓ ઘણા જ હુશિયાર હતા. બન્ને ભાઈ પોતાની વૃદ્ધ માતુશ્રીની આજ્ઞામાં રહીને તેઓ પોતાની પ્રજાને પેટનાં છોકરાંની પેઠે ગણતા.

પ્રજાપાળને ઘોડાનો ઘણો શોખ હતો. તેથી તે હમેશાં કાઠીઆવાડમાંનાં સારાં જનાવરોની ભાળ કાઢતો; એક વખતે ચોટીલા ગામમાં એક ગૃહસ્થને ઘેર તાજણ જાતનો એક વછેરો ઘણો જ સારો છે, અને તેને કોઈની નજર લાગે માટે ભોંયરામાં જ બાંધે છે, એવી ખબર મળી. કાઠીયાવાડમાં કાઠી, બારવટિયા વગેરે લોકો ઘણાં સારાં જનાવરો હોય તેને ભોંયરામાં જ રાખે છે. આ જનાવરોને આળોટવાને માટે રૂની તળાઇઓ પાથરેલી હોય છે. અને પેટના છોકરા કરતાં પણ તે લોકો પોતાનાં ઘોડાની વધારે તજવીજ રાખે છે, એ પ્રસિદ્ધ વાત છે. પ્રજાપાળે મુસાફર લોકોના મુખથી આ વછેરાની તારીફ સાંભળી, ત્યારથી તેને એમ થઈ ગયું કે, તે કયારે આપણી દૃષ્ટિએ પડે, અને તે શી રીતે મળશે ? તેના પોતાના ઘરમાં પણ સારાં જાતવાન્ ઘોડાં ઘણાં હતાં. તો પણ તેને કોઈ માણસ ચોટીલા તરફથી આવેલું મળે કે, તેને તે વછેરા સંબંધી પૂછ્યા વગર રહે જ નહીં, અને તે લોકોને મુખે તેનાં વખાણ સાંભળે, એટલે આખો દિવસ તેનો એ જ વિચારમાં જાય. તે વછેરો આપવા સંબંધી તેના ધણીને વાત કરવાની તેણે કેટલાક લોકોને ભલામણ પણ કરી હતી, પરંતુ તે વછેરો આપવાની તેના માલીકની મરજી જ નથી, એવો તેને જવાબ મળતો હતો. કોઈ પણ વસ્તુની આપણને ઈચ્છા થાય, એટલે તે મળતાં સૂધી મનને કાંઈ ચેન પડતું નથી. તે પ્રમાણે પ્રજાપાળની સ્થિતિ થઈ હતી.

રાજપાળ કપિલાષષ્ઠિના પર્વ ઉપર પોતાની વૃદ્ધ માતાની રજા લઇને ગોમતીસ્નાન કરવાને દ્વારિકા તરફ નીકળી ગયો હતો. તેથી કરીને તે પાછો આવ્યા શિવાય

વછેરો જોવામાટે જવાની પોતાની માતા પાસે રજા માગવાની અજાપાળની કેટલાક દિવસ સુધી હિંમત ચાલી નહીં. પરંતુ વછેરો જોવાની ઘણી જ ઉત્કંઠા થવાથી તેને કાંઈ ચેન જ પડયું નહીં, એવી જ્યારે તેની સ્થિતિ થઈ ગઈ, ત્યારે કેવળ નાઈલાજ થઇને અજાપાળે વછેરો જોવા જવાની પોતાની માતા પાસે કાલાંવાલાં કરીને રજા માગી; અને તેણે કેવળ નિરૂપાયે રજા આપી પણ ખરી. માતુશ્રીની પરવાનગી મળતાં જ તેણે ચોટીલા તરફ જવાની તૈયારી કરી. બે નોકર પોતાની સાથે લીધા, અને પોતે પોતાની માતાને પગે પડીને ઘોડા ઉપર બેસીને રવાના થયો. માતાએ ચક્ષુમાં આંસુ આવતાં 'ભાઈ! વહેલો આવજે.' એટલું જતી વખતે મહા દુઃખે તેને કહ્યું. છોકરાં જ્યારે માબાપને છોડીને દૂર જાય છે ત્યારે તેમનાં વૃદ્ધ માતા પિતાને જે દુઃખ થાય છે અને મનને માઠું લાગે છે તે તેમને જ ખબર! બીજાને તેની ગમ પડે નહીં!

અજાપાળે પોતાના વૃદ્ધ કારભારીને ઘર વગેરેની સર્વ વ્યવસ્થા રાખવાનું તથા પોતાની માતાના મનમાં કાંઈ ઓછું આવે નહીં એવી તજવીજ કરવાનું કહી દીધું હતું. ઘર બહાર નીકળતાં તેને એક કુંવારિકા કોરો ઘડો લઇને આવતી મળી. એ શુભ શુકન સમજીને ભાગળ સુધી પહોંચાડવા આવેલા નોકર ચાકર વગેરે સર્વેને આનંદ થયો; અને ફતેહ કરીને વહેલા આવજો એમ કહીને તેઓ પાછા ફર્યા. તે દિવસે તેણે દશબાર કોસની મજલ કરી. એ પ્રમાણે દર મજલ કુચ કરતાં ચોટીલા ગામથી દશબાર ગાઉના અંતર ઉપર આવી પહોંચ્યા. પોતાની સાથે આવેલા નોકર માણસને ઘોડા સાથે પાસેના એક ગામડામાં મૂકીને પોતે એકલા જવાનો તેનો વિચાર હતો તે પ્રમાણે તેમના ખાવા પિવાની તજવીજ કરીને પોતે પાછા આવતા સુધી તેમને ત્યાં જ રહેવાનો હુકમ આપ્યો. તેણે પોતાની કમરે પટાની સાથે તરવાર લટકાવી. થોડું ઘણું જરજવાહીર પણ સાથે બાંધી લીધું, અને તદન સાધારણ ખેડુત જેવાં કપડાં પહેર્યાં. જાડી ખાદીનો ચોયણો, ખાદીની જ બાંયબંડી અને માથે સાધારણ ફેંટો, એવા જાડા જંગલી પોષાકથી આપણને કોઈ ઓળખશે નહીં, એવી તેની ખાતરી થઇ. પછી નોકરોને કહી સમજાવીને તેણે રાત્રિને વખતે રસ્તો કાપવાનો આરંભ કર્યો. કોઈપણ કામ કરવું જ છે, એવો એકવાર મનનો નિશ્ચય થયો એટલે પછી તે કામ કરતાં ગમે તેટલાં સંકટો આવે તો પણ તેને માણસ તે ગણકારતો નથી. અજાપાળ ઉંચા બાંધાનો, ગૌર વર્ણનો, મજબૂત અને ગોળ ચહેરા ઉપર ફુટતી મુછનો તરુણ હતો. તેણે જાડાં જંગલી જેવાં કપડાં ઘાલ્યાં હતાં તથા હાથમાં રબારીના જેવી ડાંગ લીધેલી હતી; તો પણ તેનું મૂળનું સ્વરૂપ કાંઇ ઢાંકયું રહેતું નહીં.

અજાપાળ આવા વેશમાં આખી રાત ચાલતો આવ્યો. ચોટીલા ગામ નદીને પેલે પારથી દેખાવા લાગ્યું. તે વખતે સૂર્યોદય થયેલો નહીં, તો પણ માણસે માણસ દેખાતું હતું. તારાગણ નિસ્તેજ થતાં સંધિપ્રકાશ પડવા લાગ્યો હતો. પક્ષીઓ ઝાડ ઉપર કીલબલાટ કરી રહ્યાં હતાં. ગામની ભાગળ પાસે સુમતિ નદીનો આછો પ્રવાહ વહેતો હતો. ગામની બાજુએ નદીમાં ઘાટ બાંધેલા હતા. પરંતુ બેઉ બાજુને કિનારે થોડું થોડું મેદાન હતું. તે મેદાનમાં કેટલાક લોકો દાતણ કરતા બેઠા હતા. કેટલાક પોતાનાં કપડાં

કાંઠા ઉપર મૂકીને સ્નાન કરવા માટે પાણીમાં પડેલા હતા. બ્રાહ્મણો હાથમાં અર્ધ્ય લઇને સૂર્યનારાયણના ઉદયની રાહ જોતા હતા. અજાપાળે પોતાની સુરવાળ જરા ઉપર ચઢાવી અને નદીમાં છબછબું પાણી હોવાને લીધે તે ઉતરીને ગામ તરફ આવ્યો. લોકો નાહતા ધોતા હતા, તે જગાએથી જરા દૂર જઇને તેણે હાથ પગ ધોઇને મુખમાર્જન વગેરે કરી લીધું. રાતભર ચાલવાથી તેને થોડો થાક પણ લાગ્યો હતો; તેથી ત્યાં જ જરા સવારની થંડી હવા ખાતો બેઠો. ગામમાંની સ્ત્રીઓ અત્રે પાણી ભરવામાટે આવવા લાગી એટલે નદી ઉપર લોકોની ઘણી જ ભીડ થઈ. કેટલાક જણને તેણે ગામની હકીકત પૂછીને માહિતી મેળવી લીધી. આ ગામમાં શ્રીમાન્ કોણ છે, શાહુકાર કોણ છે, એ વગેરે હકીકત તેણે એક ઈસમને પૂછી ત્યારે તેને આ તરુણ તરફ જોતાં એમ આશ્ચર્ય લાગ્યું કે, આવાં રૂપવાન્ માણસો ગરીબ લોકોમાં પણ હોય છે ખરાં ! બીજો એક માણસ બોલ્યો કે, "તું કયાંનો રહેનાર છે અને આ ગામમાં શા કાંમે આવ્યો છે ?" તેણે વિનયથી જવાબ આપ્યો કે, "હું જાતનો કાઠી છું અને પેટ માટે અત્રે આવ્યો છું." આ પ્રમાણે તેનું બોલવું સાંભળીને તે માણસના મનને એમ થઈ આવ્યું કે, હીરો ઉકરડામાં પડ્યો હોય, તો પણ તેનો ચમકાટ કાંઈ ઓછો થતો નથી. તેણે પોતાનું મુખ ધોતાં ધોતાં જણાવ્યું કે-"ભાઈ ગામમાં જા, જે ચાર જાગીતા, ગૃહસ્થો હોય, તેમને મળી જો; ત્યાં કાંઇ ધંધે લાગીશ. હાલ તુરત મારી તેવી આયપત નથી. નહીં તો મેં પણ તને ખેતીવાડીના કામમાટે રાખી લીધો હોત." અજાપાળે તેને નમીને રામરામ કરીને સામાં ઝાડમાં દેખાતા ગામની વાટ પકડી. લોકો રસ્તેથી જતા આવતા હતા. ગામમાંથી ઢોરાંને પાણી પાવા જવાનો વખત પણ થયો હતો. એમ કરતાં તે ગામની ભાગળમાં આવી પહોંચ્યો. ભાગળમાં એક ચારે તરફ ચોતરો બાંધેલા પીપળાનું ઝાડ હતું. તેના ઉપર નાની નાની દેહરીઓ હતી; અને પાસે એક મહાદેવનું દેવાલય હતું. સાધુ વૈરાગીઓ આ ચોતરા ઉપર પોતાના હાથમાં ચીલમો લઇને ધૂમ્રપાન કરતા બેઠા હતા. અજાપાળે દેવળમાં જઇને દેવદર્શન કર્યાં. અને તે સાધુમંડળને નમસ્કાર કરીને તે તેમનાથી થોડે છેટે જઇને બેઠો. તે પોતે સુંદર પણ ગરીબ અવસ્થાનો લાગતો હતો. તેને લીધે જેમ કફલ્લગ પાસે કફલ્લગ આવે તો તે તેને ધુતકારે છે, તેમ તે લોકોએ તેને ધુતકારી કાઢયો. અને લાલ ડોળા કરીને કહ્યું કે, 'યે જોગી લોકોંકી જગા હૈ, મુસાફરખાના નહીં હૈ. ગાંવમેં ચલા જા.' તે ઉપરથી તેણે નમ્રતાથી ઉત્તર આપ્યો કે, "હું ગરીબ પરદેશી મુસાફર છું. હું તો સહેજ અમથો અહીંયાં બેઠો છું, માટે ગુસ્સે થશો નહીં મહારાજ ! જરા વાર પછી હું ગામમાં જ જાઉં છું." પણ એ ગરીબના બોલવા તરફ લક્ષ આપે છે જ કોણ? જે તે પોતાની ધૂણીઓ ચીમટાથી સંકોરીને ગાંજા, તમાકુ ભરવાની તથા પીવાની ધામધુમમાં હતા. તેમણે કોઇએ ફરીથી તેના તરફ નજર પણ કરી નહીં. આ સાધુ વૈરાગીઓની મંડળી પાસે બેસી રહેવામાં કાંઈ ફાયદો નહીં, એવો વિચાર આવતાં તે ઉઠયો. ગામમાં જઇશું તો કાંઈ જોવા જાણવામાં આવશે, એમ સમજીને તે આગળ ચાલ્યો.

પ્રકરણ ૧૬ મું

પરોણો

ચોટીલા ગામમાં પાંચસો સાતસો ઘરની વસ્તી હતી. તેમાં ઘણી ખરી કાઠી લોકોની જ વસ્તી વધારે હતી. તે શિવાય, ભાટ, બ્રાહ્મણ, વેપારી રોજગારી વગેરેના ઘરો પણ ઘણાં હતાં. એ ગામમાં સડકો બનાવેલી હતી નહીં, પરંતુ ઘરો એક ઓળે બાંધેલાં હતાં. રસ્તા સારા પહોળા મોટા હતા. ગામમાં ગાયો, ભેંશો અને ઘોડાં ઘણાં હતાં. ઘોડાંનો વેપાર અહિંયાં ઘણો ચાલતો હતો. ગામના નામ ઉપરથી કાઠીયાવાડી ઘોડાંઓમાં ચોટીલાની જાત વધારે વખણાતી હતી. ત્યાંના વેપારીઓ વછેરા અથવા વછેરીઓને સારા ખવરાવી પીવરાવીને તૈયાર કરતા અને વેચી મારતા. તોપણ તેઓ જાતવાન ઘોડાં વેચતા નહીં, પણ ઘરમાં રાખતા. અજાપાળ ગામમાં ગયો અને ચૌટામાં આવી પહોંચ્યો. તે જગાએ કેટલાક સોદાગર તથા બીજા કેટલાક લોકો ઘોડા જોવાની ગરબડમાં પડ્યા હતા. કોઈ ઘોડા ફેરવી જુવે છે તો કોઈ તેની ખોડ ખાંપણ નિહાળી જોતા હતા. આવો ઘોડાંનો બજાર જોતો તે ત્યાં જ ઉભો રહ્યો. ઘોડાના માલીક લોકોમાં એક વયોવૃદ્ધ ગૃહસ્થ, હમીર જસાજી નામનો સુમારે એંશી પંચાયશી વર્ષની ઉમરનો, સાડા છ સાત ફીટ ઉંચાઇનો ઉભેલો હતો. પાકેલા પાનના જેવો તેનો રંગ ગોરો તથા તેની દાઢી મુછો પાકીને ધોળી સફેત થયેલી હતી. તે હાથમાં ચાંદીનો હુક્કો લઇને પીતો પીતો આમ તેમ ફરતો હતો. તેનો નોકર બે ત્રણ વછેરાંને બાંધેલાં દોરડાં હાથમાં લઇને ફેરવતો હતો. કેટલીક વારે તેણે પોતાનો હુક્કો પીવાનું કામ બંધ કર્યું, એટલામાં એક ઘોડો નોકરના હાથમાંથી છુટી જતાં થોડા વખત સુધી બજારમાં મોટી ધાંધલ મચી રહી. ઘોડા ઘોડીઓ અને અલ્લડ વછેરાં વગેરેના ખુંખારા તથા લાતાળી શરૂ થઈ. આ તોફાનમાં ઘોડાના ધક્કાથી બે માણસો તો નીચે પડી ગયા. તે જ ઘોડો હમીર જસાજી પાસે પુરપાટ દોડતો આવ્યો. અને તેનો ધક્કો હમીર જસાજીને હમણાં લાગે છે, એટલામાં આપણા તરૂણ પ્રવાસીએ એકદમ દોડી પહોંચીને તે ઘોડાની રેન એટલી સફાઇથી પકડી લીધી કે, તે જોઇને ભેગા થયેલા સર્વે લોકો છક થઇને ટગર ટગર તેના તરફ જોત્તા લાગ્યા. ઘોડાએ બે વખત તોરમાં ને તોરમાં સખ્ત આંચકા મારીને છુટવાની તજવીજ કરી; પણ તેનું કાંઈ ફાવ્યું નહીં. લગામ જાણે હાથમાં જ છે. તેવી રીતે અજાપાળે પોતાના હાથમાંના સોટાથી ઘોડાને એવા બે ફટકા લગાવ્યા કે, તેનું તોફાન કરવાનું બંધ થઇ ગયું. ચારે તરફથી ભેગા થયેલા લોકોમાંથી 'શાબાસ, શાબાસ !' એવા એકદમ વાહવાહના અવાજ નીકળ્યા. હમીર જસાજીના મનમાં પણ આવ્યું કે, આજે આપણા ઉપર આવેલી આફત આણેજ ટાળી દીધી. બપોરનો વખત થયો હતો. વેપારી લોકો પોતપોતાના જનાવરો સોદાગર લોકોને તથા બીજાઓને આપવાનું ઠરાવવાની વાતો કરતા કરતા જૂદા જૂદા રસ્તા તરફ જવા લાગ્યા. હમીર જસાજીએ પ્રેમાળ દૃષ્ટિથી એ ગરીબ માણસ તરફ જોયું. વસ્ત્રાલંકારથી સ્વરૂપને સારી શોભા મળે છે, પરંતુ જો ચહેરો જ સારો હોય તો તે તરફ સ્વાભાવિક રીતે જ સઘળાનું લક્ષ જાય છે; કારણ કે લોહ-

ચુંબકના જેવી તેનામાં આકર્ષણશક્તિ હોય છે. આપણા પ્રવાસીના કપડાં જાડાં ખદ્દડ હતાં, તેમાં તેનું અંગ વાદળાંથી છવાયલા સૂર્યે પ્રમાણે થોડા વખતને માટે ઢંકાયલું હતું એટલું એ જ હશે. એ વૃદ્ધ ગૃહસ્થને અજાપાળે નમીને રામ રામ કર્યા. ત્યારે હમીર જસાજીએ પૂછ્યું કે, "તું કયાંનો રહેવાસી છે અને તારું નામ શું છે?" તેણે કહ્યું કે, "હું દ્વારિકા પાસેના એક ગામડાનો રહેનાર છું અને મારું નામ જયમલ છે." ધંધો શું કરે છે, એવું પૂછતાં જ, તેટલા જ માટે હું અત્રે આવેલો છું એમ અજાપાળે કહી દીધું. પછી તે બોલ્યા કે, તું ચાલ મારે ઘેર, એટલું કહીને તેઓ પોતાના ઘર તરફ ચાલવા લાગ્યા. અજાપાળ પણ તેમની પાછળ પાછળ ગયો. બે ખાંચા ઓળંગ્યા પછી એક મોટા રસ્તા ઉપર જ તેમનું ઘર હતું. ઘરની આગલી અડાળીમાં ઘોડાં બાંધવાની જગા હતી. અને અંદરની બાજુએ છુટી ખડકી હતી, તેમાં એક બાજુએ ઢોરાં બાંધવાની જગા હતી, અને બીજી બાજુએ નોકર ચાકરોને રહેવાનું હતું. ત્યાંથી આગળ ચાલતાં એક નાનો ચોક મૂકીને અંદર મોટો ચોક અને આજુ બાજુએ મેડા મથાળાવાળી જગા બાંધેલી હતી. તેના પાછલા ભાગમાં એક બારણું હતું. તે પરસાળ અને તેની પેલી તરફ ઓરડો હતો. ચોકની એક બાજુએ રસોડું હતું, અને બીજી બાજુએ બેસવા ઉઠવાની જગા હતી. ઓરડા પરસાળ તરફ બાયડીઓને રહેવાની જગા હતી અને તેની નીચે એક મોટું વિશાળ ભોંયરું હતું. જસાજી ડોસા ઘરમાં આવ્યા, બરોબર ઘરમાં એક પાટ પડેલી હતી, તેના ઉપર બેઠા. ચાકરે આવીને તેમના હાથમાંથી હુક્કો લીધો, અને તેમણે પોતાનાં કપડાં કાઢયાં. પોતાની સાથે આવેલા જયમલને તમારી સાથે જમાડજો એમ તે ચાકરને કહીને તેઓ ઘરમાં ગયા. તેમની સ્ત્રી ચંદાબા પણ તેમના જેવા જ પુખ્ત વયની હતી. હમીર જસાજીનો એક તીસ વર્ષનો છોકરો જામનગરના દરબારમાં સ્વાર ખાતામાં નોકર હતો, તે પોતાની નોકરી ઉપર જ હતો. ઘરમાં એક સોળ સત્તર વર્ષની કન્યા હતી. તેનું નામ રણસુંદરી હતું. એ પુખ્ત દંપતી જેવાં રૂપવાન્ હતાં તેવી જ બલ્કે તેના કરતાં પણ વધારે ચઢતી રૂપાળા છોકરી હતી. શરીર ગૌર વર્ણનું, નાક સિધું, ઓઠ પાતળા, કપાળ ગોહોળું, ભમરો કમાનદાર, વાળ કાળા ભમરા જેવા પુઠ સુધી લટકતા, કમર પાતળી અને હાથ લાબા હોવા છતાં બાપના જેવી તે બહુ ઉંચી નહીં હતી. તેનો બાંધો જેવો ભરાવદાર તેવી જ તેની વાણી શુદ્ધ અને સ્પષ્ટ હોવાની સાથે કંઠ કોમળ તથા મધુર હતો. જમવાની તૈયારી થયાનું તેણે પોતાના બાપને જણાવ્યું. જમી રહ્યા પછી બાપે કહ્યુ કે, "ઈશ્વરે આજે તે મોટી ખૅર કરી. ઘોડા નીચે આજ હું કચરાઈ જ ગયો હોત, પણ તે પ્રસંગ ટળ્યો." એ તેમનું કહેવું પુરું થાય છે એટલામાં તો છોડીના ચહેરા ઉપર એકદમ ભયનું અને લાગલું જ પોતાના પિતા ઉપરનું અરિષ્ટ ટળવા બાબત આનંદનું દિગ્દર્શન થયું. બાપાનો કેવી રીતે બચાવ થયો તે જાણવાની તેણે પોતાની આતુરતા જણાવી. જસાજીએ જણાવ્યું કે, "કાઈ એક ગરીબ માણસ ત્યાં જ ઉભેલો હતો, તેણે આ ા સફાઇથી ઘોડાને પકડી લીધો કે, ત્યાં ઉભેલા લોકોએ તેના ધૈર્ય તથા ચાતુર્યની ઘણી જ તારીફ કરી." એ સાંભળીને ચંદાબા બોલ્યાં કે, "ત્યારે પછી તેના ઉપકારનો બદલો આપણે આપવો જોઇએ. ગરીબ હોય માટે તેનો કાંઈ હિસાબ જ

નહીં, એમ થવું જોઇએ નહીં. એવું તો થાય જ નહીં, એવી મારી ખાત્રી છે; પરંતુ આ તો મેં મારા ધર્મ પ્રમાણે જણાવ્યું." તે ઉપર તેના સ્વામીએ કહ્યું કે, "તે નિરાશ્રિત તથા ગરીબ મનુષ્ય પોતાના પેટની વિવંચનામાં હતો. તેથી હું તેને મારી સાથે લઈ આવ્યો છું. આપણે ત્યાં નોકર ચાકરોમાં એને રાખીશું. અને તેની આ બહાદુરી બદ્દલ તેને કાંઈ બક્ષીસ પણ આપીશું." તે પછી ઠકરાણી કાંઈ બોલ્યાં નહીં; પરંતુ તે માણસને નજરે જોવાની તેમની ઇચ્છા થઈ. છોડીને તો જાણે તેને કયારે જોઉં, એમ જ મનમાં થઈ ગયું. તથાપિ પર પુરુષની દૃષ્ટિએ આપણાથી કેમ પડાય, એવું સમજીને તેને પોતાનો વિચાર પોતાના મનમાં જ રાખવો પડ્યો. અને પોતાની ઉત્કંઠા મહાદુ:ખે પરાણે દાબી રાખવી પડી. આ લોકોમાં કેવળ મુસલમાનના જેવો જ પડદા પોસનો રિવાજ નથી, તો પણ ખાનદાન ઘરની સ્ત્રીઓ પાણી ભરવાને અથવા બીજો કામ ધંધો કરવાને સહસા બહાર નીકળતી નથી; કેમ કે એવાં બહારનાં કામો કરવાને ઘરમાં નોકર ચાકરો હોય છે, તોપણ આ જાતમાંના ગરીબ સ્થિતિના લોકોની સ્ત્રીઓ ઘરનો સર્વ કામ ધંધો કરે છે.

બીજા નોકર ચાકરોની સાથે આ નવો નોકર પણ જમ્યો. તેના ઘરનું રોજનું ઉત્તમ પ્રકારનું અન્ન કયાં અને અહિંયાંનું શાક રોટલો તથા છાશનું જમણ કયાં? ઠકરાણીએ તેનો ઉપકાર મનમાં લઇને વધારામાં એક વાડકો ભરીને તેને દૂધ આપ્યું. ઘરમાંના કામ કાજની તેને સમજ પાડી. સ્વાર્થ સાધવા તરફ માણસનું લક્ષ હોય ત્યારે હલકાં કામો પણ તે ઉમંગથી કરે છે. જેને પોતાને ઘેર એવા કટલાક ખાસદાર હતા, તેને જાતે આજે ખાસદાર બનવું પડયું. આ ખાસદાર, તબેલા, ચારે તરફની ઓસરીઓ, ઢોરની ગમાણો અને ચોક વગેરેની ઝાડઝુડ કરતો, અને બીજા નોકરો પાસે પણ કરાવતો. વિશ્વાસ અને કાળજીથી કામ કરનારો નોકર બીજા નોકર ચાકરો કરતાં પહેલો ઘરધણીની નજરમાં આવે છે. આની રીતભાત અને કામ કરવાની સફાઈ જોઇને ઠાકોર તેના ઉપર ખુશ રહેતા, અને તેને લીધે જ દિવસે દિવસ તેના ઉપર વધારે વિશ્વાસ રાખવા લાગ્યા. બીજા નોકર ચાકરો કરતાં તેને વધારે કામ કરવું પડતું ખરું. પણ થોડા દિવસમાં જ તેણે પોતાના ગુણને લીધે આ એક આપણા ઘરનો જ માણસ છે, એવી ઘરધણીને અસર કરી દીધી. તેને ઘરનાં માણસોની સાથે જ હવે સારું જમણ મળવા લાગ્યું, અને બીજા નોકર ચાકરો તેના હાથ નીચે કામ કરવા લાગ્યા. પાછલા ઓરડા પરસાળની નીચે એક ભોંયરું છે, એમ પહેલાં એકવાર કહી ગયા તે પાંચ છ ખંડ જેટલું લાંબું હતું. તેની અંદરની ભિંતો સફેત ખડી અથવા માટીથી લીપેલી હતી. ભોંયરામાં હવા અજવાળું જવા માટે ઉપરના ભાગમાં જાળિયાં મૂકેલાં હતાં. તે જાળિયાં પશ્ચિમની અથવા દક્ષિણની હવા અંદર જાય, એવી રીતે મૂકેલાં હતાં. તો પણ તેમાં સારી રાતે અજવાળું જાય એવી કાંઈ તજવીજ હતી નહીં. તેને માટે ખાસ દિવા રાખવા પડતા હતા. ભોંયરામાં ઉતરવાનાં પગથિયાં એવાં ખુબીદાર હતાં કે, તે રસ્તેથી ઘોડાં સારી રીતે અંદર ઉતરી શકતાં હતાં. આ ભોંયરામાં જવાનાં બે બારણાં હતાં. એક ઘરમાંથી અને બીજું તેની બાજુએથી પાછલી તરફ નીકળવાનું હતું. આ પાછલી બાજુનો ભોંયરાનો રસ્તો સદાકાળ બંધ રહેતો હતો. એ ભોંયરામાં ઘોડાંઓ

માટે બે થાન કરેલાં હતાં અને તે શિવાયની જગા મેહેલ જેવી શણગારેલી હતી. ઘોડાનાં થાન તથા બાકીની જગાની વચમાં એક ખાદીનો પડદો બાંધેલો હતો. ઘોડાંઓને માટે પથારી તરીકે રૂની તળાઇઓ પાથરવામાં આવેલી હતી. પડદાની બાજુના શયનગૃહમાં ભાવનગરી પીતળની દીવી મુકેલી હતી; તેમ જ ઘોડા તરફ અજવાળાને માટે એક પીતળનું ચાડું લટકાવેલું હતું. આ બે દીવા રાત દિવસ બળતા રહેતા હતા. ઘોડાઓને ઘાસ નાંખવા માટે પથરાની ગમાણો કરેલી હતી તથા લાદ વગેરે કાઢી નાંખવા માટે એવી તજવીજ રાખેલી હતી કે, ત્યાં હમેશાં સ્વચ્છતા જ રહેતી હતી. મેહેલ જેવી જગામાંના પલંગ ઉપર બિછાનાં પાથરેલાં રહેતાં હતાં. ઘોડાઓની રાતબને માટે દૂધ ગરમ કરવાને અને હુક્કા વગેરેને માટે એક ખુણામાં શગડી સળગતી રાખવામાં આવતી હતી. થાન તરફની જગામાં ખુંટીઓ તથા વળગણી ઉપર ઘોડાનો સામાન વગેરે વ્યવસ્થાસર મુકેલો હતો. આળપાળે જે વછેરાનાં વખાણ સાંભળેલાં હતાં, તે વછેરો તેની મા સાથે આ ભોંયરામાં હતો. આ વછેરો ચોસર એટલે ચાર વર્ષનો થયેલો હતો. તેનો રંગ બગલાની પાંખ જેવો ધોળો હોવાની સાથે તે સાત વેંત ઉંચો હતો. તેની ગર્દન મયૂર જેવી ભરાવદાર છતાં કાન નાનકડા હતા. તેની ટીસીઓ ઉભી ને ઉભી રહેતી હતી. તેની યાળ છાતી સૂધી ભરાવદાર પડેલી હતી. વળી તેની પીઠ એટલી બધી પોહોળી હતી કે, ખોગીર વગેરે સામાન મુકયા શિવાય તંગ કસીને તેના ઉપર સ્વારી કરી શકાય. તેના અંગ ઉપરની રુવાંટી તેજસ્વી અને નરમ રેશમ જેવી હતી. તેના ડોળા દીવાની જ્યોત જેવા ચમકતા હતા, અને તેનો દેખાવ દેવાંશી અશ્વ જેવો સુંદર તથા મનોરમ્ય હતો. હમીર જસાજીનો તેના ઉપર પોતાના પેટનાં છોકરાં જેવો પ્રેમ હતો. આ વછેરાની તથા તેની માની ખાવા પીવાની તજવીજ રાખવાનું કામ તેમણે પોતાની દીકરીને તથા તેની માતાને સોંપેલું હતું. ગામમાં રાતના બીલકુલ સામસુમ થઈ ગયા પછી તેને થોડીવાર બહાર કાઢતા હતા. અર્થાત્ મા દીકરીના પહેરામાં સદાકાળ આ વછેરો રહેતો હતો. ઠાકોર ઠકરાણી જ્યારે રાતનાં સુઈ રહેતાં, ત્યારે દીકરી એકલી જ ભોંયરામાં સુઇ રહેતી હતી. એ સઘળી બાબતો પેલા તરૂણ નોકરના જાણવામાં આવી હતી. ભોંયરાની જગા તથા એ વછેરો અને તેના પાછલા બારણાની હકીકત તે હમીર જસાજી સાથે એકાદ વખત ભોંયરામાં ગયેલો ત્યારે જોવામાં આવી હતી. ઘણા સહવાસને લીધે હમીર જસાજીનું મન તેના તરફ લાગ્યું હતું, એટલું જ નહીં પણ ઘરમાંનાં ઠકરાણી અને રણસુંદરીને તેના ખુબસુરત ચહેરા તરફ જોઈને એમ લાગતું હતું કે, રૂપ તથા ગુણનો કાંઇ જાત ઉપર આધાર નથી, પણ તે ગરીબ તવંગરમાં સરખી રીતે જ વહેંચાયલાં છે. આજ જો સારો કુળવાન તથા શ્રીમંત હોત તો તે કન્યા દેવાને યોગ્ય હતો. તથાપિ પેહેરવેશ ઉપરથી તે ગરીબ કુટુંબનો અને હલકા કુળનો દેખાય છે, તેથી કાંઈ ઉપાય નહીં. એવા એવા વિચારો રણસુંદરીની માતાના મનમાં આવતા હતા.

હવે તેનું મનમોહક સ્વરૂપ જોઇને જ રણસુંદરી તો તેના ઉપર ફિદા થઇ ગયેલી હતી; પરંતુ તેના તરફ પેટ ભરીને નિહાળી જોવાની પણ તેને ઘણીખરી અનુકૂળતા જ મળતી નહીં. હરહમેશ તે પોતાની માતા પાસે જ હોય, એટલે નોકર ચાકરોના

સંબંધની કાંઈ વાત બીલકુલ પોતાના ઓઠ બહાર કાઢી પણ શકાય નહીં. તો પણ તેના સંબંધી વિચારોમાંજ તેનો બધો વખત જતો હતો. તેમ છતાં એવો કોઈ વખત મળે ત્યારે તેના તરફ નેત્ર ભરીને નિહાળી જોવાને તે ચુકતી જ નહીં.

પ્રકરણ ૧૭ મું
સામી તૈયારી

વાઘેરોએ દ્વારકા તથા બેટનો કિલ્લો હસ્તગત કરી લીધો છે અને ગાયકવાડ સરકાર તરફના લશ્કર તથા અમલદારો તેમ જ સઘળા ઇતર લોકોને હાંકી કાઢ્યા છે, એવી ખબર વડોદરે પહોંચતાની સાથે જ એકદમ ત્યાંથી મદદને માટે પલટણના બસો ગારદી તથા બસો ઘોડેસ્વાર લશ્કર રવાના કરવામાં આવ્યું. પરંતુ તેનો હિસાબ શું? એટલાથી કાંઈ વાઘેર લોકોને હરાવીને બંદોબસ્ત કરવાનું કામ બની શકે જ નહીં. તથાપિ વડોદરાની રેસિડેન્સીને આ વાઘેરોના હુલ્લડનો બળવો સમાવી દઈને બંદોબસ્ત કરવાનું શ્રીમંત ગાયકવાડ સરકારે જણાવ્યું હતું. તે ઉપરથી તા. ૯ ઑગસ્ટને દિવસે કૅપ્ટન બાર્ટન વડોદરા કાંપમાંથી લશ્કર લઇને તે તરફ ગયા. તેવી જ રીતે તેમની સહાયતામાટે અમદાવાદમાંથી કર્નલ વુડબર્નને પણ પોતાના લશ્કર સાથે વિદાય કરવામાં આવ્યા હતા. તેમણે કાઠીઆવાડમાં દાખલ થતાં જ બળવાખોરોનું તથા બીજા તાલુકદારો વગેરેનું ચલણ વલણ બંધ કરી દીધું. તેમ જ લોકોના જવર અવર ઉપર અંકુશ રાખ્યો. તે લોકો પોતાનાં લશ્કર લઇને રાજકોટ આવ્યા. તેમણે કાઠીઆવાડના પોલીટીકલ એજન્ટ સાહેબ સાથે મસલત કરી. તેમની મારફતે ચારે તરફ નાકેબંદીની તજવીજ કરી, તથા બીજી ઘણી રીતની મદદનો બંદોબસ્ત કર્યો, એટલું જ નહીં પણ કેટલાક વિશ્વાસુ બાતમીદારો રાખવામાં આવ્યા. કાઠીઆવાડના પોલીટીકલ એજન્ટ સાહેબને પણ આખા કાઠીઆવાડમાં બારવટિયા વગેરે લોકોએ લુટફાટ વગેરેથી કાળો કેર વરતાવી મુકયો હતો, તેનો તાકીદે બંદોબસ્ત કરવાની મોટી ફરજ આવી પડી હતી. સઘળા સંસ્થાનિકોને પોતપોતાના રાજ્યમાં સખ્ત બંદોબસ્ત રાખવાની તથા વખતોવખત ખબર આપવાની તાકીદ આપવામાં આવી હતી. અર્થાત્ આ સમયે જ્યાં જુવો ત્યાં કાઠીઆવાડના દરેક ભાગમાં ફીકરમંદી ફેલાઈ રહી હતી.

ઉખામંડળના સર્વ સત્તાધિકાર કૅપ્ટન બાર્ટન સાહેબને સોંપી દેવા અને શિબંદી વગેરે જેટલી ગાયકવાડ સરકારની ફૉજ હોય તે સઘળી તેમને સ્વાધીન કરવી તથા સઘળાએ તેમના હુકમ પ્રમાણે ચાલવું, એવો નારાયણરાવ રઘુનાથ વહિવટદાર ઉપર શ્રી. ગાયકવાડ સરકાર તરફથી પરભાર્યો ખાસ હુકમ આવેલો હતો. તે પ્રમાણે કૅપ્ટન બાર્ટન સાહેબે તે લોકો પાસેથી સઘળું સમજી લીધું અને વખતો વખતના હુકમ થવા લાગ્યા. તેમાં પ્રથમ તો એક ખાસ જાહેરનામું કાઢ્યું. રાજકોટ, જામનગર, અમદાવાદ, વડોદરા અને ગાયકવાડ સરકાર તરફનાં લશ્કરો ભેગાં થઇને વિદાય થયાં. ડિસાની છાવણીમાંથી પણ લશ્કરી મદદ મોકલવામાં આવી. બીજી બાજુએ મુંબઈ

ખાતેથી લડાયક આગબોટો રવાના કરવામાં આવી હતી. તે પણ આવીને દાખલ થતાં દ્વારકા તથા સલાયા બંદર દરમ્યાન થોભી હતી. પગ રસ્તેથી આવતું લશ્કર પણ આજ વખતે ત્યાં આવી પહોંચ્યું, તોપખાનાં પણ આવી લાગ્યાં અને સર્વ તૈયારી થઈ. દરિયાઈ આરમારમાંથી તોપોના આઠ બાર કરવામાં આવ્યા. તે સાંભળીને વાઘેર લોકો ચમકયા અને સાવધ થયા. આ વખતે જોધા માણેક બેટમાં હતા. તેમને ત્યાંથી એકદમ બોલાવ્યા અને ચારે તરફથી લશ્કર આવી પહોંચવાની ખબર આપી. જોધા માણેકને સઘળી તૈયારીઓ સાથે લશ્કરો આવી પહોંચવાની થોડા વખત પેહેલાંજ ખબર મળી ચુકી હતી, અને આખા કાઠીઆવાડમાં નાકે બંધી થયાનું પણ જાણવામાં આવ્યું હતું. તે વખતે જોધા માણેકે દ્વારકામાંના લોકો પાસેથી માણસદીઠ અઢી કોરી લઇને તેમને ગામ છોડી જવા દેવાનો ઢંઢેરો ફેરવ્યો હતો. જેને પોતાનો જીવ બચાવવો હોય તેણે નીકળીને નાસી જવું, એવો વાઘેરોની સરકારનો હુકમ થયો. તે વખતે ચારે તરફના વાઘેરો દ્વારકાધીશની ભેટ માટે ભેગા થયા હતા. અને ઘણાખરા પોતાના કુટુંબ કબિલા સાથે આવ્યા હતા. તેઓ કેસરિયાં કરવા જેવા પ્રસંગમાં આવી પડ્યા. કેટલાક વાઘેર કહેવા લાગ્યા કે, ચારે કોરથી લશ્કર આવ્યું છે, તેમાં શું થઈ ગયું! આપણે હજારો ભાઇઓ અત્યારે ભેગા થયા છીએ. જો કદાચ આપણે હિંમત રાખીશું તો બધા લશ્કરને પાછું હઠાવીને હરાવી દેઇશું. આપણે આપણા વાઘેર કુળની લાજ નહીં સાચવીએ તો પછી દુર્દશામાં જીવીને શું કરવું છે? જેઓ પોતાના વંશજોનું અભિમાન નહીં રાખે તેઓને ખરા વાઘેર બચ્ચા નહીં જ સમજવા. દ્વારકાનું રાજ્ય અનાદિકાળથી આપણું છે. કાળાંતર પેહેલાં શ્રી-કૃષ્ણ ભગવાન્ દ્વારકાધીશ થઈ ગયા. તેઓ આખા જગતમાં દેવ તરીકે પૂજાય છે. આપણે પણ તે જ યાદવકુળમાંથી ઉત્પન્ન થયેલા વાઘેરો છીએ, અને આપણો જ દ્વારકા તથા ઉખામંડળના રાજ્ય ઉપર હક છે. હવે આપણે આપણું રાજ્ય સંપાદન કરેલું છે તે પાછું ગુમાવવું જોઇએ નહીં. વખત આવ્યો છે કે આવશે, માટે કોઇએ નાહિંમત થવું નહીં, અને પોતાના બાહુબળથી વિજય મેળવવો, એ જ ખરું છે. આવી રીતે જ્યારે કેટલાક વાઘેરો શુરભર્યા બોલતા હતા, ત્યારે કેટલાક મનમાં વિચાર કરતા હતા કે, આ સઘળી વાતો ખરી છે પણ તેનો કાંઈ આ કાળ નથી. એવી આપણે જુના જમાનાની વાતો કરીએ, અને તે પ્રમાણે વિચાર કરીને આખરે પોતે જ પોતાનો સંહાર કરી લઇએ, તેમાં કોણ ના કહે છે? તો પણ એકંદરે આપણે પુખ્ત વિચાર કરવો જોઇએ. સામી બાજુએ કેવી તજવીજો થયેલી છે, એ તો બાતમીઓ ઉપર બાતમીઓ ચાલી આવે છે, તે ઉપરથી જણાય જ છે. આવા આવા ઠામેઠામ વાત વિચારો થઈ રહ્યા છે તથા વાઘેરોમાં ઉથલપાથલ ચાલી રહેલી છે. આ ગામના તથા આજુબાજુના ઈતર લોકોમાં ભયંકર ગભરાટ ફેલાઈ રહેલો છે. જે હોય તે અઢી કોરી આપીને નાસી છુટ્યા અને કેટલાક તો જે બનવાનું હશે તે બનશે. કોઈનાથી કાંઈ મિથ્યા થાય તેમ નથી. એવી રીતે નિરુપાય તથા નિરાશ થઇને પણ કેટલાક લોક બેસી રહ્યા. આ પ્રકારે સાધકબાધક અનેક પ્રસંગો તથા વાત વિચારો લોકોમાં ફેલાઈ રહેલા હતા તેમ જ દોડધામ એક સરખી ચાલી રહી હતી.

નારાયણરાવ રઘુનાથ તરફથી બેટ તથા દ્વારકાનો અધિકાર સંભાળી લઇને તેજ વખતે કૅપ્ટન બાર્ટન સાહેબે એક જાહેરનામું બહાર પાડેલું હતું. તેમાં એવી રીતે લખવામાં આવ્યું હતું કે,—"શ્રીમંત ગાયકવાડ સરકારે ઉખામંડળની સર્વ હકુમત ઇંગ્રેજ સરકારને સોંપી દીધેલી છે. સબબ તોફાન નહીં કરતાં તમારામાંથી જે આગેવાન પટેલ હોય, તેમણે અમારા તરફ હાજર થવું. આ લોકોને અમારા તરફથી કોઇ પણ પ્રકારની હરકત કરવામાં આવશે નહીં. દ્વારકા તથા બેટના કિલ્લા વગેરે જગાએ જેવી રીતે તમને હસ્તગત થયાં છે તેવી જ રીતે લુંટ સુદ્ધાં તમારે અમારા સ્વાધીન કરવાં. તમારી જે કાંઈ તકરારો હશે તે સર્વ સાંભળી લઇને તેની રીતસર તપાસ કરીને બંદોબસ્ત કરવામાં આવશે."

આ જાહેરનામું વાઘેર લોકોના હાથમાં આવ્યું, પરંતુ તે તેમાંથી કોણ વાંચી બતાવે? લખવા વાંચવાનું કામ તે બિચારાઓએ પોતાના બાપ જન્મારામાં પણ કરેલું નહીં. તેમણે તુરત જ પોપટિયા ઈંદર તથા હિરાશેઠને વાંચવા માટે બોલાવ્યા, પરંતુ તે લોકો એ જાહેરનામું વાંચીને તેમાંની કાંઈ મતલબ વાઘેર રાજમંડળીને સમજાવી શકયા નહીં. હવે શું કરવું, એવા વિચાર કરતાં તેમણે નવાનગરથી ખાસ એક રૂામજી નામના વકીલને બોલાવ્યો. તેણે આવીને એ જાહેરનામું તે લોકોને વાંચી સંભળાવ્યું અને સારી રીતે સમજાવ્યું. સર્વ હકીકત સાંભળીને ત્યાં ભેગા થયેલા લોકો પૈકીના કેટલાક કહેવા લાગ્યા કે,—'શું? તેઓ આપણને આવી રીતે બીક બતાવે છે કે શું? એકવાર એકબીજાનો સામનો તો થવા દ્યો. તેમનાં હાડેહાડ નરમ કરી નાખીશું.' વળી કેટલાક બોલી ઉઠયા કે, "તેમનામાં કાંઇ દમ નથી, માટે તો આવા સંદેશા ચલાવવા માંડ્યા છે." પછી મુળુ માણેકે જણાવ્યું કે, "જોધાભાના આવ્યા બાદ તેમની સલાહ પ્રમાણે જવાબ આપીશું." છેવટે સર્વાનુમતે તેમ જ ઠર્યું. કેટલાક એવી વાતો કરવા લાગ્યા કે, "ઈંગ્રેજોનું રાજ્ય ગયું. પેશ્વાએ તેમને હિંદુસ્તાન બહાર હાંકી કાઢયા છે. તેમની હવે શું બિશાદ છે? તેઓ આપણને શું કરી શકવાના છે? વખત આવે આપણે પણ એ બધાને નસાડી મુકીશું." આવા પ્રકારની જુદી જુદી વાતોચીતો ચાલે છે, એટલામાં જોધા માણેક પણ આવી પહોંચ્યા. તેમની પાસે પેલું બાર્ટન સાહેબનું જાહેરનામું વાંચીને સંભળાવ્યું. તે ઉપરથી વિચાર કરીને જોધા માણેકે પોતાનો એવો અભિપ્રાય આપ્યો કે, "તેઓ જો આપણાં ગામગિરાસ રીતસર આપતા હોય તો સમજુતીથી સમાધાન કરવું, એ વધારે સારું છે. વિના કારણે એક બીજાનાં લોહી રેડાય, તેમાં કાંઈ માલ નહીં. હસી ખુશીથી જેવું સારું કામ થાય છે તેવું સામનો કરવાથી થતું નથી. વળી એકવાર લડાઈમાં ઉતર્યા; એટલે પછી છેવટે કેવું પરિણામ આવે, તે કાંઇ કહી શકાય નહીં. તેથી આ વખતે પહેલો વિચાર કરવો એ વધારે સારી વાત છે. એવી મારી તો સલાહ છે."

આટલા વખતમાં ત્યાં સેંકડો વાઘેરો ભેગા થઈ ગયા હતા. આગેવાનો પણ બધા આવી પહોંચ્યા હતા, અને સઘળા લોકો હવે જોધા માણેક શું અભિપ્રાય આપે છે તે સાંભળવાને આતુર થઈ રહ્યા હતા. ઉપર પ્રમાણે જોધા માણેકનું બોલવું પુરું થતાની સાથે જ ત્યાં એક સરખી ગરબડ ચાલી રહી. તે વખતે જગન્નાથ વાઘેરે

જણાવ્યું કે, "પ્રથમ આપણે શું વિચાર કરીને બહાર પડ્યા છીએ, અને અત્યાર સુધી તેનું કેવું પરિણામ આવ્યું છે, તે સઘળાના જોવામાં આવેલું જ છે. આપણે આપણી બેટ દ્વારકાની રાજ્યગાદી મેળવી છે. દ્વારકાધીશ પણ આપણા ઉપર પ્રસન્ન થયા છે અને આપણા સઘળા ભાઇઓ પણ સેવામાં હાજર થઈ ચુકયા છે. આ વખતે દ્વારકાધીશે જ ન્યાય કરી દીધો છે કે, પરાપૂર્વથી બેટ દ્વારકાનું રાજ્ય યાદવકુળનું છે અને આપણે યાદવકુળમાંથી જ ઉત્પન્ન થયેલા વાઘેરો છીએ, માટે તે આપણું રાજ્ય આપણને જ મળવું જોઇએ. તેમ જ તે રાજ્ય આપણે જ ચલાવવું જોઇએ એવી દ્વારકાધીશની પણ ઇચ્છા છે. તે પ્રમાણે આપણે આ રાજ્ય સર કરી ચુકયા છીએ. હવે આવા નજીવા જાહેરનામાની બીવરામણીથી હાથમાં આવેલું સર્વસ્વ ગુમાવીને હતા તેવા ભિખારી થઇને બેસવું, એ શૂરા વાઘેરોનું કર્તવ્ય નથી. આપણે ઘણા કાળ સુધી એવી સ્થિતિમાં દુ:ખ વેઠતા આવ્યા છીએ અને હવે આવેલું સુખ આપણે હાથે કરીને ગુમાવીએ તો તેમાં આપણી જ અપકીર્તિ છે. એવી અપકીર્તિ લઇને પાછા જેવાના તેવા થવું, તેના કરતાં રણમાં લડીને સ્વર્ગે જઈ બેસવું, એ વધારે સારું છે. આપણા પૂર્વજોએ કદી પણ પાછી પાની કરી નથી, તેને માટે મહાભારત વગેરેમાં મોટી કથા વર્ણવેલી છે. શ્રીમદ્ ભાગવત અને શ્રીભગવદ્ગીતા વગેરે ગ્રન્થોમાં કરેલો ઉપદેશ જો આપણે યાદ કરીએ તો પછી આપણે કોઈ પણ પ્રકારનો વિચાર કરવાની જરૂર જ નથી. કૃષ્ણ ભગવાને કૌરવ પાણ્ડવ જેવા ભાઇઓ ભાઇઓને સામસામા લડવામાં કાંઈ બાધ નથી, એવો આગ્રહ કરેલો છે, તો અત્યારે આપણી અવશ્યે લડાઈ કરવાની જ ફરજ છે. કદાચ સામા ઈંગ્રેજો અને ગાયકવાડ સરકારનાં લશ્કરો આવેલાં છે, તોપણ કાંઈ ગભરાવાનું કારણ નથી. તેમનું અહિંયાં શું લાગે છે? અને તેમનાથી શું થવાનું છે? જો આપણે બધા દેશી ભાઇનો એક સંપ થાય તો તેઓ શી ગણતરીમાં છે? તેમને વચમાં ડહાપણ ડાહ્યા થવાની જરૂર જ શી? તેમનો આપણે સંબંધ શો? તેમની આપણે શામાટે મોટાઈ માનવી જોઇએ? તેઓ સરતો કરી સમજાવે છે, પણ એવાં કાગળનાં ચીંથરાંને કોણ પૂછે છે? આપણે તો ધ્રાસણવેલના વડ નીચે જે ઠરાવ થયો અને આજ સૂધી તે પ્રમાણે ફતેહ મેળવતા આવ્યા છીએ, તેમાં કાંઈ ફેરાફર કરવાનું કારણ નથી. આપણી પાસે તોપો તથા દારુગોળો પણ છે. વળી સારાં ભાગ્યે વાઘેર નામે બધા ભેગા થયેલા છીએ, તે બધા બહાર પડતાં સામા લશ્કરના માણસોનો એક એક તુકડો પણ હાથમાં આવવો મુશ્કેલ છે. માટે હિંમત રાખવી અને રણમાં પાછાં પગલાં કરવાં નહીં, એ જ આપણું કર્તવ્ય છે. તેને માટે આપણો એક પણ વાઘેર કાયર નીવડશે નહીં, એવી મારી પક્કી ખાતરી છે. બોલો શ્રી દ્વારકાધીશકી જય!"

આ ઉપરથી સઘળા વાઘેરોના મુખ ઉપર તેજી આવી અને જયઘોષ ગાજી રહ્યો. દેવા માણેક, સુજુ માણેક વગેરે પણ તે મતને મળતા થઇને જોધાભાને ઘણી ઘણી રીતે હિંમત આપી તથા બધાના જીવ નહીં દુ:ખાવાનું કહ્યું. એ સઘળું સાંભળીને જોધા માણેકે હસતાં હસતાં જણાવ્યું કે, "ભલે! તમને ફાવે તેમ કરો; પણ મને તો એમજ

લાગે છે કે, આ પાછો યાદવાસ્થળી થવાનો વખત આવ્યો છે. જે બનશે તે ખરું. હું પણ તમારા ભેળો જ છું. મારે કાંઈ ના કબુલ કરવાનું કારણ નથી."

આવી રીતે વાઘેરો દરિયાને વાયરે ચઢયા હોય, એવા વાતો કરતા તે વખતે વેરાઈ ગયા. બેટમાંના વાઘેરોએ મોરચા બાંધ્યા. બેઉ બાજુ તરફથી લડાઇની તૈયારીઓ ચાલી. ફિરોઝ નામની ત્રીજી લડાયક આગબોટ બેટની સામી બાજુએ આવીને ઉભી રહી. આ સઘળી વાઘેર લોકોની ધામધુમ શ્રાવણ શુદ પડવાથી તે ભાદરવા મહિનાની આખર સૂધી ચાલી. વાઘેર લોકો જાતે શૂરા, મજબુત, સાહસિક તથા બળવાન્ હતા, તેની સાથે જ જો તેમની પાસે વિદ્યાનું પુર જોર હોત તો આ ધામધુમનું પરિણામ કાંઈ જુદા જ પ્રકારનું આવ્યું હોત, એમાં કાંઈ સંશય જ નહીં. આ દેહ મૂળમાં તે જાતે જડ પદાર્થ છે. તેનું હલન ચલન ચૈતન્ય શિવાય થઈ શકતું નથી. તેવી જ રીતે વિદ્યા શિવાય એકલા શૂરાતનથી કાંઈ રાજ્યકાર્ય થઈ શકતાં નથી. તેને માટે બીજા કેટલાક ગુણોની આવશ્યકતા રહે છે. તેને માટે શક્તિ સરસ્વતી અને લક્ષ્મી, એ ત્રણેનો સંયોગ થવો જોઇએ. કદાપિ શક્તિને લીધે લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે તથાપિ સરસ્વતી શિવાય તે ચિરકાલ પર્યંત ટકી શકતી નથી, એ સ્વાભાવિક છે.

પ્રકરણ ૧૮ મું

પ્રેમી યુગલ

આપણે જે હેતુથી અત્રે નોકર રહ્યા, તે વછેરો તો આપણા જોવામાં આવ્યો પરંતુ હવે તેને ત્યાંથી કેવી રીતે લઈ જવો, એ પ્રજાપાળને મોટા વિચારની વાત થઈ પડી હતી. વળી વછેરા કરતાં પણ વધારે રૂપવાન તથા ગુણવાન સ્ત્રી નજરે પડી છે. તેથી એકલા વછેરાને લઇને જવાના તેના વિચાર બદલાયા. તેનું લાવણ્ય તથા એકંદર રીતભાત જોઇને તેને એમ જ થઈ જાય કે, અત્રે નોકરી કરીને તેનું મુખ જોતાં જ હમેશાં બેસી રહીએ તો સારું, આવી સ્ત્રી આપણા આખા જન્મારામાં જોવામાં આવી નથી. આ તો ખરેખરું રત્ન જ છે. તથાપિ ત્યાં પેલા નોકરો આપણી વાટ જોતા હશે. વળી આપણી માતા પણ આપણે માટે ફીકર કરતી હશે. એ વગેરે બાબતોનું તેને કાંઈ ભાન જ રહ્યું નહીં. આ સ્ત્રીને આપણે કેવી રીતે મેળવી શકીશું? તેને માટે શું યુક્તિ કરવી જોઇએ? તેનું મન આપણા તરફ શી રીતે વાળવું? તે આપણી સાથે આવવાને કેવી રીતે તૈયાર થાય? તેને માટે આપણે શીશી તજવીજો કરવી જોઇએ? કેવી કેવી યોજનાઓ કરવાથી આપણી ધારણાઓ પાર પડે? એવા એવા અનેક પ્રકારના વિચાર તરંગમાં તેના ઘણા દિવસ નીકળી ગયા. કોઈવાર તેના મનમાં એવા પણ વિચાર આવે કે, જે જગાએ આપણે નિમકહલાલીથી નોકરી કરી, અને જે

ધણીએ આપણા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો તથા આપણુને આશ્રય આપીને પોતાને ઘેર પોતાનાં છોકરાંની પેઠે રાખ્યો, તે જગાએ આપણે આવું કૃત્ય કરવું યોગ્ય નથી. તેની સાથે વળી એવી રીતે ઘોડાને ચોરી જવામાં કાંઈ પુરુષાર્થ નહીં, એવા વિચારો તેના મનમાં આવવા લાગ્યા. આવા આવા અનેક પ્રકારના વિચારતરંગોથી તેનું મન ગુંચાઈ ગયું, અને કોઈ પ્રકારની સૂઝ સમજ કાંઈ પડે નહીં. છેવટે એકાદ એવી સંધિ મેળવીને રણસુંદરીની ભોંયરામાં જ એકાંત મુલાકાત લેવી. એટલે તેનો આપણા ઉપર કેવો પ્રેમ છે, તે પણ જણાઈ આવશે. એમ કરતાં જો તે આપણું કહ્યું માનશે, તો તે બેઉ બાબતો સહેજમાં સાધી શકાશે. આવો એક વિચાર તેના મનમાં આવ્યો. પાછું તેના મનમાં એમ લાગવા માંડયું કે, આપણે જ્યાં ત્યાં ગમે તેમ કરીને એકવારકા જાણે ભોંયરામાં તો જઈએ, અને જો તે આપણું કહ્યું માને નહીં તો, આપણી ફજેતી થઈ જાય અને એકદમ અહિંયાંથી નાસી જવું પડે, એમાં કાંઈ અંદેશો જ નહીં. એટલે એક પણ કાર્ય થાય નહીં. એ વાત તો ઠીક છે. પણ જો આવે પ્રસંગે તે સ્ત્રી આપણું કહ્યું માને નહીં તો તેના ઉપર હથિયાર ઉચકવું યોગ્ય ગણાય કે નહીં? છટ! તેમ તો કદી બને જ નહીં. એવી રીતે સ્ત્રીહત્યા કરવી, એ આપણું ભૂષણ નથી. આવા પ્રકારની એક પછી એક એમ અનેક કલ્પનાઓ થતાં તે થોડો નિરાશ થઈ ગયો. પણ પાછું તેના મનમાં એમ પણ આવ્યું કે, રણસુંદરી તરફ આપણે જ્યારે જોઇએ છીએ ત્યારે તે પોતાની નજર ચોરે છે. તેને લીધે નેત્રો મર્યાદશીલપણાથી લજવાતાં દેખાય છે અને જો આપણે તે વખતે બીજા કોઇની સાથે વાત કરતા હોઇએ તો તે આડી નજરે આપણા સામું જોઇને ગાલમાં ને ગાલમાં જ હસે છે. ત્યારે આવી સઘળી ચેષ્ટાઓ ઉપરથી તે કદી પણ આપણને પ્રતિકૂળ નીવડે નહીં, એ જ વાત ખરી. આવા આવા અનેક પ્રકારના વિચાર કરીને છેવટે તેની કોઈ પણ રીતે એકાંત મુલાકાત લેવી, એવો પોતાના મન સાથે નિશ્ચય કર્યો. તેનું મન મેળવી લેવું અને તેની પાસે આપણી સાથે આવવાનું કબુલ કરાવવું, ઘરધણીની પરવાનગી લઈ મુકવી, અને પહેલેથી નક્કી કર્યા પ્રમાણે તે ઘોડા સાથે પાછલે બારણેથી બહાર આવે, એટલે આપણે તેને ઘોડા સુદ્ધાં લઇને ચાલ્યા જઇએ. એવી રીતે જો બને તો ચોરીનું આળ આવે નહીં કેમકે તેની પોતાની મરજીથી તેને આપણે લઈ જઇએ. અને તેની સાથે લગ્ન કરીએ તેના જેવું બીજું કાંઈ સુખ જ નથી, એવો તેણે પોતાના મન સાથે ઠરાવ કર્યો કે, બીજે દિવસે તેને એવી ખબર પડી કે, હમીર જસાજી આજુબાજુના કોઇ નજીકના ગામડે જવાના છે. તે ઉપરથી તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે, જ્યારે ઠાકોર બહારગામ જવાના છે ત્યારે આજ રાત્રે ચંદ્રાબા તેમની ખટપટમાં રહેશે અને રણસુંદરી ભોંયરામાં એકલી જ હશે. તેથી તેણે એ જ સંધિ સાધવાના હેતુથી પોતાનું સઘળું કામ સંધ્યાકાળ પહેલાં પરવારી લીધું. રોજની પેઠે તે જમી પરવાર્યા પછી પોતાની પથારી કરીને સુઈ ગયો. રાત અંધારી હોવાથી ચારે તરફ કાળું ઘોર અંધારું પડયું હતું. ઠાકોર ઠકરાણી પોતાની સુવાની જગાએ ગયાની તેણે બરોબર ખબર રાખી. તે શિવાય બાકી બધા નોકર ચાકરો ભરનિદ્રામાં ઘોરતા પડ્યા હતા. પછી તે પોતાના પગનો પણ અવાજ થાય નહીં, એવી રીતે હળવે રહીને તબેલામાં ગયો. એક લાંબું

મોભિયું તેણે પોતાના હાથમાં લીધું. અને તે છાપરા સાથે ટેકાવ્યું. તેને આધારે તે છાપરા ઉપર ચઢી ગયો અને પોતાની પગરવટથી બીલકુલ અવાજ થાય નહીં, એવી રીતે ત્યાંથી તે મોભિયું લઇને પાછલા ચોક તરફ ગયો. ત્યાં પાછું ફરીથી તે મોભિયું મુકીને છાપરેથી તે ચોકમાં ઉતરી પડયો ત્યારે પછી તે મોભિયું ચોકમાં એક બાજુએ મુકી દીધું અને પરસાળનું બારણું હળવેથી ઉઘાડીને ભોંયરા તરફ ગયો. ત્યાં જઇને જુવે છે તો ભોંયરાના દ્વારને અંદરથી સાંકળ વાસેલી હતી. ધીમે રહીને તેણે તે દ્વાર મહા જોરે ચણિયારામાંથી ખસેડીને બાજુ ઉપર કર્યું, સાંકળ ઉઘાડી અને તે અંદર ગયો. વળી પાછું બારણું ચણિયારામાં ચઢાવી દીધું અને અંદરની સાંકળ લગાડી દીધી.

હવે પોતે જાતે બાહેર હતો, શૂરવીર હતો અને બળવાન્ પણ હતો ખરો: તથાપિ આ કામ ઘણું જ નાજુક હતું. તે જગાએ કાંઈ બળનું અથવા શૂરાતનનું કામ હતું નહીં. તેથી જો તેની મરજી નહીં હોય તો હમણાં જ અહિંયાંથી પોબારા ગણવા પડશે, અગર જેવો પ્રસંગ આવે તેવું વર્તવું પડશે, એવા ભયભરેલા વિચારોથી તેના પગ થરથર કાંપવા લાગ્યા. અંગમાંથી ઘામ છુટચો. તેમ છતાં જીવને જરા કઠણ કરીને ભોંયરાનાં પગથિયાં ઉતરવાનો તેણે આરંભ કર્યો. અંદરની બાજુએ જુવે છે તો બે દીવા બળી રહ્યા છે અને ધુપની સુવાસ ચારે તરફ આખા ભોંયરામાં ફેલાઈ રહેલી છે. ઘોડાંઓ ઉપર ગુલો ઓશઢેલી છે અને વછેરાં રૂની ગાદીઓ ઉપર સુઈ રહેલા છે. તે પ્રથમ ધીમે રહીને પડદા પાસે ગયો અને પડદો બાજુએ ખસેડીને જુવે છે તો તે સુંદર કુંવારિકા પલંગ ઉપર પોઢેલી છે. તે વખતે તેણે પોતાની કમરેથી તરવાર ખસેડીને એક હિરાનો હાર હતો તે પોતાના ગળામાં ઘાલ્યો અને બ્ડીતો તે પલંગની પાસે ગયો. આ સમયે બરોબર બે પોહોર રાત ગઇ હતી. પાનસોપારીની તાસક પલંગ નીચે મુકેલી હતી. દૂધનાં તપેલાં શગડીઓ ઉપર ઉકળતાં હતાં, એટલે એકંદરે સઘળી સારી વ્યવસ્થા દેખાતી હતી. તેણીના અંગ ઉપરનું વસ્ત્ર ઉંઘને લીધે અવ્યવસ્થિત થયેલું હોવાને લીધે તેના સુકોમળ અવયવો સારી રીતે દેખાતા હતા. તેના કાળા ભ્રમર જેવા લાંબા વાળ ઉશિકા ઉપર અને પથારીમાં વેરાતા પડેલા હતા. તેના આવા સુંદર અવયવોનું નિરીક્ષણ કરતાં નેત્રો તદ્દન ચકિત થઇ ગયાં. હવે તેને હાથ અરાડીને જગાડવી કે હાંક મારવી ? અથવા કાંઈ બીજી તજવીજ કરીને તે જાગી ઉઠે તેમ કરવું ? એવા એવા વિચારો તેના મનમાં આવવા લાગ્યા. તે વખતે કેટલીક સ્ત્રીઓની નિદ્રા બહુ જ જાગૃતિવાળી હોય છે, એમ તેને સાંભરી આવ્યું. તે ઉપરથી તેણે તેના ઉશિકા તરફ નજર કરી તો ખુંટી ઉપર બે ત્રણ તાડના પંખા લટકતા હતા. તેમાંથી તેણે એક પંખો લઇને જરા ધીમે રહીને થોડો થોડો પવન તેના અંગ ઉપર જાય, એવી રીતે હલાવવા માંડચો. ભોંયરામાં હવા આવવા જવાને માટે સારાં જાળિયાં હતાં, તો પણ દીવાઓની તથા શગડીની ગરમીથી ઘણો તાપ લાગતો હતો. પંખાનો પવન લાગતાં બરોબર તેને જરા સારું લાગતું હોય, એમ તેના ચેહેરા ઉપરથી સ્પષ્ટ જણાઈ આવ્યું. તો પણ તેણે ઉંઘમાંને ઉંઘમાં જ આ પાસા ઉપરથી તે પાસા તરફ વળતાં પાલવવડે ગળામાંનો ઘામ લુંછી નાંખ્યો. પરંતુ પાછી પવનની લહેર આવતાં તેણે પોતાનો શ્વાસ મોકળો છોડ્યો, અને તે ભરનિદ્રામાં પડી. હંમેશાં

જે વિચારો માણસના મનમાં ઘોળાતા હોય, તે જ પાછા સ્વપ્નમાં પણ આવે છે. તે પ્રમાણે પોતે પાછી પોતાના મનમાં બબડવા લાગી, અથવા લવરી કરતી હોય તેમ બોલી કે, હું હવે મોટી થઈ છું માટે મારા બાપા મને કોઈ પાંચ સાત બાયડીઓ-વાળા વૃદ્ધ ધણીના ગળામાં તો ઘાલશે નહીં! તેમને કદાચ પોતાની દીકરી કોઈ મોટાના ઘરમાં પડે તો સારું, એટલી જ માત્ર ચિંતા હશે; પરંતુ તેમાં મને શું સુખ મળે વારુ? મોટા રાવ, રાણા કે ઠાકોર વિગેરે પોતાની રાણીઓની સાથે કોઈવાર મળે અથવા ના પણ મળે! ત્યારે એવા સુખને સુખ જ કોણ કહે? એટલું બોલીને તે જરા ચુપ-સ્તબ્ધ થઈ ગઈ. વળી પાછી તે લવરી કરતાં બોલી કે,—ના, ના, તેના કરતાં તો બાપા કોઈ ગરીબને ઘેર મને દેશે તો વધારે સારું. હમણાં બાપાએ જે નવો નોકર રાખ્યો છે, તે ઘરમાં હરેફરે છે. શું તેનું રૂપ કાંઈ કમી છે? તેના શરી-રનો બળવાન્ બાંધો કેવો મજાનો દેખાય છે? પરંતુ તે ગમે તેવો હોય તોપણ નોકર જ કહેવાય! એ તેમને કેમ પસંદ પડે? કાલે બાપા જવાના છે તે કાંઈ આવા જ કામ માટે જતા હશે! પરંતુ મને ક્યાં એવાં સ્થળ પસંદ પડે તેમ છે! કામકાજ કરતાં કરતાં તે ત્રાંસી નજરે મારા તરફ કેવી ચતુરાઇથી જુવે છે! વળી બીજા કોઈની સાથે વાતો કરતાં પણ કેવી ખુબીથી બોલે છે કે, જેથી મને આનંદ થાય છે! માથાનો ફેંટો ગમે તો મેલો તો પણ એટદાર હોય છે! બધો કામ ધંધો કરવો પડે છે, પણ કેટલી સ્વચ્છતા રાખે છે! બીજા બધા નોકરો છે, પણ તે ગધેડાની પેઠે જ્યાં હોય ત્યાં આળોટતા પડે છે. હશે; પરંતુ ક્યાં આ મનોહર સુંદર મૂર્તિ અને ક્યાં પેલા અફીણની લેહેરમાં ગુંગ થયેલા રાવ, રાણા તથા ઠાકોર ઠકરાતો? વાહરે મારા જયમલ, જયમલ! એવી રીતે બોલીને તેણે મોટો નિસાસો નાંખ્યો, અને પાછું બીજી બાજુએ પાસુ બદલ્યું. આ સઘળા સ્વપ્નના વિચારો પ્રત્યક્ષ પ્રજાપાળના સાંભળવામાં આવ્યા. તે ઉપરથી જેવી રીતે આપણો પ્રેમ આ મનમોહના ઉપર છે, તેવી જ રીતે તેનો પ્રેમ પણ આપણા ઉપર છે, એવી તેની ખાતરી થઈ એટલે તેને થોડી ધીરજ આવી; અને હવે તેને જગાડવામાં કાંઈ હરકત નથી, એમ લાગ્યું. તે ઉપરથી તેના પલંગ ઉપર જઇને બેસવું, તેના વિખ-રાયલા વાળ ભેગા કરવા અને તેનો પરસેવો લોહી નાંખવો તથા પંખાથી વા ઉરાડવો, એવા ઈરાદાથી તે પાસે ગયો. તથાપિ આજસુધી જેની સાથે એક શબ્દ પણ બોલવાનો પ્રસંગ નથી, તેની સાથે પરિચય શિવાય આપણે એકદમ જે છાતી ચલા-વીએ છીએ તે ઠીક નહીં. એમ લાગવાથી તે જરા ખમચાયો. આવી રીતે અજાણી-ઓના અંગને એકદમ સ્પર્શ કરવો, એ નાનકડાં બાળકને શોભે અથવા કોઈ લફંગો માણસ હોય તે એવું કામ કરે! આવા તેના વિચારતરંગોએ ડગમગાવી દેતાં તેને પરસેવો છુટયો. પોતાના રુમાલથી તે પરસેવો લોહી નાંખીને તે પોતાને પવન ઉરાડવા લાગ્યો. વળી પાછો પંખો પલંગ ઉપર મુકયો, પણ તે પલંગ ઉપ-રથી નીચે પડી ગયો. તેથી તેનો ખડંગ, એવો અવાજ થયો. તેની જ સાથે તે એકદમ ચમકી. ઝટ પલંગમાં બેઠી થઈ અને જુવે છે તો જેનું ધ્યાન, ધારણા તથા મળવાની અપેક્ષા આપણે કરીએ છીએ, જેને હમણાં જ આપણે સ્વપ્નમાં જોયો

તેજ જયમલ જુદા જ સ્વરૂપમાં આવીને આજે આપણી પાસે ઉભો છે. તેની કમરે તરવાર લટકી રહેલી છે. ગળામાં કપડાની અંદરથી હિરાનો હાર દીવાના પ્રકાશને લીધે ચમકી રહેલો છે. એ કામમૂર્તિ જોતાની સાથે જ તે ગભરાઈ ગઈ તથા ચટ પલંગમાંથી ઉઠીને ઉભી થતાં મર્યાદાથી લાજ કાઢીને પોતાનું મુખ તેણે સંતાડયું. જયમલ આવો હિમતવાન હતો તથા હમણાં જ સ્વપ્નમાં તેના મુખમાંથી નીકળેલા પોતાના સંબંધના વિચારો તેણે જાતે સાંભળ્યા હતા, તો પણ દેશ રિવાજ પ્રમાણે તે એકદમ ઉઠીને ઉભી રહેવાથી પરિચય શિવાયની કુળવાન્ સ્ત્રીની પાસે એકાંત સ્થળમાં, અને વળી તેનાં માબાપની પરવાનગી વગર ચોરા છુપકીથી જનારની વધારે હિંમત કેમ ચાલે? શરીર ઉપરનાં રોમે રોમ ઉભાં થઈ ગયાં. આંખે અંધારાં આવ્યાં. તો પણ તે આપણા સામી ઉભી છે. વળી આપણા આમ ઓચિંતા આવાને ઉભા રહેવા માટે કાંઈ તેણે પોતાની નાખુશી પણ બતાવી નહીં; તેથી તેને જરા ધીરજ આવી. બેઉજણાં સૂક્ષ્મ દૃષ્ટિથી એક બીજાના સામું જોતાં ઉભાં રહ્યાં. છેવટે જયમલે પોતાની ચુપકી છોડી દીધી. અને જણાવ્યું કે, "સુરપુરના સુરા જોધાણીનો હું મોટો દીકરો છું. મને ઘોડાનો ઘણો જ શોખ છે. તેથી મેં તમારે ત્યાના ભોંયરામાંનો વછેરો જોવામાટે નોકરી કરવા માંડી છે. નોકરચાકરના જેવાં જાડાં તથા ગમે તેવાં કપડાં મેં પેહેરેલાં છે, તો પણ હું એક જાગીરદાર છું. આ વછેરાને નિમિત્તે આવતાં તમારાં પણ દર્શન થયાં; તેને લીધે મને ઘણો જ સંતોષ થયો છે. આપનાં પ્રેમ કટાક્ષને લીધે તથા પ્રેમભાવને લીધે જ આ હલકી નોકરી કરવામાં પણ મને બહુ જ આનંદ થાય છે. હવે જતાં પેહેલાં એકવાર આપની મુલાકાત લેવાનો મનમાં દૃઢ સંકલ્પ કરેલો હતો અને તેવો યોગાનુયોગ મળવાની જ હું રાહ જોતો હતો. આજે મહા મહેનતે તેવો યોગ આવ્યો છે. તોપણ તમારી રજા શિવાય તમારા શયનગૃહમાં ચોરની માફક દાખલ થયો છું. તમારા સ્વપ્નના અમૃત જેવા મધુર શબ્દો અકસ્માત્ મારે કાને પડ્યા છે. તેને લીધે મનનો હેતુ સફળ થવાના અંકુરો વધવા લાગ્યા છે. આપના તરફથી મારા પ્રયત્નને કાંઈ પણ પ્રકારનો પ્રતિબંધ થયો નહીં. તેને લીધે એ અંકુરોને જરા જોર મળતાં વૃક્ષરૂપે હું આ કલ્પલતિકાની સામો ઉભો છું. તેનાં ફળો વેલીનાં પુષ્પોને લીધે સુવાસિક થાય તો સારું."

આવી રીતે અજાપાળનું પ્રેમદર્શક બોલવું સાંભળીને સુંદરીની છાતી ભરાઈ આવી. ચંદ્રના જેવી તેની કાંતિ જોઈને વિચાર તરંગ ઉછળવા લાગ્યા. પ્રિયદર્શનને લીધે અંગ ઉપરનાં રોમાંચ ઉભાં થયાં. તે પોતાના પગના અંગુઠાથી જમીન ખોતરવા લાગી. એકદમ લાજ આવવાથી કિવા મર્યાદાને લીધે તેની એક સરખી દૃષ્ટિ જમીન તરફ જ લાગી. આ વખતે હૃદયમાં શું થાય છે તે કાંઈ સમજ પડે નહીં. આખું શરીર ઘામ ઘામ થઈ ગયું. પાસે ખુંટી ઉપર લટકાવેલો પંખો તેણે પોતાના હાથમાં લીધો; પરંતુ તે પંખો હલાવવાની પણ કાંઈ શુદ્ધિ રહી નહીં. અજાપાળે પલંગ પાસે પડેલો પંખો પોતાના હાથમાં લીધો અને બન્ને જણને પવન આવે, એવી રીતે હલાવવા લાગ્યો. જ્યારે કાંઈ જવાબ મળે નહીં ત્યારે તેની તેવી મરજી છે, એમ સમજવું. એવા વિચાર અજાપાળના મનમાં આવે છે, એટલામાં તેના

મનોવિકાર જાગૃત થયા. હાથમાંનો પંખો નીચે પડી ગયો. જરા આધું ઓઢીને લાજ કાઢી હતી તે બાજુ ઉપર કરીને ખુલ્લે મુખે જોવા લાગી. સારી રીતે નેત્ર ભરીને તેણે તેને નિહાળ્યો. તે વખતે બેઉની નજર એક થતાં તેઓ એક બીજાના સામું એકી નજરે જોઈ રહ્યાં. તે દરમ્યાન તેના મનમાં એવું આવ્યું કે, એકદમ જઇને તેમને બાઝી પડું અને બાથ ભીડીને ખુબ ભેટું. આવી રીતનું પ્રેમ સ્ફુરણ થયું ખરું, પરંતુ લાજ આવવાથી મન તથા શરીર કાંઈ આગળ ચાલે નહીં. આપણે સાધારણ અવસ્થાનાં માણસ છીએ અને એ સારા મોટા ખાનદાનના જહાગીરદાર છે. વળી તેમનું લગ્ન પણ થયેલું હશે. કદાચિત્ તેમનો પ્રેમ આપણા ઉપર કામ પુરતો જ હશે તો કોને ખબર? એવા એવા અનેક વિચારો તેના મનમાં ઘોળાવા લાગ્યો. પહેલાં તો તે તેના તરફ ઘરના એક ચાકર તરીકેની દૃષ્ટિથી જોતી હતી. પરન્તુ હવે તો તેના ખાનદાન કુળના સંબંધમાં પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થઈ. છેવટે તેણે મહામહેનતે ઘણી હિંમત કરીને પોતાના કોમળ કંઠવડે તેમને પલંગ ઉપર બેસવાની મધુર સ્વરે વિનંતિ કરી. ભુખ્યાને અન્ન, રોગીને ઔષધ અને કામી પુરુષને મન માનતી સ્ત્રી મળે તો પછી તેને લીધે જેવો આનંદ થાય છે, તેવો આનંદ બીજી કોઈ રીતે થતો નથી. તેમાં આ તો એક સાહસ કર્મના પરિશ્રમનું આવું પરિણામ આવેલું જોઇને તેને અનહદ આનંદ થાય, એમાં કાંઈ નવાઈ નથી. તેના આવા પ્રેમમાધુર્યના અમૃત જેવાં વચનો સાંભળીને તેની છાતી આનંદના આવેશમાં ભરાઈ આવી. કામવિકારથી તેના અંગમાં નવું જ સ્ફુરણ આવ્યું અને તે તત્કાળ તેની પાસે ગયો. તેણે પોતાના ડાબા હાથથી તેની કમર પકડીને બાથમાં લીધી, તથા જમણે હાથે તેની હનવટી ઝાલીને જે દૃષ્ટિ એક સરખી જમીન તરફ લાગી રહી હતી તે તેણે પોતાના તરફ ફેરવી અને બેઉ હાથે સામી બાથ ભીડી. આ પ્રકાર તેને અતિપ્રિય લાગતાં તેણે પણ પોતાના બન્ને હાથ પોહોળા કરીને બાથ ભીડતાં હાસ્યવદને છાતી સાથે છાતી ભિડાવતાં પ્રેમાલિંગન કર્યું, એટલે અજાપાળ તેની હનવટી ઉંચી કરીને પોતાના ઓઠવડે તેનું અધરામૃત પાન કરવા લાગ્યો. સુંદરીનો એક હાથ તો અજાપાળની કમરે વિંટાયલો હતો અને બીજે હાથે જાણે ચુંબન કરવા ન દેવું હોય તેમ જરા મુખ ફેરવ્યું. આ સમયે બેઉ જણે અરસપરસ દૃઢાલિંગન કર્યું. ત્યાર બાદ તરત જ ચટ વેગળાં ખસીને તેણે પલંગ નીચેથી પાન સોપારીની તબક બહાર કાઢી અને શગડી ઉપર જે દૂધ ગરમ થતું હતું તેમાંથી એક પવાલું ભરી લઇને તેમાં સાકર નાખી હલાવીને તેમના હાથમાં આપતાં પોતે પાન બનાવવા લાગી અર્થાત્ ઇચ્છિત કામદેવની તેણે મનોભાવથી પ્રેમાલિંગનવડે પૂજા કરતાં નૈવેદ્ય તરીકે દૂધ આગળ ધર્યું. યથાભિરુચિ બન્ને જણે તેમાંથી પ્રાશન કર્યું. પાનની બીડી પણ તેણે તૈયાર કરીને તેમના મુખમાં આપી. મનનો પડદો એકવાર ખુલ્લો થાય એટલે ભિન્ન ભાવ જતો રહેતાં બન્ને તદાકાર જ થાય છે. હશે; તે પછી તેણે પોતાના વિચાર સુંદરીને ટુંકામાં કહી દીધા. તેને સર્વ પ્રકારે તેના તરફથી અનુમોદન મળ્યું. આજથી ત્રીજી રાત્રે પાછલે રસ્તેથી હું તને તેડવા આવીશ. તે વખતે તાળું ઉઘાડીને ભોંયરાનું પાછલું બારણું ઉઘાડું રાખજે; મારા આવ્યા પછી ઘોડા ઉપર સામાન કસીશું; અને બન્ને વખતસર સાથે નીકળીને આપણે ગામ ચાલ્યાં જઇશું. એવી રીતે ઠરાવ થયો.

આ મુલાકાત વખતે પ્રજાપાળે પ્રેમથી પોતાની વિંટી તેના હાથમાં ઘાલી. ત્યારે રણસુંદરીએ પણ પોતાની મોહોરની વિંટી તેમના હાથની આંગળિયે પેહેરાવી. આ વખતે પાછલી રાત પણ પૂરી થવા આવી હતી. અરૂણોદયની લાલી આકાશમાં કાંઇક લકીર મારવા લાગી હતી. બન્ને જણે પાછાં વળી વળીને પ્રેમાલિંગન કર્યાં, સુંદરીએ ભોંયરા બહાર જઇને બધાં બારણાં ઉઘાડ્યાં. તેણે પેલું પોતાની સાથે આણેલું મોભિયું બહાર લઈ જઇને મુકયું. સુંદરી પણ પાછી સાંકળો વાસીને ભોંયરામાં ગઈ. ઘરમાં સર્વ સામસુમ હતું અને બધાં ઘરનાં માણસો ઘોરતાં અથવા ઉંઘતાં હતાં. પ્રજાપાળ પોતાની નિત્યની પથારી ઉપર જઇને પડ્યો. તેણે પોતાનાં અસલનાં કપડાં કાઢી નાંખીને પાછાં ચાકરનાં કપડાં પેહેરી લીધાં. સઘળા ચાકરો નિદ્રામાં હતા. કુકડા બોલવા લાગ્યા એટલે બધાને જગાડીને કામ ધંધે લગાડ્યા, અને પોતે પણ નિત્ય નિયમ પ્રમાણે કામકાજ કરવા લાગ્યો.

પ્રકરણ ૧૯ મું
બેટ ઉપર હલ્લો.

મુંબઇ સરકારને વડોદરાના રેસિડેન્ટ સાહેબે ખબર આપ્યા પ્રમાણે દરિયાઈ લશ્કરની આગબોટો પણ બેટ તથા દ્વારકા તરફ આવીને થોભેલી હતી. બેટ બાજુની આગબોટ સામે હાજી કરમાણી પાસે વાઘેર લોકોએ મોરચો બાંધ્યો. બન્ને તરફથી તોપોની શરૂઆત થઈ, તો પણ બ્રિટીશ આરમાર તરફના નિયમિત મારાથી વાઘેર લોકો પાછા હઠ્યા; અને હાજી કરમાણી સુધી દરિયાઈ આરમારનો ધસારો થયો. વાઘેર લોકોએ વળી તુરગી બારામાં મોરચાબંધી કરી. ફરીથી પાછો સામસામો તોપોનો ધડીમાર શરૂ થયો. ફિરોજ નામની ગંજાવર આગબોટ પાછી મદદ માટે આવી પહોંચી. તે આગબોટ ઉપરથી દુર્બિન લગાડીને ઈંગ્રેજો સામેની સઘળી તજવીજો જુવે છે, એટલામાં વાઘેર લોકોએ ફિરોજ આગબોટ તરફ જ તોપનું નિશાન તાક્યું! પરંતુ તે તોપ બરોબર ગોઠવેલી નહીં હોવાથી અને તેની શકિતનો અંદાજ વાઘેર લોકોના જાણવામાં નહીં હોવાથી ગોળાના ધક્કાને લીધે તોપ ઉથલી પડી; તેથી ધારેલું નિશાન બરોબર લાગ્યું નહીં. આગબોટમાંથી તો પછી તોપનો મારો શરૂ થયો અને તેનો ધડીમાર સહન નહીં થવાથી વાઘેર લોકો વહાણોમાંનો પોતાનો મોરચો છોડીને બેટના કિલ્લામાં આવી પેઠા. આસો શુદ ૬ થી ૮ સુધી આ જલસંગ્રામ ચાલેલો હતો. શુદ ૯ ને દિવસે તેમણે બેટના કિલ્લામાંથી તોપો તથા બાણ મારવાનું કામ સપાટાબંધ ચલાવ્યું. આખો દિવસ તેમણે એ આગબોટોને આગળ આવવા દીધી નહીં. રાત પડી એટલે આગબોટ ઉપરથી તોપોના ગોળા આવતા બંધ થયા. તોપણ વાઘેર લોકો રહીને તોપો તથા બાણનો મારો ચલાવતા હતા. આસો શુદ ૧૦ (દશરા)ની સવારના સાડાનવ વાગ્યા સુધી તો તેઓ ટકાવ કરી રહ્યા, પરંતુ તે પછી આગબોટો જરા આગળ આવતાં તેનો એક સરખો મારો શરૂ થયો એટલે વાઘેરો કાયર થઇને ગભરાયા. તેમણે પોતાના તરફથી સંધિ કરવા માટે વાઘેલા દેવા છબા-

લઈને ડોનેલ સાહેબ પાસે મોકલ્યા. આ વખતે ડોનેલ સાહેબ કિનારા તરફ આવતા હતા. તેમને દેવા છબાણીએ જણાવ્યું કે, વાઘેરો બેટનો કિલ્લો તમને સ્વાધીન કરે છે અને તેમને પોતાનાં હથિયાર સાથે જવાની પરવાનગી આપો. તેના જવાબમાં સાહેબે સ્પષ્ટ જણાવ્યું કે, હથિયારો સોંપી દ્યો અને અમારે તાબે થાઓ તો તમારો બચાવ થશે. દેવા છબાણી વાઘેરોને પૂછીને એક અર્ધા કલાકમાં ખુલાસો કરવાનું કહીને પાછા આવ્યા. આટલા વખત સુધી આગબોટોમાંનો તોપોનો મારો બંધ હતો, તે પાછો મુકરર કરેલા વખતમાં જવાબ નહીં આવતાં એક સરખો ભડીમાર શરુ થયો. અઢી વાગ્યા સુધીમાં તેમણે ગોળાનો વરસાદ વરસાવી મુકયો. તે સુમારમાં કિલ્લા તરફથી તોપના ગોળા છુટતા બંધ થયા. તે ઉપરથી દરિયાઈ લશ્કરનું જોર વધી પડતાં તેઓ બેટને કિનારે આવીને ઉતર્યા; અને મુંબઈમાતાની જગા સુધી આવી લાગ્યા. તેઓ પશ્ચિમ દિશાના બુરજ તરફ કોટની બાજુએ સિડીઓ લગાડીને ઉપર ચઢવા લાગ્યા. આ વખતે કિલ્લાની અંદરનો દારુ ગોળો પૂરો થઈ ગયો હતો. તેથી મંદિરમાંનું સોના ચાંદીનું નાણું એક તોપમાં ગોળાની જગાએ ભરીને હુમલો કરનારા દરિયાઇ લશ્કર તરફ તે તોપ ફોડી. તેને લીધે દરિયાઇ લશ્કરના ઘણા લોકો પડ્યા. તોપણ તેમણે સિડીઓ લગાડીને હુમલો કરવાનું કામ ચાલુ રાખ્યું. એ તરફના બુરજમાં પાંચ વાઘેરો હતા, તેમાંથી ત્રણ તો નાસી ગયા. આ વખતે ગોરિયાના ગિગલાએ તથા કુંભાજગતિયાએ કિલ્લા ઉપરથી લશ્કરમાં પડતું મુકીને એવી તરવારો ચલાવી કે તેથી ઘણા સોલજરો જમીનદોસ્ત થઈ ગયા. તેમની તરવારની બહાદુરી જોઇને સોલજરો હબક જ ખાઇ ગયા. તેમણે બકરાંની પેઠે સોલજરોને કાપવાનું કામ સપાટાબંધ ચલાવ્યું હતું. તેમાં તેમને પણ કેટલીક ગોળીઓ તથા સંગિનો લાગેલાં હતાં. આ વખતે તેમના વાઘના જેવા લાલચોળ થયેલા ભયંકર ડોળા જોઈને સોલજર લોકોના તો ગાળા જ ગળી ગયા અને તેઓ ચારે તરફ જીવ લઈને નાસવા લાગ્યા. તથાપિ એ શૂરા વાઘેરોએ તેમનો પિછો છોડ્યો નહીં અને મારતા મારતા પાછળ પડ્યા. ઘણા સોલજરોનો ઘાણ કાઢી નાંખ્યો તથા તોબા પોકરાવી દીધી, એટલામાં તેમના તરફ એક સરખો બંદુકનો ગોળી બહાર થયો. તેમનાં શરીર ચાળણીની પેઠે વિંધી નાંખ્યાં. તેથી તેઓ નીચે પડી ગયા અને તત્કાળ મરણ પામ્યા. એ બે બહાદુર વાઘેરોના મારાથી દરિયાઈ લશ્કરને પશ્ચિમ બાજુએથી દક્ષિણ તરફ નાસી છુટવું પડયું તોપણ વળી તેમણે પાછું દક્ષિણ બાજુએથી કિલ્લા ઉપર ચઢવા માટે સિડીઓ ગોઠવવા માંડી અને તે બુરજ ઉપર હુમલો કર્યો. તે વખતે એ જગાએ કોઈ પણ માણસ હતું નહીં; તો પણ તેમના કોઈ ખાસદારે, દેવા છબાણીએ સમયે ઉત્તર તરફના કિલ્લા ઉપર હતો, તેને જઇને ખબર આપી. તાબડતોબ તે પાંચ સાત માણસો લઇને ત્યાં આવી પહોંચ્યો. તે વખતે ઇંગ્રેજ સિપાઇઓ સિડીઓ ઉપર ચઢવા લાગ્યા હતા. તે સિડીઓના છેડા કોટ ઉપર લાવીને અરાડ્યા હતા, તે તેમણે ઉથલાવી પાડીને કોટ ઉપર ચઢનારાઓને નીચે નાંખી દીધા. લશ્કરમાંથી કિલ્લા ઉપર બંદુકોનો મારો ચાલવા લાગ્યો. તેને લીધે એક બે વાઘેરો જખમી થયા, તો પણ વાઘેરોએ સામી તાકીને બંદુકો મારવા માંડી તેથી ટપોટપ સોલજરો પડવા લાગ્યા.

અને હાહાકાર થઈ રહ્યો. આવા તેમના નિશાન બંધ મારાથી કિલ્લા પાસે હુમલો કરવા આવેલા લશ્કરને કિનારા તરફ પાછા હઠવું પડ્યું. દેવા છબાણીએ પાછળથી બંદુકોનો એવો મારો ચલાવ્યો કે, તેમને નાસતાં ભોંય ભારે થઈ અને સઘળા જીવ લઇને નાઠા. તોપણ કેટલીક બાજુએથી કોઈ કોઈ વાર કિલ્લા ઉપર બંદુકની ગોળીઓ આવતી હતી. દેવા છબાણીને પણ કેટલીક ગોળીઓ લાગવાથી તે છેવટે ધરણી ઉપર ઢળી પડ્યો. સાનભાન રહ્યું નહીં અને થોડી વારમાં તે મરણ પામ્યો. એ જોઇને બાકીના વાઘેરો ગભરાઈ ગયા. આગેવાન કોઈ ત્યાં રહ્યો નહીં તેથી તેમની હિંમત ભાંગી ગઈ. તેઓ ઘણા જ દિલગીર થઈ ગયા અને પોતાનાં હથિયાર છોડી દીધાં. એટલું જ નહીં પણ તેમણે જઇને વાઘેર મંડળીને ખબર આપી.

આ સમયે એક પોહોર રાત ગઈ હતી. દરિયાઇ લશ્કરનાં માણસો કિલ્લાની પશ્ચિમ તથા દક્ષિણ બાજુએ હુમલો કરીને માર ખાતા પાછા હઠી ગયા, અને છેવટે નાસીને આગબોટો ઉપર જતા રહ્યા હતા. તેને લીધે કિનારા ઉપર સઘળું સામસુમ દેખાતું હતું. વાઘેર લોકોએ ભેગા થઇને પોતાના મરી ગયેલા શૂરવીરોનાં શબ એકઠાં કર્યાં. તેમને બાળવા માટે મંદિરમાંથી ચંદનનાં લાકડાં કાઢ્યાં. ચિતાઓ ખડકી અને મડદાં બધાં બાળી દીધાં. તે પછી વિચાર કર્યો કે, હવે અહિંયાં રહેવામાં કાંઈ માલ નથી. કાલે જો આપણે રહીશું તો બધા માર્યા જઇશું; માટે અત્યારે ચાલ્યા જવું, એ જ વધારે સારું છે. આવા વિચારથી છેવટે તેમણે પોતાની મેળે કિલ્લાના દરવાજા ઉઘાડા મૂક્યા. અને ત્યાં જેટલા વાઘેરો હતા, તે બધા નીકળીને ચાલતા થયા. કોઈ પણ ત્યાં બળવાખોરોમાંથી રહ્યું નહીં.

બેટમાંથી બળવાખોરો નાસી ગયા, એ જાણીને ગામના લોકો મંદિર પાસે ભેગા થઈ ગયા. મંદિરના લોકોએ બધાને જણાવ્યું કે, સઘળા વાઘેરો તો હવે નાસી ગયા છે, પણ તે દરિયાઇ લશ્કરના જાણવામાં શી રીતે આવશે? જો આપણે તેમને ખબર નહીં આપીએ તો તેઓ સવારમાં કિલ્લા ઉપર તોપનો મારો ચલાવશે. માટે કોઇએ જઇને તેમને ખબર આપવી જોઇએ. આ ભય સઘળાને સરખો લાગ્યો. તે ઉપરથી જયરામ અનંતજી તૈયાર થયા. તેમણે પોતાની સાથે બે માણસોને લીધા અને મછવામાં બેસીને આગબોટ ઉપર ગયા. કેપ્ટન ડોનવેલ તથા મેજર કેર સાહેબની તેમણે મુલાકાત લીધી. તેમને સઘળી હકીકત જણાવી અને કિલ્લાનો કબજો લેવાની ભલામણ કરી. જયરામ અનંતજીએ વળી વધારામાં એમ પણ જણાવ્યું કે ઇંગ્રેજ સરકાર ન્યાયી તથા પ્રજાનાં દુઃખ ટાળીને સારી રીતે સુખી કરનાર કહેવાય છે, માટે બેટની પ્રજા હવે આપને શરણે છે. આ હકીકત સાંભળીને તેની ખાત્રી કરવા માટે તેઓ પોતાની હોડીમાં બેસીને પલટણની બે કંપનીઓ સાથે લઇને કિનારે આવ્યા. ચારે તરફ સામસુમ માલમ પડ્યું ત્યારે તેઓ કિલ્લામાં આવ્યા. પ્રથમ તો જયરામ અનંતજીએ કહેલી હકીકતની ચોતરફથી ખાત્રી કરી લીધી. વાઘેરો કાંઈ જણાયા નહીં. એટલે પોતાની સાથે લાવેલા પલટણની બે કંપનીઓના સોલજરોને ત્યાં બંદોબસ્ત માટે રાખ્યા અને ચારે તરફ પેહેરા બેસાડી દીધા. લોકોને પણ તેમણે ધીરજ આપી. એ રીતે ત્યાંના બંદોબસ્તની તજવીજ કરીને પોતે રાતના આગબોટ ઉપર પાછા

ગયા. પાંચ દિવસ સુધી ચાલેલી ધામધુમ દશરાને બીજે દિવસે પૂરી થતાં હવે શાંતતા થવાની લોકોને આશા હતી.

પ્રકરણ ૨૦ મું
પ્રેમમાં વિઘ્ન

જયમલ પોતાના નિયમ પ્રમાણે ઘરનાં કામકાજ કરવા લાગ્યો. એક પછી એક નિત્ય કામ કરી પરવારે, તોપણ કાંઈ વખત જાય નહીં. દિવસ મોટા લાગવા માંડ્યો. વળી કેટલીકવાર કામ કરવાનો પણ કંટાળો આવે. તેનું ચિત્ત રણસુંદરી અને તેની મુલાકાતના વિચાર તરંગમાં ઉછાળા મારતું હતું. તેની સાથે વળી એક મોટા વિચારની વાત આવી પડી હતી. હવે આપણે જે જવું છે, તે હમીર જસાજીને શી રીતે કહેવું? તેમને શું કારણ જણાવવું? રજા લીધા શિવાય જવું, એ તો વાજબી નહીં! એ વગેરે સંબંધમાં અનેક વિચારો તેના મનમાં ઘોળાવા લાગ્યા. છેવટે મારે મારી માને મળવા માટે જવું છે. ઘણા દિવસ થયા તેથી તે ફીકર કરતી હશે; તેથી મારે જવું જોઇએ. એવું કારણ બતાવવાનું પોતાના મન સાથે નક્કી કર્યું. રાતના વાળુ કર્યા પછી ઠાકોર પોતે હુક્કો ગગડાવતા બેઠા હતા, તે વખતે જયમલે ધીમે રહીને પોતાની માતાને મળવા જવાની વાત કાઢીને ઘણા જ વિનયથી રજા માગી. આવો ચાલાક તથા હુશિયાર નોકર આજે આપણી પાસે રજા માગે છે, એ વગેરે વિચારોથી ઠાકોર ઘણા જ દિલગીર થયા. પરંતુ પરિણામે પોતે જયમલને કહ્યું કે–"તું ઘરની અડચણો બતાવે છે ત્યારે જા. ઘરનાં કામકાજની વ્યવસ્થા કર, અને જો પાછી નોકરી કરવી હોય તો બીજી કોઈ જગાએ નહીં જતાં અહિંયાં જ આવજે." એવી રીતે કહીને તેમણે ઘરમાંથી પચાસ રૂપિયા મંગાવીને તેની નોકરીના બદલામાં જયમલને આપ્યા. આ વખતે જયમલના જવા સંબંધી બહુ જ દિલગીરી થઈ. છેવટે સવારમાં વહેલાં ઉઠીને જવાનું જયમલે જણાવ્યું અને પ્રેમાતુરતાની સાથે ઠાકોરની પરવાનગી લીધી. ઠકરાણીની પણ ઘરમાં જઇને વિનયથી રજા માગી. તેમના મનને પણ ઘણું માઠું લાગ્યું પરંતુ ના ઇલાજે રજા આપી. જયમલ પોતે પોતાની જગાએ જઇને નિરાંતે સુઈ ગયો. આખી રાત અને કાલનો આખો દિવસ આમ તેમ ગમે તેમ ગુજારવો જોઈએ. એ આખો આઠ પોહોરનો દિવસ તેને મોટા વર્ષ જેવડો લાગ્યો. તે સવારમાં વહેલો ઉઠીને નદીને પેલેપાર ગયો. ખાવાનું થોડું પાસે હતું. તે તેણે ઘણે દૂર એક ઝાડ નીચે બેસીને ખાધું અને પાણી પી લીધું. ત્યારબાદ થોડે છેટે સ્મશાન ભૂમિ હતી. તેની પાસે નાની દેહેરીઓ તુલસીકયારા વગેરે ઘણા હતા. તેમ જ ઝાડની છાયા પણ સારી હતી. તે જગાએ જઇને તેણે કેટલોક વખત ગુજાર્યો. ત્યાર પછી કાંબળો ઓઢીને એક ચોતરા ઉપર જઇને સુઈ ગયો, પરંતુ આખો દિવસ કંટાળા ભરેલો થઈ પડ્યો. તે વખત જેમ તેમ કરીને પૂરો કર્યો. ચાર ઘડી રાત ગઈ ત્યારે તે ગામમાં પાછો આવીને તેમના રહેવાના ઘરની પાછલી ગલીમાં એક પડી ગયેલું ઘર હતું તેમાં દબાઇને બેઠો. મધ્ય રાત્રિએ ગામના મંદિરનાં ચોઘડિયાં વાગવા લાગ્યાં. તે વખતે દિવસભર ધંધો કરીને થાકયા પાકયા લોકો ભર ઉંઘમાં પડ્યા. રસ્તાનો અવર-

જવર બીલકુલ બંધ થઈ ગયો. ચારે તરફ સઘળું સામસુમ થઈ ગયું. હમીર જસાજીના પાછલા બારણા તરફ જયમલનું સર્વ લક્ષ લાગેલું હતું. હળવે રહીને તે ખંડેરમાંથી બહાર નીકળ્યો અને બારણા પાસે જઈને કાન માંડ્યા, પરંતુ કાંઈ હાલચાલ જણાઈ નહીં. તેણે ધીમે રહીને બારણા ઉપર ટકોરા માર્યા અને પાછો કાન દઈને ઉભો રહ્યો. બારણાની તડમાંથી અજવાળું દેખાયું, તેને લીધે તેને આનંદ થયો. પરંતુ બારણા પાસે આમ વધારે વખત ઉભા રહેવાનું તેને ભયભરેલું લાગ્યું. કોણ જાણે, વખતે આપણે કરેલો વિચાર એક કોરે રહી જાય અને કાંઈ ત્રીજું પરિણામ આવે! કદાપિ બીજું જ કોઈ બારણું ઉઘાડતું હોય, અને તે આપણને જુવે તો શક પડે, માટે તે જરા આઘો ઘરના પરછાયાને ઓથે જઈને ઉભો રહ્યો. બારણાની અંદરની સાંકળ ખખડી અને થોડું બારણું પણ ઉઘાડેલું જોવામાં આવ્યું; પરંતુ ત્યાં જઈને જોવાની પણ તેની હિંમત ચાલી નહીં. આખરે રણસુંદરીએ જરા પોતાનું મુખ બહાર કાઢીને જોયું, ત્યારે તેની ખાત્રી થઈ, અને તે ઝટ બારણા તરફ ગયો. અંદર પેસતાં જ બારણું બંધ થયું. બન્ને જણ એકવારકાં તો ખુબ કડકડીને ભેટયાં. તેથી રણસુંદરી ઘામથી તદ્દન ભિંજાઈ ગઈ હતી અને તેના મુખમાંથી કાંઈ બરોબર બોલાયું પણ નહીં.

દુનિયામાં પ્રેમ એ એક અજબ ચીજ છે. જેણે આજસુધી ઉછેર્યાં, સંભાળ્યાં અને સારી રીતે લાડ લડાવીને નાનાથી મોટાં કર્યાં, તેમની માયા આ અજબ ચીજને લીધે જાદુ પ્રમાણે એકદમ ઓછી જ થઈ જાય, એવી જગતની રીત જ છે. એક જણ જેને ઉછેરે તથા મોટાં કરે, તેણે બીજાના જ ઘરમાં જઈને માલકી મેળવવી, એ કાંઈ જેવી તેવી વાત નથી. તો પણ તે બાબત એટલી બધી સાધારણ થઈ પડી છે કે, તેમાં કાંઈ આશ્ચર્ય લાગતું નથી. આવી દિલગીરીને લીધે પોતાનાં મા બાપ, વંશ પરંપરાની આબરુ તથા કીર્ત્તિને એક કોરે મુકી દેવાના હજારો દાખલા જગતમાં બની ગયા છે અને હજુ બનશે પણ ખરા. રણસુંદરીના પ્રેમાલિંગનમાંથી છુટા થયા પછી પ્રજાપાળે જણાવ્યું કે, હવે આપણે વધારે વાર ખોટી થવાનો વખત નથી. બન્ને જણ ઘોડા પાસે આવ્યાં અને બાજુ ઉપર જૂદો જૂદો સામાન મુકેલો હતો, તે બન્ને ઉપર નાંખ્યો અને તંગ કસી ને ગાદી ઘાસિયો નાંખી તંગી ચઢાવી. રણસુંદરીએ પણ મરદાની પોષાક કરી લીધો તથા કમરે પોતાના બાપની તરવાર લટકાવી દીધી. બન્ને જણે સાકર નાંખેલું થોડું થોડું દુધ પણ પી લીધું અને તેમણે ધીમે રહીને બન્ને ઘોડાં લગામ પકડીને બહાર કાઢયાં. પ્રજાપાળે વછેરા ઉપર અને રણસુંદરીએ ઘોડી ઉપર સ્વારી કરી. અંદરનું તાળું બારણાની બહારને નકુચે લગાડયું હતું. સુંદરીએ ઈશ્વરનું આરાધન કર્યું અને મોટા ધૈર્યથી પોતાના પ્રાણ પ્યારા માટે મા બાપ તથા ઘર પણ છોડયું. પ્રજાપાળે પોતાનો ઘોડો આગળ કર્યો અને પાછળ રણસુંદરીની ઘોડી એવી રીતે સપાટાબંધ ચાલતાં થયાં. ગામની ભાગળે નદી ઓળંગીને આગળ ચાલ્યાં, એટલે ચંદ્રોદય થયો. કોઈ કોઈ વાર વાદળાં પણ આવતાં હતાં. વર્ષાઋતુ પૂરી થઈ હતી. તેને લીધે ચારે તરફ લીલું છમ દેખાતું હતું. જંગલનાં જીવજંતુઓના અવાજ સંભળાતા હતા. ગામની ભાગળ તરફ અને આજુબાજુએ દૂર દૂર ખેતરોનાં કુતરાં ભસતાં હતાં. આ પ્રમાણે એ લોકો ગામ છોડીને બે ચાર કોસ આગળ નીકળી ગયા;

પણ પછીથી પ્રજાપાળનાં માણુસો જે ગામમાં હતાં, તે રસ્તો મુકી ગયાં; અને બન્ને જણુ આડે રસ્તે ચઢી ગયાં. આ સમયે સારી રીતે ચંદ્રનો પ્રકાશ પડતો હતો. પવન સુસવાટા મારતો વહેતો હતો. તેને લીધે નાનાં ઝાડ વાંકાં વળી ગયાં, કેટલાંક ઝાડ તુટી પડ્યાં અને કેટલાંકમાંથી કડકડ અવાજ થતો હતો, તેથી કોઈ ઝાડ નીચે જઈને થોડીવાર ઉભાં રહેવાની પણુ તેમની છાતી ચાલે નહીં.

એટલામાં પાછળથી થોડે દૂર કાંઈ ઘોડાની પડઘીઓના અવાજ સંભળાવા લાગ્યા, અને તે ધીમે ધીમે નજીક આવે છે એમ લાગવા માંડયું. બીકણુ પાછળ બ્રહ્મરાક્ષસ! એ કહેવત પ્રમાણે રણસુંદરીની તો ખરેખરી હોંસ ઉડી ગઈ. બાપ તામસી છે. તેને જો ખબર પડે તો તે પાછળ પુંઠ પકડ્યા શિવાય રહે જ નહીં, એમ તેને થવા લાગ્યું. પ્રજાપાળના મનમાં પણુ તે જ વિચારો ઘોળાતા હતા; પણ તે તેણે બહાર જણાવા દીધા નહીં. ગુનેગાર હોય તેને વધારે બીક લાગે છે. જેના હાથથી કાંઈ ચોરીનું કામ થઈ ગયું હોય અને તે ચાર માણુસમાં જઇને બેસે તો આપણુને કોઈ ઓળખી કાઢશે કે શું? આપણા ઉપર કોઇને કાંઈ સંશય તો આવશે નહીં? એવી શંકાઓથી તે લોકોના ચેહેરા નિહાળીને જુવે છે. તેના મનને કાંઈ નિરાંત વળે જ નહીં એવી રીતે પ્રજાપાળના ઉપર વિચાર તરંગની અસર થવા લાગી. પરંતુ રણસુંદરી તેની પાછળ ચાલતી હોવાથી તે તેના જોવામાં આવ્યું નહીં. ઘોડાની પડઘીઓ છેક નજીક સંભળાવા લાગી; ત્યારે તેણીએ જણાવ્યું કે આપણે બાજુ ઉપરના આડ રસ્તા તરફ વળીએ તો એટલામાં તે ઘોડાં આગળ નીકળી જશે. તે પોતે શૂરવીર હતો તોપણુ તેને આ વખતે એ વિચાર અનુકૂળ લાગ્યો. તેમણે ડાબી બાજુએ ઘાસ ઉગેલું હતું, અને તેની આગળ ઝાડી હતી તે તરફ પોતાનાં ઘોડાં વાળ્યાં. તેઓ અંધારામાં થોડાંક આડાં ગયાં ત્યારે કેટલાક ઘોડેસ્વાર પુરપાટ દોડતા ચાલ્યા ગયાનો અવાજ આવ્યો. તે ઉપરથી એ બારવટિયા લોકોની ટોળી હશે એવું અનુમાન કર્યું. ઘણીવાર છાયામાં ત્યાં ઉભાં રહ્યાં. પછી પાછાં રસ્તા તરફ આવવાને ઘોડાં વાળ્યાં. થોડાંક કદમ આગળ ગયાં તો ડુંગરાની હાર લાગી. તેની પાસે એક વેહેળો વહેતો હતો. તેમાં પાણી કેટલું છે તે જોવા માટે તેણે પોતાનો ઘોડો ધીમે રહીને પાણીમાં ઉતાર્યો. કેમકે ઘોડાં કુદાવીને જવા જેવો તે વેહેળો હતો નહીં. વીસ પચીસ હાથ પોહોળાઇનો તેનો પટ હતો તથા બેઉ બાજુએ નાના મોટા પથરા પડેલા હતા. પ્રજાપાળ પોતાનો વછેરો સામે પાર લઈ ગયો અને હવે એ પોતાની ઘોડી પાણીમાં ઉતારે છે, એટલામાં સો પચાસ માણુસોની ટોળી પાછળથી દોડતી આવી. તે જોઇને તેણે પોતાની ઘોડી જલદીથી પાણીમાં હાંકી. પાણીમાં તાણુ ઘણી હતી. પાછળનાં ઘોડાં છેક નજીક આવી પહોંચ્યાં. તેથી સુંદરી ગભરાઈ ગઈ. રિકાબમાંથી પગ નિકળી ગયા. તે રિકાબો ઘોડીના પેટમાં વાગવાથી તે ચમકી અને રણસુંદરી પાણીમાં પડી ગઈ. ઘોડી તરતી તરતી નિમિષ માત્રમાં સામે કાંઠે વછેરા પાસે જઇને ઉભી રહી. તથાપિ આ મનુષ્યરત્ન આપણે મેળવ્યું તથા જેનો આપણા ઉપર આટલો બધો પ્રેમ, તે આમ એકદમ પાણીમાં પડીને તણાઈ ગઇ, એ જોઇને પ્રજાપાળ ગભરાઈ ગયો. એટલામાં બારવટિયા લોકોના ઘોડા પણુ આવી પહોંચ્યા, તેથી વધારે ગભરામણુ થઇ. તેમ છતાં તેણે ખાલી આવેલી

ઘોડી ખેંચી લીધી અને ઉતાવળે રસ્તો છોડીને તે બાજુ ઉપરના ઝાડને ઓથે ઉભો રહ્યો. થોડીવારમાં તે ઘોડેસ્વારોની ટોળી આગળ નીકળી ગઇ. ફરી સામસુમ થઈ ગયું. એટલે બન્ને ઘોડાં ઝાડ પાસે બાંધીને તે પ્રવાહ તરફ તેને શોધતો જોતો જોતો આગળ ચાલ્યો, પણ તેનું કાંઈ ઠેકાણું પડચું નહીં. બે ગાઉ સુધી એ પ્રમાણે શોધતો શોધતો ગયો. તે જગાએ આ નદી બીજી નદીને મળતાં તેનો મોટો પટ થયો હતો. હવે તો એ પાણીમાં ડુબી ગઈ હશે અથવા તો તણાઈ ગઈ હશે, એમ તેને લાગ્યું, તેથી તે તદન ગભરાઈ ગયો. તેના મનનો ઉત્સાહ ભાગી ગયો. મહા મહેનતે મેળવેલું પ્રેમરત્ન ગુમ થઈ ગયું; તેથી તે કેવળ નિરાશ થઈ ગયો. પાછો જ્યાં ઘોડાં બાંધ્યાં હતાં ત્યાં આવવાને માટે નીકળ્યો. તે વખતે સૂર્યોદય થવાની તૈયારી હતી. પરંતુ વાદળાંને લીધે અંધારું દેખાતું હતું. જે વનલીલા મનને તથા નેત્રને આનંદ આપનારી થઈ પડે, જે નદીઓના પ્રવાહનો ખળખળાટ કાનને મધુર લાગે, અને જે નાના પ્રકારનાં પક્ષીઓના કોમળ સ્વર સાંભળીને આલ્હાદ થાય, તે જ સર્વે જયારે મન ઉદાસ હોય ત્યારે કંટાળારૂપ થઈ પડે છે. વછેરાને માટે તેણે આટલી બધી મહેનત કરી અને હાલહવાલ ભોગવ્યા, તે જ વછેરો હવે તેને નજરે પણ જોવો ગમ્યો નહીં. પ્રાણ પ્રિયાના વિયોગે તે પોતાને ઘેર જવાને માટે પણ નાઉમેદ થઈ ગયો. ઘોડી તથા વછેરાને અત્રે જ છોડી દઇને આપણે સાધુ વેરાગી થઈ જતાં નદીના કાંઠે કાંઠે શોધ કરતાં ચાલ્યા જવું. જો તેનો પત્તો લાગશે તો ઠીક જ છે. નહીં તો આપણું સર્વ આયુષ્ય આ જ વેશમાં કોઈ તીર્થને સ્થળે રહીને ઈશ્વરભજનમાં ગુમાવવું, એ વધારે સારું છે. એવો તેણે નિશ્ચય કર્યો. પણ વિચારમાં ગુમ થઈ ગયો.

થોડીવારે ધીમે ધીમે તે ઘોડાં પાસે ગયો અને તેમને છુટાં છોડી દીધાં. બન્નેને પંપાળીને તેમની પીઠ થાબડી, બચીઓ કરી અને તેમને કહ્યું કે, "બચ્ચાંઓ! તમારી ધણીઆણી તમને તથા મને છોડીને ચાલી ગઈ, તેવી રીતે હું પણ તમને છોડી દઉં છું. તમે કાઠીઆવાડમાંની અસલ ઓલાદનાં છો. તમે તમારા ઘરધણીનું ઘર અવશ્ય શોધી કાઢી શકશો!" એટલું કહેતાંમાં તેની છાતી ભરાઈ આવી. કંઠ ગળગળો થઈ ગયો અને આંખમાંથી ટપકટપક આંસું પડ્યાં. ફરી પાછો તેણે વછેરા ઉપર હાથ ફેરવ્યો અને પોતે ધીમે ધીમે ચાલતો થયો. ઘોડાં છુટાં મુકયા બરાબર જ્યાંનાં ત્યાં સ્થિર ઉભાં રહ્યાં, દિલગીર તથા નિરુત્સાહી જણાવા લાગ્યાં. તેમણે એકવાર કાન ફેરવીને તેના સામું જોયું, અને પોતાનો રસ્તો પકડ્યો. તે પાછો નદીને કિનારે ગયો. પોતાનું કપડું ફાડીને લંગોટી વાળી અને બાકીનાં કપડાં બાળીને તેની રાખ પોતાને શરીરે ચોળી. પોતાની પાસે જર જવાહીર હતું તે કમરે બાંધી લીધું અને તે નદીને કિનારે કિનારે વેહેળા નદીઓ વગેરે ઓળંગતો ઓળંગતો ચાલતો થયો. પ્રેમમાં એવું કાંઈ વિચિત્ર જાદુ ભરેલું છે કે, તેને માટે તેણે પોતાની વૃદ્ધ માતા, નાનો ભાઇ અને સર્વ વતન જાગીર પણ છોડીને રાનો રાન રખડવાનું ધાર્યું. જો તે પાછી મળશે તો તેને માટે સર્વસ્વ છે, અને નહીં મળે તો આ વૈરાગ્ય અવસ્થામાં જ કાળ કાઢવો. તેના શિવાય બીજી બધી સ્ત્રીઓ બેન દીકરી સમાન ગણવાની પ્રતિજ્ઞા કરી. રડી રડીને નેત્રોનું નીર ખુટાડચું. વળી પાછું પુરુષે તો રડતા બેસવું ઠીક નહીં પણ ઉદ્યોગ

કરવો, એમ તેના મનમાં આવ્યું. થોડીવારે તે એક ઝાડ નીચે બેઠો. આ વખતે ખરા બપોર થયા હતા. પેટમાં ક્ષુધા દેવીએ પોતાના અમલની ગર્જના કરી; તેથી તેનું લક્ષ સુંદરી તરફથી બદલાઇને પોતાના પેટ તરફ લાગ્યું. કોઈ ગામમાં ગયા શિવાય પેટ ભરવાનું કયાંથી મળે? થાક ભૂખ તથા દુઃખને લીધે તે તદન દીન થઇ ગયો. તે વેળાએ પાણી પીને ભૂખ ભાગવી, એવો વિચાર કરીને તેણે ખોબે ખોબે નદીમાંનું સ્વચ્છ પાણી ખૂબ પીધું; અને એક ઝાડ નીચે સારી જગા જોઇને ભૂખનો વખત નિદ્રામાં કાઢી નાંખવો, એવો તેનો ઇરાદો થયો; પરંતુ પેટમાં કાંઇ હોય નહીં ત્યારે એકદમ નિદ્રા પણ કયાંથી આવે? તેમ છતાં તે કેટલીક વારે ઉંઘી ગયો.

પ્રકરણ ૨૧ મું

વિયોગ

રાતને વખતે નદીના વેહેળામાં તણાઈ ગયેલી રણસુંદરી પોતાની પાછળ આવતા ઘોડાના અવાજથી કાંઈ ગભરાઈ ગઈ હતી નહીં; પરન્તુ પોતાનો બાપ ઘણો જ તામસી છે. તેને જો આપણે નાસી ગયાની વાત ખબર પડે તો પુઠ પકડીને પાછળ દોડતા આવ્યા વગર રહે જ નહીં. તે જો આવી પહોંચશે તો આપણને તથા આપણા પ્રાણપતિને દુઃખદાયક થઈ પડશે. એવા પ્રકારની ફીકરમાં જ તે ઘોડા ઉપરથી પાણીમાં પડી ગઈ. તેને થોડું તરતાં આવડતું હતું. પરન્તુ વરસાદને લીધે વહેળામાં પાણીનું જોર વધારે, તાણ પણ અતિશય, આડાં અવળાં વલણો પણ ઘણાં અને તેને લીધે પાણીમાં ભમરા પડતા હોવાથી તેનું તરવાનું કાંઈ ઉપયોગમાં આવ્યું નહીં. એ તો પાણીના ખેંચાણમાં વહેતાં વહેતાં કેટલેક દૂર એક ઘાસની ઝાડીવાળે કિનારે લાગી. તે ઘાસ એટલું બધું વધી ગયું હતું કે, કોઇને કાંઈ ખબર જ પડે નહીં. જે વખતે અજાપાળ આ કાંઠેથી જોતો જોતો ગયો ત્યારે તે ઘાસના ઑથામાં હતી. તેથી કાંઈ તેની નજરે પડી નહીં. આખી રાત તેણે એમને એમ કડકડતી થંડીમાં ગુજારી. જ્યારે થોડું થોડું અજવાળું થયું ત્યારે તેણે કાદવમાંથી બહાર નીકળીને પોતાનાં કપડાં ફરીથી પાણીમાં ધોઇ નાંખીને સુકવી દીધાં, અને પોતે કિનારા ઉપર બેસી રહી. કપડાં સુકાયાં એટલે પાછો પહેલાંના જેવો પુરુષનો પોષાક પેહેરી લીધો અને કિનારે કિનારે ચાલતાં રસ્તો શોધવા લાગી. જો કદાચ પાછાં વળીએ તો આપણા ગામ તરફ જવાનો રસ્તો આવે તેથી આગળ આપણે હવે કયાં જવું? તેની પણ કાંઈ સમજ પડે નહીં. તોપણ બીજી બાજુએ એક પગ રસ્તો હતો તે માર્ગ તેણે પકડ્યો, આપણને શોધી કાઢવા માટે આપણો બાપ આપણી પાછળ પડશે, એમ તેને તેમના સ્વભાવ ઉપરથી લાગતું હતું. હવે જો આપણે તેમના હાથમાં આવી જઇએ તો કેમ કરવું? આપણું રક્ષણ કરનાર જે આપણો સ્વામી સારાં પ્રારબ્ધે મળી આવ્યો હતો; અને જેના પ્યારની ખાતર તથા જેના સુંદર સ્વરૂપ ઉપર મોહિત થઇને આપણું ઘરબાર પણ છોડયું, વયોવૃદ્ધ માતાપિતાને એકદમ તજી દીધાં અને કુળની લાજ આબરુ ઉપર ખરેખર પાણી ફેરવી દીધું! તે પણ અકસ્માત્ આમ આપણાથી છુટો

પડી ગયો! વળી પાછું તેના મનમાં એમ આવ્યું કે, મારા બાપ મને હાલના આ વેશમાં જોઈને ઓળખી શકશે જ નહીં. આવા વિચારને લીધે તેને થોડી ધીરજ આવી.

ચાલતાં ચાલતાં પાછા એવા વિચાર આવવા લાગ્યા કે, માબાપની પરવાનગી શિવાય કરેલા કૃત્યના પાતકને લીધે તો આવું સંકટ આવી પડ્યું નહીં હોય? તેની સાથે વળી પાછું તેના મનમાં એમ પણ આવ્યું કે જયમલ આટલામાં જ કોઈ જગાએ મને શોધતો ફરતો હશે. તે કાંઈ મારી ચોકસ ખબર કાઢ્યા શિવાય જાય જ નહીં. એવા એવા વિચારમાં તેને આવી આફતમાં આવી પડવાથી ડળક ડળક રડવું પણ આવી જાય! એવી રીતે દુ:ખનાં માર્યાં રડી રડીને ડોળા લાલચોળ કરી દીધા. આપણે આપણા આવા કૃત્યથી કુળને કલંક લગાડ્યું અને માતપિતાનાં મુખ કાળાં કરી દીધાં. તેનું પણ તેને ઘણું જ માઠું લાગ્યું. આવી રીતે વિલાપ કરતાં તેણે આખો દિવસ નદીનો કિનારો છોડ્યો નહીં. જેમ જેમ વધારે અંધારું થવા લાગ્યું, તેમ તેમ નદીનો કિનારો વધારે ભયાનક દેખાવા લાગ્યો! વાઘ, વરુ વગેરેના અવાજો તેને કાને સંભળાવા લાગ્યા. નદીની આજુબાજુની ઝાડીમાં આગિયા આમ તેમ ઉડતા ચમકવા લાગ્યા. મછરાં તમરાં વગેરેનો ગણગણાટ થવા લાગ્યો. દેડકાં પાણીમાંથી ડરાઉં ડરાઉં કરવા લાગ્યાં. ભૂખ પણ ખૂબ લાગી, અન્ન શિવાય પ્રાણ વ્યાકુળ થવા લાગ્યા. ખાવાનું જે કાંઈ થોડું ઘણું લીધેલું હતું તે ઘોડાના સામાનમાં રહ્યું. હવે આખો દિવસ ચાલવાના શ્રમથી અને રડવાના આક્રંદથી તે તદ્દન થાકીને લોથ જેવી થઈ ગઈ હતી. પછી આજે તો પાણી પીને જ ચલાવવું, એવો મન સાથે ઠરાવ કર્યો. થોડું પાણી પીને તેણે મહાદુ:ખમાં આખી રાત એક ઝાડ નીચે ગાળી. તેમાં એટલું સારું થયું કે એક ઉંઘે વાણું વાઈ ગયું.

પ્રાત:કાળે જાગીને બેઠી થઈ, અને આજુબાજુ નજર કરીને જુવે છે તો ઘણે દૂર નદી કિનારે બેઉ ઘોડાં ચરતાં દેખાયાં. તે જોવામાં આવતાં તેને એકદમ પેટમાં ધ્રાસકો પડ્યો. તેને એમ લાગ્યું કે, કોઇએ જયમલનો ઘાત કરવાથી ઘોડાં આમ ભડકીને નાસી આવ્યાં તો નહીં હોય? અથવા હું પાણીમાં તણાઈ ગઈ, એમ જાણીને તેણે પોતાની મેળે જીવનું તો જોખમ કરી લીધું નહીં હોય? આવી આવી કલ્પનાઓ થવાથી તેનું મન તદ્દન ગુંચાઈ ગયું. પછી તેનું સ્મરણ થવાથી પાછી છાતી ભરાઈ આવી અને ખુબ રડવું આવી ગયું. થોડીવારે પોતાનું રડવું રહેવા દઇને જે બાજુએ ઘોડાં ચરતાં હતાં તે તરફ જવા લાગી. એ બે જનાવરોને તેની માયા હોવાને લીધે તેને જોતાની સાથે જ તેઓ દોડતાં તથા હણહણાટ કરતાં તેની પાસે આવ્યાં. તેણે તેમના શરીર ઉપર હાથ ફેરવ્યો અને પીઠ થાબડી. વછેરાનો સંબંધ જયમલની સાથે માત્ર થોડા વખતનો જ હતો. તોપણ જે જગાએ તેણે વછેરાને છોડી દિધો હતો, ત્યાંસુધી તે એક બે વાર જઈને રણસુંદરી પાસે પાછો આવ્યો. તે ઉપરથી તેને એવી કલ્પના થઈ કે આ ઘોડો આપણને તેની જગા બતાવે છે. તે પાછી તેની પાછળ પાછળ ત્યાંસુધી ગઈ. પણ ત્યાં શું હોય? એક બાજુએ ત્યાંથી નદી તરફ ગયાનાં પગલાં પડેલાં હતાં. તે રસ્તે તે ઘણે દૂર સુધી ચાલી ગઈ, પરન્તુ આગળ કાંઈ માર્ગ જણાયો નહીં. તેને લીધે તે કયે રસ્તે ગયા, તે કાંઈ અનુમાન થઈ શક્યું નહીં. આ

વછેરાને સાથે લઇને જો આપણે કોઇ ગામમાં જઇશું તો તેને કોઇ આપણી પાસેથી ઝુંટાવી લેશે. અગર આપણને શોધવા આવેલાં માણુસો તે ઉપરથી આપણને જરૂર ઓળખી કાઢશે, એવું તેના મનમાં આવતાં તેને બીક લાગી. પરંતુ પગે ચાલીને જવાની પણ તેનામાં હવે હિંમત રહી હતી નહીં. તે પછી તેણે પોતાની ઘોડી ઉપરના ખડિયામાંથી પોતાનો ખાવાનો ડબો કાઢયો; અને તેમાંથી થોડું ઘણું ખાઇને ક્ષુધા શાંત કરી. તેને ખાતી વખતે પોતાના જયમલનું સ્મરણ થતાં દરેક કોળિયો તેના ગળામાં અટકવા લાગ્યો. પરંતુ એ દુઃખમાં તેણે જેમ તેમ કરીને પોતાનું પેટ ભરી લીધું. આ સઘળું ખાવાનું એવા હેતુથી બાંધી લીધું હતું કે, તે ખાતી વખતે અરસ્પરસ એક બીજાને કોળિયા ભરાવીશું અને આનંદ કરીશું? પરંતુ કમનસીબને લીધે તેવો યોગ કાંઇ આવ્યો નહીં. છેવટે પાસેના ગામમાં જવાનો તેણે વિચાર કર્યો અને પોતે ઘોડી ઉપર બેસીને વછેરાને સાથે લઇને ગામમાં જવાને નીકળી. સાંજ સુધી તેણે આ પ્રમાણે મજલ કરી અને સંધ્યાકાળે એક ગામડું આવ્યું ત્યાં મુકામ કર્યો. રાતે પાછું જરા ખાઇ લીધું અને સુઈ ગઈ.

આવા વેશમાં આપણાથી જ્યાં ફાવે ત્યાં નિર્ભયપણે જઇ શકાશે નહીં. આપણું સ્વરૂપ જોઇને શક આવવાથી કોઈ પણ આપણને ઓળખી શકે માટે હવે આપણે શું કરવું. એવો તેના મનમાં વિચાર આવ્યો. તે ઉપરથી તેને એક કલ્પના સુઝવાને લીધે આનંદ થયો. ભાંડ ભવૈયા અથવા રાસધારી લોકો બનાવટી દાઢી મુછો રાખે છે, તે જો મળે તો સારૂ. એવો ઇરાદો કરીને તેણે એ જ ગામમાં એવી જાતના લોકોની તજવીજ કરી. આવા ખેલ તમાશા કરનારા લોકો જાતના તરગાળા હોય છે. તેમની તપાસ કરીને તેણે એ લોકોની પાસેથી એવી દાઢી મુછો, જે માગ્યું તે આપીને વેચાતી લીધી. અને તેજ રાતના તેણે તે ધારણ કરી. હવે આપણને કોઈ પણ માણસ ઓળખી શકશે નહીં, એવી તેની પક્કી ખાત્રી થઇ. ત્યારબાદ તેણે એ ગામમાંથી એક તરવાર, જમૈયો અને એક પિસ્તોલ પણ ખરીદ કરી. તેની સાથે એક સૂચલ અંગરખું પણ મેળવ્યું. આવી રીતે સિપાઇગિરીના વેશની એકંદર તૈયારી થઈ ગઈ. એ ગામમાંથી નીકળતાં તેને એવી ખબર મળી કે, અહિંયાંથી થોડે છેટે સરકારના લશ્કરનો મુકામ પડેલો છે. તે ઉપરથી તેણે પોતાના મનમાં એવો વિચાર કર્યો કે, કોઈ એક સારો સરદાર જોઇને આ વછેરો તેને ભેટ કરવો અને આપણે નોકરી મેળવવી. કદાપિ આજ લશ્કરમાં આપણા પ્યારા જયમલનો પત્તો લાગે તો તે સંભવનીય છે. તેમ છતાં જો આ લશ્કરની ધામધુમમાં આપણને મરણ આવશે તો વળી વધારે સારૂં. આવા આવા વિચારો એક પછી એક તેના મનમાં ઘોળાવા લાગ્યા. એ પ્રમાણે તેણે ચાર પાંચ મજલ કરી; પણ કાંઈ વિશેષ હરકત પડી નહીં.

હવે દુઃખ ખમ્યા શિવાય તેનું નિવારણ કરવાની યુક્તિ કાંઈ જડતી નથી. આફતને વખતે જુદી જુદી અડચણો પડવાથી કેટલીક નવી નવી બાબતો શિખાય છે. એ રીતે આ વેશધારી મુસાફર જંગલ ઓળંગીને સંધ્યાકાળના સુમારમાં એક નાનકડી ટેકરી ઉપર આવી પહોંચ્યો. તે જગાએથી ઘણે દૂર સુધી ડુંગરાઓની હાર દેખાતી હતી, તોપણ કોઈ મોટું શહેર આટલામાં નજીક જ હોય, એવો ગૌંગાટ તેના સાંભળ-

વામાં આવ્યો. ઘણે દૂર ઝાડીમાં કેટલાંક સફેત શિખરો દેખાવા લાગ્યાં તેથી તેણે પોતાનાં ઘોડાં તે તરફ વાળ્યાં. કેટલાક કોતરો તથા આડમાર્ગો ઓળંગ્યા પછી તેને છાવણી દેખાવા લાગી.

જૂદી જૂદી જગાએ કેટલાક તંબુઓ તથા રાવટીઓ હારબંધ ઠોકેલાં છે. હારબંધ હજારો ઘોડાઓ બાંધેલા છે. તેમને ચંદીના તોબરા ચઢાવેલા છે. વળી દરેક ઘોડાની પાસે ઘાસના ઢગલા પણ પડેલા છે, અને ખ્રિસ્તી લોકો ડોલમાં પાણી ભરીને ઘોડાઓને એક પછી એક પાવા લાગ્યા છે. બીજી બાજુએ નાનો સરખો એક બજાર ભરેલો છે, ત્યાં માલ આપવા લેવાની ધામધુમો ચાલી રહેલી છે, એટલે એકંદરે એક મોટા શેહેર જેવો દેખાવ થઇ રહેલો છે.

આ લશ્કર ભાણવડની હદમાં પડેલું છે. ગોંડળ તરફથી મણિશંકર નરભેરામ તથા જુનાગઢ સરકાર તરફથી અનંતજી અમરચંદ વગેરે કેટલાક નાકેબંધીના બંદોબસ્ત માટે ભેગા થયેલા છે. તે જગાએ ઉખામંડળનો બંદોબસ્ત કરીને પ્રાઇમ તથા હીલ સાહેબ હજાર પાંચસો પલટણના માણસો સાથે આવીને મુકામ કરી પડેલા છે. આપણો પ્રથમનો શૂર વાઘેર રાજપાળ પણ આ લશ્કરની સાથે જ આવેલો છે. એ શુરવીર વાઘેર પહેલવાન અનુભવી, ઉત્સાહી અને ઇમાનદારીથી જે કહો તે કામમાં તૈયાર હોવાથી કૅપ્ટન બાર્ટન સાહેબે તેને પોતાની પાસે સારા માન મરતબાથી રાખેલો હતો.

પ્રકરણ ૨૨ મું

દ્વારકા સર કર્યું

ખુશ્કી માર્ગે કૅપ્ટન બાર્ટન વગેરે લશ્કરી અમલદારોની સરદારી નીચે ભેગું થયેલું પાયદળ તથા ઘોડેસ્વાર લશ્કર ખંભાળિયા ખાતેથી ધીમે ધીમે દ્વારકા તરફ ચાલવા લાગ્યું. મઢી તથા કુરંગામાં ગાયકવાડ સરકારના લશ્કરની ટુકડીઓ પડેલી હતી; તે જગાએ થોડાં લશ્કરી માણસો રાખીને બીજું બધું લશ્કર દ્વારકા તરફ લઈ ચાલ્યા. તે વખતે વાઘેર લોકો પાછળથી છાપો મારનાર છે, એવી બાતમી મળી હતી. તેવામાં ડિસેથી એક તોપ લઇને આવેલા કમાન્ડિંગ ઓફીસર કુરંગાથી ગાયકવાડી સ્વારને સાથે લઇને આવી પહોંચ્યા. પરંતુ પાછળથી વાઘેરોના હુમલાની બાતમી તદન ખોટી પડતાં ઉલટા કેટલાક વાઘેરો સલાહ કરવાનો સંદેશો લઈને આવ્યા. તેમને સ્પષ્ટ જણાવવામાં આવ્યું કે, હવે સલાહ કરવાનો વખત રહેલો નથી અને તમે તમારાં હથિયારો અમને સોંપીને, શરણે આવીને સ્વાધીન થાઓ. તમારી જે તકરારો હશે તે સાંભળીને તેનો રીતસર નિકાલ કરવામાં આવશે. આવો જવાબ સાંભળીને માપા માણેક વગેરે વાઘેરો તેનો ખુલાસો લઇને પાછા આવવાનું જણાવીને ગયા તે ફરીથી ત્યાં આવ્યા જ નહીં. તે ઉપરથી એ લોકો આપણી છાવણીની નાસતપાસ જોવાને અથવા એકંદર બાતમીઓ મેળવવાને જ આવેલા હશે, એવી એવી અનેક પ્રકારની કલ્પનાઓ થવા લાગી. એટલામાં જોધા માણેકે છેવટે એવો સંદેશો

મોકલ્યો કે, વાઘેરો કોઈ મારું માનતા નથી; તેથી હું પોતે આપના તાબામાં આવવાને તૈયાર છું; પરંતુ તે લોકો મને તેમ કરવા દેતા નથી માટે નિરુપાય છું.

દરિયાઇ લશ્કરે બેટના કિલ્લાનો, મંદિરોનો અને પ્રજાનો બીલકુલ નાશ કર્યા પછી તે જગા સર્વ તેમના તાબામાં આવેલી જ હતી. ત્યારબાદ આસો શુદ ૧૪ ને દિવસે દરિયાઇ લશ્કરે પાછો દ્વારકાના બંદર સામો પોતાનો મોરચો બાંધવાની તજવીજો કરી. તે જ વખતે ખુશ્કી માર્ગે આવેલા લશ્કરે પણ ચારે બાજુથી ચોકસ નાકેબંધી કરવાની વ્યવસ્થા કરી અર્થાત્ કોઇ પણ પ્રકારે વાઘેરોને નાસી જવા નહીં દેતાં સઘળાને જીવતા પકડવા; એવા ઇરાદાથી સર્વત્ર સખ્ત બંદોબસ્ત કરવામાં આવેલો હતો.

વાઘેર લોકોએ દરિયાઈ લશ્કરની આગબોટો સામે ગોમતીને કિનારે તોપો ગોઠવી. બેઉ બાજુ તરફથી બરોબર તૈયારીઓ થઈ. તોપનો મારો શરુ થયો. આરંભમાં વાઘેરોએ બહુ સારી બહાદુરી બતાવી. પરંતુ એ બળવાખોરોના હાથમાં આવેલી એવી તોપો અને આમથી તેમથી ભેગો કરેલો દારુ ગોળો તે કેટલીકવાર ટકી શકે? વળી ઇંગ્રેજોના જલદ દારુ ગોળા વગેરેના સરંજામ પાસે તેમનું બિચારાનું શું ચાલી શકે? બીજી બાજુથી ખુશ્કી લશ્કર પણ વાઘેરો ઉપર ધીમે ધીમે ચાલ કરતું આવી પહોંચ્યું. વાઘેર લોકોની તોપો કાંઇ ધારેલું કામ કરી શકી નહીં. ચારે બાજુનાં લશ્કરો પોત પોતાની તરફથી સખ્ત મારો ચલાવતાં કિલ્લાની તેમજ ગામની નજીકમાં આવી લાગ્યાં. આ લડાઈ એક સરખી છ દિવસ સુધી ચાલતી હતી. તેમાં સાર્વભૌમ સરકારના તોપોના એક સરખા ધડાકા ભડાકા સામે વાઘેરોનું માત્ર અંગબળ તે કેટલીકવાર ટકાવ કરી શકે? આવા ચારે તરફના મારાથી વાઘેરો બધા કાયર કાયર થઈ ગયા, અને છેવટે બહુ જ ગભરાયા. કોઈ પણ પ્રકારનો કાંઈ ઇલાજ જ રહ્યો નહીં. દારુગોળો પણ પૂરો થઈ ગયો. લડાઇનો સામાન કાંઈ પાસે રહ્યો નહીં, અને સામી બાજુએથી તો લશ્કરોએ દ્વારકાને ચારે બાજુથી ઘેરો ઘાલ્યો હતો. હવે શું કરવું? કેવી રીતે બચાવ કરવો અને આપણે નાસી છુટવું તે પણ ક્યાંથી? એ પ્રકારે અંદરે ઘણો ગભરાટ ફેલાયો. તો પણ છેવટે રાતના નાસી જવાનો કેટલાક જણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો. તે પ્રમાણે બીજા બધા પણ જવાને તૈયાર થયા. પગ રસ્તા તરફ ઘણો સખ્ત બંદોબસ્ત હતો, તેથી તે બાજુએ તો કાંઈ ફાવે તેમ હતું નહીં. એટલે રુપણ બંદરના દરિયાઇ નાકામાંથી નીકળી જવાનો ઠરાવ કર્યો. કારણ એ લશ્કર પ્રથમ બેટમાં વાઘેરોની તરવારના સપાટાથી ચમકેલું હતું. અને તેમનું જોર આ લોકોના જાણવામાં પણ આવેલું હતું. રાત પડતાં જ તેમણે તે તરફનો રસ્તો પકડ્યો. જતી વખતે મોરચા ઉપર ઘણી ઝપાઝપી તો થઇ જ, તેમાં કેટલાંક બેઉ પક્ષનાં માણસો મરાયાં. તો પણ તેઓ રુપણ ગામથી નાસીને ખડા સુધી જઇ પહોંચ્યા; ત્યાં તેમને એક પિંડારા લોકોની ટોળી આવી મળી.

સવારમાં સઘળા લશ્કરને ખબર મળી કે વાઘેર લોકો તો બધા રાતના નાસી ગયા છે. તે ઉપરથી બ્રિટીશ સરકારના લશ્કરે કાંઈ પણ પરાક્રમ કર્યા શિવાય સહેજમાં દ્વારકાનો કિલ્લો પણ હસ્તગત કર્યો અને વિજય પતાકા ચઢાવી. આ વખતે પણ

સોલજર લોકોના મુખમાં પાણી છુટયું; અને તેમને એમ જ લાગતું હતું કે બેટની માફક અત્રે પણ લુંટ મેળવવાની મજા પડશે, પરન્તુ તેમની ઇચ્છા પ્રમાણે કાંઈ બન્યું નહીં. તોપણ ગોમતીના કિનારા ઉપરનાં કેટલાંક દેવાલયો તથા મંદિરોનો તેમણે ઘાણ કાઢી નાંખ્યો. તેમ જ ટીકરાનંદ સ્વામીના મઠની દક્ષિણામૂર્ત્તિનો પણ તેમણે નાશ કર્યો. એ વગેરે હકીકત તેમના ઉપરી અમલદારોને ખબર પડતાં જ તેમણે તાબડતોબ એ તોફાન કરનારાઓને સખ્ત મનાઈ કરી, અને દરેક દેવાલય તથા મંદિરો પાસે પહેરો બેસાડીને યોગ્ય બંદોબસ્ત કર્યો.

દ્વારકા ઉપર હુમલો કરતી વખતે તોપોના મોરચા બાંધતાં શ્રીદ્વારકાનાથના મંદિરને કાંઈ ધક્કો લાગે નહીં, એની પ્રથમથી જ સાવચેતી રાખવામાં આવી હતી; અને છ દિવસ સુધી ચાલેલી લડાઇમાં શ્રીદ્વારકાનાથનું મંદિર સંભાળીને સરકારી તોપો કામ કરતી હતી. તેમ છતાં પણ એક તોપનો ગોળો ઘુમટમાં લાગતાં સઘળો તે બાજુનો ભાગ બીલકુલ પડી ગયો.

કેટલાક વાઘેરો નાસીને વસઈ તરફ પણ ગયા હતા; અને ત્યાં તેમની ટોળી ભેગી થવા લાગી હતી. એ ખબર કેપ્ટન બાર્ટન સાહેબના જાણવામાં આવતાં તેઓ થોડી તોપો તથા લશ્કર લઇને વસઈ તરફ ગયા. તે અગાઉ વાઘેરો ત્યાંથી નીકળીને પોશીતરા, સામળાસર અને રાજપુર વગેરે તરફ થઇને પોતાના કુટુંબ કબિલા સાથે નાસીને ચાલ્યા ગયા હતા, તેમ છતાં પણ લશ્કરે વસઈ ગામને સળગાવી દીધું, અને ત્યાંની ધર્મશાળાને સુરંગ લગાડીને તદન ઉડાવી દીધી.

શ્રીમંત ગાયકવાડ સરકારના લશ્કરની તથા બીજા લશ્કરોની ટોળીઓ ચારે તરફ વાઘેર લોકોની પુઠ પકડવાને તથા તેમને શોધી કાઢવાને નીકળી પડી હતી. તેમ જ કેપ્ટન બાર્ટન સાહેબ પણ પોતાની સાથે ચારસો માણસોનું લશ્કર લઇને વાઘેરોની પાછળ જ પડ્યો હતો. તે જ્યાં બાતમી મળે ત્યાં તેમની પાછળ ચાલ્યો જતો હતો, તોપણ તેમનો કાંઈ પત્તો લાગતો નહીં.

કારતક શુદ ૯ ને દિવસે સત્તરમી પલટણના પાયદળ લશ્કર તથા ઘોડેસ્વારના રસાલાની ટુકડી સાથે વાઘેર લોકોનો ભેટો થઈ ગયો. તે વખતે બન્ને બાજુનાં ઘણાં માણસો પડ્યાં અને કેટલાંક ઘાયલ પણ થયાં. વળી વાઘેર લોકોની એક ટોળીએ પાછો એ લશ્કર ઉપર ફરીથી હુમલો કર્યો; અને તે ધમાધમીમાં બીજા બધા વાઘેરો પિંડારાઓના કુંડ તરફ થઇને લુસારીની બાજુએ નજીકમાં જે ડુંગરા છે તેમાં પોતાનાં કુટુંબ સાથે નાસી ગયા.

ચારે તરફ જે જુદી જુદી લશ્કરી ટુકડીઓ ફેલાયલી હતી; તેમના તરફથી એવી ખબર મળી કે, વાઘેરો હવે બરડાના ડુંગરમાં ભરાયા છે. તે ઉપરથી સઘળી તરફ ફેલાયલી લશ્કરી ટુકડીઓને ભાણવડ ગામે ભેગા થવાનો હુકમ થયો. તે પ્રમાણે ચારે તરફથી લશ્કર ભેગું થવા લાગ્યું. દરિયાઇ લશ્કરનું કામ પુરું થઈ રહેવાથી તેને પાછું મુંબઇ તરફ મોકલી દેવામાં આવ્યું. કાઠીઆવાડના પોલીટીકલ એજન્ટ મી. કીથ સાહેબ ચરકલાને રસ્તે થઇને હાતશણે આવ્યા. તે વખતે તેમને ગામના પટેલે ખબર આપી કે, વાઘેર લોકો આ હદમાં થઇને ભવનેશ્વરના ડુંગરમાં જઇને પડ્યા હતા. તે

પછી તેઓ ઢેબર તલાવને રસ્તે થઇને ઘુમલીના ડુંગરમાં પેઠા અને આ વખતે તેઓ આભરા ડુંગરના શિખર ઉપર મરદાધારને આશરે મોરચો કરીને પડેલા છે. તેઓ પોતાના ખોરાકને માટે જામ સાહેબ તથા તાલુકદારોના મુલકમાં લુંટ ચલાવતા હતા. તે સમયે કેપ્ટન બાર્ટન પોતાના લશ્કર સાથે આવીને ભાણુવડ ગામે છાવણી નાંખીને પડ્યો.

પ્રકરણ ૨૩ મું

યોગીઓના સહવાસમાં

નિર્મળ આકાશમાં જે તારાગણ ચમકતા હતા, તે અરુણુની પ્રભાથી નિસ્તેજ થવા લાગ્યા. પોપટ, મેના તથા કોયલ વગેરે પક્ષીઓના મધુર સ્વરો સંભળાવા લાગ્યા. તે પ્રસંગે પેલા ડુંગરની ગુફામાં સુતેલી રાજબા જાગી ઉઠી. તે પહેલાં પ્રાતઃ-કાળના શીતળ પવનથી રાજપાળ પણ ઉઠીને બેઠેલો હતો. તેમણે પાસેના ઝરાના પાણીવડે શૌચ મુખમાર્જનસ્થાન આદિ પ્રાતઃવિધિ પરવારી લીધી. પહેલાં જે ગુફા-માંથી સઘળા મેવાઓ શૂરવીર જઇને લઈ આવ્યો હતો તે તરફ બન્ને જણ ચાલ્યા. રાજબા જાતે ઘણી જ નાજુક હોવાથી તેને પગમાં પથરા તથા કાંકરા ખુંચવા લાગ્યા, પણ બિચારી કરે શું ? એમ કરતાં ધીમે ધીમે તેઓ તે ગુફા પાસે આવી પહોંચ્યાં, તે દરમ્યાન સૂર્યનો તડકો સખ્ત પડવા લાગ્યો, અને મધ્યહ્નકાળનો સમય થયો તેથી તેમણે ત્યાં જ ખાવા પીવાનું કરીને બપોરી ગાળ્યા પછી થંડે પહોરે ચાલવાનો ઠરાવ કર્યો. આ ગુફામાં જે જોઈએ તે સાહિત્ય ભરેલું હતું. તેમાંથી થોડા દિવસ ચાલે તેટલું પોતાની સાથે બાંધી લઇને તેમણે પાછી સાંજને વખતે મજલ કાપવાની શરુઆત કરી. ડુંગરા, મેદાન, આકાશ અને પંખીઓ શિવાય બીજું કાંઈ ત્યાં નજરે પડતું નહીં. રાજબાને થાકેલી જોઈને દયા આવવાથી શૂરવીર તેને પોતાની પીઠ ઉપર બેસાડી લેવાનું કહેતો, પરંતુ રાજબાને તેમ કરવું યોગ્ય લાગતું નહીં. તેથી તે એમજ જણાવતી કે, મારાથી ચલાશે ત્યાં સુધી હમણાં ચાલું છું. આ પ્રમાણે ડુંગરામાંના આડા અવળા રસ્તામાં કોઈ જગાએ ચઢાવ તો કોઈ જગાએ ઢોળાવ, અને કોઈ જગાએ કાંટા થોરિયાવાળી જગાએ એમ પસાર કરતાં બીજે દિવસે બપોરે દૂર ઝાડીમાંથી એક મોટા દેવાલયનું શિખર દેખાવા લાગ્યું. તેના ઉપર ભગવા રંગની ધજા ફરકતી હતી. આસોપાલવ, આંબા, આંબલી, તથા લીમડા શિવાય જૂદાં જૂદાં ફુલ ઝાડો અને વેલીઓથી એ દેવાલય ચારે તરફ ઢંકાયલું હતું. તેની પાસે એક સુંદર પાણીનો પ્રવાહ ચાલતો હતો. એ દેવાલય પાસેના ડુંગરમાંથી જ કોરી કાઢેલું ભવ્ય દેખાતું હતું અને તેની નજીકમાં આજુબાજુએ સારી ધર્મશાળા બાંધેલી હતી. દેવાલયની ડાબી બાજુએ ઘણી મોટી ગુફા હતી. તેમાં યોગી સન્યાસીઓનાં આસનો લાગેલાં હતાં. તથાપિ આ જગા મહા અરણ્યમાં ડુંગરાઓની અધવચાળ આવેલી હતી. તેની આસપાસ દસ વીસ કોસમાં કાંઈ વસ્તી જણાતી નહોતી. રાજપાળ અને રાજબા ધીમે ધીમે એ સ્થાન પાસે આવી પહોંચ્યાં. તે વખતે મધ્યહ્ન આરતી ચાલી

રહી હતી. તેમણે દેવાલયમાં આવીને શંકરનાં દર્શન કર્યાં અને બીજા યોગીઓ ઉભા હતા તેમને વંદન કર્યું. આરતિ થઈ રહ્યા પછી એક વૃદ્ધ યોગી કે જેની મોટી જટા તથા દાઢી સફેત ચાંદીના તાર જેવી ચળકતી હતી. તેને પગે પડતાં પ્રશ્ન થયો કે, "તમે કોણ છો? અને આ ભયંકર જંગલમાં કયાંથી આવ્યાં? તમે રસ્તો તો ભૂલ્યાં નથી? કેમકે આ કોઈ મુસાફરીનો રસ્તો નથી." તેમણે બેટમાં બનેલી સઘળી હકીકત અને રાજબાને બચાવવાની વાત કહી સંભળાવી. તે ઉપરથી એ બધાને આ પુરુષના પરોપકાર બુદ્ધિના સાહસવિષે ઘણું જ આશ્ચર્ય લાગ્યું, તેમ જ આનંદ પણ થયો. તે યોગીએ પોતાની મેળે જણાવ્યું કે, 'જેઓ આવી રીતે પરોપકારને માટે મોટાં સાહસ કરીને આફતમાં ઝંપલાવે છે તેમને ઈશ્વર યોગ્ય બદલો આપવાને તૈયાર જ હોય છે.' આવી રીતે બોલી રહ્યા પછી તેમને ધર્મશાળામાં રહેવાનું જણાવ્યું અને તેમના ખાવા પીવાનો બંદોબસ્ત કર્યો. તે વખતે તેમણે પોતાની પાસેના મેવામાંથી કેટલોક મહારાજ પાસે ભેટ મુકયો. તે જોઈને મહારાજ બોલ્યા કે, 'બચ્ચા! આવા મેવા મસાલા તો જગતમાં સંસારી લોકોને માટે છે. અમારે તો કંદમૂળના ફરાળ શિવાય બીજું કાંઈ કામનું જ નથી, અને તેથી જ અમને ઘણો સંતોષ થાય છે. તેમ જ તેનાથી બીજા કોઈ પણ પ્રકારના વિકાર ઉત્પન્ન થતા નથી.' એવી રીતે કહીને સઘળા ગુફામાં ગયા અને એક બે કંદફળ તેમને માટે બાફેલાં તૈયાર મોકલી દીધાં. તે પૈકી એક કંદમાંથી કોદરીનાથી મોટા દાણાનો સુવાસિક ભાત જ નીકળ્યો અને બીજામાંથી જરા નરમ જણાતો કેસરી પદાર્થ નીકળ્યો. એ બેઉના સ્વાદ જૂદા જૂદા હતા અને તેને એકત્ર કરીને ખાતાં ત્રીજો જ સ્વાદ લાગતો હતો. બન્ને જણે તેમાંથી પેટ ભરીને ખાઈ લીધું તોપણ થોડું વધ્યું. જે બહાર એક પથરા ઉપર પશુ પક્ષિઓના ઉપયોગ માટે બાજુ ઉપર મુકી દીધું.

આવી રીતે જમી પરવાર્યા પછી તેઓ યોગી મહાત્માઓ સંબંધી, વનલીલા સંબંધી અને પોતાના પ્રવાસ સંબંધી વાતો કરતાં બેઠાં. એમ કરતાં રાજપાળે જણાવ્યું કે, 'હજુ આપણે ઘણું દૂર જવાનું છે. સુમારે ત્રીસ ચાલીસ કોસતો આવો હજુ ડુંગરાળ રસ્તો છે. તે શિવાય બેટમાં પણ કેવી અવસ્થા છે તે કાંઈ આપણા જાણવામાં નથી, માટે તું આ સ્થળે ચાર પાંચ દિવસ જો આ યોગીઓની પાસે રહે તો હું બધી તપાસ કરતો આવું અને સાથે એક બે ઘોડા પણ લેતો આવું કે, જેથી આપણે સુખમાં જઈ શકીએ. જોને તારા પગમાં કાંટા કાંકરા તથા ઠેસ ઠોકરો લાગવાથી લોહી નીકળ્યું છે અને પગ તળવાઈ ગયા છે!' રાજબાની પણ હવે વધારે ચાલવાની તો હિંમત હતી જ નહીં, પરંતુ આવા અરણ્યમાં એકલાં યોગી લોકોને આશ્રયે રહેવાનું તેને પસંદ પડયું નહીં. તેથી તેણે કાંઈ તેનો જવાબ જ આપ્યો નહી. વળી વિશેષમાં રાજપાળે જણાવ્યું કે, 'આ ડુંગરાની હાર ઓળંગી એટલે બરડાનો ડુંગર આવે છે તેની આસ પાસ ઘણા બારવટિયા લોકો અને તેમની પાછળ સરકારી સિપાઇઓ ફરતા જ હોય છે. તેમાંથી તમને પગે ચાલતાં લઈ જવાનું ઘણું જ મુશ્કેલી ભરેલું છે, અને જો કાંઈ સાધન હોય તો આપણે સપાટા બંધ ચાલ્યાં જઇએ.' આવી રીતે એકંદર હકીકત સાંભળીને રાજબાને પોતાની ઇચ્છા ઉપરાંત પરાણે તેમ કરવાની હાજ

કહેવી પડી, અને પોતે લજવાઈને નીચી નજરે જણાવ્યું કે, 'મારે માટે વળી વધારે આપને કેટલુંક કષ્ટ સહન કરવું પડશે!' આટલું બોલતાંમાં તેનો ઘાંટો ગળગળો થઈ ગયો અને છાતી ભરાઈ આવી. રાજપાળે તેને ઘણી ધીરજ આપી અને જણાવ્યું કે, 'મારે માટે તારે કાંઈ મનમાં લાવવું જ નહીં. કેમકે તેમાં કાંઈ મોટી વાત નથી. એ તો અમારી ફરજ છે. તેમાં તારે ગભરાવાનું કાંઈ કારણ જ નથી, અને આ જગાએ રહેવાને તને કોઇ પણ પ્રકારની હરકત નથી.' આવી રીતે રાજપાળનાં વચન સાંભળીને તેનું કાંઈક સમાધાન થયું. છેવટે તેમને ખુશીથી જવાની હા કહી અને પોતે ત્યાં રહેવાનું કબુલ કરતાની સાથે કંઠમાંથી એક સુવર્ણાલંકાર કાઢીને તેમના હાથમાં મુકયો. તથા જણાવ્યું કે, 'ઘોડા વગેરેને માટે જે ખરચ થાય તે કરજો અને આપણે ઘેર પહોંચતા સુધી પાસે પૈસા પણ જોઇએ, તે આમાંથી ચાલશે.' 'રાજબાનો આવો વિવેક જોઈને હસતાં પોતે રાજપાળે જણાવ્યું કે, 'આપના કંઠને શોભા આપનારું આ આભૂષણ આપની પાસે જ રહેવા દ્યો. હાલ આપણે જેટલું જોઈએ તેટલું મારી પાસે છે. તેની તમારે કાળજી રાખવાની કાંઈ જરૂર નથી.' એમ કહીને તેને તે પાછું આપ્યું. તે વખતે રાજબાએ તેને ઘણું કહ્યું, પણ કાંઈ માન્યું નહીં ત્યારે પરાણે પાછું તે આભૂષણ પોતાના ગળામાં ઘાલ્યું; તથાપિ રાજપાળના મનની મોટાઇ જોઇને તેને ઘણો જ સંતોષ થયો. સંધ્યાકાળે પૂજા આરતિ થઈ રહ્યા પછી રાજપાળે પોતાના સઘળા વિચાર પેલા યોગી મહારાજને નિવેદન કર્યા. યોગી મહારાજને જરા તે વિલક્ષણ લાગ્યું; પણ બીજો કોઈ ઉપાય જ હતો નહીં, તેથી તેમ કરવાની રજા આપી; અને રાજબાને "કાંઈ ગભરાવું નહીં બેટા! અહિંયાં કાંઈ કોઈ પણ પ્રકારનો તને ભય નથી." એ વગેરે કહીને ધીરજ આપી.

સવારમાં તેઓ વહેલાં ઉઠીને પરવાર્યાં. યોગી લોકો તો તેમના પહેલાં કયારનાએ ઉઠીને પોતાના નિત્ય કર્મમાં લાગેલા હતા. ધર્મશાળામાં એમની એક તાપણી સળગતી હતી; તેના પ્રકાશથી તેમણે અરસ્પરસ નિરીક્ષણ કરી લીધું. તે ઉપરથી એક બીજાના મનના વિચાર સ્પષ્ટ સમજાતા હતા. વયમાં તેઓ તદ્દન યુવાન તેમજ ઘણાં રૂપવાન હતાં, તેમ છતાં ખાનદાનીની મર્યાદાથી તેમની એક બીજાના ઉપર પૂજ્યભાવના હતી. તેમને ઘણાં એકાંત સ્થળ મળ્યાં અને અરસ્પરસ પ્રેમ વાંચ્છના જ હતી. તોપણ નીતિ તથા સદાચારને લીધે તેમના મન ઉપર કાંઈ વિચિત્ર પ્રકારનો દાબ રહેલો હતો. લાંબા વખત સુધી ટકી શકે તેવું સુખ કેવી રીતે મળે અને ઉતાવળિયાપણાનાં કેવાં પરિણામ આવે તે તેઓ સારી રીતે સમજતાં હતાં. આશાનું વૃક્ષ જ્યારે જોર ઉપર આવે ત્યારે વાનપ્રસ્થાશ્રમ પાળવાથી ધીરજ મળે છે. કોઈ પણ વસ્તુ સહેજમાં મળે તો તેની કાંઇ કિંમત રહેતી નહીં, અને ઘરમાં સર્વ પદાર્થ ભરી મુકયા હોય તો પછી મનને એક પ્રકારે શાંતિ તથા સંતોષ રહે છે; કેમ કે જ્યારે જોઇએ ત્યારે તે તૈયાર જ છે, એમ જાણીને વાસના શિથિલ થાય છે. તે પ્રમાણે એ બન્નેના મનની સ્થિતિ હતી. તેમાં દેવબ્રાહ્મણ તથા અગ્નિનારાયણ સમક્ષ ગળામાં વરમાળ આરોપવાની જ માત્ર બાકી હતી; અને તે તેમના મનને સંભવનીય લાગતું હતું. ગમે તેમ થશે, તો પણ આપણા ધાર્યા પ્રમાણે સર્વ બની આવશે, એવા મનોરાજ્યમાં તેઓ ગર્ક થઈ ગયાં.

તે કાંઈ કહેવાની જરૂર જ નથી. રાજપાળે પાસે બીલીના ઝાડ ઉપર ચઢીને બિલીપત્ર ઉતાર્યાં, એટલામાં તેણે આજુબાજુ બકુલ વગેરે ઋતુનાં ફુલ ખરી પડેલાં હતાં, તે ભેગાં કરીને કેટલીક લાંબી સળિયોમાં પરોવ્યાં. તે લેઇને બન્ને જણ સાથે શિવાલયમાં આવ્યાં અને શંકર ઉપર સપ્રેમ ચઢાવ્યાં. આ વખતે પેલા યોગીઓ જોઈ રહ્યા હતા તેમણે–"તમારું કલ્યાણ થાઓ," એવો આશીર્વાદ આપ્યો અને જણાવ્યું કે, 'તમારા પાછા આવતા સૂધી આ બાળાની અમે સંભાળ રાખીશું; તેને માટે તમે કાંઈ ફીકર રાખશો નહીં, અને વેહેલા આવજો.' એ સાંભળીને રાજપાળ બધાને પગે લાગીને ચાલતો થયો. તેની પાછળ રાજબા બહાર આવી. તે વખતે થોડા દિવસના પરિચય છતાં જીવ ઉપરના સંકટમાં સહાય કરવાના મહાન્ ઉપકારને લીધે થયેલો પ્રેમ સંબંધ તથા આવી દુઃખદ સ્થિતિના સહવાસમાંથી આજે અન્યોઅન્ય છુટાં પડવું પડે છે, એમ દરેકના મનમાં આવતાં ચક્ષુ પાણીથી ભરાઈ આવ્યાં અને ઘાંટો ગળગળો થઈ જવાથી અરસપરસ કાંઈ બોલી શકાયું નહીં. પણ આંખના ઇશારાથી રાજબાએ રજા આપી એટલે રાજપાળ ગુપચુપ રસ્તે પડ્યો. તે તદન દેખાતો બંધ થઈ ગયો. ત્યાં સૂધી ત્યાં જ ઉભી રહી. ચાલતાં ચાલતાં જરા પાછું વાળીને એ જોતો જાય છે તો તેનાં આંસુથી ભરેલાં નેત્રો, ઉતરી ગયેલો ચહેરો અને શિયાવિયા થઈ ગયેલું મુખ જોઇને મનમાં તેને બહુ માઠું લાગ્યું. પરંતુ બીજો કાંઈ ઇલાજ હતો નહીં. તેથી તે પોતાનું મન દૃઢ કરીને આગળ ચાલવા લાગ્યો. આપણી પાછળ તેના ઉપર કાંઈ આફત તો નહીં આવે, એવા વિચારતરંગ પણ તેને થવા લાગ્યા. તથાપિ જેને આશરે મુકી છે તે જ તેનું રક્ષણ કરશે! એવો ઈશ્વર ઉપર આધાર રાખીને તે નિઃસંશયપણે ચાલવા લાગ્યો. તેની પાછળ રાજબાના મનમાં કાંઈ જુદા જ વિચારો ચાલતા હતા. તેના મનને એમ થયું કે આ જાય છે તો ખરા, પણ જો લુટારા અથવા બળવાખોરો જો મળશે તો તેમને કાંઇ હરકત તો નહીં આવે? એ ફીકરમાં તે દૃષ્ટિ બહાર નીકળી જતાં પોતાનાં આંસુ લોહીને છાની માની અંદર આવી. તેને જોઈને યોગીએ કહ્યું કે, 'બેટા કાંઈ ફીકર કરવી નહીં. અમે તો સદાકાળ જંગલમાં જ રહીએ છીએ. તોપણ જગતનો અનુભવ અમને થયેલો છે. કોઇ જન્મે ત્યારથી જ કાંઈ સાધુ હોતા નથી. જ્યારે સંસાર તાપથી બળી જવાય છે અને કંટાળો આવે છે તથા ગુરુની કૃપા થાય છે ત્યારે મોક્ષનો માર્ગ મળે છે. આજ સૂધી જે સાધુ સંત થઈ ગયા છે તે બધા ગૃહસ્થાશ્રમી જ હતા. તેમણે જગતની ઘણી ભાંગ ફોડો, રાજ્યકારભાર તથા સંસારના સુખ દુઃખના અનુભવ કર્યા પછી જ જગત્ અસાર છે, એવી ખાત્રી થતાં તેઓ એકાદા નિર્જન સ્થાનમાં રહીને હરિભજન કરતાં પોતાનું આયુષ્ય સન્માર્ગમાં નિર્ગમન કરે છે. જેઓ સંસારની અડચણોથી સાધુ થઈ જાય છે તેઓ જગતમાં માત્ર સાધુ વેશથી ફરીને ગૃહસ્થાશ્રમીઓની કમાણીમાંથી ભીખ માગીને પોતાનું પેટ ભરે છે.' આ વખતે રાજબા બોલી ઉઠી કે, 'તેઓ કોઈ સાધુ કહેવાય નહીં, પણ તે તો અરેખરા ઢોંગી ધુતારા જ સમજવા જોઇએ. માથે જટા વધારનારા, અંગે રાખ ચોળનારા, ઇંદ્રિયો વશ રાખનારા, દાન કરીને થાકી ગયેલા તથા ભગવી કફનીઓ ઘાલીને ફરનારા પરમહંસ હોય તેમને લોકો નમીને માન આપે છે 'તે તેમના ભેખને જ

માન આપે છે,' એમ કહેવાને કાંઈ બાધ નથી. યોગી મહારાજ બોલ્યા કે, 'જેઓ પોતે હિમાલયનાં શિખરો અથવા તળેટીઓ, નર્મદા કિનારાનાં શુકવ્યાસજી જેવાં સ્થાનો તથા આબુ પહાડ ઉપરની નિરામય ગુફાઓ વગેરે જેવાં એકાંત તથા શાંત સ્થળોમાં રહેતા હોય, તે સંત મહાત્માઓને જગતનો કાંઇ સંસર્ગ હોતો નથી. પરંતુ વેશધારીઓ તો ગામેગામ ભટકતા પાણીના પનઘટ પારો અથવા રાહદારીઓના રસ્તા નજીક કિંવા કોઇ મેળા જાત્રા જેવા ઠેકાણે પંચાગ્નિ સાધવાનો ડોળ ઘાલીને બેસે છે. અથવા બાણશૈયા ઉપર સૂઈ જાય છે અથવા ઉંધે માથે કિંવા ઉંચા હાથે કરીને તપશ્ચર્યા કરતા દેખાય છે, તેમને સાધુ કહેવા કરતાં આળસુ, નિરુદ્યોગી અથવા ઢોંગી વેશધારી જ કહેવા જોઈએ. તેઓ આવી રીતે ઘણી મહેનત કરે છે, તેટલી જો બીજા ધંધામાં કરી હોત તો તેમને ઘણો ફાયદો થાત. પરંતુ સાધુવેશના બહાનાથી પોતાનો નિર્વાહ કરવો, એ આજકાલ એક પ્રકારનો ધંધો જ થઇ પડ્યો છે. તેમાં વૈરાગ્ય અથવા સાધુત્વ તો લેશ માત્ર પણ હોય નહીં.'

આ પ્રમાણે વાર્તાચિતો થયા પછી તેને એક મૃગચર્મ આપીને ધર્મશાળામાં જ પોતાનો વખત ગુજારવાનું કહેવામાં આવ્યું; અને ધર્મકર્મ કર્યા પછીના વખતમાં વાતો કરતા બેસવાનું જણાવ્યું. તે પછી તેણે દેવાલયની આસપાસની જગા, ધર્મશાળા તથા ગુફાની જગા બધી વાળી ઝાડીને સાફ કરી, અને ઋતુનાં જે પુષ્પો મળી આવ્યાં તે ભેગાં કરીને પૂજા માટે ટોપલીમાં ભરી મૂક્યાં. તેને લીધે આ આશ્રમ વધારે સફાઇદાર દેખાવા લાગ્યો.

પ્રકરણ ૨૪ મું

માબાપનો મેળાપ

રાજપાળ ત્યાંથી જે નીકળ્યો તે સાંજ સુધીમાં સપાટાબંધ પચીસ કોસથી વધારે આગળ નીકળી ગયો, પણ આજૂબાજૂ ગામ કાંઈ નજરે પડ્યું નહીં. સંધ્યાકાળના સુમારમાં ગામ કાંઈ જણાયું નહીં, પણ ડુંગરાની તળેટીમાં કુતરાં ભસવાનો અવાજ સહેજ સંભળાવા લાગ્યો. રાજપાળ તે તરફ ઉતરતો ચાલ્યો. તળેટીમાં આવતાં એક બે ઘાસનાં ઝુંપડાં જોવામાં આવ્યાં. તેના ઉપર દુધી, કોહળાના તથા ગલકા વગેરેના વેલા ચઢાવેલા હતા. બકરાં કુકડાં પણ ત્યાં ફરતાં હતાં અને તેની સાથે એક બે છોકરાં રમતાં હતાં, પરંતુ મરદ કોઈ જોવામાં આવ્યો નહીં. ઝુંપડાની પાસે જઇને જુવે છે તો એક વૃદ્ધ ડોસી તથા બે યુવાન સ્ત્રીઓ બેઠેલી હતી. તેમને તેણે પૂછ્યું ત્યારે ડોસીએ જણાવ્યું કે, 'કોડીનારના રબારીઓ તરફથી આ બીડ સંભાળવાને અમે અહિંયાં રહીએ છીએ. આ પાસેની સમઢી નદી ઓળંગી એટલે એક બાજુએ જાફરાબાદ તથા બીજી તરફ સુત્રાપાડા જવાના માર્ગ છે. અમારા ઇજારદારને ગિરનાર તરફના લોકો આ બીડ છોડવાને માટે ઘણી લાલચ બતાવે છે. તથાપિ રબારી અને ચારણ લોકો ગાયકવાડ સરકારના અભિમાનથી ભોગવટો છોડતા નથી. સરહદ ઉપર ઘણાં તોફાન મારામારીઓ થવા છતાં પણ તેઓ ઇમાને ઇતબારે સરકારનું અભિમાન રાખી રહ્યા છે.' રાજપાળને આ વખતે સાનંદાશ્ચર્ય લાગ્યું કે, ગરીબ

લોકો પણ ઘરના રોટલા ખાઇને સરહદ ઉપર સરકારને માટે મરે છે; ત્યારે આ મારો દેહ જ બધો સરકારનો છે, માટે મારે આ બળવા વખતે સરકારની નોકરી કરવી જોઇએ. આવા તરંગ કરતાં તેણે ડોસીને ત્યાં રાતવાસો રહેવાનું પૂછ્યું. તેણે કહ્યું કે, 'અમે ગરીબ માણુસ આપનાં પગલાં અમારે ઘેર કયાંથી? મારા છોકરા જો આજે ઘેર હોત તો તે બહુ ખુશી થાત. અને સારી રીતે સેવા ચાકરી કરત. આ આપનું જ સર્વ છે. ખુશીથી રાત વાસો રહો.' પછી તેણે પોતાની વહુઓને બહાર ખાટલો પાથરીને ગોદડું નાંખી આપવાનું કહ્યું. તે પ્રમાણે ખાટલો પાથરી આપીને એક સ્વચ્છ પાણીનો ઘડો પણ ભરી લાવીને મુકી દીધો. ગરીબનો પરોણાચાર એટલે તેમાં રોટલા, દુધ અને તાજા ભાજી પાલાનું શાક જ માત્ર હોય છે. પણ તેમાં જે પ્રેમભાવ રહેલો હોય છે તેવો બલ્કે તેનાથી સોમાભાગનો પણ કોઈ શ્રીમંતના અથવા અધિકારમાં અંધા થયેલાના પરોણાચારમાં પ્રેમભાવ હોતો નથી. એ પોતે ખાટલા ઉપર બેસીને ઘરની સ્થિતિ જોતો હતો. વૃદ્ધ સાસુની તાબેદારી વહુઓ એક નોકરના કરતાં પણ વધારે કરતી હતી. તેમને કેળવવાને માટે તો ઘરડાં માણસો જ જોઇએ. હાલની સુધારાની શિખવણીની કેળવણી કયાં અને સાસુનું સ્વાભાવિક નિત્ય શિક્ષણ કયાં? છોકરાંને બાળપણમાં પરણાવવાં નહીં, કેમકે તે બાળલગ્ન કહેવાય! એ વાત ખરી. પરંતુ બીજા દેશની રીતભાત તથા ચાલ ચલગત જોઇને તે પ્રમાણે આપણે નકલ કરીએ તો આપણી જાત ધર્મ, આચાર નીતિ અને, મર્યાદા શી રીતે રહી શકે? તેમ જ નિશાળમાં ભણેલી સ્ત્રીની અને આવા ઝુંપડામાં વહુઓ તરીકે કેળવાયલી સ્ત્રીઓની મર્યાદા શી રીતે સરખાવી શકાય? તે બાળાઓએ જરા ઉંચી નજર કરીને પણ જોવું નહીં! હવે નવું તેટલું સારું, એમ માનનારા હઠવાદીઓ ગમે તેમ બોલે તો ભલે! પણ તેમાં કાંઈ માલ નથી. રાજપાળ સવારમાં ઉઠીને પેલાં છોકરાંના હાથમાં કાંઈ મુકીને ડોસીમાની રજા લઇને ચાલતો થયો. બપોર થતાં એક ગામ આવ્યું ત્યાં ગયો. જે જગાએ ઘણી જ થોડી વસ્તી હતી, પણ ગામમાં કેટલાંક ઘોડાં જોવામાં આવ્યાં. તેમાંથી બે સારાં મજબુત ઘોડાં જોઇને ખરીદ કર્યાં. રાતવાસો રહીને બીજે દિવસે પાછો ચાલતો થયો. એકંદરે ચોથે દિવસે તે દેવાલય પાસે આવી પહોંચ્યો. રાજબા તો રાહ જોતી જ હતી. તે ઘણી ખુશી થઈ. તેણે ચટ ઉઠીને ઘોડાં પકડી લીધાં અને પાસેના ઝાડ સાથે બાંધીને આજુબાજુથી લીલી ચાર તથા દરો લાવીને નાંખી. રાજપાળે યોગીરાજને નમીને પ્રણામ કર્યા. તેમણે તેને યશસ્વી થવાનો આશીર્વાદ આપીને ખબર અંતર પૂછી. રાતભર ત્યાં રહીને સવારમાં બન્ને યોગીરાજને નમન કરીને તેમનો શુભાશીર્વાદ લઇને નીકળ્યાં. તે વખતે યોગીએ છેવટે જણાવ્યું કે, 'તારા ગયા પછી આ બાળા અત્રે નિરાંતે રહી હતી. તે જેવી રૂપવાન છે તેવી જ ગુણવાન પણ છે.' તે કહેવાનો હેતુ સમજીને રાજપાળને જરા પોતાના ગાલમાં જ હસવું આવ્યું. અને આપના આશીર્વાદથી સર્વ સારું જ થશે, એમ કહીને રજા માગી. ખુશીથી તેમણે બન્નેને રજા આપી અને તે ત્યાંથી ચાલતાં થયાં. થોડીવાર પછી યોગીરાજને પણ તેમના બે ચાર દિવસના સહવાસને લીધે સુંનુ લાગવા માંડયું અને જરા દિલગીરી પણ થઈ.

રાજપાળે રસ્તામાંથી પોતાની સાથે આણેલો મરદાની પોષાક પહેરી લેવાને રાજબાને જણાવ્યું. તે પ્રમાણે તેણે પોતાનો પોષાક બદલી નાંખ્યો અને બન્ને ઘોડે સ્વાર થઇને ચાલ્યાં. તેમાં એકના મુખ ઉપર ફુટતી મુછ હતી અને બીજો કુમળો કુંવર જેવો દેખાતો હતો. તેમણે ડુંગરની એક બે વલણો ઓળંગીને એક ખીણમાંથી દ્વારકા જવાનો આડ માર્ગ પકડ્યો. રસ્તામાં એક ગામ આવ્યું ત્યાંથી એક નાનકડી તરવાર ખરીદ કરીને પેલા કુમળા સ્વારની કમરે લટકાવી દીધી. રાત પડી ત્યાં રસ્તામાં એક ઝાડ નીચે મુકામ કર્યો. પોતાની પાસે જ ખાવાનું હતું તેમાંથી થોડો નાસ્તો કર્યો અને ત્યાં જ નિરાંતે સુઈ ગયાં. કેટલાક વખત પછી રાતમાં બંદુકના અવાજ સંભળાવા લાગ્યા. તેથી બાળસ્વાર તો ઝબકીને જાગ્યો. એ ઝના બળવા વખતના આવા અવાજ અને કીકીયારીઓના તેને હજુ ભણકારા વાગ્યા કરતા હતા તેથી તેણે ગભરાઈ ને પૂછ્યું કે, ‘આ ડુંગરા ઉપર શાના અવાજ સંભળાય છે, અને મશાલ જેવું અજવાળું દેખાય છે તે શું હશે?’ ‘મોટા સ્વારે ગંભીરતાથી જણાવ્યું કે, ‘તું કાંઈ ગભરાઇશ નહીં. આપણે ત્યાં જઇશું ત્યારે સવારે સર્વ જણાશે.’ રાજબાના મનમાં અનેક કલ્પનાઓ થવા લાગી. ઝાડ ઉપરનાં પક્ષી ગભરાઇને પોતાના માળામાંથી નીચે પડ્યાં. હરણ, શિયાળ, ચિત્તા વગેરે આમ તેમ દોડવા લાગ્યા. આવી રીતે ત્યાં આખી રાત કાઢીને સવારે તેઓ ડુંગરાની તળેટીમાંથી ચાલવા લાગ્યાં. કેટલાક વખત પછી એક ગામ આવ્યું. ત્યાં એક સ્વાર ગોળી લાગવાથી પડેલો હતો. તેનો ઘોડો પણ મરેલો પડેલો હતો. રાજપાળે નીચે ઉતરીને સ્વાર પાસેથી દારુ ગોળી સાથે બંદુક લીધી અને તેના ઘોડાના સામાનમાં એક થેલી હતી, તેમાંથી કમાન્ડિંગ ઓફીસરના નામનો કાગળ હતો તે લીધો અને છુટી ચિઠ્ઠી હતી તે વાંચી જોઈ. તેમાં વાઘેર લોકો ડુંગરામાં નાસી ગયેલા હોવાથી હુમલો કરવાનો વખત મુકરર કર્યાનું લખેલું હતું. તે ઉપરથી તેણે એ કાગળ જેનો તેને પહોંચાડવાનો વિચાર કર્યો, કેમકે લશ્કરની સાથે પ્રવાસ કરતાં પોતાની સાથેની અબલાનું પણ રક્ષણ થાય. આવા ઇરાદાથી તેઓ આગળ ચાલતાં ઘણે દૂર તંબુઓ તથા રાવટીઓ દેખાવા લાગી; અને આજુબાજુએ બધા લશ્કરનો મુકામ પડેલો હતો. એ સઘળું તે ટેકરા ઉપરથી જણાયું. ધીમે ધીમે તેઓ છાવણી પાસે આવ્યા ત્યારે ત્યાં એક નાનકડો બજાર ભરાયલો હતો. દીવા કરવાનો વખત થયો હતો. ચારે તરફ ચુલા સળગેલા હતા. કેટલાકની દાલ રોટી થઈ રહી હતી. કોઈ કસુંબો કાઢતા હતા તો કોઈ વાઘેરોના શુરાતનની વાર્તા કરી રહ્યા હતા. તે દિવસે એક તરવાર બહાદુર વાઘેરે જે અદ્ભુત ચાલાકી બતાવીને એકલાએ એકવીસ માણસોને ઘાયલ કરીને પંદરને પરલોક મોકલ્યાની વાતો ચાલતી હતી. તે શિવાય બીજી પણ લડાઇની અનેક વાતો ઠામે ઠામ થતી હતી.

રાજપાળ બાળ સ્વારને ત્યાં જરા ઉભો રાખીને પોતે તપાસ કરતો કમાંડિંગ ઓફીસરના તંબુ પાસે ગયો અને પહેરાવાળા સાથે પત્ર અંદર મોકલ્યો. તે વાંચતા બરોબર સાહેબ પોતે બહાર આવ્યા અને તે લાવનાર સંબંધી તપાસ કરવા લાગ્યા. રાજપાળે સલામ કરીને તેમને સઘળી બનેલી હકીકત કહી દીધી. તે ઉપરથી આ સ્વાર વાઘેર જેવો હોવા છતાં તેને પોતાના તરફનો સમજીને તંબુમાં લઈ ગયા અને

તેની એકંદર હકીકત પૂછી લીધી. તેણે પોતાની ગાયકવાડ સરકારના ગિરાસિયા તરીકેની સઘળી બિના કહી સંભળાવી. તે ઉપરથી સવારમાં તંબુ ઉપર આવવાનો હુકમ થતાં તે સલામ કરીને પાછો ફર્યો. બન્ને સ્વારોએ છાવણીની પાસે જ એક ઝાડ સાથે ઘોડા બાંધીને ત્યાં મુકામ કર્યો અને ખાવાપીવાની તજવીજ કરવામાં લાગ્યા.

રાતના લશ્કરી અમલદારો વાત વિચાર કરવા બેઠા, તે વખતે એવી ખબર આવી કે, ભિમા માણેકની સ્ત્રીને ગાયકવાડી સ્વારો પકડી લાવ્યા છે. તેની તપાસમાં એવું જણાયું કે વાઘેરો બધા બરડાના ડુંગરમાંથી આભરા નામની વિકટ ડુંગરીમાં જઇને બૈરાં છોકરાં સાથે રહ્યા છે. ગોરિયાળીનો કાયા માણેક પોતાના માણસો સાથે હથિયારો મૂકીને કેપ્ટન બાર્ટનને શરણે આવ્યો છે. નાગેસરના ભિયા સુમનિયાને એક ટોળીવાળા પકડી લાવ્યા છે. છેવટે વાઘેરો તાલુકદારોના મુલકની હદમાં નીકળી ગયા છે ત્યારે તેમણે પોતાનો બંદોબસ્ત રાખવાનું ઠર્યું અને કેપ્ટન બાર્ટન ઉખામંડળના બંદોબસ્ત માટે પોતાના લશ્કર સાથે ચાલ્યા. આ વખતે ઉખામંડળમાં કાંઈ ધાસ્તી જેવું નહીં હોવાથી તેઓ બીજે દિવસે સાંજ પડતા પહેલાં બેટ શંખોદ્ધાર સુધી આવી પહોંચ્યા. લડાઈ લુંટ વગેરે ઘણી થવાથી તથા મંદિર વગેરે ખોદાઈને સર્વત્ર મેદાન થઈ જવાથી મહાભયંકર દેખાવ લાગતો હતો. લોકો પણ કેવળ કંગાલ થઈ ગયેલા જણાતા હતા. તેઓ પોતાના કર્મની કહાણી કહેતા બેઠા હતા. કેટલાક માણસો ઘાયલ થયેલા હતા. તેમનાં સગાંવહાલાં દવા દારૂ કરવામાં ગુથાયાં હતાં. જેઓ કતલ ચાલવામાં મરી ગયા, તેમનાં બૈરાં છોકરાં રડતાં કકળતાં બેઠાં હતાં. જે બેટ શંખોદ્ધાર પહેલાં લક્ષ્મીનું નિવાસસ્થાન હતું તે જ આજે ભયંકર મેદાન થઈ પડ્યું હતું.

ગામની બહારથી આપણા બાળ સ્વારે મરદાની પોષાક બદલીને પોતાનો પ્રથમનો જનાની પોષાક ધારણ કર્યો, અને ઘોડા ઉપર બેસીને ગામમાં ચાલ્યાં. આગળ રાજબા માહિતગાર હોવાથી પોતે ચાલવા લાગી અને રાજપાળ થોડે છેટે પાછળ પાછળ ચાલ્યો આવતો હતો. મંદિર પાસેના ખાંચામાં તેના બાપનું ઘર હતું ત્યાં ખડકીમાં જોધા કુંભાણી બેઠા હતા અને નજીકમાં તેમની સ્ત્રી પણ ઘરનું કામકાજ કરતી બેઠેલી હતી. તેઓ પોતાની દીકરી ગુમ થવાથી તેને સંભારીને રડતાં હતાં; પણ દ્વારકાનાથ ઉપર બધો આધાર રાખીને તે પાછાં મેળવશે, એમ પોતાના મનનું સમાધાન કરતાં હતાં. બેટમાં બધાં જ જ્યાં દુઃખી ત્યાં કોણ કોના મનનું સમાધાન કરે? એટલામાં બહાર ઘોડાનાં પગલાં વાગવાથી સ્ત્રીએ પોતાના સ્વામીને કહ્યું કે, કોઈ પરોણા આવ્યા કે શું? જુઓ તો ખરા! તે સાંભળીને પોતે બહાર જઇને જુવે છે તો પોતાની દીકરી ઘોડા ઉપરથી ઉતરીને ઘોડાને બાંધી રહી છે. બાપ દીકરીની નજર એક થતાં બન્ને દોડીને એકદમ ભેટી પડ્યાં. તે વખતે એક પ્રકારના હર્ષથી અને વળી બનેલી બિનાના સ્મરણથી તેની છાતી ભરાઈ આવી અને કાંઈ બોલાયું નહીં, પણ તેણે પ્રેમનાં આંસુથી પોતાના બાપની છાતી પલાળી દીધી. છેવટે છુટી પડતાં તેણે પોતાના પ્રાણરક્ષકને બહાર ઘોડા ઉપરથી ઘરમાં લઈ આવવાનું કહ્યું. તેની સાથે જ તે પોતાની માતાને બાઝી પડી અને ખુબ રડવા લાગી. મા દીકરી બન્નેનું એક સરખું રડવું ચાલતું

હતું તેથી કોઈ કોઇને કાંઈ કહી શક્યું નહીં તોપણ આખરે તેની માતાએ તેનાં આંસુ લોહીને તેને પરાણે છાની રાખી, માથે હાથ ફેરવ્યો, અને બન્ને જણ નીચે બેઠાં. જોધા કુંભાણી તરત બહાર ગયા અને તેમણે પેલા પરોપકારી પુરુષનો ઘોડો પકડીને તેમને ઘણા જ માન સાથ નીચે ઉતરવાનું જણાવ્યું, તે પોતે પોતાનો ઘોડો બાંધવા ગયો; પણ ડોસાએ તેમ કરવા દીધું નહીં. તેણે પોતાના નોકરને બોલાવીને તેના ઘાસ ચંદીની તજવીજ કરવાનું કહીને તેમને ગાસિયો પાથરેલા ખાટલા ઉપર લઈ જઇને બેસાડ્યા. જ્યારે તેમણે બધી બનેલી હકીકત પૂછી ત્યારે તેણે જણાવ્યું કે, 'તે આપની દીકરી બધું જાણે છે.' તે ઉપરથી જોધા કુંભાણીએ તેમની તારીફ કરીને બોલ્યા કે, આપના અનહદ ઉપકારનો બદલો શી રીતે વાળવો ?' એમ કહીને તેમને કેટલાક દિવસ ત્યાં જ રહેવાનો આગ્રહ કર્યો. તેના જવાબમાં જરૂરના કામ માટે મારે જવું જોઇએ, એમ તેણે જણાવ્યું. તે પછી પોતાનું નામ ઠામ પણ ટુંકામાં કહી દીધું. ઘરમાં સઘળા જમવાની તૈયારી થઈ. જમી રહ્યા બાદ તેને એક મૂલ્યવાન કંઠી આપવા માંડી. પણ તે તેણે લીધી નહીં. અને મેં મારા કર્તવ્યથી કાંઇ વધારે કરેલું નથી; એવો ઉત્તર આપ્યો.

સઘળાંની રજા લઇને સવારમાં તે નીકળ્યો ત્યારે બરડાની લડાઈ પછી મળવાનું જોધાના અતિ આગ્રહથી રાજપાળે કબુલ કર્યું. આ વખતે રાજબા તથા રાજપાળની વિરહસ્થિતિ સરખી હતી, પણ કોઇથી કાંઈ બોલાયું નહીં. અત્યાર સુધી જેની સાથે ભેગાં હતાં તેને હવે આંખ ભરીને જોવાય પણ નહીં, એ લોકાચારની મર્યાદા બહુ જ વિલક્ષણ છે. તેની સાથે પરદેશીઓની પર પુરુષોની સાથે હદ બહાર સ્વતંત્રતાથી વર્તવાની રીતની સરખામણી કરતાં સરસ છે, તે તુરત જ આપોઆપ જણાઈ આવે અને તેનો ઇન્સાફ કરવાનું કામ અમે વાંચનારને જ સોંપીએ છીએ.

પ્રકરણ ૨૫ મું

ટોકરાનંદ સ્વામીનો મઠ

ટોકરાનંદ સ્વામી અને તેમની જગા ઘણી જ જાણીતી છે. એ સ્વામી શરીરે શ્યામ વર્ણના, પુષ્ટ તથા ભવ્ય દેખાતા હતા. તેઓ ન્યાય, વ્યાકરણ, વેદાંત, મીમાંસા ઇત્યાદિમાં પ્રવીણ હોવાની સાથે ચારે વેદના શિષ્યો તેમની પાસે ભણતા હતા. એ પોતે સાધુ ખરા પરંતુ સ્વભાવ મુસદ્દીપણાનો હોવાથી રાજકારસ્તાની પ્રભાવમાં તેઓ પ્રસિદ્ધ હતા. ઉખામંડળના સર્વ વાઘેરો વગેરે લોકો તેમને ગુરુ તરીકે માનતા. તેમના રાજકાજ સંબંધીના મહાન્ વિચારો કાંઈ જેવા તેવા સાધારણ નહીં હતા. જો તેમને શ્રી. શિવાજી મહારાજ જેવો દીર્ઘદૃષ્ટિવાળો અને ભાગ્યવાન શૂરવીર મળ્યો હોત, તો એ સ્વામીએ તેની પાસે રામદાસ સ્વામીની ગરજ સારી હોત. તથાપિ દેશનાં દુર્ભાગ્યે અથવા સુભાગ્યે હાલના નવીન પ્રકારના લોકોને મળતા શિક્ષણને લીધે આવો મહાપુરુષ ક્યાંથી ઉત્પન્ન થાય! આ ઉપરથી જ તેમણે હિંદુસ્થાનની પશ્ચિમ દિશાએ આવેલા પ્રાચીન પ્રસિદ્ધ દ્વારકા ધામને તો પસંદ કરેલું

નહીં હોય? સદ્ધર્મની સ્થાપના માટે દ્વારકામાં એક મઠ સ્થાપન કરવો, અને તે મઠના સંપ્રદાય પ્રમાણે રાજા રજવાડાઓ તથા ચક્રવર્તી મહારાજાઓનું ગુરુપદ સંપાદન કરતાં મઠનો જે પૂર્વાપાર હેતુ તે જાગૃત કરીને તેની સફળતા કરવી, એવો પણ કદાચ તેમના મનનો હેતુ હોય. એ સ્વાભાવિક છે. કેમ કે આવા પ્રકારના કોઇ હેતુ શિવાય દક્ષિણમાંથી છેક પશ્ચિમના સોરઠ પ્રાંતમાં આવીને તેમણે પોતાનું આયુષ્ય ભજન કીર્તન કરવામાં ગુજારવા મનમાં ધારવું, એ કાંઈ સંભવિત નથી. કેટલાક દેશમાં ધર્મની પડતી આવે છે તે એક બીજામાં ઇર્ષા ઉત્પન્ન થયા શિવાય આવતી જ નહીં. જો કદાચ મિથ્યાભિમાન હોય નહીં તો, જે ધારે તે કામ ઝપાટાબંધ થઈ જાય છે. તેથી દરેક દેશમાં પોતાનું ધર્માભિમાન લોકોના મનમાં અવશ્યે હોવું જોઇએ. પરદેશી રાજ્યના સપાટામાં એકવાર જે દેશ સપડાઈ જાય છે અને કેવળ પરાધીન થઈ જાય છે એટલે તેમાંથી એટલા બધા જાતિભેદ પડી ગયા છે કે, હવે વર્ણાશ્રમ ધર્મને રહેવાની જગા ક્યાં મળે? હિમાલયથી કન્યાકુમારી સુધીના સેંકડો દેશોમાં હજારો પ્રકારની જુદી જુદી ભાષાઓ, તેટલા બલ્કે તેથી વધારે પંથ અને સંપ્રદાયો થઈ ગયા છે. તેના પણ વળી અનેક પેટા ભેદ થઈ જતાં લોકોના ધંધાના તથા આચાર વિચારના અસંખ્ય પેટાવિભાગ થઈ ગયા છે. એટલું જ નહીં પણ અજ્ઞાન અથવા ઓછી બુદ્ધિની કમાલ થયાની મજા જોઇને હસતા બેસવું, એ વધારે સારું છે. એવી શાંતતાના વખતની વાતો સ્વામી જેવા સ્વતંત્ર વિચારના પરોપકારી પુરુષને કેમ પસંદ પડે? જે કોઈ માણસો તેમની સાથે સમાગમમાં આવતા, તેઓ પણ ઘણે લાંબે વખતે તેમના ઉત્તમ પ્રકારના વિચારો સમજતા, અને છેવટે તેમને માટે સંપૂર્ણ ખાત્રી થયા શિવાય રહેતી નહીં. નાના કપ્તન, મુરલીધર બાબા વગેરે ઘણા લોકો તેમનો વૈરાગ્ય જોઇને તેમના સિદ્ધપણાને લીધે આપણને કાંઈ પ્રસાદી મળી જાય તો સારું. એવા હેતુથી તેમને પોતાના ગુરુ તરીકે માનતા અને હમેશાં તેમની સેવામાં તૈયાર જ રહેતા. એકવાર આપણા અંતઃકરણમાં કોઈ પણ સત્ય સંબંધી પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય એટલે બધા ભાવિક જનોના આચાર વિચાર તેમના જેવા જ થાય છે. ગુરુના ગુણાનુવાદગાનોમાં મન સદા તદાકાર જ થઈ જાય છે એ ભાવિક શિષ્યોને માટે સ્વભાવિક છે. આવા પ્રકારની તેમના શિષ્યવર્ગની ભક્તિ જોઇને એ પ્રદેશના અનેક શૂરવીરો સ્વામીની પ્રશંસા કરતા હતા અને અસંખ્ય લોકો તેમનાં દર્શન કરવાને માટે આવતા હતા. તેમાં કેટલાક હરિભક્તો, દાતારો અને વીરરત્ન જેવા પુરુષો પણ કોઈવાર આવી મળતા.

પ્રિયાને વિયોગે નાસીપાસ થવાથી રાખ ચોળીને વૈરાગી બનેલો પ્રજાપાળ નદીને કિનારે મુસાફરી કરતો હાલમાં આ ટોકરાનંદ સ્વામીના મઠમાં આવીને રહેલો હતો. કેટલાક સાધુ વૈરાગીઓ આ મઠમાં જઇને મુકામ કરતા હતા. તેઓને મઠમાં અથવા મંદિરમાં ભિક્ષા મળે તો ઠીક જ, નહીં તો ગામમાં બે ઘર ફરીને માગી લાવે. આવા પ્રકારનો કાંઈ આ વૈરાગી હતો નહીં. એનો વૈરાગ સ્વામીએ થોડા દિવસમાં જ તેની ચર્યા ઉપરથી અથવા એકંદર સ્થિતિ ઉપરથી ઓળખી કાઢયો હતો. તે આ મઠમાં એક ઓસરીના ખુણામાં પડી રહેતો હતો, તોપણ કોઈ કાઠી, વાઘેર

વગેરે લોકો સ્વામીનાં દર્શન કરવા આવે, તેમનું તે સારી રીતે નિરીક્ષણ કરતો હતો. શયન આરતિ થયા પછી તે મઠમાં આવીને પોતાનું ખાવા પીવાનું પરવાર્યા બાદ જરા આડો થયો હતો, એટલામાં સ્વામી ત્યાં ફરતા ફરતા આવ્યા. અને તેમણે કાંઈ તેની સાથે બોલવાની શરૂઆત કરી. તેઓ પહેલા બોલ્યા કે, 'ભાઈ! તું બીજા વૈરાગીઓ જેવો વૈરાગીનો ધંધો કરનારો કાંઈ દેખાતો નથી. તું આ મઠમાં આવ્યા પછી ગામમાં ભિખ માગવા નહીં જતાં કેટલીકવાર અપવાસ કરીને ભુખે મરે છે. ત્યારે તને કોઈ બીજી બાબતની અપેક્ષા હશે અથવા કાંઈ ફીકર લાગેલી હશે; તેથી તું વૈરાગી થઈને ફરે છે.' સ્વામીના મુખના આવા અકસ્માત્ શબ્દો સાંભળીને પ્રજાપાળ પોતાના મનમાં કાંઇક ચમક્યો; અને આપણા મનનો હેતુ તેઓ સમજી ગયા, એમ જાણીને તેણે સ્વામીને નમસ્કાર કર્યો. વળી પાછું સ્વામીએ કહ્યું કે, "મને તું જાતનો કોઈ વણિક, બ્રાહ્મણ અથવા બકાલ વસવઇયા જેવો લાગતો નથી; પણ તું કોઈ ક્ષત્રિયનો બાળક હોય એમ લાગે છે. શરીરે માત્ર રાખ ચોળવાથી અથવા ગમે તેવો વેશ બદલવાથી કાંઈ માણસનો મૂળનો સ્વભાવ જતો નથી. તારી અંદર સ્થિતિ ઉપરથી જોતાં મારા આવા અનુમાનને વધારે ટેકો મળે છે. અહો ભાઈ! ક્ષત્રિય બચ્ચા ઉપર ગમે તેવા પ્રસંગ આવી પડે, તો પણ તેણે વૈરાગ્ય દીક્ષા લેવી નહીં. પણ પોતાનો ધારેલો હેતુ પાર પાડવાને માટે જગતમાંનો કોઈ પણ ધંધો પકડવો, એટલે અનાયાસે દેશાટન થાય છે, ઘણા લોકોની ઓળખાણો થાય છે, તેમના જૂદા જૂદા વિચારો જાણવામાં આવે છે, અને મનનો હેતુ સહેજમાં સફળ થાય છે." આવું સ્વામીનું મર્મભેદક પણ ઉપદેશવાળું ભાષણ સાંભળીને તેના મનનો ઉત્સાહ જાગૃત થયો. આપણે આપણાં કપડાં બાળીને રાખોડી ચોળી તથા લંગોટી લગાવી, એ આપણી જાતને તથા કુળને શોભે નહીં, એવું કામ કર્યું તે કાંઇ ઠીક થયું નહીં, એવો તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. સ્વામીએ પાછું જણાવ્યું કે, 'હાલમાં ચારે તરફ ધામ ધુમો ચાલી રહેલી છે. સિપાઇ લોકોને માટે સારો રોજગાર નીકળ્યો છે, અને આવી ધામ ધુમના વખતમાં જ પોતાના પ્રારબ્ધની પરીક્ષા કરવાનાં ઘણાં સારાં સાધનો મળે છે.' આ પ્રમાણે સ્વામીએ ઘણુંજ અસરકારક ભાષણ કર્યું; પણ તેણે તેનો કાંઇ પણ જવાબ નહીં આપતાં પહેલાંની પેઠે પોતે પોતાની ફીકરમાં અથવા કાંઈ વિચારમાં જ હોય, એવો દેખાવ કરી બતાવ્યો. આવી રીતે તેનો કાંઇ પણ જવાબ મળ્યો નહીં ત્યારે સ્વામી ત્યાંથી ઉઠીને મઠમાં બીજી કોઈ બાજુએ જઇને બેઠા. સ્વામીએ આવીને અકસ્માત્ અંતર્ગત વિચારોને અનુકૂળ ઉપદેશ કર્યો, તેને માટે તેમનો પોતાના મનમાં અનહદ ઉપકાર માનતો પ્રજાપાળ પોતાની જગાએ બેસી રહ્યો. આ વખતે આસરે દસ બાર ઘડી રાત ગઇ હશે. મઠના એક બીજા ખુણામાં દીવો ઝીણો ઝીણો બળતો હતો. તેની પાસે કેટલાક માણસો કાંઈ કાગળ વાંચતા બેઠેલા હતા અને અરસ્પરસ વાતો કરતા હતા. તેમના તરફ સ્વામી ઉઠીને જવા લાગ્યા, તે તેના જોવામાં આવ્યું. તે વખતે તેના મનમાં એવા વિચાર ચાલતા હતા કે, હું અત્રે આવ્યો ત્યારથી કદી પણ સ્વામી મારી પાસે આવેલા નહીં, અને આજે જ અત્યારે અંધારામાં તેઓ મારી પાસે શા માટે આવ્યા હશે? કદાપિ હું જાગું છું કે, ઉંઘું છું, એ જોવા શિવાય બીજે કાંઇ

તેમનો હેતુ હશે નહીં? એવું તેને એક વાર લાગ્યું. પરંતુ તે તુરત ત્યાંથી ઉઠીને ધીમે ધીમે અંધારામાં પોતાના પગનો પણ અવાજ સંભળાય નહીં, તથા પાસે ભેગા થયેલા લોકોના જોવામાં આવે નહીં, એવી રીતે ને અંધારાવાળી જગામાં જઇને ઉભો રહ્યો. આ વખતે એ લોકોમાં સ્વામી પણ પોતે જઇ પહોંચ્યા હતા. સર્વેએ તેમને ઉઠીને નમસ્કાર કરતાં બહુ માન આપ્યું, અને ત્યાં એક હરણનું ચામડું પડેલું હતું, તે ઉપર જઇને સ્વામી બેઠા. એ સઘળામાં એક સાત ફીટ ઉંચાઇનો શરીરે મજબુત અને જેની મુછો તથા દાઢીના વાળ તેના કાન પાછળ વળેલા હતા, એવો સુરજમલ નામનો બારવટિયો બેઠેલો હતો. તેણે સ્વામીને કહ્યું કે, "જોધા માણેક પોતે ઉખામંડળમાં રહેલા વાઘેરોને લેવા માટે આવેલા છે, અને તે સર્વેને આવવા માટે આગ્રહ કરે છે." બીજો કોઈ બોલ્યો કે, "ઉખામંડળનો ચોકસ બંદોબસ્ત કરવા સંબંધી કેપ્ટન બાર્ટન તરફથી ઘણી તજવીજો ચાલી રહેલી છે, અને જે વાઘેર લોકો પાછા પોતાનો ધંધો કરવાનું કબુલ કરતા હોય, તેમને તે ધંધે લગાડે છે." સ્વામીએ જણાવ્યું કે, "એ ટોપી-વાળાઓ હંમેશાં શાંતતા રાખવાને જ તૈયાર હોય છે. વાઘેર લોકોના શૌર્ય તથા તેમની બહાદુરીના સંબંધમાં હવે તેમની ખાત્રી થવાનું કાંઈ બાકી રહ્યું નથી. મોટાં જાહેરનામા બહાર પાડીને ગુન્હેગારોને માફી આપવાની ખટપટો ચાલે છે. એવી લાલ-ચથી ઘણા લોકો આવીને પોતાની મેળે હાજર થવા લાગ્યા છે, એવી ખબર સાહે-બના કાન સૂધી જાય, તેવી તજવીજ કરો. એટલે સરકાર તેમને પકડવાની ખટ-પટ કાંઈ કરશે નહીં. તેથી તેઓ પોતાનું કામ થઈ રહેતા સૂધી ઉખામંડળમાં સારી રીતે રહી શકશે." બીજો એક માણસ બોલ્યો કે, "તે તજવીજ હું જ પોતે કરું છું." સ્વામીએ જણાવ્યું કે, "હું તો પહેલેથી જ તમને કહેતો હતો કે, તમારી બળવો કર-વાની મસલત ભૂલ ભરેલી છે. તમે લોકોએ પોતાના રાજ્યકર્તાનું વલણ કયી બાજુએ છે તે સમજ્યા શિવાય અમથા આવા તોફાનની શરૂઆત કરી. પોતાના રાજાની સાથે વૈરભાવ કર્યો, અને ઇંગ્રેજ લોકો હિંદુસ્થાન છોડીને નાસી ગયા, એવા ખોટા ગપાટા ઉપર ભરૂસો રાખ્યો, એ પેહેલેથી જ મોટી ભૂલ કરી છે. હશે, હવે જે થયું તે ઠીક જ છે. તથાપિ હજુ પણ તમે લોકો વધારે તોફાન નહીં કરતાં સરકાર જે સરતો કરી આપે છે તે કબુલ કરો. તેટલું જ જો હમણાં તમને મળશે તો પછી પાછ-ળથી તેના આધારે જોઇએ ત્યારે વધારો કરી શકાશે." સઘળા ભેગા થયેલા લોકોને આ સ્વામીની સલાહ પસંદ પડી. પરંતુ હવે એવી રીતે સમેટી લેવાનો વખત રહેલો નથી, એવી તેમણે હઠ પકડી; અને હવે તો શરણે જવા કરતાં આબરુથી જ મરણ આવે, તે વધારે સારું, એમ તેમણે જણાવ્યું. તે ઉપરથી સ્વામી પોતે બોલ્યા કે, "તમે ગાયકવાડ સરકારની વિરુદ્ધમાં બળવો કર્યો, તેને બદલે જો ગાયકવાડ સરકારે જ તમારી મદદનો ઉત્તર હિંદુસ્થાનની ધામધુમ વખતે ઉપયોગ કરી લીધો હોત તો તમારા મશહુર શૂરાતનની તથા તમારી બાકી સિપાઇગિરીની પણ કાંઇક પ્રસિદ્ધિ થઈ હોત. પરંતુ દેશી રજવાડાઓના મનમાં એવી કલ્પના સ્વપ્નમાં પણ આવવી મુશ્કેલ! હાલના રાજ્યકારભારમાં નવાબ, રાજા, રાણા, રાવ, અમીર, ઉમરાવ તથા ખરેખરા બહાદુરો પણ પાંજરામાંના પોપટ પ્રમાણે વાક્ પાંડિત્ય કરવામાં જ પોતાનું રૂપરંગ

બતાવી આપે છે; અને વસ્ત્રાલંકારોના ભભકામાં પોતાના પાંજરામાં ફર્યા કરે છે. અને પોતાના પાંજરાને સંભાળે છે એ કોણ, તે પણ તેમને કદી કલ્પના સુદ્ધાં થતી નથી. સલાહ શાંતિના હાલ વખતમાં સમાધાનકારક રાજપદ્ધતિ જોઇને યાંત્રિક શક્તિઓથી વિસ્મત થતાં લોકો સુખ માનવા લાગ્યા છે. અને તેઓ તેથી વધારે સુખમાં પણ ગુમ થઈ જશે. એકવાર સુખશાંતિની ટેવ પડે, એટલે તેમનાથી કાંઈ સાહસ થઈ શકે નહીં તેમ જ દુઃખ પણ વેડાય નહીં. પૂર્વજોના પરાક્રમની તેમને શી રીતે ઉત્કંઠા થાય?" પહેલો બોલ્યો કે, "હવે ઘણી રાત ગઈ છે, માટે આપણે હવે મહારાજની રજા લ્યો." સ્વામીએ પૂછ્યું કે, "હાલમાં લશ્કર ક્યાં પડેલું છે? તેની સંખ્યા કેટલી છે? તમારા લોકો કેટલા ભેગા થયા છે? અને તેમણે ક્યાં રહીને પોતાનો બચાવ કરવાનું ધાર્યું છે?" સુરજમલે જણાવ્યું કે, "બરડાના ડુંગરમાંની અભરા નામની વિકટ ટેકરી ઉપર વાઘેર લોકો મોરચો બાંધીને પડેલા છે. જામ સાહેબના મુલકમાંથી તેમને ખોરાકી મળે છે. તાલુકદાર લોકો જાણી જોઇને તેમને છોડતા નથી. નિરુપાયે તેઓ અમારી સાથે સામનો કરવા આવે છે, પરંતુ તેમના વકીલને સરકાર કહે છે કે, "તમે વાઘેર લોકોને ઉશકેરણી કરો છો. હાથમાં આવેલા વાઘેરોને છોડી દ્યો છો. એવી રીતે તેમની નાલસ્તી કરતાં ધમકી પણ આપવામાં આવે છે." સ્વામીએ જણાવ્યું કે, "જોધા માણેકે હવે અમથા ઉખામંડળમાં રહેવું ઠીક નહીં. વખતે પકડાઈ જવાનો સંભવ છે."

આ સઘળો વાદવિવાદ પ્રજાપાળે એક ખુણામાં ઉભા રહીને સાંભળ્યો. જોધા માણેક તાબામાં આવવા માટે આવેલો છે, એવી ખોટીખબર સુરજમલ અમલદારોને જણાવશે, અને બીજા વાઘેર લોકોને ભેગા કરીને લઈ જશે. તેનું પરિણામ સરકારને જ ભોગવવું પડશે. આપણે ગાયકવાડ સરકારના માણસ છીએ તેથી તેમને આ ખબર આપવાથી તેઓ ગફલતમાં રહેશે નહીં. આવા વિચાર કરતો તે ધીમે રહીને પોતાની જગાએ ગયો અને સાંભળતો બેઠો. તે વખતે એક જણ બોલ્યો કે, "ગાયકવાડ સરકારની વિરુદ્ધમાં તમે કાંઈ તોફાન કરશો નહીં, એવું સ્વામી તો પેહેલેથી જ કહેતા હતા. પરંતુ રવા માણેક તથા મુળુ માણેકના મગજમાં જે સ્વતંત્રતાનો પવન ભરાયો હતો, તે જોધા માણેકથી પણ કાઢી શકાયો નહીં, અને તેમના ગંભીર તથા પુખ્ત વિચારો જુવાનિયાઓએ માન્યા નહીં. આ ધમાધમીમાં સ્વામીની સલાહ પ્રમાણે ચાલનાર તેવો કોઈ આપણામાં આગેવાન હોત તો આપણા લોકોએ જ ગજબ કરી મૂક્યો હોત. આપણા ગાયકવાડ સરકાર અને ઇંગ્રેજો એકના એક; તેથી આપણી ખરાબી થઈ અને હજારો માણસો માર્યા ગયા. તેમાં આપણોએ કાંઈ ફાયદો થયો નહીં; તેમ સરકારને પણ કાંઈ લાભ મળ્યો નહીં." પહેલો બોલ્યો કે, "વસઇના વાઘેરો અને જોધા માણેકનો સગાઇ સંબંધ, એ આ બળવાનું મુખ્ય કારણ નહીં કે? વસઇના વાઘેરોની દીકરી અમરાપુરના જોધાજીએ કબુલ કરી હોત તો વસઇવાળા પહેલેથી જ સખારામ બાપુની સલાહમાં હતા. જોધાજીના મકરાણી જામીન હતા. તેમના ઉપર જ્યારે સખ્તાઈ કરવામાં આવી ત્યારે જોધાજીને મકરાણીઓનો પક્ષ સ્વીકારવો પડ્યો. એટલી જો આપણા લોકોમાં અક્કલ હોત અને સ્વામીની સલાહ

પ્રમાણે ચાલ્યા હોત તો આવો પ્રસંગ આવત જ શું કરવા? હવે જ્યારે કંઠે પ્રાણ આવ્યા ત્યારે સ્વામીને સંભાર્યા! દ્વારકાના હુમલા વખતે સ્વામીનો મઠ સંભાળવાનું કોઇને કાંઈ ભાન પણ રહ્યું નહીં; અને હવે સ્વામીની સલાહ લેવા આવ્યા છીએ. તેઓ પોતે મોટા દીલના અને દયાળુ છે તેથી એવી નજીવી વાતો ધ્યાનમાં રાખતા નથી." સ્વામી કહેવા લાગ્યા કે, "એવી અમારી પ્રશંસા કરવાની કાંઈ જરૂર જ નથી. જેમાં ઘણા લોકોનું ભલું થતું હોય તે અમને સદાકાળ સારું લાગે છે. અમારી હંમેશાં ઈશ્વરની પ્રાર્થના કરતાં એવી જ ઇચ્છા હોય છે કે, આપણો દેશ સ્વતંત્ર થવો જોઇએ. ક્ષત્રિયો રાજા મહારાજા થાય અને તેઓ ગાયો, બ્રાહ્મણ, ભાટ, ચારણ વગેરેનું રક્ષણ કરે. સનાતન વૈદિક ધર્મનું સર્વે અભિમાન રાખે. પરધર્મિ લોકોનો તેમને હાથે નાશ થાય અને વર્ણાશ્રમ પ્રમાણે સાધુ, સંત, વૈરાગી વગેરે ભજન કીર્તનમાં કાળક્ષેપ કરે. પરંતુ હાલમાં તો વર્ણાશ્રમ પ્રમાણે દરેક જાત જોશો અને યવન અથવા તેમની પેટા જાતિઓ જોશો તો આપણા સનાતન ધર્મ તથા આચાર વિચારમાં કેટલો બધો ફરક પડ્યો છે, તે જણાઈ આવશે. આપણ જે જોઇએ છીએ તે હાલ તુરત આપણને સુખકારક લાગે છે, પણ તે પરિણામે તેવું હોય છે શું? પહેલાં પચાસ સાઠ કોસની મજલ કરવી, એ સહેજ લાગતું હતું, પરંતુ હવે અગનગાડીનો પ્રવાસ વધારે સુખાવહ લાગે છે—કેટલાક કાળ પછી તમે જોશો કે, આપણે પહેલા હજાર પાંચસો કોસની મુસાફરી કરતા અને આપણા જાતવાન ઘોડાંઓ અટકનું પાણી પણ પીતાં હતાં, તેનું કોઇને સ્મરણ પણ રહેશે નહીં. શારીરિક મહેનત કમી થાય, એટલે શક્તિનો નાશ થાય છે. તે પ્રકાર તો આપણા દેશમાંથી ગયો જ. હવે વટલાવાની વાત કાંઈ રહેશે નહીં એટલે જાતિભેદ ડુબશે; પછી આચાર વિચાર જશે, એટલે આપણો ધર્મ કેવો હતો તથા તમારી જાત અથવા દેશ કોઈ પૂછશે તો તે તમે કહી શકશો નહીં. હશે, તેની કાળજી રાખનાર કોઈ નિરાળો જ પુરુષ છે. તેણે જ ધર્મ સંરક્ષણને માટે ઘણીવાર અવતાર લીધા છે. તેવો અવતાર ઈશ્વર જ લેશે અથવા એવું દૈવત કોઇનામાં પણ આવશે. તેને માટે હાલ કાંઈ કહી શકાય જ નહીં." એક જણે કહ્યું કે, "આપ કહો છો તેમાં એક અક્ષર પણ ખોટો નથી. પરંતુ એવા વિચાર બધાના મનમાં એકી વખતે જ આવવા જોઇએ." સ્વામીએ જણાવ્યું કે, "જે કાળ જાય છે તેમાં કયે વખતે કેવા પુરુષો ઉત્પન્ન થશે તે કાંઈ કહી શકાતું જ નથી. શૂરવીર શિવાજી જેવા આખા હિંદુસ્થાનમાં વખતો વખત અનેક વીર પુરુષો થઈ ગયા છે. તેમની સ્વદેશ ભૂમિની સેવા તથા શૂરાતનની વાતો સાંભળી એટલે આપો આપ તેવી અસર થાય છે. આવા પુરુષોએ દેશહિતનાં ઘણાં મહત્કાર્યો કરેલાં છે તે શાથી? માત્ર સ્વાર્થ બુદ્ધિનો જ ત્યાગ કરવાથી. તેમ જો બને નહીં તો કોઈ કાંઈ કરી શકે જ નહીં. આ વખતમાં માત્ર પોતાના હિત પુરતો વિચાર કરવાથી આખા દેશની ખરાબી થઈ છે, એવો કોઇને વિચાર થતો નથી. તેથી દેશી રાજાઓને પણ આજે પરદેશીઓની મેહેરબાની ઉપર દિવસ કાઢવા પડે છે. પહેલાંની આપણી તરવાર તથા બહાદુરીનો કોઇને કાંઈ ખ્યાલ પણ આવતો નથી. આવાં દેશી રાજ્યો કેટલાંક આજે અદૃશ્ય પણ થઈ ગયાં છે. જગતની રેંટમાળમાં એવી ઉથલપાથલો થયા જ કરે છે." એવી વાર્તા કરતા ત્યાં ભેગા થયેલા લોકો પોતપોતાના મુકામ તરફ ચાલતા થયા.

પ્રકરણ ૨૬ મું
સિપાઇઓની વાતચિત

મરદાની પોષાકનો, દાઢી મુછો બાંધેલો ખુબસુરત સ્વાર છેક ભાણવડની છાવણી નજીક આવી પોહોંચ્યો. આ વખતે થોડો દિવસ હતો. છાવણીની બહાર તે સઘળી છાવણીની રચના જોતો તટસ્થ ઉભો રહ્યો, અને ચારે તરફથી છાવણીની ગોઠવણ નિહાળી લીધી. હવે મનમાં વિચાર કર્યો કે, "આપણે સ્વારનો વેશ તો લીધો છે પણ જાતે તો સ્ત્રી જ છીએ. આ લશ્કરમાં એક પણ સ્ત્રી તો છે જ નહીં. સઘળા અનેક પ્રકારના પુરુષો ભરેલા છે. તેમાં આ આપણા સ્વાંગનો શી રીતે નિભાવ થશે? જો કદાચ આપણો વેશ ઉઘાડો પડી જાય તો ખરેખરી ફજેતી જ થઈ જાય! તેમ જ આપણે આટલા બધામાં કોને પૂછતા જવું? આપણે કોઇનું નામ સુદ્ધાં જાણતા નથી. તેથી પહેલું તો જવું જ કોની પાસે? તેમ છતાં જઇએ, પણ એ લોકો બહુ ચાલાક રહે છે, તેથી કોઈ ઓળખી કાઢે તો શું કહેવું? વળી આટલા બધા પુરુષોમાં આપણાથી એકલાં જવાય જ કેમ?" એવી રીતે વિચારવમળમાં તેનું મન ઘણું ગુંચાઈ ગયું. તોપણ છેવટે પોતે લીધેલા વેશની સફળતા કરવી એવો તેણે નિશ્ચય કર્યો. એટલામાં એક યુવાન્ પુરુષ કોઈ બે ચાર સિપાઇઓ સાથે વાતો કરતો ઉભો રહેલો તેની નજરે પડ્યો. તેને જોતાની સાથે જ તેને જયમલનું સ્મરણ થયું. કેટલીકવાર તેના ચહેરા સામું જોઇને, 'આ તેના જેવો જ કોઈ પુરુષ દેખાય છે, પણ તે તો નહીં હોય? જો કદાચ તે જ હોય તો કોને ખબર!' એવા વિચારમાં તેને મોટી ભાંજગડ પડી. ફરીથી તેણે જયમલનું સ્વરૂપ ધ્યાનમાં લાવીને ફરીથી તેને સારી રીતે નિરખી જોયો. તેમાં તે જયમલ કરતાં વયમાં નાનો દેખાયો. આના મુખ ઉપર બરોબર મુછો આવેલી હતી નહીં. બાકી ઈશ્વરે આ બીજો પુરુષ તેના જેવો જ ઘડેલો છે, એટલી તેણે ખાતરી કરી. તોપણ આ કોઈ તેનો સગો સંબંધી હશે, એવું તેને અનુમાન થવા લાગ્યું. પછી તે ત્યાંથી આગળ જઇને થોડા અંતર ઉપર તેઓ વાતો કરતા હતા તે સાંભળતો ઉભો રહ્યો. તેમાં તેની દૃષ્ટિ આપણા ઉપર આવે અને કાંઈ પોતાની મેળે જ પૂછે, એવો ડોળ દેખાડ્યો.

ગણુ સિપાઈ–"રાજપાળજી! કેટલાક લોકો કહે છે કે, આજુ બાજુના રાજાઓ તથા તાલુકદારો વાઘેર લોકોને મદદ કરે છે અને તેમને ખોરાકી તથા દારુ ગોળો પણ પુરો પાડે છે. એ શું ખરી વાત હશે?"

સમશેરખાં હવાલદાર–"ઉસ બિના ઉન લોકોંકા નિભાવ કૈસા હોવે? ચારું બાજુસેં નાકે બંધી હો ચુકી હૈ, લેકીન એ લોક અભીતક જેર હો ગયે નહીં, સો કુછ એસી તૈસી બાત હૈ કયા?"

સાલમ સિપાઈ–"કાલે જ મારા સાંભળવામાં આવ્યું હતું, કે કેટલાંક હથિયારો તથા દારુ ગોળો અને અનાજનાં ઉંટ ભરેલાં તેમના તરફ જતાં હતાં."

પાન્ડુ સિપાઈ–"તાલુકાદાર લોકો તો એવું કહે છે કે, તેઓ ગાયકવાડ સરકારના બારવટિયા છે. તેમની પાસે આપણે આપણી પ્રજાની પાયમાલી શામાટે કરાવવી?

કેમકે જો આપણે તેમને જોઇએ તે આપીએ નહીં, તો તેઓ જરૂર આપણને અનેક પ્રકારે નુકસાન કરે."

ગણુ સિપાઈ–"એ સઘળી બાબતોની સરકારને ખબરો મળે છે; પરંતુ તેને માટે તાલુકદારો વગેરે ઉપરનો પુરાવો લાવવો કયાંથી? સન ૧૮૯૫ થી ત્રણ વર્ષ સુધી આ લોકોનું તોફાન ચાલતું હતું તે પણ આવાં જ કારણોથી!"

સાલમભાઈ–"આખા કાઠીઆવાડમાં હાલ તોફાન ચાલી રહેલું છે. જ્યાં જોઈએ ત્યાં ચારે તરફ બારવટિયા લોકોનો જુલમ થઈ રહેલો છે. જુનાગઢ, જામનગર, પોરબંદર વગેરે રાજ્યમાં તો તેઓ પોતાનાં ઘર કરીને જ રહેલા છે. લોકોને બિચારાઓને એક બાજુએ સરકાર તરફની સખ્તાઇનો ત્રાસ અને બીજી બાજુએ બળવાખોરો તથા બારવટિયા લોકોનો ત્રાસ? એટલે ગરીબ બિચારી પ્રજાના પણ ભોગ! ખેડુતોને પોતાના ખેતરોમાંથી વખતે વાઘેરો અનાજ કાપી જશે, એવી ધાસ્તી લાગે છે! વેપારી ધંધાદારીઓને આપણી દુકાનો ઉપર કયારે ધાડ આવશે, તેનો પેટમાં ધ્રાસકો જ હોય છે! તેની સાથે પ્રજાજનો તો ભડકીને જ રહેલા છે! કેમકે આ લોકો કયારે છાપો મારીને લુંટ કરે, તેનો કાંઈ નિયમ જ નહીં. તેથી લોકો તો બિચારા રાત દિવસ પોતાની માલમિલકતની તથા જીવ બચાવવાની ફીકરમાં, આજનો જે દિવસ ગયો તે ખરો, એમ માની બેઠા છે, અને કેટલીક જગાએ તેમની લુંટથી લોકો કંગાલ થઇને પણ બેઠેલા છે. ઈશ્વર જે કરે તે ખરું."

રાજપાળ–"એ બધી વાતો ખરી છે; પણ સરકાર આવા બળવાને વખતે પ્રજાના જાન માલનું સંરક્ષણ કરી શકતી નથી. તેમ છતાં કોઈ જો પોતાના ઉપર આવેલું સંકટ ટાળવાને બળવાખોરોને મદદ કરે અને તે સરકારના જાણવામાં આવે તો તેમના ઉપર ગુન્હેગારોને મદદ કરવાનો આરોપ મુકવાની પણ તૈયારી જ છે! લોકોની બિચારાઓની બેઉ બાજુથી ખરાબી! આવી ખરેખરી ચમત્કારિક સ્થિતિ આવેલી છે."

આ પ્રમાણે વાતો થઈ રહ્યા પછી પેલા સિપાઇઓએ સલામ કરીને ચાલવા માંડયું. એટલે રાજપાળ પણ જવા લાગે છે એટલામાં પેલા દૂર ઉભેલા નવીન સ્વારે નમીને તેને રામરામ કર્યા. તે વખતે રાજપાળની નજર પેલા તેની સાથેના વછેરા ઉપર પહેલી ગઈ. વછેરાનું રૂપ કાનકર્નોટી, ગરદન તથા પીઠ જોઇને તેને તે ઘણો જ ગમી ગયો.

રાજપાળે તે સ્વારને પૂછયું કે, "તમે કયાં રહો છો અને શી નાત છો? ધંધો શું કરો છો? તથા અત્રે આવવાનું શું કારણ છે?"

સ્વાર–"હું જાતનો રજપુત છું. અને આ મોટી લશ્કરની છાવણી જોઇને સિપાઈગિરીને માટે આવ્યો છું. તે જો આપ ધ્યાનમાં લેશો તો મોટી મહેરબાની થશે."

રાજપાળ–"આ વછેરો કોનો છે?"

સ્વાર–"આ વછેરાનો સ્વાર અને હું બે સ્નેહી હતા, અને લશ્કરમાં નોકરી મેળવવાને માટે આવતા હતા. એટલામાં તે મને છોડીને રાતને વખતે ચાલતો થયો. તેની મેં ઘણી તપાસ કરી, રાહ જોઈ, પણ છેવટે તે પાછો આવ્યો નહીં ત્યારે હું તો કંટાળી ગયો, અને અત્રે આપની પાસે આવ્યો છું."

રાજપાળ વછેરાની પાસે ગયો અને તેને સારી રીતે નિહાળી જોયો તથા તેના ઉપર હાથ ફેરવ્યો. આ ઉપરથી નવીન સ્વારના મનમાં એમ લાગ્યું કે, આ વછેરો તેમને પસંદ પડ્યો છે.

સ્વાર–"જે ઘોડી ઉપર હું બેઠો છું, તેની જ એ ઓલાદ છે. આપને જો એ પસંદ હોય તો હું તે આપને જ ભેટ કરું છું."

એ સાંભળીને રાજપાળને ઘણો જ આનંદ થયો. તેની પાસે બેસવાને મન માનતું ઘોડું હતું નહીં તે આ અનાયાસે મળ્યું. તોપણ તેણે જણાવ્યું કે, તેની કાંઈ કિંમત આપને આપવી જોઇએ.

સ્વાર–"મારે તેની કિંમતની જરૂર નથી અને એ કિંમત લઈને વેચવા જેવું જનાવર પણ નથી. એ તો આપને એક ભેટ જ છે. આપ મારી પાત્ર પેટની તજવીજ કરશો તો બસ છે."

રાજપાળ–"મારી સાથે તમારે જમવું, અને મારી સાથે જ તમારે હંમેશાં રહેવું. તે શિવાય જે જોઇશે તે હું જ તમને આપીશ."

સ્વાર–"આપના ઉપર જ એટલો બધો બોજો નાંખવો, એ ઠીક નહીં; માટે આપ કાંઈ મારી નોકરીની તજવીજ કરશો તો સારું."

રાજપાળ–"તેની તમારે શું કરવા ફીકર કરવી જોઈએ? એ તો બધું થયા કરશે."

આવો જવાબ સાંભળીને સ્વાર નીચે ઉતર્યો. તેને મનમાનતો આશ્રય મળ્યો. બન્ને જણ સાથે ઘોડા લઇને પોતાના મુકામ ઉપર આવ્યા. રાજપાળે પોતાના ઘોડા પાસે આ બેઉ ઘોડાંને બાંધી દીધાં અને તેના ચંદીચારાનો બંદોબસ્ત કર્યો. રાતના રસોઈ કરીને બન્ને જણ જમ્યા. આ બધા વખત સુધી તેને એમ જ લાગતું હતું કે આ કોઈ જયમલ્લનો સગો જ હોવો જોઈએ. એમ જાણીને તેણે રાજપાળના ગામનું નામ પૂછ્યું. સુરપુર, એટલા અક્ષરો કાને પડતાની સાથે જ તેને થોડી હિંમત આવી અને એવો નિશ્ચય થયો કે આમાં સારું જ પરિણામ છે. એવા એવા વાત વિચાર કરતા પથારી કરીને બેઉ રાવટીમાં સુઈ ગયા.

પ્રકરણ ૨૭ મું

વિરહ

રાજપાળ આવીને જોધા કુંભાણીને તેમની દીકરી સોંપી ગયો, અને તેના બદલામાં તેણે કાંઈ પણ લીધું નહીં, તે ઉપરથી તેના સંબંધમાં જોધા કુંભાણીને હંમેશાં વિચાર થયા કરતા હતા. તેની જુવાન વય, મનોહરરૂપ, સિપાઇગિરીની બહાદુરી, ગંભીરતા અને તેના વિવેક સંબંધી તેમને, રહી રહીને સ્મરણ થતાં તેની ચતુરાઈને માટે ઘણી વિલક્ષણતા લાગતી. રાજબા તેમની દીકરી જે પોતે પોતાની માતા પાસે તેમના ધૈર્ય, હિંમત અને શૂરાતન સંબંધી જે જૂદી જૂદી પ્રશંસાની વારંવાર વાતો કરતી હતી તે જ્યારે જોધા કુંભાણીના જાણવામાં આવે ત્યારે તેની અદ્ભુત શક્તિના ઉત્તમ વિચાર મનમાં આવતા કે આ કોઇ અદ્વિતીય પુરુષ જ છે! તેણે આપણી દીક-

રીને મોટું સાહસ કર્મ કરીને બચાવી; અને મહામહાકષ્ટ વેઠીને આપણે ઘેર લાવીને સુખશાંતિથી પહોંચાડી, પરંતુ તે સંબંધી કાંઈ અભિમાનનો એક શબ્દ સુદ્ધાં ઉચાર્યો નથી, એ કેટલી બધી નવાઇની વાત છે? એવી રીતે અનેક પ્રકારે આશ્ચર્ય લાગતું. વળી પાછા રહી રહીને મનમાં એવા પણ વિચાર આવે કે તેણે આટલું બધું જીવના જોખમ ઉપરનું સાહસ શાને માટે કરેલું હશે? અને તેણે જે આપણા ઉપર મહાન્ ઉપકાર કર્યો, તેનો બદલો આપણે કેવી રીતે આપવો? એ સંબંધી વિચારો પણ તેમના મનમાં ઘણીવાર આવતા હતા. પરંતુ રાજપાળ રહેવાશી કયાંના છે, તે પણ આપણે તેમને પૂછી લીધું નહીં; ત્યારે હવે તેમનો પત્તો પણ શી રીતે લાગે? એવી એવી અનેક પ્રકારની ફીકરો તેમના મનમાં થયા કરતી હતી. જ્યારે જ્યારે લાલબા પોતાના વયોવૃદ્ધ સ્વામી સાથે વાતો કરતી હોય ત્યારે ત્યારે રાજબા ખાસ થોડે છેટે ઉભી રહે; અને જો રાજપાળ સંબંધી કાંઈ વાત ચાલતી હોય તો તે કાન દઇને સાંભળે. વળી કોઈ કોઈ વાર લાલબા પોતાના સ્વામી આજુબાજુએ એટલામાં હોય ત્યારે તેમના પોતાના સાંભળવામાં આવે, એવી રીતે રાજબાને તેની બનેલી હકીકત પૂછે, અને તે સરળપણાથી કાંઇ પણ છાનું નહીં રાખતાં પોતાની મેળે જેવું બન્યું હોય તેવું કહી દે. તે વખતે પોતાની દીકરીના નિર્મળપણાને માટે બન્નેને ઘણો જ આનંદ તથા સંતોષ થતો. હબસી આપણને પકડવા આવ્યો ત્યારે પોતાની આબરુના સંરક્ષણને માટે દરિયામાં પડતું મુકયા શિવાય બીજો કાંઈ ઉપાય જ હતો નહીં. તે જ વખતે રાજપાળ પેલા હબસીની પાછળ આવી પોહોંચેલો નજરે પડતાં, તે હબસી આપણને હમણાં પકડે છે એટલામાં તેના એક તરવારના ઝટકાથી બે ટુકડા કરી નાંખ્યા, તે દરમ્યાન પોતે ભયની મારી એકદમ કોટ ઉપરથી દરિયામાં પડી ગઈ! તેની પાછળ એ શૂરવીરે તત્કાળ ઝંપલાવી પડતાં પોતાની પીઠ ઉપર લઇને એકંદર ઘર સુધી સહિસલામત પહોંચાડવાની વાતો તે જ્યારે પોતાની માતા પાસે કહે ત્યારે તેની મુખમુદ્રા કેવળ ભયભીત થઈ જતી. રાજપાળનું નામ દેતાં જ તેનો ઘાંટો ગળગળો થઈ જાય; અને તેના આપણા ઉપર અથાગ ઉપકાર થયા છે, એમ તેના ચહેરા ઉપરથી બન્નેના સમજવામાં આવતું. લાલબા પોતાના ધણીના દેખતાં તેને પૂછે કે, હવે એ રાજપાળના ઉપકારનો બદલો આપણે શી રીતે વાળવો? એમ તેને જ પૂછે, ત્યારે તે લજવાઇને પોતાનું માથું નીચું ઘાલે. આત્રે વખતે એ બન્ને જણાં એક બીજાને માત્ર પોતાની આંખની સંજ્ઞાથી જ જણાવે કે, તેનો પ્રેમ રાજપાળ ઉપર ઘણો જ છે. પછી પાછાં એમ પણ કહે કે, રાજબા હવે લગ્ન કરવા લાયક થઈ ગઈ છે, એકાદ તેવું સારું સ્થળ જોઇને હવે તેનું કાંઈ કરી નાંખો, એમ લાલબા પોતાના ધણીને કાંઈ કાંઈ વાર કહે, તે વખતે આપણી માતા આ ઠઠ્ઠા મશ્કરીમાં કહે છે, એમ કાંઈ તેને લાગે નહીં, પણ તે તેને ખરું લાગે, તેથી તેનો ચહેરો એકદમ શિયાવિયા થઈ જાય. તે ઉપરથી એનાં માબાપ પોતાની દીકરીનો પ્રેમ રાજપાળ ઉપર જ છે, એમ સ્પષ્ટ રીતે અનુમાન કરતાં હતાં. રાજબાને પોતાના મનમાં એમ જ લાગે કે, જો મને કોઈ ગમતે ઠેકાણે તેઓ પરણાવી દે તો પછી શું કરવું? મેં મારા મનની સાથે તો માત્ર રાજપાળને જ પતિ માનેલો છે. હવે ગમે તે થાય અને આ જીવ જાય તો

ભલે, પણ આ શરીર એકવાર જેના અંગ ઉપર અકસ્માત્ આળોટ્યું, તથા જેણે મને પોતાનો હાથ આપ્યો અને તે મેં ખરેખરી આફત વખતે પકડ્યો, તેને જ મેં મારો આ દેહ અર્પણ કરેલો છે. તેમાં કાંઈ ફરક થવાનો નથી. આવી રીતે તે પોતાના મનમાં ઝુરીઝુરીને મહા ઉદાસ રહેતી. તેને કોઈ કોઈ વાર તો આવા વિચારથી રાત્રે નિદ્રા પણ આવે નહીં. તેમ છતાં પોતાનાં માબાપના મનને કાંઈ માઠું લાગે નહીં માટે તે હંમેશાં પોતાનું મુખ હસતું જ રાખે. પણ તે બહાર દેખાડવાનો આનંદ બહુ તો જ્યાં સુધી તેને કોઇ એકાંત સ્થળ મળે નહીં, ત્યાં સુધી જ માત્ર ટકે, અને પાછી તે રાજપાળના મનોરમ્ય સ્વરૂપના ધ્યાનમાં જ નિમગ્ન થાય. તેનાં કેવળ નિર્મળ આચરણ, પ્રેમમમતાવાળી વર્તણુક અને જીવ ઉપરના સાહસથી તેણે કરેલા ઉપકાર, એ વગેરેનું જ્યારે તેને સ્મરણ થાય, ત્યારે તેને તેવી જ આશા ઉત્પન્ન થાય, અને તેના આનંદમાં થોડો વખત નીકળી જાય. પરંતુ પાછું બરડાના ડુંગરમાં જાઉં છું, એવા તેમના છેવટના શબ્દોનું સ્મરણ થાય, ત્યારે તેનો ચહેરો તદ્દન નિસ્તેજ થઈ જાય. રાજપાળ પોતે જો કે, ઘણો ધીર વીર, શૂરો અને હિંમતવાન્ છે, તો પણ તેમના ઉપર લડાઇમાં તો કાંઈ આફત આવી નહીં પડે, એવી બીકથી એકદમ પોતાની આંખો મિચી દે. આવી રીતે ફીકરમાં ને ફીકરમાં તે રડી રડીને પોતાનાં ચક્ષુ સુજાડી દે, અને નિરુપાય થાય ત્યારે તે શ્રી દ્વારકાનાથની પ્રાર્થના કરે અને તેમની કૃપાની વાંચ્છના રાખે. હે દેવ! તેમનું સંરક્ષણ કરનાર તમે જ સમર્થ છો અને તેમની ફીકર તમને જ છે. એવો પોતાના દીલમાં તેમનો જ આધાર અથવા વિશ્વાસ રાખે. એમ કરતાં જ્યારે થાકી જાય ત્યારે દેહભાન ઠેકાણે આવતાં આપણી આ સ્થિતિ કોઇએ જોઈ લીધી કે શું? એમ આજુબાજુ નજર કરીને જુવે. તેને રાજપાળનો એટલો બધો ખ્યાલ લાગ્યો હતો કે, જો જરા ઘોડાનાં પગલાં બારણા પાસે વાગે એટલે તેને રાજપાળના આવ્યાની ભ્રાંતિ થાય. આટલું બધું થતું હતું, તોપણ તેણે મર્યાદાને લીધે પોતાનો પ્રેમ આવો રાજપાળ ઉપર છે, એમ તેણે કોઈની પાસે કદી પણ કહી બતાવેલું નહીં. આડોસી પાડોસીઓ થંડા પહોરને વખતે બળવા સંબંધી વાતોના ગપાટા મારે ત્યારે તે પોતે કાન દઈને સાંભળે; પરંતુ તેમાં રાજપાળનું નામ કયાંથી નીકળે! એટલે તે એવી વાતોથી કંટાળી જાય અને કહે છે કે, એમને કાંઈ પુરતી ખબર જ છે નહીં; અને તે અમથા એવા નકામાં ગપ્પાં મારતાં બેસે છે! અર્થાત્ આડોસીપાડોસીને પણ તેનું મન રાજપાળમાં જ લાગી રહેલું છે તે કેમ સમજાય?

તેને જરા વિચાર કરવાની ફુરસદ મળે એટલે પાછું તેનું મનોરાજ્ય શરુ થાય. તેમાં તેને સ્ત્રી પુરુષના એકાંત વિલાસનો તો અનુભવ હતો નહીં, અથવા તેની તેને લેશ માત્ર કલ્પના પણ હતી નહીં, એમ કહીશું તો પણ ચાલશે; તેમ છતાં આપણો પતિ એ આપણા આખા જન્મારાનો સાથીદાર છે, સુખદુઃખનો ભાગીદાર થાય છે અને તેની સંગતિમાં જ દિવસો આનંદમાં જાય છે, એટલું જ તેને ઇતર જનોનો સંસાર જોઇને પોતાના મન સાથે લાગતું હતું. તેમાં રાજપાળના મહાન્ ઉપકારનો બદલો શી રીતે વાળવો, એ વિવંચના તેને હંમેશાં થયા કરતી હતી. દરિયામાં પડીને તેણે આપણો બચાવ કર્યો, એ વાત જ્યારે તેને યાદ આવે ત્યારે તેને એમ જ લાગે કે આ

સંસાર સમુદ્ર તરી જવાને માટે રાજપાળ જ આપણને લાડ લડાવીને પ્રેમ મમતાથી મદદ કરતાં છેવટ સૂધી પાર પાડશે. વળી તે પોતાના મનમાં એમ પણ વિચાર કરતી કે, હું તેમના ઉપર મારો દૃઢ તથા નિર્મળ પ્રેમ રાખીશ, સંસાર વ્યવહારમાં તેમને ખરા અંત:કરણથી મદદ કરીશ, અને ગરીબીમાં પણ તેમને સંપૂર્ણ સ્ત્રી સુખ આપીને રાજસુખની બરોબરીનો આનંદ કરાવીશ. તેમજ ઘરમાં આછુંપાતળું અન્ન હશે તો પણ તેને ઠીકઠાક કરીને કંસારની માફક જમાડીશ; એટલે આપણી જાતે દુ:ખ વેઠીને અથવા મનમાં સમજીને તેમને તો સંતોષજ આપીશ. વળી ચઢતી દશામાં તેમને સારી સલાહ આપીશ, અને કાંઈ અગત્યની મસલત કરવામાં ઉપયોગી થઈ પડીશ. અર્થાત્ જો તેઓ રાજકારભારમાં ગુંથાશે તો સઘળાં ઘરકામ હું મારી મેળે સંભાળી લઈને તેમને ઘણો જ સંતોષ આપીશ. આના કરતાં તેમના ઉપકારનો બદલો વધારે કેવી રીતે હું વાળી શકું? એકંદરે જોતાં તેને રાજપાળના વિરહથી સારા સ્વાદિષ્ટ અન્નનો પણ અભાવ થઈ ગયો હતો. સારાં સારાં વસ્ત્રો તથા મૂલ્યવાન્ આભૂષણો પણ તેને ગમતાં નહીં. વાળા, ચંદન, અગરબત્તી, કપુર વગેરે સુગંધીદાર પદાર્થો, તથા ચંદ્રનો સ્વચ્છ પ્રકાશ, એ હમેશાં મનની કોઈ પણ પ્રકારની દિલગીરીને દૂર કરનાર છે, પરંતુ તેજ તેને પોતાની વિયોગના વિરહની સ્થિતિમાં દુ:ખ દેનારાં થઈ પડ્યાં હતાં.

રાજપાળના વિરહ શિવાય તેને કાંઈ રોગ થયેલો નહીં છતાં, તે જ ફીકરમાં તેના મુખની લાલી ગઈ, ગાલ બીલકુલ બેસી ગયા, અંગનો ભરાવ કાંઈક કમી થયો અને સદાકાળ ઉદાસ દેખાય, તે તેનાં વૃદ્ધ માતા પિતાના સમજવામાં સારી રીતે આવી ગયું. તે ઉપરથી એક દિવસે જોધા કુંભાણીએ પોતાની પત્નિને કહ્યું કે, ‘હું હવે રાજપાળને શોધવા માટે જાઉં છું. કેમ કે મને પણ કાંઇ સૂજ સમજ પડતી નથી. આ બાબત તું રાજબાને જણાવ અને કહે કે અમે પણ તારે માટે યોગ્ય તજવીજ કરીએ છીએ એટલે તેને થોડી ધીરજ વળશે.’ તેના જવાબમાં તેણે કહ્યું કે, ‘એ બહુ જ સારી વાત છે, કેમ કે છોડીની મર્યાદા તો જુવો? તે એક અક્ષર પણ મારી પાસે રાજપાળને માટે બોલતી નથી, અને તેના એકંદર વર્તન ઉપરથી જોઈએ તો તેને માત્ર રાજપાળનું જ ધ્યાન લાગેલું છે, એ જે આપણે તત્વ કાઢેલું છે તે જ ખરું છે.’

આવી બોલચાલ થયા પછી રાતના જમવાને વખતે જોધા કુંભાણીએ જણાવ્યું કે, “રાજપાળના આપણા ઉપર અનહદ ઉપકાર થયા છે, તેનો આપણે ગમે તેમ કરીને પણ યોગ્ય બદલો આપવો જોઇએ, એવો મારો નિશ્ચય જ થયો છે. પરંતુ તે હાલ ક્યાં છે તેની ખબર કાઢવા માટે હું જ પોતે જાઉં છું. બારડાની લડાઈ હવે થઈ રહેવા આવી હશે. વાઘેર લોકોનો પરાજય થયો. જવા આવવાના રસ્તાઓ ઉપરની લુંટફાટ પણ બંધ થઈ છે. એટલે હું અમરેલી સૂધી જઈ આવું તો ઠીક, એમ મને લાગે છે.” આ વખતે લાલબા કહેવા લાગી કે, “એ તમે બહુ સારો વિચાર કર્યો છે. તેથી જો અમરેલી સૂધી જવાનું હોય તો મને પણ સાથે લેતા જાઓ. મારી ઘરડી મા ઘણા દિવસથી મને મળી જ નથી. તેમ જ રાજબા પણ નાની હતી, તેથી તે પણ પોતાની વડીઆઇને મળશે, વળી મારા ભાઈને તથા તેમનાં બાળ બચ્ચાંને પણ

મળાશે, અને સર્વ સારાં વાનાં થશે." આ વાત જોશ્વાને પણ ઠીક લાગી તેથી બીજે દિવસે જમી ખાઇને નીકળવાનો ઠરાવ થયો.

આ બાબત રાજબાને પોતાના મન સાથે ગમી, કેમકે રાજપાળનોએ પત્તો લાગશે અને વડીઆઇ તથા મામા વગેરેને પણ મળાશે. તે શિવાય અમરેલી પણ આપણા જોવામાં આવશે. આ નવા ઠરાવથી તેની ઉદાસીન વૃત્તિ બદલાઇ ગઇ. તેના વિચારો જે એક જ વિષયમાં ગુંથાયા હતા, તેને હવે જુદો જ રસ્તો મળ્યો. રસ્તાની મુસાફરી માટે આ લેવું, અને તે લેવું, એવા વિચારોમાં મન દોડવા લાગ્યું. છેવટે રાતનાં સુઈ જતા સૂધી તે એ જ વિચારમાં હતી, અને તેમાં જ તેને ઉંઘ પણ આવી ગઈ.

પ્રકરણ ૨૮ મું

પુત્રીની શોધમાં

જ્યારે ચારે તરફથી માણસ ઉપર સંકટો આવે છે, ત્યારે તેના મનનો ઉલ્હાસ દિનપરદિન કમી થતો જાય છે. વળી મનની ચિંતા વધવા લાગે છે એટલે ચાતુર્ય પણ ઘટે છે. દુ:ખને મારે શરીર સુકાતું જાય છે. કાંઈ ભયંકર પ્રસંગ આવવાનો હોય, ત્યારે તે પહેલાં મનની સાથે અનેક પ્રકારની ઉદાસીનતા જ ભાસવા લાગે છે. તે વખતે જે બાબતો ખાસ પ્રિય હોય તે અપ્રિય થઈ પડે છે. મનની શાંતતાનો નાશ થવા લાગે છે. જીવને હુડહુડ લાગવાથી કોઈ પણ વિષયમાં આનંદ લાગતો નથી. રાત્રે શાંત નિદ્રા નહીં આવતાં મન વધારે નેહેકી જવાથી નાના પ્રકારનાં દુ:ખદ સ્વપ્નો પણ આવે છે અને તેને લીધે મન ગભરાઈ જતાં પછી આખો દિવસ નિરુત્સાહની ગમગિનીમાં જાય છે.

પુખ્ત વયનાં નરનારીઓ, સંસારક્રમણના વિચાર તરંગોમાં અનેક પ્રકારના ઇરાદાઓ અને નિશ્ચયો અથવા ઠરાવો કરે છે. સુખ દુ:ખનાં વિભાગી થઇને સંસાર વ્યવહાર ચલાવવા માટે એ બન્ને દેહ એક જીવ થઇને ચાલવાથી ઉભયની જીંદગી એક બીજાની એક રૂપની લાગણીની મદદ મળવાને લીધે સંસારની રેંટમાળ એક સરખી ચાલી જાય છે. રણસુંદરીનાં માબાપ પણ આજ સ્થિતિમાં હતાં, અને પોતાનું આયુષ્ય નિર્ગમન કરતાં હતાં. જે દિવસે રાતના રણસુંદરી પોતાના પ્રિયતમની સાથે ઉઠીને ચાલી ગઈ તે દિવસે રાતના રીત પ્રમાણે તેના પિતા પોતાના શયનગૃહમાં આવ્યા ત્યારે પોતાની પ્રિય પત્નિને ગાઢ નિદ્રામાં પડેલી જોઇ. હંમેશાં તે ઠાકોરની વાટ જોતી તત્પરતાથી જ બેઠેલી હોય; તેને બદલે આજે આ અવસ્થાના વખત પ્રમાણે આ કાંઇક નવાઈ ભરેલું લાગ્યું. કદાપિ તબીયત કાંઈ ઠીક નહીં હોય, એમ ધારીને પોતે પાસે ગયા. અને તેના કપાળ ઉપર હાથ મુકીને જુવે છે તો તેમના હાથને ઘણું તપી ગયેલું લાગ્યું. વળી તેના ઉપર પરસેવો પણ પુષ્કળ થયેલો હતો. તે તેમણે પોતાની પાસેના રૂમાલથી લોહી નાંખ્યો. શ્વાસ પણ ઉનો જ એક સરખો નીકળતો હતો. તે ઉપરથી તે ભરનિદ્રામાં છે એમ લાગ્યું. એટલે તેની પાસે જ પોતે બેઠા. જરા વાર રહીને પોતાની મેળે જ ત્યાં પલંગ પાસે હુક્કો પડેલો હતો, તે તાજો કરીને તેની નહે

મુખમાં ઘાલીને ઠકરાણીના મુખ તરફ ત્યાંના દીવાના મંદ પ્રકાશમાં પણ તેઓ એકી નજરે જોઇ રહ્યા હતા. એટલામાં તેના મુખમાંથી અધવચરા બોલ નીકળવા લાગ્યા. તેને લીધે તે ઉંઘમાં કાંઈ બબડે છે તે આપણે સાંભળીએ, એમ ધારીને હુક્કાનો ગુડગુડાટ પણ બંધ કરી દીધો, અને હવે એ શું બબડે છે તે તરફ લક્ષ લગાડીને બેઠા. નિદ્રામાં તે પોતાના પતિ ઉપર આવેલી આફત જોઇને બહુ જ ગભરાઈ ગયેલી માલૂમ પડી. પોતાના સ્વામી જાણે રણમાં લઢી રહેલા છે; તેમના શરીર ઉપર ઘણા ઘા લાગવાથી લોહીલોહાણ થઈ ગયેલા છે અને તેમને પકડીને બેડીઓ ઘાલવાથી ચતુર્ભુજ થઇને ઉભા રહેલા છે:–એમ તેની નજરે પડવાથી પોતાની દીનવાણીવડે નિદ્રામાં જ તમે મારા સ્વામીને જીવતદાન આપો એમ કહીને તેણે પગે લાગવા માટે પોતાના પાલવનો છેડો પાથર્યો. અને એક મોટું ડસકું આવતાંએકદમ રડવા જ લાગી. તેનું આ કુતૂહળ જોઇને ઠાકોર હુક્કાની ન્હે આઘી ખસેડીને તેના સામું આશ્ચર્યતાથી જોવા લાગ્યા. અને તેના મુખ ઉપર હાથ ફેરવીને પીઠ થાબડી. 'અરે તું આ શું કરે છે? હું પાસે બેઠો છું, પછી તને ભય શું છે? ચાલ, જાગતી થા, જાગતી થા!' એમ કહેતાં તેને ઢંઢોળવા લાગ્યા. તે વખતે એકદમ તેણે ભયની મારી મોટી બુમ મારી અને ચક્ષુ ઉઘાડીને જુવે છે તો પોતાના પતિ પાસે બેઠેલા છે. એ જોઈને તરત તે ઠાકોરને ગળે બાઝી પડી. "ચાલો જાગો હવે જાગો! સ્વપ્નમાં શી અમથી લવરી કરે છે? શું એવું સ્વપ્ન આવ્યું તે કહે તો ખરી?" એમ કહીને તેના ઉપર હાથ ફેરતાં ધીરજ આપી અને વળી કહેવા લાગ્યો કે, 'કાંઈ રજપુતાણીઓ એવાં સ્વપ્ન જોઈને ગભરાઈ જતી હશે કે? તું શું એવા વિચારમાં પડી ગઈ છે? શું રજપુતની ધણીઆણીઓ આવી બીકણ હોય કે?' આટલું કહેવા કરવા છતાં તેના મુખમાંથી બીલકુલ એક અક્ષરે પણ નીકળે નહીં! અને તે વધારે ભયને લીધે ચપસીને વળગી પડી, તથા વારેવારે તેમના મુખ તરફ નજર કરીને પોતે હવે નિદ્રામાં નથી, જાગે છે, પણ જે હમણાં જોયું તે સ્વપ્ન જ હતું. એવી ખાતરી થયા પછી પોતે જરા છુટીને આઘી ખસી.

આ વખતે મધ્યરાત્રનો અમલ થયો હતો. કંઠ અને છાતી ભરાઈ આવવાથી થોડીવાર તે કાંઈ બોલી શકી જ નહીં. પછી થોડીવારે તેણે પોતાના પતિને સર્વ પોતાના સ્વપ્નની હકીકત કહી સંભળાવી. આવું મને કોઈ દહાડો સ્વપ્ન આવ્યું નથી, અને તે ઘણું ભયંકર છે માટે તેની કાંઈ શાંતિ કરાવવી જોઈએ, એવું તે કહેવા લાગી. તે સાંભળીને તેના મનને વધારે ધીરજ આપવા માટે ઠાકોર બોલ્યા કે, 'ઘણું કરીને સ્વપ્નો બૈરાં અથવા છોકરાંઓને જ વધારે આવે છે. કેમકે બાળકનું કાળજું અજ્ઞાનપણાને લીધે કેવળ કુમળું જ હોય છે; અને બાયડીઓનો તો સ્વભાવ જ મમતાળુ હોય છે. તેને લીધે કોઈ એકાદ વાત સાંભળી હોય અથવા પોતે એકવાર જોઈ હોય તો તેની જ છાપ અંતઃકરણ ઉપર પડી જાય છે. અને તે જ મૂળ પાયા ઉપર કલ્પનાઓ ચાલતાં વિચાર તરંગો એક મોટી ઈમારત ઉભી કરે છે. આવી સ્વપ્નની વાતો ઉપર ડાહ્યા માણસો કદી પણ ભરુંસો રાખતા નથી. કદાપિ હમણાં તને આવેલું સ્વપ્ન નઠારું હોય અને એવી જ મનમાં કલ્પનાઓ થાય; તોપણ આપણી જાત રજપુતની છે. પથારીમાં રોગથી પિડાઇને પડ્યા પડ્યા મરી જવાય, તેના કરતાં રણમાં મરણ આવે, એ મહા પુણ્યનું કામ છે. ઈશ્વરી સંકેત પ્રમાણે જે જે બાબતો બન-

વાની હોય તે બન્યા જ કરે છે; પરંતુ તે બનતાં સુધી મનુષ્યના જાણવામાં આવતું નથી અને તે પહેલાં જાણવાનું કોઇનામાં સામર્થ્ય પણ નથી, તો પણ માણસના સ્વભાવ પ્રમાણે અથવા પોતાની બુદ્ધિ તથા શક્તિ પ્રમાણે પોતાના બનતા પ્રયત્ન કરે છે. તેના કરતાં વધારે કાંઈ કરી શકતા નથી.' એટલું બોલીને તે કેટલીકવાર સુધી થોભ્યા અને એવી સ્વપ્નની વાતો ભૂલી જવાનું કહીને તેનું મન બીજી વાતો તરફ લઇ જવાનું કર્યું. તેની પાસે કેટલીક આડી અવળી વાતો કરીને તેના મનનું સમાધાન કર્યું; તેથી તેને પોતાના સ્વપ્નનો કાંઇક વિસારો થયો, ને પછી કેટલીક ઘરસંસારની વાતો કરતાં તેઓ ઉંઘી ગયાં. રાતના થોડા જાગરણથી બન્નેને સવારે ઉઠવાને જરા વાર થઈ. નવો રાખેલો નોકર જવાથી બાકીના નોકર ચાકરો ખોચરાઇથી ધીમે ધીમે કામકાજ કરવા લાગ્યા હતા. ઘોડાને ખરેરા તથા આંગણામાંની વાળઝુડ એટલીવારમાં દેખાડવા પુરતી ફાવે તેવી થયેલી હતી. ઠકરાણી પોતે ઉઠીને પોતાના ઘરકામમાં લાગ્યાં. તોપણ રાતનાં સ્વપ્નને લીધે તેમનું શરીર તદ્દન શિથિલ થઈ ગયેલું હતું, અને મનને કાંઈ ચેન પડતું નહીં. ઘરમાં દીકરી આ વખતે ઉઠીને કયારનીએ ચોટલો વાળીને નાવાધોવાની ખટપટમાં હોય; પરંતુ એકવાર મન કાંઈ ફીકરમાં પડી જાય છે એટલે શારીરિક ક્રિયાઓમાં સ્વાભાવિક રીતે જ ભુલ ચુક થઈ જાય છે, અને એમ કાંઈ ભુલી જવાય તો પણ તેની કશી ખબર પડતી નથી, તથા મન જે વિષયમાં ગુંથાય છે તેમાં જ તે તદ્દન તદાકાર થઈ જાય છે. આવા પ્રકારની સ્થિતિમાં તે દિઙ્મૂઢ બની ગઈ હતી એટલામાં કામ કરનારી કાંઈ કામ માટે તેમની પાસે આવી. તેને જોઇને ઠકરાણીને પોતાનાં રોજનાં કામકાજનું એકદમ સ્મરણ થતાં, 'શું રણસુંદરી હજુ સુઈ રહી છે કે શું? એવો તેણે સવાલ કર્યો. કામ કરનારી કહે છે કે,' 'તે આપની પાસે જ બેઠેલાં હશે, એમ જાણીને હું જ તેમને જોવા આવી છું.' સ્વપ્નના વિચારોને લીધે ઠકરાણીનું મન ઘણું જ ઉદાસ થઈ ગયું હતું, અને સ્વપ્ન પ્રમાણે વખતે કાંઈ પણ દુઃખદ આફત આવી પડશે, એવી મનને ફીકર થયા કરતી હતી. પણ તે સઘળા વિચારો કામ કરનારીનું બોલવું કાને પડતાની સાથે એકદમ વિજળીની માફક ઉડી ગયા. દીકરી હવે જુવાન અવસ્થામાં આવી માટે તેનું લગ્ન કરી દેવા સંબંધી તે પોતાના પતિ પાસે કટકટ કર્યા કરતી હતી. પરંતુ જ્યારે કોઈ તેવું સ્થળ મળી આવશે ત્યારે ખરું; એવું ઘણી વાર બોલવું થતું હતું. દીકરીઓ જુવાન અવસ્થામાં આવે, તે પહેલાં તેમને પરણાવી દેવી, એ વધારે સારી વાત છે, એમ તે પોતાના પતિ પાસે હમેશાં કહેતી હતી. અને એક અર્થે જોતાં તેનું તે કહેવું વ્યાજબી પણ હતું; કારણ કે એકવાર સ્ત્રીઓ પોતાની યૌવન દશામાં આવી એટલે તેમને નીતિનું ઉલ્લંઘન કરતાં વાર લાગતી નથી. છોડીઓ પોતાનાં માબાપના વિચાર ઉપર પતિ મળવાના સંબંધમાં ખાસ આધાર રાખે છે. તોપણ શરીર રચનાની નૈસર્ગિક ક્રિયા પ્રમાણે જે બાબત જે વખતે બનવી જોઇએ, તે વખતે જો તે બને નહીં તો તેનું ઘણું માઠું પરિણામ આવે છે. આવાં માઠાં પરિણામની બાળલગ્નની સાથે સરખામણી કરવામાં આવે તો બાળલગ્નને લીધે આવા અનર્થ ઘણા જ કમી થાય, એ દેખીતું છે. આપણા લોકોમાં બાળલગ્નને ઉત્તમ માનવામાં આવે છે, તેનું કારણ પણ એ જ છે અને તે દેશ કાલ પ્રમાણે યોગ્ય જ છે.

ઠકરાણીએ છોડી ઉઠી કે નહીં, તે જોવા માટે કામ કરનારીને ધમકાવીને કહ્યું. કામ કરનારી તરત ભોંયરા તરફ ગઇ; પણ તે જઇને પાછી આવતા સુધીમાં તેની માતાના મનમાં ગમે તેવી અનેક બળતી જ કલ્પનાઓ થવા લાગી. કામ કરનારીએ ભોંયરાનું બારણું અંદરથી વાસેલું છે, એવી હકીકત પાછી આવીને કહી. ત્યારે તેમણે તેને બારણું ઠોકવાનું કહ્યું. તે પ્રમાણે પણ તેણે જઇને કર્યું, તોપણ અંદરથી કાંઇ જવાબ મળ્યો નહીં. ત્યારે કામ કરનારીએ આવીને એ સઘળા પ્રકાર ઠકરાણીને કહી સંભળાવ્યા. તે સાંભળતાં બરોબર ઠકરાણી પોતે ત્યાંથી ઉઠયાં અને ભોંયરાના બારણા પાસે જઇને રણસુંદરીને ઘણી જ હાંકો મારી અને બારણું પણ ખુબ ખખડાવ્યું તથા ધકેલી જોયું, પરંતુ અંદર કોઈ હોય ત્યારે પ્રત્યુત્તર મળે કે નહીં? ખુદ ઠાકોર પણ આ વખતે દાતણ કરતા કરતા ઘોડાના ભોંયરામાં જવા માટે સહેજ જ ત્યાં આવી પહોંચ્યા. અને ઠકરાણી પોતે જ બારણું ઉઘડાવવાની ખટપટ કરી રહ્યાં છે પણ કાંઇ અંદરથી જવાબ મળતો નથી. ત્યારે તેમને પોતાની જુવાન દીકરીના સંબંધમાં શંકા આવી. તેવા જ તે પોતે પાછલા બારણા તરફ ગયા અને ઘરની પાછળના ભોંયરાના રસ્તાના બારણાને તેમણે બહારથી તાળું જોયું. તાળું હમેશાં અંદરની બાજુએ જ હોય, તે બહારથી વાસેલું છે એ જોઈને તેમને કાળજે ચરેડો પડ્યો, અને તેમને એવું જ લાગ્યું કે કાંઈ પણ દગો થયો. તેની જ સાથે તેમના ડોળા ક્રોધને લીધે લાલચોળ થઈ ગયા, અને તેમણે હાથમાંથી દાતણબાતણ ફેંકી દીધું. તેમનું આખું શરીર ક્રોધને લીધે કંપવા લાગ્યું અને મુખમાંથી એક શબ્દ પણ નીકળ્યો નહીં. તેવા જ તે પગ પછાડતા પાછા ઘરમાં આવ્યા, અને કામ કરનારીને ઘરની બહાર કાંઈ કામે મોકલીને પોતે ભોંયરાના બારણા પાસે ગયા. તે આશરે એંશી પંચ્યાશી વર્ષનો બહુ જ બુઢો થઈ ગયેલો ડોસો હતો, તોપણ તેનું શરીર નિરોગી તથા કસાયલું હતું. ક્રોધના સપાટામાં તેમણે એક લાત બારણામાં મારી, તેની જ સાથે બારણું ચણિયારામાંથી નીકળી ગયું. અંદર જઇને જુવે છે તો બે ઘોડાં તથા પોતાની દીકરી ત્યાં છે જ નહીં. ભોંયરામાંનો દીવો લઇને તેમણે ચારે તરફ જોયું. ઘોડાં પાછલે બારણેથી પસાર થયાં, તેની પડઘીઓ પાછલા બારણા પાસે પડેલી હતી. વળી તેમનાં કપડાં તથા હથિયારો પણ કાંઈ દેખાયાં નહીં. તે ઉપરથી આ કારસ્તાન પેલા નવા ચાકરનાં જ હશે, એવો તેમને એકવાર સંશય આવ્યો. પણ પાછા તે પોતાના મન સાથે કહેવા લાગ્યા કે, છટ, એમ હોય નહીં. તે ઘણો જ ગરીબ હતો. સ્વાભાવિક કામ શિવાય તેની અને છોડીની કદી ભેટ જ થતી નહીં. બહાર આવીને તેમણે તે ગુસ્સો ઠકરાણી ઉપર કહાડ્યો. તે પણ આ બનેલો બનાવ જોઇને હાંફળી ફાંફળી બ્હેબાકળા જેવી થઈ ગઈ હતી, તે એક સરખી રડવા લાગી. "છોડીનું એક વારકું કાંઈ ઠેકાણું પાડી દ્યો, એમ હું હંમેશાં તમને કહેતી હતી; પણ મારા કહેવા તરફ લક્ષ જ કોણ આપે છે? સારું સ્થળ જોવા માટે બે વર્ષથી ધકલા ધકલી ચલાવી, અને આખરે કોઈ લુચ્ચો માણસ છોડીને નસાડીને લઇ ગયો. છોડીને લગ્ન કરવા લાયક થતા પહેલાં તેને પરણાવી દેવી, એ કેવું સારું વારુ? છોડીઓ મોટી સમજણી થયા પછી આવું જ કાંઇક વાકું વસમું થયા વગર રહે જ નહીં. હવે લોકોમાં

બહાર મુખ કાઢવા જેવું પણ રહ્યું નહીં.' એવા દુઃખના ઉદ્‌ગાર તે કાઢવા લાગી. આગમાં ઘી હોમવાથી મોટો ભડકો થાય, તે પ્રમાણે ઠકરાણીના આવા બોલવાથી એ વૃદ્ધ ડોસાના અંગમાં આગ આગ વ્યાપી ગઈ અને અનહદ સંતાપ થયો. લાગલા જ તેમણે બહાર આવીને પોતાના ઘોડા ઉપર સામાન કસવાનો ચાકરને હુકમ આપ્યો અને પોતે બબડતાં ફફડતાં કપડાં પેર્યાં. કમર બાંધી અને પાછળ ઢાલ લટકાવી દીધી. કમરે એક પિસ્તોલ ખોસી, તલવાર પણ લટકાવી અને હાથમાં લાંબો ભાલો લીધો. તેમણે ખડકીમાંથી જ કહ્યું કે, 'તમે હવે ઘર સંભાળજો, છોડીનો પત્તો લાગશે તો હું પાછો આવીશ. મારી કાંઈ વાટ જોશો નહીં.' એમ કહીને તેમણે ઘોડા ઉપર સ્વારી કરી. આ વખતે પોતાના પતિની વૃદ્ધાવસ્થા થયેલી હતી, તેને લીધે ઠકરાણી પોતાના મનથી ઘણી ફીકર કરવા લાગી. દીકરી ગુમ થઈ જવાથી કાળજું બળ્યા કરતું હતું તેના કરતાં પણ અત્યારે પોતાનો વૃદ્ધ પતિ ક્રોધના આવેશમાં ચાલ્યો જાય છે; એ જોઇને તેને વધારે દુઃખ લાગ્યું. એક બાજુએ પોતાની દીકરી નાસી જવા સંબંધીનું દુઃખ, બીજું પોતાના પતિના જવા સંબંધીનું અને ત્રીજું જગતમાં મુખ કાળું થયું, એ ત્રિવિધ તાપને લીધે તેનું કાળજું કપાઈ ગયું. પોતાના ધણીનો તામસી તથા હઠીલો સ્વભાવ છે તે પોતે સારી રીતે જાણતી હતી; તેથી તેણી તેમને જવા સંબંધી અટકાવ કરવાનો એક શબ્દ પણ બોલી શકી નહીં, અને આ બુઢ્ઢો બારવટિયો ક્રોધના સપાટામાં જ નીકળીને ચાલતો થયો. તે દેખાતા બંધ થતાં સૂધી ઠકરાણી તેમના તરફ જોતાં જ ઉભાં રહ્યાં. તેમની આંખોમાં પાણી ભરાઈ આવ્યું અને તે મહા ત્રાસથી આક્રંદ કરતાં કરતાં પોતાના ઘરમાં આવ્યાં.

ક્રોધના આવેશમાં પોતે કઈ બાજુએ જાય છે તેનું પણ એ ડોસાને કાંઈ ભાન રહ્યું નહીં. બપોર થઈ ગયા, તોપણ તેમને કાંઈ ભુખનું ભાન આવ્યું નહીં. પેટની દીકરી નીકળી ગઈ અને બાળપણથી છોકરા પ્રમાણે પાળેલો વછેરો પણ સાથે ગયો. એ છોડીને પરણાવીને તેની પેહેરામણીમાં વરને આ વછેરો આપવાનો ઇરાદો હતો; પણ તે કોઇની સાથે નાસી થઈ હશે તે નક્કી થયું. તેમાં જો તે કોઈ સારા કુળવાનની સાથે નીકળી ગઈ હોય તો દુઃખમાં તેટલું સુખ માનવાનું પણ જો તે કોઈ એકાદા હલકટના નાદમાં ફસાઇને, કોઈ પરજાતિના કુલહીનની સાથે નાસી ગઈ હશે તો પછી જગતમાં મારે મુખ બતાવવાનું પણ રહેશે નહીં. એવા ક્રોધના તથા દુઃખના વિચારોમાં તેઓ પોતાના ઘોડાને હાંકતા હતા. દિવસ તો સપાટાબંધ જવા લાગ્યો. એવી રીતે ઘણો વખત વિતી ગયા પછી તેમના ક્રોધનું જોર જરા કમી થયું, ત્યારે કાંઇક ભુખ તથા અફીણનું તેમને ભાન આવ્યું. તેમણે પોતાની બંડીના ગજવામાંથી અફીણની દાબડી કાઢીને કકડો મુખમાં નાંખ્યો. થોડી ઘણી હુશિયારી આવ્યા પછી પોતે રસ્તે જનારા લોકોને પુછપરછ કરી તો આપણે પોરબંદરની હદમાં ચાલીએ છીએ એમ તેમના જાણવામાં આવ્યું. બરડાના ડુંગરની હારો ત્યાંથી ઘણે દૂર દેખાતી હતી. સંધ્યાકાળ પણ થવા આવ્યો, એટલામાં પાસે એક ગામડું દેખાવા લાગ્યું. તે ગામની બહાર એક માતાનું મંદિર હતું, અને તે મંદિરની એક બાજુએ મુસાફર લોકોને ઉતરવા માટે ધર્મશાળા હતી. ત્યાં તેમણે પોતાનો ઘોડો ઉભો રાખીને ઉપરથી સામાન ઉતાર્યો. તે

સામાનમાંથી દોરી લોટો કાઢીને કુવામાંથી લોટો ભરીને પાણી કાઢ્યું અને હાથ પગ ધોઈ નાંખ્યા. આ વખતે ગામનાં સ્ત્રી પુરુષો માતાના મંદિરમાં દર્શન કરવાને જતાં આવતાં હતાં. તેમાંથી એક વાણીઓ નજરે પડતાં તેની પાસે તેમણે રસોઈ કરવા માટે સીધું સામાન તથા વાસણ કુસણ મંગાવ્યાં તથા તેના પૈસા ચુકાવી દીધા. રાતના જમી પરવાર્યા પછી તે જનાર આવનાર લોકોની સાથે પોતાના વછેરા સંબંધી તથા પોતાની દીકરી સંબંધી પુછપરછ કરવા લાગ્યા, પરંતુ તે સંબંધમાં કોઈ બાતમી મળી નહીં. એ જ ધર્મશાળામાં બીજા ખુણામાં બીજા એક બે મુસાફરો ઉતરેલા હતા. તેમનું પણ ખાવા પીવાનું થઈ રહ્યા પછી તેઓ થંડા પોહોરની વાતો કરતા બેઠા.

તેમાંથી એક જણો કહેવા લાગ્યો કે, "જગન્નાથ તથા વિદ્યામાણેકને વાઘેરોએ સરકારને સ્વાધીન કરવા અને બીજા બધાએ પોતાનાં હથિયારો રજુ કરીને શરણે આવવું, એ બાબત ઉપર વિચાર ચાલતા હતા તેનું શું થયું ?"

બીજો-"કાલ જ મને એવી ખબર મળી છે કે વાઘેર લોકો કાંઈ પોતાનાં હથિયારો હેઠાં મુકતા નથી; અને શરણે પણ આવતા નથી, એવો સ્પષ્ટ જવાબ વચલા માણસો સાથે કહાવી મોકલ્યો. વિદ્યામાણેક ઉલટો સઘળા વાઘેરોને ઉત્તેજન આપીને શુર ચઢાવે છે. તેના કહેવાથી લોકો વધારે ફ્સકી ગયા છે."

પહેલો મુસાફર-"એ લોકો તો અમથા પોતાનું નુકસાન કરી લે છે. કારણ કે સરકારી લશ્કરની પાસે તેઓ ક્યાં સૂધી ટકી શકવાના છે ?"

બીજો-"આ ટોપીવાળાઓ લોકોની ખરાબી કરશે, એમ કાંઈ લાગતું નથી. વાઘેર લોકોને કોઈ પણ પ્રકારે બેઆબરુ કરવામાં આવશે નહીં અથવા કાંઈ શિક્ષા પણ થશે નહીં, એવા જામ સાહેબ જેવા વચમાં ખટપટ કરનારા જામીન થયા શિવાય વાઘેર લોકો પોતાનાં હથિયારો છોડશે, એવું કાંઈ લાગતું નથી."

પહેલો-"આ ઉપરથી તો વાઘેર લોકોની પોતાના ભરણ પોષણ માટે જે કોરીઓ કરેલી છે, તે પગાર તરીકે નિર્વિઘ્નપણે ચલાવવા સંબંધી ભાટ ચારણો જામીન થતાં જો જામ સાહેબ પોતે વચમાં પડશે તો જ આ તોફાન બંધ થશે, એમ લાગે છે."

બીજો-"દેવડા ગામના પટેલ ગાંગજી તથા બીજા બે ત્રણ માણસો સમાધાન કરવાનું ઠરાવવા માટે જોધા માણેક તથા દાદાભાઇની પાસે ગયા હતા અને ગાયકવાડ સરકાર સામે તમે આ તોફાન કર્યું, તે કાંઈ ઠીક નહિ. એવો ઠપકો દેતાં તેમને ઘણું કહ્યું ત્યારે જોધા માણેકે જણાવ્યું કે એકવાર હથિયારો અમે હેઠાં મુકયાં ત્યારે સરકારે અમને કેદ કર્યા હતા. તેથી હવે કોઈ સારો જામીન આપ્યા શિવાય તેમનો કાંઈ ભરુંસો રાખી શકાય નહીં."

પહેલો-"હાલની વાઘેર લોકોની સ્થિતિ ઉપરથી તેઓ જેર થઈ ગયા છે, તેથી જો આ વખતે તોડ જોડ કરીને તેમને સમજાવવામાં આવશે તો તેઓ સમજી જશે."

આવી રીતે તેમની બોલ ચાલ ચાલે છે, એટલામાં હમીર જસાજીએ તેમને પૂછ્યું કે, "હાલમાં વાઘેર લોકો કયાં છે અને સરકારનું લશ્કર કયી જગાએ પડેલું છે."

પહેલો—"સરકારના લશ્કરની છાવણી તો ભાણવડ ગામે પડેલી છે; અને વાઘેર લોકો બરડાના ડુંગરમાં ભરાયા છે. જામ સાહેબે તેમને પોતાના મુલકમાંથી નીકળી જવાનું એકવાર જણાવ્યું હતું; પરંતુ વાઘેર લોકોનું એવું કહેવું છે કે, આવી બીજી કોઈ જગા બચાવને માટે છેજ નહીં. માટે અહિંયાં જ મારીશું કે મરીશું અને વખત આવશે ત્યારે બૈરાં છોકરાંને કોઇને આશરે મોકલી દઇને છેવટે બધા કેસરિયાં કરતાં આખો દેશ ખરાબ ખસ્ત કરી નાંખીશુ."

આવી રીતે હાલના વાઘેરોના બળવા સંબંધી વાતો કરતાં ઘણી રાત નીકળી ગઈ. તે પછી સઘળા મુસાફરો ઉંઘી ગયા. હમીર જસાજીએ ભાણવડ ગામ તરફ જવાનો રસ્તો પકડ્યો. દશ પંદર દિવસ આસપાસ ગામેગામ ફરીને પોતાની છોડીની તથા ઘોડાની ઘણી તપાસ કરી, પણ કાંઈ પત્તો લાગ્યો નહીં અને કાંઈ ખબર પણ મળી નહીં. જુનાં માણસો ઘણા પાણીદાર તથા મોટા ધીરણી હોય છે, તેવી રીતે નવા ઉછરતામાં કાંઈ હોતું નથી. જ્યારે ઘણી શોધ કરવા છતાં પણ છોડીનો કાંઈ પત્તો લાગ્યો નહીં. ત્યારે તેમને પોતાનું જીવિત તદ્દન આકરું થઈ પડયું, અને એમને એમ ઘેર જવાનું કાંઈ મુખ રહ્યું નહીં ત્યારે છેવટે નિશ્ચય કર્યો કે, જો આપણી છોડી તથા વછેરો મળે અને આબરુ રહે તો જ ઘેર જવું, નહીં તો પ્રાણ ત્યાગ કરવો, એ વધારે સારું છે. તેથી વાઘેર લોકોની ટોળીમાં જ જઇને મળવું. એટલે છાવણીમાં ભેગા થયેલા લોકો પણ જોવામાં આવશે અને તેમાં જ આપણો છેવટે કાળ થવાનો પણ સંભવ છે. એવો મનનો દૃઢ નિશ્ચય થયો.

ભાણવડના લશ્કરમાં પોતાનો જીવ દેવાના વિચારથી જવું છે ત્યારે આટલા બધા દૂર પણ શા માટે જવું? આ પાસે જ બરડાના ડુંગરમાં જવું અથવા તે જ ટોળીમાં બીજા બારવટિયા હોય તેમનામાં જઇને મળી જવું ઠીક છે, એવો વિચાર કરીને તેમણે પોતાનો ઘોડો તે તરફ વાળ્યો. સામો જ ડુંગર દેખાવા લાગ્યો. આ ડુંગરનું ઘેલન એવું નામ હતું. તેની તળેટીમાં દેવા માણેક, રણમલ કુંભાણી તથા રાણાજી પટેલ વગેરે સાઠ સીતેર વાઘેરો નવું ગામ લુંટી લાવેલા માલની વ્યવસ્થા કરતા બેઠા હતા. હમીર જસાજી ઘોડા ઉપર બેસીને આપણી તરફ આવે છે, એમ તેમણે જોઈને ઓળખતાં જ તેમાંના એક બે આગેવાનો તેમના તરફ સામા ગયા. તેમણે તેમનો ઘોડો પકડીને ઘણા જ વિનયથી રામ રામ કર્યા. અને પોતાની મંડળીમાં લઈ જઇને બેસારતાં ઘણું મોટું માન આપ્યું. આપણામાંના કુળવાન્ કુટુંબના જુના અનુભવી લડવૈયા પૈકી આ એક ભીષ્મ પિતા જેવા મહારથી આપણી ટોળીમાં આવીને મળ્યા, તેથી તેમની સલાહ આપણને બહુ જ ઉપયોગી થઈ પડશે, એમ ધારીને તેમણે તેમને ઘણા આદર સત્કારથી બેસાર્યા. તે વખતે તેમાંના બીજા ડોસાઓ આવીને તેમને ભેટયા અને ખબર અંતર પૂછી.

હમીર જસાજી—"મારી હવે વૃદ્ધાવસ્થા થયેલી છે. તોપણ તે સ્થિતિમાં હું આપણો જાણીતા બારવટિયાનો ધંધો કરવાને તથા તેને માટે તમારામાં સામેલ થવાને

આજે તમારી પાસે આવ્યો છું. તેને માટે કારણભૂત મારી ઘરસ્થિતિ જ છે. મારી દીકરી ઘરમાંથી બે જાતવાન ઘોડાં લઇને નાસી ગયેલી છે. તેને ખોળવા માટે આજુ બાજુએ ઘણા દિવસ ગુમાવ્યા, પણ તેનો કાંઇ પત્તો લાગ્યો નહીં. હવે આ મારૂં કાળું મુખ ગામમાં જઇને શું બતાવું? તેના કરતાં જો આ દેહ તમારા કામમાં આવશે તો વધારે સારું, કેમકે એ પણ દેશ સેવા થશે. એવા હેતુથી હું તમારી પાસે આવ્યો છું. હું જો કે હવે બુઢો થયો છું અને તમારા જેટલી દોડ મારાથી થશે નહીં તોપણ તમે જો મને સંભાળી લેશો તો આ દેહ આપણા લોકોની સેવા માટે હાજર છે."

આ તેમનું ખરી કળકળનું બોલવું સાંભળીને કેટલાકના મનને ઘણું માઠું લાગ્યું, અને એક જણે પૂછ્યું કે, ઘોડાનો રંગ કેવો છે? ઘોડી ભુખરા રંગની છે અને વછેરો સાફ સફેત રંગનો હોવાની સાથે ચોસર છે. એ સાંભળીને તરત એક વાઘેર બોલી ઉઠ્યો કે, "સાત આઠ દિવસ ઉપર વેશ બદલીને હું લશ્કરમાં બાતમી મેળવવાને માટે ફરતો હતો, તે વખતે આપ કહો છો એવા રંગનો તથા વયનો શોભાયમાન વછેરો મારી નજરે પડ્યો હતો, તેથી આપણે સવડ મળતાં લશ્કરમાં ફરવા જઈશું ત્યારે તેની તપાસ કરીશું. જો તે એ જ હશે તો ત્યાં તે શી રીતે આવ્યો તેની તપાસ કરીશું."

એટલામાં તે વાઘેર લોકોની ખબર કાઢવા ઉપર જે સરકારી ટોળી ફરતી હતી અને જેમાં કેટલાક સરકારી તથા પોરબંદરના સ્વાર હતા તે તેમના તરફ ચાલી આવ્યા. વાઘેર લોકોએ તેમને છેક પાસે આવવા દીધા. કેટલાક માણસો લુંટનો માલ લઇને ડુંગર ઉપર ચઢવા લાગ્યા; અને આઠ દશ માણસો બાકી રહ્યા, તેમણે એ ટોળીની સાથે સામનો કર્યો. વાઘેર લોકોએ પોતાની તરફથી ગોળી બહાર કરવા માંડ્યા. તેને લીધે એ ટોળી પાછી હઠી. એક ગાઉ સૂધી સરકારી સ્વારો પાછા નાસતા જ હતા. છેવટે તેઓ હાથ વેંતમાં આવી પડ્યા. બન્ને બાજુના લોકોએ પોતપોતાની તરવારો મ્યાનમાંથી બહાર કાઢી. પોરબંદર તરફના માણસોમાં એક જમાદાર મુબારક નામનો હતો. તે વાઘેર લોકોની તરવારથી જેર થઈ જતાં બોલ્યો કે, "અમે તમારા લોકોની હંમેશાં બરદાસ્ત રાખીએ છીએ અને છેવટે તમે અમને પણ મારવાને ચુકતા નથી." એટલું બોલવું સાંભળીને વાઘેર લોકોએ પોતાની તરવાર પાછી મ્યાન કરીને એ ટોળીના લોકોને તેમણે જવા દીધા અને પોતે ડુંગરા તરફ ચાલતા થયા.

હમીર જસાજી તથા બીજા કેટલાક વાઘેર લોકો ડુંગરના વલણમાંથી ઉપર ચઢતા હતા. તેમને પાછળથી સામનો કરીને પાછા આવતા લોકો પણ આવી મળ્યા. એ સઘળા મળીને આભરાના વિકટ ડુંગર ઉપર બીજા વાઘેર લોકોનો મુકામ હતો ત્યાં ચાલ્યા જતા હતા. મોરચેબંધી કરવા માટે બીજા વાઘેર લોકો વગેરે ઠામેઠામ મોટા પથરા ગોઠવીને તૈયારી કરતા હતા. તેમાં કેટલોક ફેરફાર કરવાની હમીર જસાજીએ સલાહ આપી તે સઘળાને કબુલ કરવી પડી. આ વખતે સંધ્યાકાળનો સમય થવા આવ્યો હતો. બહાર ગયેલી ટોળી લુંટ મેળવીને પાછી આવતી જોઇને ડુંગર ઉપરના લોકોએ તેમને જય-ઘોષ કરીને વધાવી લીધા. એ ડુંગરમાં ઘણી ખીચો ખીચ ઝાડી હતી. તે બાજુએ વાઘેર લોકોએ પોતાનાં બૈરાં છોકરાંઓને રહેવા માટે ઝુંપડીઓ બાંધેલી હતી. રસોઈ કરવા માટે ઠેકઠેકાણે ચુલા સળગતા હતા. તેને લીધે ડુંગર ઉપર દવ લાગ્યો હોય,

એવું દેખાતું હતું. હમીર જસાજીના આવવાથી ત્યાંના બધા આગેવાન લોકો અને કેટલાક પુરવિયા લોકોના આગેવાનો ભેગા થયા. કસુંબાપાણી થયાં અને જમ્યા પછી પાછા બધા વાત વિચાર કરવાને ભેગા થયા.

જોધા માણેક–"આપણે મોરચે બંધી કરી ખરી; પરંતુ નાસી જવાનો રસ્તો લશ્કરના ધ્યાનમાં આવે નહીં, એવો રાખવાની જરૂર છે."

મુળુ માણેક–"આ ડુંગરનો જે ભાગ કોડીનારની બાજુએ આવેલો છે, ત્યાંથી ઉતરતાં ખોમાં ઝાડી ઘણી છે. તે રસ્તેથી લશ્કર કદી આવી જ શકે નહીં. અને જ્યારે જરૂર પડશે ત્યારે એ જ રસ્તેથી આપણે બહાર નીકળી જઇશું. એ બાબત સઘળાએ માન્ય કરી."

હાજી કુંભાણી–"રાજકોટનાં મદદનાં માણસો તરફથી કેટલીક બંદુકો તથા દારૂ-ગોળો વગેરે સામાન આવી પહોંચ્યો છે. તે સઘળાને વહેંચી આપ્યો હોય તો જે તે પોતાની તૈયારીમાં રહેત."

હમીર જસાજી–"આજે આપણા તાબામાં કેટલાં માણસો છે તે પ્રથમ જાણવું જોઈએ એટલે જૂદી જૂદી ટોળીઓ કરીને મોરચે રાખવાનું ઠીક પડે."

મુળુ માણેક–"સુમારે બે હજારથી પચીસો સુધી લોકો હથિયારબંધ આજે તૈયાર છે. તેમાં એક હજાર માણસો બંદુકવાળા છે. ઓછામાં ઓછા દોઢસો બસો ઘોડા હશે. ચારસો પુરવિયા લોકો છે. ત્રણ સો ઢેડ લોકો છે. સિંધી લોકો પણ ત્રણ સો જ છે. અને વાઘેલા તથા વાઘેર મળીને પંદરસોનો સુમાર હશે, એટલું આપણું લશ્કર બસ છે. તેથી આપણો બચાવ કરવાનું કાંઈ મુશ્કેલી ભરેલું નથી. માત્ર બૈરાં છોકરાંને સંભાળવા માટે એક ટુકડી જૂદી જ રાખીએ એટલે થયું."

આવી રીતે વાત વિચાર કરીને તેમણે કેટલાક ઠરાવ કર્યા. ઘણી રાત જવાથી તેઓ સુઈ ગયા. બીજે દિવસે લશ્કરી ખબર કાઢવા માટે ચાર માણસોએ જવાનું ઠર્યું. તેમાં હાજી કુંભાણી અને બીજા બે વાઘેલા હતા. સઘળાએ સ્વારના વેશમાં નીકળવાનો ઠરાવ થયો.

માણસનો સ્વભાવ ઘણો જ વિલક્ષણ છે. તેનું ચિત્ત એકવાર જે વિષયમાં લાગે, તેમાં તે તદન નિમગ્ન થઈ જાય છે. આ વખતે ડુંગર ઉપરના સઘળા લોકોના વિચાર આપણું સંરક્ષણ શી રીતે કરવું, સામાવાળાની હાર કેવી રીતે થાય, દુશ્મનો કેવી રીતે કાયર કાયર થઈ જાય, અને આપણાં વતન પાછાં કેવી રીતે મેળવાય, એ શિવાય બીજા વિષય તરફ જાય જ નહીં. એટલું મેળવવા માટે પોતાના જાત ભાઈઓની આહુતિ આપવાની છે. હજુ કોણ જાણે કેટલાએ બળી થઈ પડશે, અને જે રહેશે તે ધારેલાં ફળ મેળવશે કે નહીં; તે પણ અસંભવિત હતું. પરંતુ તે અસંભવિતપણું તેમની નજરે દેખાતું નહીં. તેમના વિચાર તેમની પોતાની તરવાર ઉપર ઝઝુમતા હતા. દેશ સેવા તરફ જ્યાંસુધી આવા વિચાર ચાલે નહીં ત્યાંસુધી કોઈ પણ દેશમાં કાંઈ મહત્કાર્ય થતાં નથી. તેમાં પોતે જાતે જ જીવવાની આશા અને એકલપેટા-પણું એ દોષ જાણીને જ્યારે તેનો ત્યાગ કરવામાં આવે ત્યારે ખરો.

પ્રકરણ ૨૯ મું
પ્રિયાની શોધ

આખી રાત પ્રજાપાળે વિચારમાં જ કાઢી; તોપણ પાછલી રાતે જરા નિદ્રા આવી ગઈ. બીજે દિવસે સવારે ઉઠીને તેણે પોતાનો સાધુવેશ બદલવાનો જ પ્રથમ વિચાર કર્યો. બજારમાં જઇને પોતાની પાસે સોનાની એક વિંટી હતી તે વેચી દીધી, અને પોતાને શોભિતાં કપડાં લીધાં. મધ્યાહ્નકાળે ગોમતી ઉપર જઇને તેણે સ્નાન કર્યું અને પોતાનો સાધુવેશ બદલી નાંખ્યો. તે પછી એ ભાણવડની લશ્કરી છાવણી તરફ ચાલતો થયો. એક બે દિવસની મજલ કરીને પહેલાં જે ગામમાં પોતાનાં માણસો મુકીને ગયો હતો ત્યાં આવ્યો. પણ તે લોકો તેને મળ્યા નહીં. પટેલે તેને કહ્યું કે, આજ સુધી તેમણે બિચારાઓએ તમારી રાહ જોઈ. આજુબાજુ ત્રીસ ચાલીસ કોસ ફરતાં ગામોમાં તેમણે તમારી ઘણી તપાસ કરી, પરંતુ કાંઈ ખબર લાગી નહીં. પછી તેમની પાસેની ખરચી પણ ખુટી જવા આવી. તેથી તેઓ તમારા ગામ તરફ જવાને માટે નિરુપાયે નીકળી ગયા. તેઓ આજે જ સવારે ગયા; તેથી જો જલદી જઈ પહોંચશો તો તમને તેઓ આટલામાં જ મળશે. પ્રજાપાળ ત્યાં વધારે વખત ટક્યો નહીં અને આગળ જઇને પોતાના માણસોને પકડી પાડ્યા. તે લોકો પ્રજાપાળના આવી મળવાથી ઘણા જ ખુશી થયા. અને તેમણે ચારે તરફ ઘણી ઘણી શોધ કરવા વગેરેની હકીકત જણાવી. પ્રજાપાળને પણ સંતોષ થયો અને એક દિવસ તે ગામમાં વધારે મુકામ રાખ્યો. તેમાંથી એક માણસ તથા એક પોતાનો ઘોડો સાથે રાખી લીધો અને બાકીનાને એક કાગળ લખી આપીને પોતાના ઘર તરફ રવાના કર્યા. હવે પ્રજાપાળને કાંઈ અડચણ રહી નહીં. રાતના જમી પરવાર્યા પછી ત્યાં પાથરેલા ઘાસિયા ઉપર ઘોડાના સામાનને ઉસિકું કરીને સુતો. ધર્મશાળામાં આડાળી પાસે ઘોડા બાંધેલા હતા; તેની પાસે જઇને નોકર પણ સુઈ ગયો. તે વખતે પડ્યા પડ્યા તેના મનમાં વિચાર ચાલવા લાગ્યા. વૈરાગીનો વેશ લઇને નદીને કાંઠે કાંઠે અથડાયા અને આટલું દુઃખ વેઠ્યું તે સર્વ વ્યર્થ જ ગયું. કેમકે જેને માટે લંગોટી લગાવાને કષ્ટ સહન કર્યું, તેનો તો કાંઈ પત્તો જ લાગ્યો નહીં; પરંતુ હાલ આપણે જે કામ હાથમાં લીધું છે, તે આપણા અન્નદાતા સરકારના લાભનું છે. આપણા બાપદાદાઓએ પણ તેમનાં આવાં જ અગત્યનાં કામો કરીને વતન જાગીર મેળવેલી છે, અને તેનોજ આજે આપણે ઉપભોગ કરીએ છીએ, અર્થાત્ પ્રથમ આપણે આપણી સરકારનું કામ કરવું, અને પછી આપણી પ્રાણ પ્રિયાની તપાસમાં લાગવું, એવો નિશ્ચય કર્યો. બીજા દિવસથી તેણે પોતાની મુસાફરી કરવા માંડી. તેમાં કાંઈ વિશેષ જાણવા જેવું નથી; પરંતુ પાંચમે દિવસે સાંજે ત્યાં રસ્તામાં એક મોટું ગામ આવ્યું. એ ગામના પાદરમાં એક ધર્મશાળા હતી, તેમાં પોતાનો મુકામ કર્યો. નોકરે ઘોડાના ચંદીચારાની તજવીજ કરી અને સિધું સામાન લાવીને રસોઇની પણ તૈયારી કરી. જમી પરવાર્યા પછી પોતે જરા ગામમાં ફરવા ગયો. તે વખતે દશ અગિયાર વાગવાનો સુમાર હતો. આગળ જતાં એક જગાએ કેટલુંક ધાંધલ થતું જોવામાં આવ્યું. તે જગાએ તે ઉભો રહ્યો. કેટલાંક

ગાડાં સામાન સાથે લઇને જતા વાઘેરો જોવામાં આવ્યા. તેમના ગયા પછી તેણે એક માણસને પૂછ્યું કે, "આ શાનું ધાંધલ હતું અને એ લોકો ક્યાં ગયા?" તેણે જવાબ આપ્યો કે, "ભાઈ! તમે અજાણ્યા ક્યાંથી? કાલે લુંટારા બારવટિયા લોકો પટેલને કહી ગયા હતા કે અમે આવીએ ત્યારે બસો મણ અનાજ આવતી કાલે સાંજ સુધીમાં ગાડાં ભરીને તૈયાર રાખવું તથા રૂ. ૧૦૦૦ એક હજાર રોકડા જોઇએ. તે પ્રમાણે નહીં આપો તો તમારું ગામ લુંટીશું, અને જો સરકારને ખબર આપશો તો યાદ રાખજો કે તમારાં નાક કાન કાપી લઇશું." તે ઉપરથી બિચારા પટેલે ગામના ચાર ડાહ્યા માણસની સલાહ લઇને તેમને જે જોઇએ તે આપ્યું. તેઓ આ લઇને ચાલતા થયા. પ્રજાપાળે કહ્યું કે, "આ જબરજસ્તીથી એ લોકો લઇ જાય છે અને તમારું કાંઈ ચાલતું જ નથી?" તે માણસે હસીને ઉત્તર આપ્યો કે, "જે કરવા ધારીએ તે થાય, પણ તેમની સાથે દુશ્મનાઈ કરીને જીવનું જોખમ તથા ગામની ખરાબી કરવા કરતાં આમ સમાધાન જ કરવું તે સારું એવો બધાનો વિચાર થયો. વળી ન આપીએ તો કરે શું? આજકાલ એ લોકોનું જ જોર વધી ગયું છે અને તેઓ જ્યાં જાય ત્યાં ખરાબી કરી મુકે છે. તેના કરતાં આ રસ્તો સારો." એમ કહીને તે પોતાનું ઘર આવ્યું એટલે ચાલ્યો ગયો.

આગળ ચાલતાં રસ્તામાં એક ઘર આવ્યું. આ ઘરને બે બાજુના ખુણા ઉપર બે મેડા હતા. તેમાં જવા આવવા માટે વચગાળે અગાસી હતી. આ ઘરમાં કોઈ હમણાં જ પેઠું, એમ તેના જોવામાં આવ્યું. તેથી એ શું ગરબડ છે તે જોવાને પોતે સામેના ઓટલા ઉપર બેઠો. આ વખતે ગામમાં બધે સામ સુમ થઈ ગયું હતું. તે ઘરમાં પડેલો માણસ બારણું બંધ કરીને ઉપર અગાસીમાં આવ્યો. તે વખતે બન્ને બાજુના મેડામાંથી બે તરુણ સ્ત્રીઓ બહાર આવી, અને તે પોતપોતાના મેડામાં આવવાને તે પુરુષને આગ્રહ કરવા લાગી. તેમાં જે નવી હતી અને રૂપવાન તથા તદ્દન યુવાન હતી, તેના તરફ તે વળ્યો, તે બન્ને હસતાં રમતાં મેડામાં ગયાં. ત્યારબાદ થોડીવાર પછી તે પુરુષ પાનની બીડી ચાવતો ચાવતો પાછો અગાસીમાં આવ્યો. આટલા વખત સુધી તે સામા મેડાવાળી સ્ત્રી જેને તે ઠેકાણે ઉભી રહેલી હતી, તેણે તેને બહાર આવેલો જોઈને કહ્યું કે, "જમ્યા પછી સો ડગલાં ચાલવું જોઇએ એટલે શતપાવલી કરવી જોઈએ, એવું વાડ વડિલો કહેતા આવ્યા છે. એટલું જ નહીં પણ વૈદ્યકશાસ્ત્રમાં સુદ્ધાં એમ જ કહેલું છે." આ ગૃહસ્થની પાસે પેલી યુવાન રંભા પણ આવીને ઉભી રહી, તેથી તે કાંઈ જવાબ આપી શક્યો નહીં. પરંતુ તે સ્ત્રી શૉક્યનું બોલવું શી રીતે સહન કરી શકે? તેણે તરત ઉત્તર આપ્યો કે, "એમ એવા ઉપદેશથી શું વળવાનું છે? એવી શતપાવલી ક્યારે કરવાની કે જ્યારે પથારી તૈયાર હોય નહીં ત્યારે? જેને નરમ રેશમ જેવી પથારી મળે નહીં તે ભલે શત પાવલીઓ કર્યા કરે." એવું કાળજું કપાઇ જાય તેવું બોલવું સાંભળીને ઝટ પેલી બેઠેલી ઉઠી કે, "હજુ તારી ઉમર નાની છે, તને બધા જગતનો અનુભવ ક્યાંથી હોય? પથારી જોઇએ રોગીને. જમ્યા પછી જો તરત પાસુ બદલીને સુઇ જાય તો વખતે કાંઈ રોગ ઉત્પન્ન થાય છે, તે તને ક્યાંથી ખબર હોય! તેમ જ તને ક્યાં એટલી બધી તેમના શરીરની કાળજી છે." એટલું તેના મુખમાંથી

બોલવું થઇ રહેતાની સાથે જ તે ફાવે તેવું બોલવા લાગી, તથા ધાણીની પેઠે ફડાફડ નાચવા લાગી. તેણે જણાવ્યું કે, "થયું, બહુ થયું, હવે વધારે બોલશો નહીં. ઘણી કાળજી રાખીને તો બાપડી સુકાઈ ગઈ? જો એટલી તમે કાળજી રાખી હોત તો શું જોઇતું હતું? પછી મારી જરૂર જ શું હતી? જ્યારે તમારાથી સુખ પડચું નહીં ત્યારે તો મને લાવ્યા. અમથું પથારીમાં આળોટવાથી રોગ થાય છે એ તો મેં આજે જ સાંભળ્યું! એવા રોગ ક્યારે થાય કે જ્યારે પ્રિયા અને દુધ મળે નહીં ત્યારે, સમજી કે? આવી તારી ખુશામતથી તે ભોળવાઈ જવાના નથી. એ તારાં બધાંએ ચરિત્ર જાણે છે. માટે હવે જો વધારે બોલી તો તું તારી વાત જાણી! હમણાં બધો ફજેતો જ કરી દઇશ." આવા બોલવાથી પેલી સ્ત્રી ઝાંખી પડી ગઇ અને પોતાના મેડાનું બારણું બંધ કરી દીધું એટલે પેલાં સ્ત્રીપુરુષ પણ અંદર ગયાં.

આ જોયેલી બાબતનો વિચાર કરતો કરતો અજાપાળ પોતાના મુકામ ઉપર આવ્યો. તે વખતે નોકર પથારીઓ કરીને પોતાના ધણીની રાહ જોતો બેઠો હતો. અજાપાળ આવીને પોતાની જગાએ કપડાં કાઢીને સૂઈ ગયો અને નોકર પણ પોતાની જગાએ ગયો. પથારીમાં પડ્યા પડ્યા પાછા અજાપાળને રણસુંદરીના વિચાર થયા. જો કદાચ મળે તો એ જ સુંદરીથી મારો સંસાર સુખી થશે. તેના પ્રેમમાં મારું મન એક સરખું લાગેલું છે. તેમ છતાં જો તેનો કાંઈ પત્તો નહીં લાગે તો આખી જીંદગી એમને એમ ગુમાવીશ પરંતુ બીજી સ્ત્રી કરવાનો નથી, કેમકે આપણે આવી ફજેતી જોઇએ નહીં, તથાપિ જે ઠાકોર ઠકરાતોને ઘણી રાણીઓ હશે, તેમની કેવી દશા થતી હશે? એવા એવા રણસુંદરી વગેરે સંબંધી વિચારોમાં તે નિદ્રાવશ થયો.

બીજે દિવસે સવારમાં તેઓ નીકળ્યા તે લશ્કરની છાવણીમાં આવ્યા. અજાપાળ પહેલો કેપ્ટન બાર્ટન સાહેબને જઇને મળ્યો અને તેમને વાઘેરોની સઘળી હીલચાલની ખબરો કહી સંભળાવી. તે ઉપરથી તેઓ ઘણા જ ખુશી થયા અને અજાપાળને પોતાની પાસે રહેવાનું કહ્યું. તે પ્રમાણે તે તેમની પાસે રહ્યો અને સરકારની બહુ સારી સેવા બજાવી.

પ્રકરણ ૩૦ મું

શરણે લાવવા પ્રયત્ન

બહારવટીઆ બધા બરડાના ડુંગરમાં ભેગા થયા. આ ડુંગર ઘણાં ખડકવાળો તેમ જ ઘણી ઘીચ ઝાડીથી ભરપુર છે. તે પોરબંદરના રાજ્યની હદમાં આવેલો છે અને ચારે તરફથી ગોળાકાર છે. તેનો ઘેરાવો સુમારે ત્રીસ માઇલનો છે. તેનું ઉત્તર દિશા તરફનું શિખર ઘણું જ ઉંચું માલમ પડે છે. તે શિખરમાં ગુમલીબાવાની જગા છે. તે સ્થાન સઘળાં ઘણાં જીર્ણ થઈ ગયેલાં છે. તેમાં ઠામેઠામ ઘાસ ઉગેલું છે અને વન વાગોળા વગેરેએ ત્યાં પોતાનાં રહેવાના માળા કરેલા છે. એ બરડાના ડુંગરમાં ઘણી જગાએ નિર્મળ પાણીના ઝરા છે અને તેની આજુબાજુએ બેસુમાર ઝાડી છે. તેથી આખો ડુંગર સદા લીલોતરીવાળો રળિયામણો દેખાય છે. અર્થાત્ પાણી અને ઝાડી આ ડુંગરમાં પુષ્કળ હોવાથી લુંટારાઓને નિર્ભયપણે રહેવાનું

સારું ઠેકાણું છે, અને બળવાખોર વાઘેરોએ પણ એ જ બરડાના ડુંગરમાં, પોતાનો પડાવ નાંખ્યો હતો. વળી તેની આસપાસની જમીન કાળી તથા ઘણી જ રસાળ હોવાથી ખોરાકીની ખોટ તો પડે જ નહીં.

મીનસાર નદીના કિનારા ઉપર ભાણવડ ગામ આવેલું છે. તે જગાએ પાણીની અનુકૂળતા જોઇને, લશ્કરનો મુકામ રાખવામાં આવ્યો હતો. અમલદાર લોકોના તંબુઓ સારી ઝાડની ઘટાદાર છાયામાં ડોકેલા હતા. સેંકડો રાવટીઓ, પાલાં વગેરે લાઇનબંધ લાગેલાં હતાં. તેથી આ છાવણી એક સાધારણ શહેર જેવી દેખાતી હતી. તાલુકદારો તરફના તથા બીજા રજવાડા તરફથી આવેલાં લશ્કરો, જામનગર, પોરબંદર, રાજકોટ વગેરે તરફના તથા શ્રીમંત ગાયકવાડ સરકાર તરફનાં લશ્કરો અને ઇંગ્રેજ સરકારનું ચારે તરફથી આવેલું લશ્કર ત્યાં જ સઘળું ભેગું થયું હતું. તેથી ભાણવડની લશ્કરી છાવણી ઘણી ખુબીદાર દેખાતી હતી. તે જોનારને કવાયતી લશ્કરનું એકંદર નિયમિતપણું તથા શિબંદી વગેરે દેશી લશ્કરની મનસ્વી વ્યવસ્થા જોઇને ખરેખરો આનંદ જ થતો હતો. કવાયતી લશ્કરમાં પંકિતવાર ઘોડાની સઘળી એક સરખી ઓળ લાગેલી હતી. તેમની પાસે ઘાસના ઢગલા પડેલા જ હતા, તે શિવાય ચંદીના તોબરા તથા પાણીના ડોલ બ્યુગલ થતા બરોબર વખતસર હાજર થતા હતા; પરંતુ રજવાડી લશ્કરમાં તો કોઈ ઘોડાને તોબરો ચડાવતો હોય તો કોઈ ઘોડાને ખરેરો કરીને ચાકરી કરતા હોય. વળી કોઈ ફેરોફાટો ખાઈ આવીને ઘોડાને ટહેલાવતો હોય તો કોઈ ઘોડાને ફેરવવા લઇ જવાની તૈયારીમાં હોય. તે શિવાય કેટલાક ચીલમ હુક્કા પીતા તડાકા મારતા બેઠા હોય તો કેટલાક સુઇ રહેલા હોય, એટલે એકંદરે જોતાં લશ્કરનો દેખાવ ઘણો રળિયામણો હતો. કર્નલ ઓનર સાહેબને આ કાઠિયાવાડ તરફનો તથા એ ડુંગરાઓનો વધારે અનુભવ હોવાથી તેઓ આ ભાણવડની એકંદર છાવણીના ઉપરી અમલદાર નિમાયા હતા. રાજા રજવાડા તરફથી વકીલો પોતાનાં લશ્કરો સાથે હાજર હતા જ. એ સઘળા લશ્કરની છાવણીના મધ્ય ભાગમાં કર્નલ ઓનરનો તંબુ હતો.

રાતના નવ વાગવાના સુમારમાં અમલદારો કર્નલ ઓનર સાહેબના તંબુમાં ભેગા થવા લાગ્યા, અને હવે તેમના ઉપર હુમલો શી રીતે કરવો, તે સંબંધી વાત વિચાર ચાલવા લાગ્યા. છેવટે એવો ઠરાવ કર્યો કે, વાઘેર લોકોને આપણે એક બાજુએ હુમલો કરવાનો ડોળ કરીને ઉશકેરવા, એટલે તેઓ ડુંગર ઉતરીને નીચે આવશે. ત્યારે આપણને સામું લડવાનું ફાવશે. તેને માટે પ્રથમ તળેટીની ઝાડી કાપવાને મજુર મુકાદમોને મોકલવા અને તેમના બચાવ માટે થોડા અંતર ઉપર લશ્કરી ટુકડીઓ રાખવી. તેમ જ બીજી એક લશ્કરી ટોળી કાતરધાર ખાતે મોકલવી. આ ગોઠવણ પ્રમાણે બીજે દિવસે લશ્કરી ટુકડીઓ રવાના કરવામાં આવી. તે ઉપરથી વાઘેર લોકોને એમ લાગ્યું કે, તે બાજુથી લશ્કરે હુમલો કર્યો. તેને લીધે તેઓ એ બાજુએ બંદુકો છોડવા લાગ્યા. પરંતુ જ્યારે તેઓ આગળ આવ્યા નહીં, ત્યારે વાઘેરો સમજી ગયા કે, આ તો આપણને છેતરીને નીચે ઉતારવાની અમથી ઉશકેરણી છે. તેથી તેઓ પોતાના મોરચા છોડીને આગળ આવ્યા જ નહીં. ઘણા વખત સુધી ત્યાં મજુર મુકાદમોએ કામ

કર્યું; પણ કાંઈ વાઘેર લોકોએ પોતાના મોરચા છોડ્યા નહીં, એટલે યુક્તિમાં નહીં ફાવવાથી જે લશ્કરી ટોળીઓ મોકલેલી તે પાછી આવી. વળી પાછા ફરીથી બધા મસલત કરવાને ભેગા થયા. તે વખતે એવી વાત નીકળી કે, બરડાનો ડુંગર ઘણો વિકટ છે તેથી હુમલો કરતાં પહાડ ઉપર તો જવાય તેમ છે જ નહીં. એટલે ત્યાંથી તેમને કાઢવાનો બીજો કાંઈ ઉપાય જણાતો નથી. વળી વાઘેરો પણ હવે કાયર કાયર થઈ ગયા છે. અને તેઓ સમજી ગયા છે કે, જે આટલું મોટું લશ્કર ભેગું થયું છે તે કાંઈ આપણને છોડનાર નથી. તેથી તેઓ વખતે સલાહ કરવાનું ખુશીની સાથે કબુલ કરશે. માટે હાલ એવો ઘાટ કરવો તે ઠીક છે. તે પ્રમાણે વાઘેરો તરફ સલાહ કરવાનો સંદેશો મોકલવામાં આવ્યો તેનો સ્પષ્ટ જવાબ આવ્યો કે જોધાજી હવે પોતાનાં હથિયારો હેઠાં મુકવાને ખુશી નથી. જે થશે તે ખરું.

રાજપાળને ડુંગરાઓમાંની કાંઈ મહત્વની કામગિરી ઉપર મોકલેલો હતો. તે પણ આજ વખતે ત્યાં આવી પહોંચ્યો. કર્નલ ઓનરે તેને પોતાના બીજા તંબુમાં લઈ જઇને, તેણે જણાવી તે સઘળી હકીકત ઘણી અગત્યની હોવાથી પોતે તેની નોંધ કરી લીધી. આ વખતે તે જે ઉપયોગી ખબરો મેળવી આવ્યો હતો તેથી સાહેબ તેના ઉપર ઘણા જ ખુશી થયા. તેની જુવાન વય, સુંદર ચહેરો, ચતુરાઈ તથા ચાલાકી અને તેનું શૂરાતન જોઇને સાહેબ તેના ઉપર હંમેશાં ખુશ જ રહેતા. તથાપિ અત્યારે પોતે વધારે પ્રસન્ન થવાથી ખાસ રાજપાળને ઉત્તેજન આપવાની ખાતર તે તંબુમાં પાસેના બીજા ભાગમાં ગયા, અને એક સાતબારના તમંચાની પેટી લઇને તેની પાસે આવ્યા. તેટલા વખત સુધી રાજપાળ મર્યાદાથી જ્યાંનો ત્યાં ઉભો રહેલો હતો. કર્નલ ઓનરે તે પેટી ઉઘાડી અને પિસ્તોલ હાથમાં લઈને તેને કહેવા લાગ્યા કે, આ જો, આ ચાંપ અને આ ઠેસ ખસેડી એટલે ઘોડો પાછળ હડે છે. પછી જે કારતુસો ગોળી સાથે તૈયાર હતી, તે તેમાંણે અંદર ઘાલી બતાવી. અને પાછું તેનું કામ ન હોય ત્યાંસુધી બાજુ ઉપરની ઠેસ ચઢાવી મુકવી, એટલે પિસ્તોલ ભરેલી હોય અને કદાચ ઠેસ ખસેડ્યા શિવાય ઘોડો પડી જાય, તો પણ તે કેપ ફુટતી નથી. એવી રીતે તેને સમજાવ્યું. એ સર્વ સમજાવતા હતા ત્યારે રાજપાળ લક્ષ આપીને જોતો હતો. છેવટે સાહેબે જણાવ્યું કે, 'તને આ પિસ્તોલ હું બક્ષીસ આપું છું. તેથી તારી કામગિરી તથા બહાદુરીનું ઇનામ પુરું થયું, એમ સમજીશ નહીં. તેનો બદલો તો તને સરકારજ આપશે.' રાજપાળે તે પિસ્તોલ મોટા માન સાથે ખુશી થઇને પોતાના હાથમાં લીધી અને સાહેબને સલામ કરી. કર્નલે જણાવ્યું કે, એ પિસ્તોલ લડાઇમાં ઘણી ઉપયોગી થઈ પડે છે. એનો મારો કાંઈ ઘણો દૂર જતો નથી, તો પણ આસરે બસો કદમ સુધીમાં એ ગોળી ઘણું સારું કામ કરે છે. રાજપાળે કહ્યું કે, "જ્યારે પાસે પાસે દુશ્મનો આવી પહોંચે ત્યારે તરવાર જમૈયો વગેરે જેવાં ઉપયોગમાં આવે છે તેવી રીતે આ કાંઈ ઉપયોગી થઈ પડે નહીં કેમકે ફરીથી ભરવા જેટલો વખત મળે જ કયાંથી? તેમ જ તે મારતી વખતે આપણી ટોળીના લોકો પણ સાથે હોય છે. તેથી વખતે તેમને પણ ધક્કો લાગવાનો સંભવ રહે." કર્નલ બોલ્યો કે, 'જે તું કહે છે તે ખરું છે. જો કદાચ એકલ દોકલ માણસનો ભેટો થઈ

જાય તો તે વખતે આ પિસ્તોલ ઉપયોગી થઈ પડે અથવા તો તે સાત બાર છોડતા સુધી કામમાં આવે.' તે પછી સાહેબ કહેવા લાગ્યા કે, 'તું હંમેશાં મારી પાસે રહેતો જા.'

રાજપાળ–તેટલા માટે તો હું આપની પાસે નોકરીની માગણી કરીને રહેલો છું. મારો આ આખો પિંડ શ્રીમંત ગાયકવાડ સરકારના અન્નથી બંધાયલો છે. અને આપ અમારી સરકારને મદદ કરવા માટે આવેલા છો. તેથી આપને ખરા મનથી મદદ કરવી, એ જ મારું મુખ્ય કામ છે, એમ હું સમજું છું. આપ સાહેબ બીલકુલ બે ફીકર રહેજો. હું તથા મારો સ્વાર, અમે આપની પાસે જ રહીશું. તેથી આપનો વાળ પણ વાંકો થવા દેઇશું નહીં.'

વળી પાછા તેઓ બધા ભેગા થઇને બેઠેલા હતા તે તંબુમાં આવ્યા. કર્નલ ડોનરે સઘળી હકીકતનો કાગળ બધાની પાસે મુકયો; અને કહેવા લાગ્યા કે, 'રાજપાળે જે યુક્તિ બતાવી છે તે મને પસંદ પડે છે. તો પણ તેને માટે કેટલોક વાદવિવાદ થયા પછી સઘળાએ રાજપાળની સૂચના માન્ય કરી.' કર્નલ બોલ્યા કે, "ધુમેલી તરફ નગરનું ૯૦૦ માણસોનું લશ્કર રાખવું. દાડમી તથા ચાવડીમાં બસો બસો માણસો તથા નળઝરા તરફ ૪૦૦ માણસોના સરકારી લશ્કરની ટુકડીઓ રાખવી. કિલ્લેસરની બાજુએ ૩૦૦ માણસો સરકારી લશ્કરના તથા ૧૦૦ માણસો પોરબંદરનાં રાખવા. ઉપરાંત દંતાલીના મોરચા તરફ ૪૦૦ જુનાગઢના, ૧૦૦ પોરબંદરના તથા ૧૦૦ સરકારી માણસોનું લશ્કર રાખવું જોઇએ. આ પ્રમાણે એકંદર વ્યવસ્થા રહેતાં દરેક અમલદારે પોતપોતાના લશ્કરની ટોળીઓ સાથે રહેવું. દંતાલીના મોરચા તરફ હું જાતે મારાં માણસો સાથે રહીશ. આ હુમલો આજથી એક બે દિવસમાં કરવાનો છે. તેથી પાછલી રાતના મુકરર કરેલી બાજુએ જઇને હુમલો કરવાની ચેતવણી માટે તોપોના ત્રણ અવાજ કરવામાં આવશે. તે અવાજો થતાં બરોબર સઘળાએ છાવણી છોડવી જોઇએ. તે પછી હું પણ નીકળીશ. વાઘેર લોકો એવી રીતે ચારે તરફથી મારો કર્યા શિવાય ઠેકાણે આવવાના નથી." આ યોજના સઘળાને પસંદ પડતાં કચેરી બરખાસ્ત થઈ.

બીજે દિવસે લશ્કરમાં ધામધુમ ચાલવા લાગી. હથિયારો તપાસવાની હાજરી થઈ. ચારે તરફ હથિયારોના ખડખડાટ, ઘોડાના ખુંખારા, લશ્કરી માણસોની વાતચિતો, પાયગાઓના ડંકા નિશાનો તથા રણશિંગા વગેરેના અવાજોથી આખી છાવણી ધમધમી ગઈ. લોકોના ચહેરા ઉપર વીરત્વ દેખાવા લાગ્યું અને સઘળાનું લક્ષ તોપના અવાજ તરફ લાગી રહ્યું. જે હોય તે પોતાની બાંધા બાંધી કરવા લાગ્યા પરંતુ લક્ષ બધું તોપના અવાજ તરફ લાગેલું હોવાથી હાથમાંનાં કામકાજ અવ્યવસ્થિત રીતે થવા લાગ્યાં. માણસનું મન કોઈ બીજી બાજુએ ગુંથાયલું હોય તો પોષાક પહેરતાં અંગરખાની કસો બંડીને અને બંડીની કસો અંગરખાને ઉલટ પાલટ બંધાઇ જાય છે. મન જ્યારે લડાઈ તરફ લાગે ત્યારે જ આવતું થાય છે એમ કાંઈ નહીં; પરંતુ મન ઘણી ખુશીમાં અથવા કાંઇ ફીકર ચિંતાની દીલગીરીમાં પડે, ત્યારે પણ એવું જ થાય છે. રણમાંથી સહિસલામત પાછા આવ્યા પછી આનું આમ કરીશું અને તેનું તેમ કરીશું, એવા વિચાર તરંગમાં દરેક માણસોનો જીવ ગુંથાયલો હતો. દરેક માણ-

સને જીવવાની આશા ઘણી મોટી છે. જે જીવને સારૂ સલાહ શાંતિના વખતમાં સંરક્ષણ કરવા માટે કેટલો બધો બંદોબસ્ત, કેટલાં બધાં દવાખાના તથા હવાપાણી સ્વચ્છ રાખવા માટે કેટલા બધા ખરચ ચાલતા હોય છે તે જ જીવ લડાઇના સમયમાં બકરાંની પેઠે બલિ થઈ પડે છે. મન એ જ પોતે મોક્ષનું તથા બંધનનું કારણ છે, એવું જે ગીતામાં તથા બીજા અનેક ધર્મગ્રંથોમાં કહેલું છે તે અક્ષરે અક્ષર ખરું છે. કોઈ પણ બાબત એકવાર મન ઉપર લીધી એટલે કોઈ કીર્તિ મેળવવા માટે કોઈ દ્રવ્ય સંપાદન કરવા માટે, કોઈ પોતાનાં બૈરાં છોકરાં માટે, કોઈ કોઇ પોતાની પ્રામાણિકતા માટે, કોઈ વૈર લેવા માટે અને કોઈ પરમાર્થ તથા દેશ કલ્યાણને માટે પોતાનું સર્વસ્વ ખરચ કરવાને અથવા પોતાના જીવનો પણ ભોગ આપવાને તૈયાર થાય છે. એવી રીતે જો બને નહીં તો આજસુધી જે જગતમાં ઉથલ પાથલો થતી આવી છે તે થઇ જ હોત નહીં. આપણા દેશને માટે, આપણી ભવિષ્યની પ્રજાને માટે અને સુખનાં સાધનો મેળવવા અર્થે અગણિત જીવનો ભોગ અપાયો છે, તેનાં જ આ ફળ છે. લશ્કરને સંજ્ઞા પ્રમાણે ચેતવણી આપવા સારૂ પાછલી રાતના ત્રણ વાગે તોપના ત્રણ બાર કરવામાં આવતા બરોબર જેણે તેણે પોતપોતાના ઘોડાને લગામો ચઢાવી; અને જે જે અમલદારો હતા તે પોતપોતાની ટુકડીઓ લઇને ઠરાવેલા મોરચા તરફ ચાલવા લાગ્યા. ડુંગરની તળેટીમાં સઘળા લોકો પાંચ વાગે આવી પહોંચ્યા. આ વખતે થોડું થોડું અંધારું હતું. ઠંડી પણ કહે મારું કામ! તે જ વખતે નવાનગર વગેરે તરફની છસો માણસોની ટોળી કસારી બાજુના રસ્તાથી ડુંગર ઉપર ચઢવા લાગી. તેમાંની એક આગળની ટુકડી ઘુમલી પાસે રહી. કસારીના દેવાલય પાસે વાઘેરોએ પોતાનો મોરચો બાંધ્યો હતો. આ મોરચા ઉપર એક ટુકડીએ હુમલો કર્યો. તે વખતે એ મોરચામાં થોડા વાઘેર લોકો હતા. તેઓ લશ્કરના સામા થયા પરંતુ વધારે વખત ટકાવ કરી શકયા નહીં. લશ્કર તરફથી ઉપરા ઉપરી બંદુકોના ગોળી બાર થવા લાગ્યા, તેને લીધે વાઘેર લોકોએ તે મોરચો છોડી દીધો. અને તેઓએ મોરચાની પાછળ આશાપુરા પાસે બીજો મોરચો હતો ત્યાં જઇને બીજા વાઘેરોને મળી ગયા. લશ્કર તરફથી આ મોરચા ઉપર પણ ઘણા વખત સુધી બંદુકની ગોળીઓનો વર્ષાવ કરવામાં આવ્યો. મોરચાની અંદરની બાજુએથી વાઘેર લોકો પણ તાકીને ગોળીઓ મારતા હતા. આ પ્રમાણે ઘણા વખત સુધી દૂર દૂરથી લડાઈ ચાલી; પણ છેવટે લશ્કરે એકદમ પાસે જઇને હુમલો કર્યો. આ સમયે દ્વારકાધીશકી જય, હરહર મહાદેવ, અને દીનદીન એવા મોટા ઘોર અવાજો સંભળાવા લાગ્યા. લશ્કર એકદમ મોરચા ઉપર જઈ પહોંચ્યું. એટલે વાઘેરો બહાર નીકળ્યા. બેઉ તરફના માણસો છેક પાસે પાસે આવી ગયા. પરંતુ સરકારી લશ્કરના માણસો ઘણા હોવાથી વાઘેર લોકોએ ગમે તેટલી કમાલ કરી, તો પણ તેમને નાસી છુટવું પડયું. આ ઝપાઝપીમાં બેઉ બાજુનાં ઘણાં માણસો મરાયાં. નવાનગરના લશ્કરે બાબર તલાવ સુધી વાઘેરોની પુંઠ પકડી. તે જગાએ તેમને પોરબંદરની તથા બીજી એક સરકારી લશ્કરી ટોળી આવી મળી. એટલે તેમને વધારે જોર આવ્યું.

અભરાપુરા તરફથી દાડમી અને આ૨ડીની બાજુએ ગયેલી બીજી ટુકડીએ હુમલો કર્યો. એ હુમલામાં કરાંચીના એજન્ટ સાહેબને ડુંગર ચઢતી વખતે અકસ્માત્ ગોળી

વાગી ગઈ; તોપણ તેઓ લશ્કરની સાથે વાઘેરો સામે ધસીને લડવામાં સામેલ રહ્યા અને વાઘેર લોકોને મોરચો છોડાવીને નસાડ્યા. આ હુમલાને લીધે પાછા હઠીને વાઘેર લોકોને હંતાલાના ડુંગર તરફ નાસવું પડ્યું. અભરાપુરા તરફ હુમલો કરવાને જે લશ્કર ગયું હતું, તેની સાથે ખચ્ચર જોડેલી તોપો પણ હતી, તેથી તેમણે હંતાલાના મોરચા તરફ તોપો લગાડી. એ મોરચાની ભિંતો વાઘેર લોકોએ મજબુત તથા ઘણી પહોળાઇની કરેલી હતી, અને મોરચાની અંદર રહીને તેઓ એવી તાકીને બંદુકની ગોળીઓ મારવા લાગ્યા કે સામા લશ્કરના પંદરવીસ માણસો જખમી થયા તથા કેટલાક મરી પણ ગયા. વાઘેર લોકોનાં પણ ચાર પાંચ માણસો પડ્યાં હતાં. તોપખાનાની ટુકડીને મોરચા ઉપર ધસી જઇને હુમલો કરવાની સવડ રહી નહીં, કેમકે સામા મોરચાની ભિંત પાસે મોટી ખાઈ હતી. અને તેમાં એક કરાડ તુટીને અધવચરી પડેલી હતી. તેની નીચે ઉંડાણમાં પાણીનો પ્રવાહ વહેતો જણાતો હતો. તેને લીધે તોપોને ત્યાંથી નીચે ઉતારીને પેલી તરફ નજદીકમાં લઈ જવાની અથવા તે ખડક ઉપર ચઢીને જવાની કાંઈ સવડ થાય તેમ હતું નહીં. તેમ છતાં કાંઈ એવી ગોઠવણની ખટપટમાં પડે તો પાછો વાઘેર લોકોનો ઉપરથી જબરો મારો થાય, એ મોટી અડચણ હતી. તેથી છેવટે આ મોરચા ઉપર હુમલો કરવાની યોજના છોડી દેવી પડી અને ત્યાંથી તે ટુકડી અભરા તરફ ચાલી ગઈ. કેટલુંક લશ્કર ખાંભર તલાવ ઉપર પણ જઇ પડેલું હતું. તેણે વાઘેર લોકોનાં ઝુંપડાં લુંટ્યાં. તેમાં રણમલ પિઠારાની સ્ત્રી હાથમાં આવી. હંતાલી તરફના મોરચા ઉપર હુમલો કરવા ગયેલા લશ્કરને તે ડુંગરની ચઢણ કઠણ અને રસ્તો ઘણો વિકટ હોવાથી તેને આવી પહોંચતાં કેટલીક વધારે વાર થવાથી દિવસ આથમી જવા આવ્યો. રાણપુર તરફ પણ લશ્કરી નાકેબંધી હતી. તે કારણથી વાઘેર લોકો તે રસ્તે થઇને હંતાલી તરફ જઈ શકયા નહીં. તે લોકો મોડપુરમાં નળઝરાની ટુકડી હતી, તે બાજુથી રાતને વખતે નાસી છુટ્યા. નળઝરાના લોકોએ વાઘેર લોકોને અટકાવ્યા; પરંતુ અંધારાને લીધે રસ્તો કાંઈ માલમ પડે નહીં અને એ લોકો તો સઘળા પહાડી રસ્તાના ભોમિયા હોવાથી પોતાનાં બૈરાં છોકરાં સાથે તેઓ હંતાલા તરફ પસાર થઈ ગયા.

પ્રકરણ ૩૧ મું

હમીર જસાજીનું પકડાવું

જયારે એકવાર હુમલો કરવાની ઉશ્કેરણી કરી અને સરકારી લશ્કરની ટુકડીઓ સાથે બેલદાર મજુરો ઘાસની ઝાડી કાપવા આવ્યા, તે દિવસે રાતના વાઘેરો ભેગા થયા હતા. તે વખતે હાજી કુંભાણી વગેરે બાતમીદારોએ જણાવ્યું કે, "આજે ઝાડી કાપવા આવેલા માણસો પાછળ થોડા થોડા અંતર ઉપર લશ્કરી ટુકડીઓ હતી. તે શિવાય કાતરધાર તરફ પણ એક લશ્કરી ટુકડી રાખવામાં આવેલી હતી." મુળુ માણેકે કહ્યું કે, "તે તો થોડું ઘણું અમારા જાણવામાં આવ્યું હતું, પરંતુ બે ચાર સ્વાર આપણા ડુંગરાની આસપાસ મોરચાઓની તપાસ કરતા ફરે છે,

૧૧

એવું સાંભળવામાં આવ્યું છે. તે કોઈ જોવામાં આવ્યા કે નહીં?" હાજી કુંભાણી તરત બોલી ઉઠયા કે, "આજે અમે નીકળ્યા ત્યારે બે વાઘેર અને બીજા બે સરકારી મળીને ચાર સ્વાર અમારા જોવામાં આવ્યા હતા. તેઓ ડુંગરાની બાજુમાંથી ચાલ્યા જતા હતા. તેમાં જે વાઘેરો જેવા હતા તેઓ હમીર જસાજી જણાવે છે, એવા જ ઘોડા ઉપર બેઠેલા હતા. તે વખતે અમને હમીર જસાજીની ઘણી સાંભરણ થઈ પણ અમે જરા ઉભા રહીને તેમના કહેવા પ્રમાણે ખાતરી કરી લીધી. પછી ટેહેલણી માટે લશ્કર તરફ ગયા."

હમીર જસાજીએ પોતાના ઘોડા જોવામાં આવ્યાનું સાંભળીને કેટલીક વધારે પુછપરછ કરી. તે ઉપરથી તેમણે પોતે હવે બાતમીદારમાં લશ્કરની ટેહેલણી ઉપર જવાનો નિશ્ચય કર્યો.

જોધા માણેક બોલ્યા કે, "ભાણવડમાં છાવણી કરીને લશ્કર પડેલું છે, પરંતુ નાકા બંધીની તજવીજો થઈ ગયેલી જણાય છે, અને હવે હુમલો કરવાની ખટપટો ચાલી રહેલી છે. તે ઉપરથી થોડા દિવસમાં તેઓ આપણા ઉપર આવશે, એમ લાગે છે, કારણ કે ડુંગરી રસ્તાઓ તથા આપણા મોરચાઓ વગેરેની પણ તેઓ કયારનીએ તપાસ કરી ચૂકયા છે, એટલે હવે તેઓ શું વિચારમાં છે, તે આપણે જાણવાની ઘણી જ જરૂર છે. તેને માટે સારા ઠાઉકા માણસો બાતમીદારોમાં જવા જોઇએ."

આવા પ્રસંગની વાટ જોઇ રહેલા હમીર જસાજીએ પોતે જણાવ્યું કે, "એવા અગત્યના કામ માટે મારી તૈયારી છે; અને કાલે લશ્કરની ટેહેલણી ઉપર જવાનો ખાસ મારો પોતાનો વિચાર છે." તે વખતે તેમને બધાએ ઘણી ના કહી; પણ તેમણે કાંઈ માન્યું નહીં ત્યારે બીજા પાંચ માણસોને સાથે જવાનું ઠરાવ્યું.

બીજે દિવસે લશ્કરની ટેહેલણ કરવા માટે હમીર જસાજી પાંચ વાઘેરોને લઇને ભાણવડની છાવણી તરફ ગયા હતા, તેઓ સાંજના ઠેકાણે પહોંચવા માટે ત્રીજા પહોરે પાછા હંતાલા તરફ જતા હતા. રાજપાળ તથા તેની સાથેનો નવો સ્વાર કર્નલ ઓનર સાહેબની સાથે થોડા સ્વારોના રસાલા સાથે જતા હતા, તે આ ટેહેલણી ઉપર આવેલા વાઘેરોની ટાળીના જોવામાં આવ્યા. તે બન્નેની વચમાં સુમારે બસો કદમનું અંતર હશે. હમીર જસાજીએ રાજપાળ જે વછેરા ઉપર બેઠેલો હતો તે વછેરો પોતાનો છે એમ ઓળખી કાઢયો, એટલે તેમણે ડુંગર ઉપર ચઢવાનું છોડી દીધું અને રાજપાળ ઉપર બંદુકનું નિશાન ધારીને ગોળી બહાર કર્યો. તે વખતે રાજપાળને એમ લાગ્યું કે, તેણે કર્નલ સાહેબ તરફ પોતાનું નિશાન તાકયું છે, તેથી તેણે તેમને બચાવવા માટે પોતાનો ઘોડો વચમાં ઘાલ્યો અને કર્નલને જરા દૂર ખસી જવા માટે ઇસારો કર્યો. આટલી બધી સર્વ ક્રિયા આંખનો એક પલકારો થાય એટલામાં થઈ ગઈ. હમીર જસાજીની ગોળી કર્નલના કાન પાસેથી સુસવાટા કરતી નીકળી ગઈ. રાજપાળે પોતાના સ્વાર સાથે આ વાઘેરોની નાનકડી ટોળી ઉપર એકદમ હુમલો કાર્યો. તે વખતે સઘળાના ભાલા હાથમાં ઉંચા કરેલા હતા. એ ઘોડેસ્વારની ટોળી પક્ષીની માફક ભરેરી મારીને એકદમ ત્યાં જઈ હોંચી. વાઘેર

લોકોએ તરવારો બહાર કાઢી. તે જગાએ પાંચ દશ ઘોડેસ્વારો અને છ વાઘેરો હાથવેંતમાં આવી ગયા. વાઘેરોએ બે ત્રણ ભાલાઓની તો કલમો કરી નાંખી. હમીર જસાજી ઉપર કર્નલ ઓનરે ભાલાનો ઘા કર્યો. તે જોઈને હમીર જસાજી સાહેબ ઉપર તરવારનો ઘા કરે છે, એટલામાં રાજપાળે બીજી બાજુથી હમીર જસાજી ઉપર ઘોડો ફેંકયો. તેની જ સાથે તે ઘોડાના ઝપાટાથી નીચે પડી ગયો. તત્કાળ રાજપાળ ઘોડા ઉપરથી નીચે ઉતરી પડ્યો, અને હમીર જસાજીની છાતી ઉપર પગ મુકીને તરવારનો ઘા કરે છે એટલામાં પાછળથી તેના સાથીદારે ઘોડા ઉપ-રથી જ તેનો હાથ એકદમ પકડી લઈને કહ્યું કે, એ બુઢો માણસ છે માટે જવા દ્યો. તે ઉપરથી રાજપાળને દયા આવી અને તેણે હમીર જસાજીને છોડી દીધો. તે વખતે જખમી થયેલા વાઘેરો તથા હમીર જસાજીને કેદ કરીને સ્વારોની સાથે છાવણી તરફ રવાના કર્યા અને રાજપાળ તથા સાહેબ વગેરે પણ આજુબાજુ કેટલીક તજવીજ કરીને પાછા છાવણીમાં આવ્યા.

આજે આખા લશ્કરમાં હુમલાની તજવીજો ચાલી રહી હતી. જે હોય તે પોત-પોતાની તૈયારીમાં હતા. કેમકે પ્રથમથી હુમલો કરવાનો કાંઈ વખત ઠરાવવામાં આવેલો નહીં, પરંતુ તોપના ત્રણ અવાજ થતાં જેણે તેણે પોતાની ટુકડીઓ સાથે કુચ કરવાની હતી. તેથી લશ્કરમાં ઘણી ધામધુમ ચાલી રહેલી હતી. એ સઘળી અગત્યની બાતમીઓ મેળવીને હમીર જસાજી વગેરે ટેહેલણી ઉપર આવેલા વાઘેર બાતમીદારો પાછા ફર્યા. તેઓ બીજા દિવસના હુમલાના બચાવમાટે ઘણી ઘણી યોજનાઓ કરવાના વિચારમાં હતા, એટલામાં કર્નલ ઓનરની ટોળી સાથે ભેટો થઈ ગયો, અને ઝપાઝપી થતાં સઘળા કેદ પકડાયા. તેથી વાઘેરોને આ હુમલા સંબંધી અગાઉથી કાંઈ ચોકસ બાતમી મળી નહીં, પણ સાંજના તેઓ પાછા આવ્યા નહીં, ત્યારે કાંઈ ગોટી નવાજુની છે એમ સઘળાનું અનુમાન થયું હતું.

છાવણીમાં જ્યારે કર્નલ ઓનર વગેરે પાછા આવ્યા ત્યારે રસ્તામાંથી પકડા-યલા કેદીઓ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. તેમને સખ્ત મજુરી સાથે કેદમાં રાખ-વાનો હુકમ થયો. તે વખતે રાજપાળ તથા પેલો સ્વાર વગેરે પણ પાસે જ હતા. તેમણે પેલા ડોસા તરફ રહેમ નજર રાખવાની ભલામણ કરી. તે સાંભળીને સાહે-બને જરા હસવું આવ્યું; અને તેની પાસે મજુરી નહીં કરાવવાનો તથા પુરતું ખાવાનું આપવાનો હુકમ કર્યો. તે પછી બધા પોતપોતાના મુકામ ઉપર ગયા અને સાહેબ વિશ્રાંતિ લેવા માટે તંબુમાં જઈને બેઠા.

રાજપાળે રાતના વાતો કરતાં જણાવ્યું કે, "આજે તમે પેલા ડોસાને મારતાં મને અટકાવ્યો હોત નહીં તો તે ત્યાંજ પાર પડી ગયો હોત; પણ મને સુદ્ધાં તમારા અટકાવવાથી તેના ઉપર ઘણી દયા આવી ગઈ, કેમકે તેનો ચહેરો જ ઘણો ગંભીર તથા માન આપવા લાયક જણાતો હતો."

નવા સ્વાર તેજ વીરમલે જણાવ્યું કે, "મને પણ કાંઈ એવી જ અસર થઈ જવાથી મેં તમને એકદમ અટકાવ્યા, કેમકે તે ઘણો વૃદ્ધ હોવાથી વાઘેર તરીકે આપણે કાંઇક વિચાર કરવો જોઇએ."

રાજપાળ "મને પણ તે બહુ સારું લાગ્યું. હવે આપણે સુઈ જવું જોઇએ. કેમકે રાતના ત્રણ વાગે કુચ કરવાની હોવાથી બે વાગ્યા પહેલા આપણે પરવારી લેવું પડશે." એમ કહીને બન્ને પોતપોતાની પથારીમાં સુઈ ગયા.

નવા સ્વારનો વેશ લેનાર રણસુંદરીનું મન ઘણુંજ ગમગીન થઈ ગયું હતું, કેમકે તેને પોતાના મનમાં એમ આવ્યું કે, આજે આ મારા બાપ સુખાનંદમાં રહેનાર તે મારી શોધ માટે નીકળીને મરવા સારુ વાઘેરોના ભેગા આવી મળ્યા હશે. તેઓનું આજે આવી જ બન્યું હતું; અને ક્ષણવારમાં શુંનું શું થઈ ગયું હોત તેનું કાંઈ પ્રમાણ જ નહીં. તેમણે પોતાના ઘોડા ઓળખીને ગોળી બહાર કર્યો અને પાસે જતાની સાથે મેં પણ તેમને ઓળખ્યા. તથાપિ કરવું શું? એટલામાં તો કાંઇનું કાંઈ થઈ ગયું. તેમાં આપણામાંથી કોઇને કાંઈ વાગ્યું નહીં અને તેમનો જીવ પણ બચ્યો એ વધારે સારું થયું. પરંતુ હવે તેઓ ગુનેગાર તરીકે પકડાયા છે તેથી ઈન્સાફ વખતે કાંઈ તજવીજ કરવી પડશે. એવા વિચાર કરતાં તેને પોતાના પ્રિયતમ અજાપાળનું પાછું સ્મરણ થયું. તેમનો પણ કાંઈ હજુ પત્તો લાગ્યો નહીં તેથી તેના મન સાથે ઘણી મુઝાંમણ થવા લાગી એટલું જ નહીં પણ પોતાની જીંદગીને માટે તેને ઘણા ચમત્કાર લાગવા માંડ્યા અને અનેક પ્રકારના તરંગ ઉછળવા લાગ્યા. એમ કેટલોક વખત વહી જવા પછી તોપનો એક અવાજ થયો એટલે રાજપાળને ઉઠાડીને તે પોતાની ખટપટમાં પડ્યા.

પ્રકરણ ૩૨ મું

જોધા માણેક નું મરણ અને મુળુ માણેકનું શરણ

વાઘેર લોકોના એટના બળવા સંબંધીના સમાચાર વિલાયત સુધી જઈ પહોંચ્યા હતા. તેને માટે ત્યાંથી એવો હુકમ થયો કે, શ્રીમંત ગાયકવાડ સરકારનું રાજ્ય હિંદુસ્થાન સરકારને બદલે, મુંબઈ ઇલાકાની સરકારની દેખરેખમાં રાખવું. ઉખામંડળની વ્યવસ્થા કાઠીઆવાડના પોલીટીકલ એજન્ટને સોંપવી. અને દ્વારકા હસ્તગત કરીને જલદીથી વાઘેર લોકોનો બળવો સમાવી દેવો.

કેપ્ટન બાર્ટન સાહેબે ઉખામંડળખાતે તા. ૧ જાનેવારી સ. ૧૮૬૦ ના રોજ કોર્ટ કચેરી, ટ્રેઝરી તથા જેલ વગેરેની સ્થાપના કરી. વડોદરાના રેસિડેન્ટના તાબામાં એક આસિસ્ટન્ટની યોજના કરીને ઉખામંડળની વ્યવસ્થા તેમના તરફ સોંપવામાં આવી. આ વખતે જેમ ઉખામંડળમાંથી વાઘેરો કેટલીકવાર સામના કરીને નાસી ગયા હતા; તેમ જ તેઓ બરડાના ડુંગરમાંથી પણ નાસી છુટ્યા હતા. ચારે તરફ લશ્કરોની નાકેબંધી થયેલી હતી. તેથી વાઘેર લોકો હવે ચારે તરફથી સપડાયા હતા અને ઘણી ઘણી હરકતોથી હેરાન હેરાન થઈ ગયા હતા. તેને લીધે તેઓ બીલકુલ કાયર થઈ ગયા. જીવ બચાવવાને હવે શરણે ગયા શિવાય છુટકો જ નથી અને તે શિવાય બીજો કોઈ પણ માર્ગ રહેલો જ નથી. એવું કેટલાક બળવાખોરોના મનમાં લાગવા માંડ્યું. તે ઉપરથી તા. ૨૮ ડીસેમ્બર સન ૧૮૫૯ સુધીમાં સુમારે સાતસો

માણસોએ કર્નલ **ઓ**નર પાસે શરણે આવીને હથિયારો મુકી દીધાં હતાં. તે પછી **જોધા માણે**ક તથા **મુળુ મા**ણેકની સાથે જીવ ઉપર ઉદાર થયેલા જ માણસો માત્ર બાકી રહેલા હતા. તે પહેલાં જ **પ્ર**જાપાળ આવીને કેપ્ટન **બાર્ટ**નને મળી ચુકયો હતો. અને તેની બાતમીઓ ઉપરથી કેપ્ટન **બાર્ટ**ન ઘણી યોજનાઓ કરી ચુકયા હતા. તે શિવાય વાઘેર લોકોને સમજાવીને હાજર કરવાનું કામ **પ્ર**જાપાળને સોંપવામાં આવ્યું હતું. **પ્ર**જાપાળે **જોધા મા**ણેકને પણ વાળીને આપોઆપ શરણે આવવાની તજવીજ કરી હતી. પરંતુ **ભા**વડાગામના **વા**ઘેરો **જોધા**જીને કહેવા લાગ્યા કે, તમે જો જઇને હાજર થશો તો બધા **વા**ઘેરોની આબરુ જશે અને સરકાર સજા કરશે તેમાં સડી મરવું પડશે. તેના કરતાં અમે બધા તમારી સાથે મરવાને માટે તૈયાર છીએ. આવા પ્રકારની વાતોથી તેમને પણ એ પ્રમાણે કરવું ઠીક લાગ્યું. કેમ કે આટલા બધા દિવસ સૂધી વિરુદ્ધતાથી વર્તીને તેમને જ શરણે જવું, એ એક પ્રકારે અપકીર્તિ થવા જેવું છે. એમ તેમને જ પોતાને લાગ્યું, એટલે આવી સમજુતી ઉપરથી બાકી રહેલા **વા**ઘેરો એક ઠેકાણે ભેગા થઈને તેમણે જુદી જ મસલત કરી.

જુનાગઢના જાણીતા **જે**સલામયા બારવટિયાનો ભાઈ **ગિ**ગલામયા માંગરોળના હુમલામાં મરણ પામ્યો હતો; તેનું વૈર લેવામાટે સધળાએ **માં**ગરોળ ઉપર છાપો મારવાનો વિચાર કર્યો. જ્યારે સમય અથવા ગ્રહદશા અનુકૂળ હોય ત્યારે સર્વે મનનું ધાર્યું આપોઆપ બની આવે છે, પરંતુ જ્યારે તે પ્રતિકૂળ હોય ત્યારે બનવા જેવું હોય તે પણ ઉલટું જ થઈ જાય છે, તેમને **માં**ગરોળ તરફ જવાને માટે નીકળતાં અપશુકન થયાં. તેથી તેમણે તે વિચાર તદન છોડી દીધો. આ ઉપરથી જોવાનું એટલું જ છે કે, ધર્માચારને લીધે જ્યોતિષશાસ્ત્રનું પ્રબળ લોકોના મન ઉપર એકદમ કેટલી બધી અસર કરતું હતું તે પ્રત્યક્ષ આશ્ચર્યકારક લાગે છે. વેદધર્મ સ્થાપન કરનારાઓએ સર્વ આચાર વિચાર મુકરર કરતાં તેમાં જ્યોતિષશાસ્ત્રને પણ દાખલ કરેલું છે. તથાપિ આ શાસ્ત્રને ખરું અથવા ખોટું માનનારા વિદ્વાન્ તથા અજ્ઞાન લોકો જગતમાં ઘણા છે. આવા પ્રકાર જો આજે પણ આપણા જોવામાં આવે છે, અને મોટા મોટા સુધરેલા કહેવાતા લોકો પણ શુકનના વહેમને માને છે. તો બિચારા અજ્ઞાનપણામાં જ ડુબી ગયેલા **વા**ઘેરો જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે વહેમીપણાને લીધે પોતાનો ઇરાદો ફેરવી નાંખે એમાં કાંઈ નવાઈ નથી.

હવે **જોધા મા**ણેકે **ગા**યકવાડ સરકારનો **કો**ડીનાર મહાલ લુંટવાનો ઇરાદો કર્યો અને તેમણે પોતાના ઘોડા તે તરફ ફેરવ્યા. તે વખતે તેમને શુભ શુકન થયાં. **કો**ડીનાર તરફ કાંઈ બળવો થયેલો નહીં હોવાથી ત્યાં હંમેશ પ્રમાણેનો બંદોબસ્ત હતો. **વા**ઘેર લોકોએ એકદમ જઇને **કો**ડીનાર ઉપર છાપો માર્યો. ગામમાં પ્રથમ એકસરખી લુંટ કરી. તે પછી ગામમાંના શ્રીમંતો તથા વેપારીઓને પકડીને તેમની પાસેથી પણ ઘણું ધન કઢાવ્યું અને જે લુંટ મળી તે લઈને **ગી**રના ડુંગરોમાં નાસી ગયા. **વા**ઘેર લોકોએ છાપો મારીને **કો**ડીનારમાં મોટી લુંટ કરી, એવી ખબર **વ**ડોદરા સૂધી જઈ પહોંચી. તે ઉપરથી શ્રીમંત **ગા**યકવાડ સરકારે **મીર સ**રફરાજઅલી નામના એક મોટા સરદારના દીકરાને **વ**ડોદરેથી બસો સ્વાર તથા **ઉ**ખામંડળનું પાયદળ લશ્કર

તાબામાં આપીને બંદોબસ્ત કરવાને મોકલ્યો. પરંતુ તેના આવીને દાખલ થતા પહેલાં **વાઘેરોએ** ગીરમાં જઇને કયારનીએ લુંટની વહેંચણી કરી દીધી હતી. સરકારે પાછો **કોડીનારનો** પણ બંદોબસ્ત કર્યો. **વાઘેર** લોકો જે ગીરમાં ગયા, તેમણે ત્યાં ઘણા દિવસ નિર્ભયપણે સ્વતંત્ર સુખમાં ગુજાર્યા. એ સુખ તેમનું થોડા દિવસનું હતું. ચારે તરફથી ચોકસ નાકબંધી થઈ. એટલે તાલુકદારોની પ્રજા તરફથી જે ખાવા પીવાની તજવીજ રાખવામાં આવતી હતી તે પણ બંધ થઈ. તેથી તેઓ ભુખે મરવા લાગ્યા. તેને લીધે તેમનાં શરીર પણ નબળાં પડી ગયાં. મનનો કાંઇ ઉત્સાહ રહ્યો નહીં. તેની સાથે ડુંગરી હવા પાણી લાગવાથી કેટલાકને ડુંગરી તાવ લાગુ પડ્યો. તેમાં વખતસર અન્ન પાણી મળે નહીં અને સરકારી લશ્કર તો પાછળ લાગેલું જ હતું તેથી રોજને રોજ નાસભાગ કરવી પડતી હતી. **વાઘેર** લોકો એમ કરતાં કેવળ ખરાખર થઈ ગયા. દુર્દશાનો કાળ તેમની પાછળ હાથ પગ ધોઇને લાગેલો હતો. જેના ઉપર **વાઘેર** લોકોનો બધો આધાર હતો અને જેની ખરેખરી હિંમત હતી, તે **જોધા માણેક** તાવની બિમારીથી આજારી પડ્યા. તેમની સાથે રહેલા લોકોએ તેમને માટે એક પર્ણકુટી તૈયાર કરી અને તેમની ચાકરી કરવા લાગ્યા. પોતાની જાતના લોકોના ભલાની ખાતર જેઓ પોતાનો જીવ પણ કુરબાન કરવાને તૈયાર થાય છે, તેમની નોકરી ચાકરીમાં ઘણા બિન પગારી નોકરો તૈયાર જ હોય છે. આવે પ્રસંગે જ ખરી નેકીની પરીક્ષા થાય છે. જ્યારે ચઢતીનો સમય હોય છે ત્યારે હજારો લોકો અને સગાસંબંધીઓ આગળ આગળ ફરે છે. પરંતુ આફતનો વખત આવે ત્યારે ઘણા જ થોડા માણસો પાસે રહે છે. તથાપિ **વાઘેર** લોકો કાંઈ તેવા હતા નહીં. તેઓ પોતાના ખરા અંતર ભાવથી **જોધા માણેકની** ચાકરી કરતા હતા; તેવામાં તેમનો અંતકાળ નજીક આવી લાગ્યો. તાવ શરીરમાં બેસુમાર ભરેલો હતો. તો પણ તે પોતાની પાસેના **વાઘેરોને** કહેવા લાગ્યો કે, “મારા પ્રિય મિત્રો તથા બાંધવો! આ તાવમાં મારો અંતકાળ આવશે! **ધ્રાસણવેલ** ગામે જ્યારે આપણે બધા પહેલા ભેગા થયા, તે વખતે મેં જે કહ્યું હતું તે કોઇને પસંદ પડ્યું નહીં. મને બધાએ બોલ દીધો નહીં. અને નામરદાઈ માટે મને ધિક્કારતા ઉલટી શિખામણ દેવા લાગ્યા તેથી મારાથી કાંઈ વધારે કહી શકાયું નહીં. આપણે ઉખામંડળની સલાહ શાંતિનો ભંગ કર્યો. કદાપિ **ગાયકવાડ** સરકાર આપણને દાદ દેતા નહોતા, અને આપણે ભુખ્યા મરવાનો વખત આવ્યો હતો. તો પણ જો આપણે ઉપરા ઉપરી અરજીઓ કરી હોત તો આપણો કાંઈ પણ બંદોબસ્ત થયો હોત. ટોપીવાળાનું રાજ્ય ગયું અને તેઓ બધા નાસી ગયા. એવા લોકોના ગપાટા ઉપર આપણે આધાર રાખ્યો. વળી આપણે શ્રીમંત **ગાયકવાડ** સરકારના બળવાનપણાનો કાંઈ વિચાર કર્યો નહીં, તેથી આપણા કુળનો નાશ થયો. આપણાં બૈરાં છોકરાં તથા માણસો રાનેરાન અથડાતાં થઈ ગયાં. **મુળુ માણેકના** મગજમાં જે વખતે પવન ભરાયો હતો, તે વખતે મારું કહેવું માન્યું નહીં. તેનુંજ આ પરિણામ આપણે ભોગવીએ છીએ. આપણી જાત શૂરાતનવાળી ખરી, તેમ જ આપણી જાતને માટે પથારીમાં પડ્યા રહીને મરવાનું મુનાસબ અથવા માન ભરેલું

નથી એ પણ ખરું છે; પરંતુ તેને માટે યોગ્ય પ્રસંગ જોવા જોઇએ. આપણા ઉપર કાંઈ જોરાવર ધણી જોઇએ અને તેને માટે શૂરાતન બતાવવાનો વખત આવવો જોઇએ. તથાપિ જે ધણીએ આપણું આજસૂધી પાલન પોષણ કર્યું, તેની જ સાથે આપણે બે ઇમાની કરી! ત્યારે તેનાં ફળ પણ તેવાં જ ભોગવવાં જોઇએ. વાઘેર લોકોએ આવી રીતે પોતાનું ઇમાન ગુમાવ્યું, તેને લીધે આ લોકમાં તો અપકીર્તિ થઈજ પરંતુ તે ભુલનો બદલો પરલોકમાં પણ ભોગવવો પડશે!!! આપણા બેટના બળવાને લીધે શ્રી દ્વારકાધીશના મંદિરની ખરાબી થઈ. આ એક પ્રકારની કાળી ટિલી વાઘેર લોકોની જાત જ્યાંસૂધી ઉખામંડળમાં હયાત રહેશે ત્યાંસૂધી તેમને કપાળે ચોંટેલી જ છે. તેમાં ફેરફાર કરનાર આપણા વંશમાં કોઈ વીર પુરુષ ઉત્પન્ન થશે ત્યારે જ કાંઇક ભલું અગર શાંતિ થશે. દ્વારકાધીશને જ આપણી ફીકર છે. હે દ્વારકાધીશ! અહો દ્વારકાનાથ! મને તું હવે છોડાવ. મારાથી આ આપદા હવે સહન થઈ શકતી નથી. ભાઇઓ હજી પણ સરકારની સાથેનો વિરોધ છોડી દેશો તો તેઓ તમારો સારી રીતે બંદોબસ્ત કરશે. આ મારું છેવટનું કહેવું છે. તેને માટે મને માફ કરજો. જે લોકોએ મારે માટે પોતાનાં બૈરાં છોકરાંને છોડીને આટલું બધું કષ્ટ વેઠયું છે, તેમનો હું ઘણો જ ઉપકાર માનું છું. તેથી હવે જો બધા મને માફ કરશો તો મારો પ્રાણ નિરાંતે જશે!!! મારી બે દીકરીઓ છે, તેમનું તમે સંરક્ષણ કરજો. હું તેમને તમારે સ્વાધીન કરું છું.” આટલું કહીને તેઓ બોલતા બંધ થઈ ગયા. તે વખતે પાસે બેઠેલા વાઘેરોએ નેત્રમાં પાણી આવવા છતાં જણાવ્યું કે; “આપના ઉપર ઉપકાર કરવાના હેતુથી અમે કાંઈ કામ કરતા નથી. જે કાંઈ અમે કર્યું છે, તે સઘળાનું હિત ધારીને કરેલું છે. આપ અમારા વડીલ છો માટે આપની સેવાચાકરી કરવી, તે અમારું કર્તવ્ય જ છે.” એ પ્રમાણે તેઓ બોલતા હતા, એટલામાં જોધાજીના ડોળા ફરી ગયા. મુખમાંથી શ્રી હરિનું નામ સ્મરણ ચાલતું હતું. વાઘેરો પણ રામ રામ રામ રામ કરવા લાગ્યા અને જોધા માણેકનો પ્રાણ ચાલ્યો ગયો! તેને લીધે સઘળા વાઘેર લોકોએ ઘણું આક્રંદ કર્યું. તેમણે ગીરમાં આવેલી હરિ નામની નદીને કિનારે જોધા માણેકની દહનક્રિયા કરી. તેવામાં બરડાના ડુંગરની અંદર ધ્રાસણવેલના રામભાઈ પણ આજારી થઇને મરણ પામ્યા. સુળવાસરના મયા જસાણીને બરડાની લડાઇમાં ગોળી લાગવાથી તે પીડાતો હતો તેનો પણ અંત આવ્યો. આશા માણેક પણ માંદો પડ્યો હતો તે બરડાના ડુંગરમાં જ મરી ગયો. આવી રીતે આગેવાનો બધા એક પછી એક મરવા લાગ્યા, તેથી વાઘેર લોકો હિંમત હારી ગયા.

મકનપુરના હબુ કુંભાણી તથા બાપુ માણેક લાચાર થઈ જવાથી કેપ્ટન બાર્ટન પાસે શરણે જઇને હાજર થયા. જમાલ વાઘેર નગરની ટોળીના હાથમાં આવી ગયો, તે જગન્નાથ વાઘેરનો ભાઈ હતો. વળી માફી આપવાના જાહેરનામા પ્રમાણે પણ કેટલાક વાઘેરો પોતાનો જીવ બચાવવાને માટે હાજર થઈ ગયા. હવે માત્ર

મુળુ માણેક જ બાકી રહેલો હતો. તેને સમજાવવા માટે પ્રજાપાળે પોતે નહીં જતાં દુધા રબારીને મોકલ્યો. તેણે મુળુ માણેકને બહુ બહુ સમજાવ્યો, અને તમને કાંઈ શિક્ષા થશે નહીં, એવી ભુલ થાપ દઇને બાર્ટન સાહેબ પાસે લઈ આવ્યો; પરંતુ તેની સાથેના વાઘેર લોકો અમે જમ્યા પછી હાજર થઇશું, એમ કહીને ત્યાંથી ગયા તે બધા નાસી છુટયા. તથાપિ કામની તપાસ ચાલતા પહેલાં તેને જ પોતાના મનથી એમ થયું કે, જો ખરો ન્યાય મળશે તો આપણો બચાવ થશે અને જો તેમ નહીં થાય, તો પણ છેવટે પાછળથી આપણે પકડાઈ જઇશું ત્યારે વળી વધારે શિક્ષા થશે. તેના કરતાં આપણે જ આપણી મેળે હાજર થઇએ તો વધારે સારું. આવા વિચારથી તે પણ ન્યાયની કોર્ટ રુબરુ હાજર થયો. જુનાગઢના દિવાન અનંતજી તથા માધવજી લીલાધર પાસે પણ આઠ દસ વાઘેરો હાજર થયા હતા. માણસ માત્રને પોતે જીવવાની આશા ઘણી વિલક્ષણ હોય છે. પ્રયત્ન કરવા છતાં પણ જો સફળતા થાય નહીં તો પછી દરેક માણસ પ્રારબ્ધનો દોષ કાઢે છે અને તેની સર્વ શુભ ઇચ્છાઓનો નાશ થઈ જાય છે. એટલે છેવટે આબરુ રહે અથવા જાય, તો પણ આપણો જીવ બચે તો સારું, એમ લાગે છે. આવા જ પ્રકારથી જ્યારે સરકારના સામર્થ્ય પાસે વાઘેર લોકોનું કાંઈ ચાલ્યું નહીં ત્યારે તેઓ નિરુપાયે શરણે થયા.

કોડીનાર લુંટવામાં આવ્યું, તેને માટે બારીક રીતે તપાસ કરવામાં આવતી હતી તે વખતે કેટલાક લોકોને પકડીને તજવીજ કરતાં એમ માલમ પડ્યું કે, તેમાં જુનાગઢનો વહિવટદાર ડોસાપારેખ બળવાખોરોને અનુકૂળ થયો હતો. તે ઉપરથી તેને રીતસર કામ ચાલતાં હાજર રાખવાનો ઠરાવ થયો. પરંતુ તે થોડા વખતમાં વિષખાઇને મરી ગયો. તે જો જીવ્યો હોત તો ગાયકવાડ સરકારના ગીર સંબંધી તથા બીજી પણ કેટલીક અગત્યની હકીકત બહાર પડી હોત. એટલે તેમાંથી કાંઈ પણ કાળું ધોળું જણાઈ આવ્યા શિવાય રહેત નહીં. તેથી જ તેણે વિષ ખાવાથી અથવા તેને કોઇએ વિષ દેવાથી તે અકસ્માત્ મરી ગયો.

શરણે આવેલા વાઘેરોની તથા પકડવામાં આવેલા ગુનેગારોની તપાસ એકવાર કમિશન રુબરુ કરવી. તેમાં કર્નલ વૉલેસ, કેપ્ટન હીલ અને વાર્ડન સાહેબ શિવાય અધ્યક્ષની જગાએ એન્ડરસન સાહેબને નિમવામાં આવ્યા છે. તેમણે કાઠીઆવાડમાં શ્રીમંત ગાયકવાડ સરકારના મુલકનું મુખ્ય સ્થાન અમરેલી હોવાથી તે જગાએ આ કામોની તપાસ ચલાવવી અને જે છેવટ અભિપ્રાય થાય તે સાથે વડોદરે કેદીઓને મોકલી દેવા, એટલે તે ઉપરથી શ્રીમંત ગાયકવાડ સરકાર પોતે છેવટ ઇન્સાફ આપશે, એવો વડોદરાના રેસિડેન્ટ સાહેબનો હુકમ આવ્યો.

પ્રકરણ ૩૩ મું
રાજબાનો પ્રવાસ

સવારે દાતણપાણી કરીને જોધા કુંભાણી હુક્કો પિતા બેઠા હતા. તેમણે પોતાના ચાકર પાસે જુનો માફો બહાર કઢાવ્યો. તેને સાફસુફ કરાવ્યો. પૈડાંમાં તેલનાં ચીંથરાં ઘલાવ્યાં. માફાના પડદાની દોરીઓ કમી જાસ્તી હતી તે બરોબર બંધાવી અને ખેતરમાંથી બળદની એક સારી જોડી હાંકનાર સાથે બોલાવી. તેવી જ રીતે ઘરમાં પણ સામાનસુમાનની વ્યવસ્થા ચાલી. આ મુસાફરી મહિનો પંદર દિવસની હોવાને લીધે તેમણે પોતાના કારભારીને જણાવ્યું કે, "ખેતરોની બરોબર દેખદેખ રખાવજો. કોઈ આસામી તરફથી કાંઈ વસુલ આવે તે વજભુખણદાસને ત્યાં ભરી દેજો, અને તેમની પાસે ખાતામાં લખાવી લેજો. નોકર ચાકરો ઉપર સારી દેખરેખ રાખજો; અને જેને કાંઈ આપવું ઘટે તેને આપજો. તથા ઢોર ઢાંખરની ખબર રાખજો." એટલી તજવીજો કરતા સુધીમાં જમવાનો વખત થયો. ઘરનાં સર્વે જમી પરવાર્યાં. માફો ઘરના આંગણામાં આવીને ઉભો રહ્યો. રાજબા અને તેની માતાએ પોતપોતાની ગાંસડીઓ તથા બીજો મુસાફરીનો સામાન સઘળો વ્યવસ્થાસર ગાડીમાં મુકાવ્યો અને સઘળો ઘરનો બંદોબસ્ત કરીને માફામાં આવીને બેઠાં, જોધા કુંભાણી પણ પોતાની ઘોડી ઉપર સ્વાર થયા. નીકળતી વખતે તેમને સામા સારા શુકન આવ્યા એટલે માફો હાંકવા માંડ્યો. ચાકરે ચાંદીનો હુક્કો ભરી લાવીને જોધાજીના હાથમાં આપ્યો અને આ કુટુંબ અમરેલી તરફ ચાલતું થયું. જતાં જતાં દ્વારકાંનાથનાં શિખર જોઇને દૂરથી દર્શન કર્યાં. અને શ્રીહરિનું નામ દઇને સર્વે ચાલવા લાગ્યાં. બેટ દ્વારકાંથી અમરેલી સુધી પાંચ છ મુકામનો રસ્તો છે. તેમાંથી ચાર મુકામ તો થઇ ગયા. તેમાં કાંઈ વિશેષ જાણવાલાયક બન્યું નહીં. પરંતુ પાંચમે દિવસે ત્રીજા પોહોર પછી સાંજને વખતે જ્યાં ચાર રસ્તા ભેગા થાય છે, એવી એક જગા ઉપર તેઓ આવી પહોંચ્યાં. ત્યાંથી નજીકમાં એક ઝાડની પેલી તરફ કુવો હતો. તેમાંથી ખેતરમાં પાણી પાવા માટે કોસ ચાલતો હતો. જોધાજીએ માફો ઉભો રાખવાનું કહ્યું, એટલે ગાડીવાળો બળદને પાણી પાવા લઈ ગયો. અને જોધાજી જરા ઠંડકમાં ઝાડ નીચે ધાસિયો પથરાવીને બેઠા હતા એટલામાં ઘોડાની પડઘીઓના અવાજ સંભળાવા લાગ્યા. ચારે તરફ ઉડતી ધૂળની ગર્દથી દશે દિશાઓ ભરપૂર દેખાવા લાગી. તેમાંથી હથિયારોનો ખડખડાટ સંભળાવા લાગ્યો. તેની સાથે લાગલાજ રિસાલાના ઘોડેસ્વાર નજરે પડ્યા. તેમની પાછળ તોપોની ટુકડીઓ ગઈ. તેની જોડે કેદી લોકોને બેસાડેલાં ગાડાં હતાં. તે ગાડાંની બન્ને બાજુએ લશ્કરી સિપાઇઓ લાઈન બંધ ચાલતા હતા. આ સ્વારી રાજબા તથા તેની માતા માફાનો તે તરફનો પડદો ઉંચો કરીને જોયાં કરતાં હતાં. તેમણે કદી જન્મારામાં પણ આવી સ્વારી જોયેલી જ નહીં. તેથી તેઓ પૂર્ણ લક્ષ આપીને એકી નજરે જોઈ રહેલાં હતાં. કેદીઓનાં સઘળાં ગાડાંની પાછળ એક ઘણા શોભાયમાન ઘોડાને નચાવતો કુદાવતો કોઈ ખુબસુરત સ્વાર આવતો હતો. રાજપાળનો વછેરો ઘણો જ સુંદર તથા જોવા લાયક હતો. તેની સાથે તેના ઉપર બેસનાર સ્વાર પણ પોતે વધારે જોવા લાયક હતો. તેમાં તે ઘોડાને એવી ખુબીથી નચાવતો ઉડાંવતો જતો હતો કે,

આખા લશ્કરના વેગની સાથે હળવે હળવે ઉડાવતાં નચાવતાં બરોબર વેગમાં ચાલ્યો જતો હતો. તેથી રાજબાએ પોતાના પ્રિયતમ રાજપાળની મૂર્તિ સારી રીતે આનંદ સાથે નિહાળીને જોઈ લીધી. જેને માટે તેને આટલા દિવસ સુધી ઘણી ફીકર થયા કરતી હતી, તથા જેનું પોતાના મનમાં એક સરખું ધ્યાન લાગી રહેલું હતું અને જેને સહિસલામત રહેવા માટે જુદા જુદા દેવની કેટલી બધી બાધા આખડીઓ રાખેલી હતી, તેને જોવાની સાથે જેવી રીતે ચંદ્રોદય થતાં દરિયામાં ભરતી આવે છે તેવી જ રીતે તેના અંગમાં એકદમ આનંદની ભરતી આવી. આખા અંગ ઉપરનાં રોમેરોમ ઉભાં થઇ ગયાં. કંઠ આનંદના ઉભરાથી ભરાઈ ગયો. પ્રેમથી નેત્રો પણ ભરાઈ આવ્યાં. અને ચહેરો એકદમ પ્રફુલ્લિત થઈ ગયો. એ સઘળો દેખાવ તેની માતાની નજરે પડ્યો. તેના મુખ ઉપર એકદમ લાલી આવી, તેમ જ તેના અવયવો બધા પ્રફુલ્લિત થઇ ગયા અને તેનું જે શરીર કાલમાન પ્રમાણે થંડુંગાર લાગતું હતું તે હવે જરા ઉનું લાગવા માંડ્યું. આ વખતે તેની માતાનું લક્ષ રાજબા તરફ હતું, તેથી તેણે પહેલો એ સુંદર ઘોડો જોયેલો નહીં. પણ પાછળથી તે ઘોડા તરફ જોવા લાગી. પરંતુ એટલા વખતમાં તે ઘોડો આગળ નીકળી જવાથી તેની માત્ર પીઠ જ દેખાઇ. તો પણ તે ઘોડા ઉપરના સ્વારને જોઇને રાજબાને આટલો બધો આનંદ થયો, એવો તેના મનમાં વિચાર આવ્યો તો પણ તે કાંઈ ચોકસ સમજી શકી નહીં. તેમ છતાં તે બોલી કે, પેલો સ્વાર કેવો સારો ઘોડો નચાવતો હતો! તે સાંભળીને લાલબાને લાજ આવી, પણ મર્યાદાને લીધે સ્પષ્ટ કાંઈ બોલી નહીં અને જરા નીચું જોયું. તો પણ તેના ચહેરા ઉપરની તેજી કાંઈ થોડી જ ઢાંકી રહે છે? આ વખતે રાજબા તો કાંઈ પોતાના સ્ત્રી સ્વભાવ પ્રમાણે બોલી શકી નહીં. તથાપિ જો રાજપાળે જોધા કુંભાણીને જોયા હોત તો જરૂર તે ત્યાં ખાસ ઉભો રહ્યો હોત અને બે વાતો કરીને આગળ જાત. પરંતુ તેનું લક્ષ બળદની ગાડી તરફ હતું, તેથી જોધાજી તેની નજરે પડ્યા નહીં અને તેના જાણવામાં કાંઈ આવ્યું જ નહીં. તેમની પાછળ કેટલુંક પાયદળ તથા ઘોડે સ્વારનું લશ્કર ગયું; ત્યારે ગાડીવાળાએ એક જણને સહેજ પૂછ્યું કે, આ લશ્કર બધું કયાં જાય છે? તેના જવાબમાં તેણે અમરેલી જવાનું જણાવ્યું. તે સાંભળીને તો રાજબાને વળી વધારે આનંદ થયો. હવે અમરેલીમાં એક બીજાની મુલાકાત થશે અને ત્યાં આપણું મનથી ધારેલું કામ પણ થશે. આવી આશાના આનંદમાં તેનું ઝુરવાનું જતું રહ્યું. ઘડીએ ઘડીએ તેના ચહેરા ઉપર નવું નવું લાવણ્ય ભાસવા લાગ્યું. ડાબો ડોળો તથા પાસું અને હાથ ફરકવા લાગ્યા. આવા શુભ શુકનને લીધે તેના મનની શાંતતા થઈ.

તેની માતાને તો એ વછેરો ઘણો સારો લાગ્યો. તેની યાળ છાતી સુધી લટકતી હતી. તેનો રંગ બગલાની પાંખ જેવો સફેત હતો. પુંછડું ચમરીની માફક ઉડતું હતું. અને તેના ઉપરનો સ્વાર વળી વધારે શોભાયમાન દેખાતો હતો. તેને લીધે એ બન્ને જણનું ચિત્ર કાઢવા જેવું હતું. માણસની તરુણાવસ્થા, વિનય અને અલૌકિક ગુણ, એટલામાં આકર્ષણ શક્તિ સ્વાભાવિક જ હોય છે. તેને લીધે સામા માણસનું સ્વાભાવિક રીતે જ લક્ષ ખેંચાય છે. તેને માટે કાંઈ આગ્રહ કરવો પડતો નથી. આટલા બધા વખતમાં કાંઈ થોડાં માણસો આપણી પાસેથી ગયાં! પરંતુ જેનું તેજ તેની

સાથે જ. તે બીજામાં કયાંથી આવે? આવી રીતે વછેરાને તથા તેના સ્વારને ઉદ્દેશીને લાલબા બોલી! પરંતુ રાજબાએ કાંઈ ઉત્તર આપ્યો નહીં અને મુખ મલકાવતાં નીચું જોયું, અને પોતાના મન સાથે વિચાર કરવા લાગી તો તેને એમ લાગ્યું કે, આપણે રાજપાળને જોયો તે ઉપરથી જે આપણા મનની સ્થિતિ થઈ તે આપણી માતાના જાણવામાં આવી. પછી પાછી તે કહેવા લાગી કે બીજા કોઇના ગુણ, જ્ઞાન તથા વૈભવ સારા હોય, તોપણ તે જેને નસીબે મળે તે જ તે ભોગવે. તેમ છતાં તે મેળવવાની જેની યોગ્યતા નથી તેમણે તે સુંદર છે, એ જોઇને સંતોષ માનવો. એટલી વાત થઈ રહ્યા પછી રાજબાએ બીજી વાત કાઢીને તે વિષય બદલી નાંખ્યો. પોતે કહેવા લાગી કે, "શું હજુ આપણને અમરેલી પહોંચવાને બે દિવસ લાગશે? હવે તો આ પગ-રસ્તાની મુસાફરીનો કંટાળો આવ્યો. હજુ કોણ જાણે અમરેલી કેટલુંએ દૂર હશે!"

એમ કરતાં તેમની આ મુસાફરી પુરી થવા આવી. ઝાડની ઘટામાંથી અમરેલીનાં છાપરાં જણાવા લાગ્યાં. આ વખતે ઢોરનાં ટોળાં ગામમાં જવા લાગ્યાં હતાં. તેથી ચારે તરફ ધૂળ ઉડતી હતી. ગામમાંનો કલબલાટ સંભળાવા લાગ્યો. ગામમાં જતાં આવતાં માણસો દેખાવા લાગ્યાં. એવી રીતે ચાલતાં તે માફો રાજ-બાના મોસાળમાં આવીને ઉભો રહ્યો.

ગાડી બારણા બહાર રસ્તામાં ઉભી રહેતાં ઘરનાં તથા મેહેલ્લાનાં છોકરાં જોવા માટે આવીને ભેગાં થયાં. ઘરમાંથી રાજબાનો મામો ઉઠીને બહાર આવ્યો. તેણે તેમને જોઇને ખુશી ખબર પૂછતાં પોતાની બેહેન તથા ભાણેજને નીચે ઉતાર્યાં અને ચાકરને જોધાજીનો ઘોડો પકડવાનું કહ્યું, તેમને ઉતારીને અરસ્પરસ રામ રામ કર્યાં અને ઘરમાં લઇ જઇને પાટ ઉપર બેસાડ્યા. નાનાં બાલકો રાજબાને કાંઈ ઓળખતાં નહીં; પણ તે થોડા જ વખતમાં તેને ઓળખવા લાગ્યાં. તેણે નાનાં બાલકોને હસી રમાડીને તેડ્યાં, તથા તેમના ઉપર હાથ ફેરવ્યો. લાલબા ઘરમાં ગઈ અને પોતાની ઘરડી માને ઘણે દિવસે મળી, તેથી તે તેને એકદમ બાઝી પડી. રાજબા પોતાની વડીઆઈ પાસે ગઈ ત્યારે તેને છાતી સરસી ચાંપીને તેના ઉપર હાથ ફેરવ્યો. આજે પોતાના જમાઈ ઘણે વર્ષે આવ્યા, માટે તેમની વૃદ્ધ સાસુના આનંદનો કાંઈ પાર રહ્યો નહીં. છોકરાં અને પરોણાઓથી ઘર બધું ભરાઈ ગયું. અને મેહેલ્લાની સ્ત્રીઓ પણ એક પછી એક મળવાને આવી ગઇ. વહુઓ પરોણાઓની સરભરા કરવાના કામકાજમાં રોકાઇ, તોપણ તેમની વૃદ્ધ સાસુ અમુક આમ કર અને તમુક તેમ કર, એમ કહ્યા કરતી હતી. નાનાં છોકરાં સંધ્યાકાળે ખાઇને તરત સુઈ ગયાં કેમકે આખો દિવસ રમવામાં અથડાવાથી થાકીને લોથ થઈ ગયાં હોય, તેથી તેઓ કોઈ ઘોડિયામાં તો કોઈ ખાટલા ઉપર તો કોઈ પથારીમાં પડ્યાં તેવાં ઉંઘી ગયાં.

પ્રકરણ ૩૪ મું
સ્નેહીઓનો મેળાપ

જોધા કુંભાણી જ્યારે ઘરમાં સાસુને મળવા આવ્યા ત્યારે પોતે પગે પડ્યા અને સાસુએ તેમને શુભ આશીર્વાદ દીધો. ઘણે દિવસે આપણે આજે મળવાનો યોગ આવ્યો તેથી ઘણો આનંદ થયો, એવું તેણે જણાવ્યું. તે ઉપરથી તેઓ કહેવા લાગ્યા કે, "રાજબાને કાંઈ ઘણા દિવસથી ચેન પડતું નહીં. ઍટના બળવા વખતે ધાડ પાડનાર લોકો ઘરમાં પેઠા હતા, પરંતુ દ્વારકાધીશની કૃપાથી છેવટે સર્વ સારું થયું. તેથી કાંઈ કામને માટે અત્રે આવવાનું હતું. ત્યારે બધાની મુલાકાત થશે એમ જાણીને સર્વેને સાથે લઇને આવવાનો ઇરાદો કર્યો." ઘરડી સાસુએ જણાવ્યું કે, "હવે મારી અવસ્થા થઈ છે. અને તમે બધાં મળ્યાં, એટલે હવે મને કાંઈ ઇચ્છા બાકી રહી નથી. પણ રાજબાનું એકવાર મારા દેખતાં લગ્ન કરો એટલે થયું." જોધાજીએ હમણાં પથાજી ક્યાં છે, એમ પૂછ્યું. ત્યારે સાસુએ જણાવ્યું કે "તે ગોંડળ દરબારમાં ખુશી આનંદમાં છે. તેનો કાગળ આવ્યો હતો. પણ તેમાં કાંઈ આવવા સંબંધી લખેલું હતું નહીં."

એટલી વાતચીત થાય છે, એટલામાં ઘર પાસે ઘોડાનાં પગલાં વાગતાં સંભળાયાં. ચાકરે દોડતાં ઘરમાં આવીને ખબર આપી કે, ભાણાભાઈ આવ્યા. તે સાંભળીને તો બધાંને ઘણો જ આનંદ થયો. રાજબા દોડતી બારણા પાસે ગઈ. તેની માતા પોતાના દીકરાને જોતી પરસાળમાં ઉભેલી હતી. છોકરાં પણ બારણા પાસે જઈ પહોંચ્યાં હતાં. પથાજીએ પ્રથમ રાજબાની હનવટીને જરા હલાવીને હસતાં હસતાં માથે હાથ ફેરવ્યો, તથા ભેગાં થયેલાં છોકરાંમાંથી એકને ઉચકીને તથા બીજાને આંગળીએ વળગાડીને રાજબાની પાછળ પાછળ ઘરમાં આવ્યો. મામાને મળ્યો અને પોતાની માતાને પગે લાગ્યો પણ છોકરાં વડીઆઈ પાસે લઈ જવાને ખેંચતાં હતાં તેથી વડીઆઈ જ્યાં હતી ત્યાં તે ગયો અને પગે પડ્યો. તેણે તેનાં ઓવારણાં લઇને છાતી સરસ્યો ચાંપ્યો, અને માથે હાથ ફેરવ્યો. તે વખતે એ બોલી કે, "આજે મારા આનંદનો કાંઈ પાર નથી. મારી નજરે આ બધું જોઇને હું બહુ જ ખુશી થઈ છું. પણ રાજબાને એક વારકી પરણાવી દ્યો. એટલે મારાં નેત્રો ઠરે! જા, થાક્યો હશે. કપડાં લતાં કાઢ, જમવાની પણ તૈયારી છે. જોઇએ તો દુધ સાકર પહેલું ગરમગરમ પી લે." એ સાંભળીને છોકરાં દુધ સાકર પીવાને તૈયાર જ હતાં. તે કહેવા લાગ્યાં કે, "મોટા ભાઈ દુધ સાકર પીઓ ચાલો." વહુઓ ઘરના કામમાં હતી. તોપણ તેમણે દુધનો વાડકો ભરીને પાસે મુક્યો અને એક નાની વાડકી આપી. તેમાંથી થોડું દુધ પોતે પીને બાકીનું છોકરાંને પાઇને પોતે પોતાના પિતા જોધાજી પાસે જઇને બેઠો.

જોધા કુંભાણી "એકદમ તું અમરેલી ક્યાંથી આવ્યો? એવો કાંઈ તારો પત્ર પણ હતો નહીં! તેમ જ છેવટના પત્રમાં કાંઈ અમરેલી આવવાનું પણ લખેલું નથી."

પથાજી "કેટલાક વખતથી મને બધા સ્વારોની સાથે બરડાના ડુંગરનો બળવો સમાવવાના કામમાં મદદ કરવાને માટે મોકલેલો છે. મારો વિચાર ત્યાં જવાને માટે

નીકળતી વખતે પત્ર લખવાનો થયો હતો; પરંતુ હુકમ પ્રમાણે એકદમ નીકળવું પડ્યું. તેથી કાંઈ લખાયું નહીં. પણ તમે અહિંયાં ક્યારે આવ્યા.”

જોધા કુંભાણી–“આજ સંધ્યાકાળે જ અમે આવ્યા. બેટ ઉપર બળવાખોરોએ ખરેખરો કેર જ કરી મુકયો હતો ત્યારથી મેં પણ તને કાંઈ પત્ર લખ્યો નથી. આખો બેટ મારીને સફા મેદાન થઈ ગયો છે. ગરીબ માણસો તો બિચારાં મરીજ ગયાં. કેટલાક દિવસ સૂધી રોકકળ અને ઘાયલ થયેલા લોકોનું કકલાણ સંભળાયા કરતું હતું. આપણા ઘર ઉપર પણ ધાડ આવી હતી, પરંતુ આપણા નોકર ચાકરોને લઇને હું તેમને નાકા સૂધી પાછા પોહોંચાડી આવ્યો. તથાપિ ઘેર આવીને જોઉં છું તો રાજબાનો કાંઈ પત્તો જ નહીં. આખી રાત સર્વત્ર બળવાખોરોએ ધામધુમ મચાવી મુકી હતી. આજુબાજુએ એટલામાં અમે ઘણીએ તપાસ કરી, તોપણ કાંઇ પત્તો લાગ્યો નહીં. ત્યારે આખરે અમે તો કેવળ નિરાશ થઇને માત્ર ઈશ્વર ઉપર ભરૂંસો રાખીને બેઠાં હતાં. પોલીસમાં પણ ખબર આપી હતી. પરંતુ કેટલાક દિવસ સૂધી તેની કાંઇ પણ ખરખબર મળી નહીં. તેથી અમને તો બીલકુલે આશા મુકવા જેવું થઈ ગયું. આખરે એક દિવસે સાયંકાળના સુમારમાં એક જુવાન ગૃહસ્થ રાજબાને લઇને આપણે ઘેર આવ્યો. તેણે રાજબાને સુખશાંતિથી આપણે ઘેર પોહોંચાડી. તેને અમે આનંદમાં રાતભર રાખ્યો અને બીજે દિવસે તે બરડા તરફ જવાની ઘણીજ જરૂર જણાવીને ચાલ્યો ગયો. તેનું નામ રાજપાળ છે, પરંતુ તે ક્યાંનો રહેવાસી તથા કોનો દીકરો, એ વગેરે કાંઈ પૂછી લીધું નહીં. તેણે જે રાજબાના સંબંધમાં ઉપકાર કર્યો છે તે હવે કેવી રીતે ફેડાય? રાજબા તેના ધૈર્યહિંમત સંબંધી, શુરાતન સંબંધી અને તેના સ્વભાવ સંબંધી બહુ જ પ્રશંસા કરે છે. તેને અમે રુબરુમાં જોયો છે, એટલે તેના સ્વરૂપને માટે તો કાંઈ કહેવા જેવું જ નથી. તેનું મુખારવિંદ ઘણું જ સુંદર તથા નેત્રો ઘણાં પાણીદાર હતાં! તેણે રાજબાના સંબંધમાં જે પરિશ્રમ કર્યો, તેને માટે પોતે એક શબ્દ પણ ઉપકારનો બોલ્યો નહીં. રાજબા તે દિવસથી ઘણી જ ગમગિનીમાં રહે છે. તેની કાંતિ ગુલાબના ફુલ જેવી હતી તે ફીકી પડવા લાગી. છેવટે અમરેલી જઇને તપાસ કરવાનું ઠરાવ્યું. તેમાં સર્વેનો વિચાર તારા મોસાળમાં આવવાનો થયો. તેને લીધે અમે અત્રે આવ્યાં. હવે તું તથા તારા મામા મળીને તેની તપાસ કરો. જો રાજપાળનો પત્તો લાગે તો બહુ જ સારું. તે કેવળ તેની જ ઝંખના કર્યા કરે છે; તેથી મારા મનને પણ એમ જ થયું છે કે તેને રાજપાળને જ દેવી એટલે તેનો ઉપકાર વળશે અને એ પણ સુખી થશે.’

પથાજી–“કાલે જ તપાસ કરીશું. પણ તે જાતે કોણ છે? તેનું લગ્ન થયેલું છે કે નહીં? તે પોતે લગ્ન કરવાને ખુશી છે કે નહીં? તેનું કુળ તથા ઘર કેવું છે? એ વગેરે તો જાણે જોઈ લઇશું. પણ જેવી રીતે રાજબાનો પ્રેમ તેના તરફ છે તેવો પ્રેમ તેનો એના તરફ છે કે નહીં? એ પહેલું જાણવાની જરૂર છે.”

જોધાજી–“રાજબાના સંબંધમાં તો કાંઈ શંકા જેવું છેજ નહીં. તેથી તેના તરફની તજવીજ કરવાની તે જુવો.”

પથાજી–"ઠીક છે હવે હું પણ તેને ખુબીથી પૂછી લઇશ."

એટલામાં જમવાની તૈયારી થઈ છે, એમ કહેવાને રાજબા ત્યાં આવી. તેની સાથે તે છુટ પરસાળમાં ગયો. પથાજી મૂળથી મશકરીખોર તો ખરો. તેણે પોતાની માડી ઉભી હતી તેની પાસે જઇને તેને તથા રાજબાને પોતે કહેવા લાગ્યો કે, "રાજબા ઉપરનું એક મોટું વિઘ્ન ટળ્યું; એમ હમણાં બાપા મને કહેતા હતા; પણ કેમ વાલી બેન ! તને જે આપણે ઘેર આવીને મુકી ગયો, તે બાપા કહે છે કે બહુ સારા સ્વભાવનો હતો. એ તો બધું ખરું પણ તેને માટે તારે આટલી બધી ભાંજગડ શું કરવા જોઇએ? તે ગામ છોડી દ્યો અને આ ગામમાં આવો. વળી તેની તપાસ કરો! એટલું બધું શું કરવા જોઇએ વારુ?" એટલામાં તો રાજબા પોતાનું મોઢું ચઢાવીને આગળની ઓસરીમાં ચાલી ગઈ. તેની માડીએ કહ્યું કે, "જવાદે ભાઈ પથાજી! તેને અમથી ખિજવીશ નહીં. હમણાં જ તેનો જરા વિસારો પડ્યો છે. જેણે એને જીવતદાન દીધું અને ઘેર લાવીને પહોંચાડી, તેના સંબંધમાં આડો અવળો એક શબ્દ પણ તે સહન કરી શકતી નથી અને પાછી દુઃખી થાય છે. અમથી સહેજ તારી પાસે જો વાત કરીએ કે, એનું હવે લગ્ન કરી નાખો, તો એટલામાં પણ એનો ચહેરો બદલાઈ જાય છે. એનું મન તેના ઉપર એટલું બધું લાગેલું છે કે કાંઇ કહેવાની જ વાત નહીં. શું કહું તને વધારે?"

એટલી વાતચિત થાય છે એટલામાં વખત થવાથી રાજબા સુદ્ધાં બધાં જમવા બેઠાં. જમતાં જમતાં જોધા કુંભાણીએ પૂછ્યું કે, "બળવાખોર વાઘેર લોકોનું શું થયું?" તે ઉપરથી પથાજીએ જવાબ દીધો કે, "ઉખામંડળમાંથી તેમને મારીને કાઢી મુક્યા, ત્યારથી તેઓ કાંઈ નિરાંતે બેસવા પામ્યા નથી. રોજને રોજ નાશ ભાગ ચાલતી હતી; અને તેમની પાછળ લશ્કર પણ લાગેલું હતું. બરડાના ડુંગરમાં તેમણે બહુ સારા મોરચા બાંધ્યા હતા. સિંધી, ઢેડ, ભૈયા, વાઘેલા તથા વાઘેરો વગેરે તેમના તરફના સઘળા એક દીલથી સરકારી લશ્કરના સામા ખૂબ લડ્યા. સર્વ મોરચામાં માત્ર દંતાલાના મોરચાથી તેમનો સારો બચાવ થયો; પરંતુ આખરે બિચારા વાઘેરોને ત્યાંથી પણ નાસવું પડ્યું. સરકારી લશ્કરની પાસે તેઓ કેટલીવાર ટકી શકે?"

જોધા કુંભાણી–"ના, ના, એમ તો કહેશો નહીં. વાઘેર લોકોના શુરાતનની કમાલ થઈ ગઈ. ટોપીવાળા લોકો તેમની તરવારની બહાદુરી જોઇને મુખમાં આંગળીઓ ઘાલવા લાગ્યા અને કહે છે કે, તેમને જો સારી બંદુકો તથા દારુગોળાની સારી પુરતી હોત તો તેમનાં દશ માણસો લશ્કરનાં પાંચસો માણસોને માટે બસ હતાં."

પથાજી–"એ ખરી વાત છે પણ એક સારા જાણભેદુએ તેમના મોરચા ઉપર આડમાર્ગે થઇને લશ્કરી ટુકડીઓ ચઢાવી અને એ મોરચા ઉપર ચારે તરફથી મારો કર્યો."

જોધાજી–"કોઈ જાણભેદુ ડુંગરાનો જાણીતો હશે. તે શિવાય અજાણ્યાં માણસો શું કરી શકે? તો પણ ટોપીવાળા હીકમતી ખરા!"

પથાજી જરા તિરસ્કાર ભરેલી મુખમુદ્રા કરીને કહેવા લાગ્યો કે, "વાઘેર હોય કે વાઘેલા હોય, પણ કર્નલ ઓનર તથા કેપ્ટન બાર્ટન સાહેબની પાસે બે માણસો છે, અને તેજ તેમના રસ્તા શોધી કાઢનારા છે એમ કહેવાય છે."

જોધાજી–"હશે પણ એ જાણભેદુઓ તારા ઓળખીતા છે કે ?" આવા પોતાના બાપના સવાલનો દીકરો જવાબ આપે છે કે, "ના, બીલકુલે નહીં. કેમકે અમારું રજવાડાઓનું લશ્કર એક બાજુ ઉપર હતું. તેને લીધે તેમની ને મારી કદી મુલાકાત જ થઈ નથી, અને વળી તેઓ ટોપીવાળાના તંબુની પાસે જ રહે છે. તેઓ લશ્કરમાં, સ્વારોમાં, સિપાઈઓમાં અથવા અમલદારોમાં આવતા જતા કદી પણ નજરે પડતા નથી. તેઓ કોઈવાર મંડળીમાં ગપ્પાં મારવાને પણ આવતા નથી. એટલું જ નહીં પણ હુક્કા, તમાકુ, અફીણ, કસુંબો વગેરે માટે ઘણીવાર છાવણીમાં લોકો જુદે જુદે ઠેકાણે ભેગા થાય છે, પરંતુ તેમાં પણ તેઓ કદી ભળતા નથી. તેથી તેમનો કાંઈ પરિચય થયો નથી." વળી પાછું જોધાજીએ પૂછ્યું કે, "કેટલાક વાઘેરો મરી ગયા? લશ્કરમાંથી કેટલાંક માણસો પડયાં ? અને કેટલાંક વાઘેર લોકો હાથમાં આવ્યા છે ?"

પથાજીએ તેના સંબંધમાં ખુલાસો કર્યો કે, "વાઘેર લોકો તેમ જ સરકાર તરફનાં ઘણાં માણસો મરી ગયાં. છેવટે વાઘેર લોકો કંટાળી ગયા. તેમાં જોધા માણેક વગેરે ઘણા આગેવાનો આજારી થઇને મરી ગયા. કેટલાક ઘાયલ થઈને પડ્યા. ચારે તરફથી ખરેખરી નાકેબંધી થઈ અને લશ્કર પાછળ પડયું, તેણે કાંઈ વાઘેરોની પુઠ છોડી નહીં, તેથી એ લોકોને નાસતાં ભોંયભારે થઈ. ભુખમરો પણ થવા લાગ્યો, તેથી વધારે કંટાળીને નાસી ગયા, તથા ખૂબ ગભરાયા. એટલામાં સરકારે બંદોબસ્ત કરવાનાં જાહેરનામાં બહાર પાડ્યાં. તેમાં તેમને માફીની આશા બતાવી હતી. તે ઉપરથી સેંકડો માણસો પોતાની મેળે હાજર થઈ ગયા અને કેટલાકને પકડવામાં આવ્યા."

ત્યાર બાદ વળી બાપે પૂછ્યું કે, "એ તો ઠીક; પણ સરકારી લશ્કરમાં કોણે કોણે સારી બહાદુરી બતાવી ? અને ગાયકવાડી તથા રજવાડી લશ્કર કેવું નીવડયું?"

પથાજીઃ–"ગાયકવાડી તથા રજવાડી લશ્કર બધું ખરા દીલથી લડતું હતું; પરંતુ જે મેં પહેલાં જાણભેદુઓની વાત કરી; તેમાંથી એક જણ તો ઘણો જ બહાદુર છે, એમ કહેવામાં આવે છે. તેની પાસે જેવો ઘોડો છે, તેવો આ લશ્કરમાં તો શું પણ આ કાઠીઆવાડમાં પણ કોઈ પાસે નથી. તેના ઉપર બેસીને તે મોટાં મોટાં કોતરો કુદી જાય છે, અને જોઇએ તેટલી મજલ મારે છે. તેને લીધે તેના શૂરાતનની તથા જાણીતાપણાની બુજ થઈ." વૃદ્ધ જોધાજીને આવું બોલવાથી જરા નવાઈ લાગતાં–"એ જાણભેદુ હાલ ક્યાં છે? એવો પોતાના દીકરાને સવાલ કર્યો." ત્યારે પથાજીએ જણાવ્યું કે, "ગુનેગારો તથા કેદી લોકો ઉપર કામ ચલાવવાનું અત્રે અમરેલીમાં ઠરેલું છે, તે ઉપરથી ખુદ સાહેબે તેમને કેદીઓ સાથે સ્વાર પાયદળનું મોટું લશ્કર આપીને બરડા ખાતેથી રવાના કર્યા; અને તેમની પાછળ અમે પણ અમારા સ્વારોને લઇને નીકળી આવ્યા." એ હકીકત સાંભળીને જોધાજીને રસ્તામાં જોયેલા લશ્કરનું સ્મરણ થતાં તે બોલ્યા કે, "ખરે જ ! પરમ દિવસે સ્વારો વગેરેના લશ્કર સાથે કેદીઓને ગાડામાં ઘાલીને લઈ જતા હતા તે જ હશે!"

પોતાના બાપની તથા મોટાભાઇની આવી વાતો સાંભળીને રાજબાને પોતાના રાજપાળનું સ્મરણ થયું. બાપ દીકરાનો એ સંવાદ તે કાન દઈને સાંભળતી હતી. તેને

પોતાના રાજપાળે બહાદુરીથી લડાઇમાં પણ કીર્તિ મેળવી, એ સાંભળીને ઘણો વિલક્ષણ આનંદ થયો. તે આનંદના આવેશમાં જમતાં જમતાં કોણ જાણે કેટલીકવાર તેની જીભ તથા ઓઠ દાંત નીચે કચરાયા. એક બેવાર તો મુખમાંથી કોળિયો પણ નીચે પડી ગયો. તેની માતા ત્યાં બેઠેલી જ હતી. તેનું લક્ષ પોતાની દીકરી તરફ હતું. તેથી તે સહેજ સમજી ગઈ કે, કેદીઓનાં ગાડાંની પાછળ ઘોડો કુદાવતો ગૃહસ્થ જતો હતો તે જ એનો ઇચ્છિત પુરુષ હોવો જોઇએ. તે વખતે મા દીકરીએ એક બીજા તરફ જોયું; અને એક બીજાના મનના વિચાર સમજી ગયાં. જોધાજી બિચારા પોતાની વાતોના નાદમાં હતા. તેમણે પોતાના પુત્રને કહ્યું કે, “મારા ધારવા પ્રમાણે ઘણું કરીને તે જ ગૃહસ્થ કેદીઓ સાથેના લશ્કરમાં હતો. તે વખતે સંધ્યાકાળ થવા આવી હતી. ધૂળ ઘણી ઉડતી હતી. તેથી તે બરોબર મારા જોવામાં આવ્યો નહીં. હશે તે હવે રહેવા દે; પણ જો તે ગૃહસ્થ અમરેલીમાં આવ્યો હોય તો”–એટલામાં પથાજી બોલી ઉઠયો કે,–“હા; હા; તે આવ્યો જ છે. કાલે જ હું તેની તપાસ કરીશ અને આપને સઘળી હકીકત જણાવીશ.”

જમી રહ્યા પછી પણ આ વાતો ચાલતી હતી. તે જોઇને ઘરમાંથી વૃદ્ધ માતુશ્રીએ કહ્યું કે, “બહુ થયું; હવે તમારી વાતો પુરી કરો. તમે બધાં થાકી પાકીને આવ્યાં છો માટે બધાં સુઈ જાઓ. રાત ઘણી ગઈ છે.” એ સાંભળીને બધાં પોતપોતાની પથારી તરફ ગયાં. તે વખતે નાગનાથના મંદિરનાં મધ્ય રાત્રિનાં ચોઘડિયાં વાગતાં હતાં. આ વખતે આ ઘર ઘણું જ મંગલમય લાગતું હતું અને તે આનંદમાં સર્વે ઉંઘી ગયાં.

પ્રકરણ ૩૫ મું

અજાપાળ અને રાજપાળની મુલાકાત

અમરેલી ખાતે લશ્કરી છાવણી આવી પડી હતી. પ્રાતઃકાલ થતાં છાવણીમાં નિત્યયાત્રા શરુ થઈ. જે હોય તે બધા પોતપોતાના કામધંધામાં લાગ્યા. એટલામાં કર્નલ ઓનર સાહેબે કાંઈ જરૂરી કામ માટે કેપ્ટન બાર્ટન ઉપર ચિઠ્ઠી લખીને રાજપાળના હાથમાં આપી અને રૂબરૂ મળીને આવવાનું કહ્યું. રાજપાળ તરત જ તેમના તંબુ તરફ જવાને માટે નીકળ્યો. તેની સાથેનો સ્વાર વીરમલ લાખા પોતાના નિત્યને વખતે ઉઠીને કયારનોએ બહાર નીકળી ગયો હતો. તે તથા રાજપાળ રસ્તામાં ભેગા થઈ ગયા. તેઓ બન્ને સાથે વાતોના તડાકા મારતા કેપ્ટન બાર્ટન સાહેબના તંબુ તરફ ચાલ્યા. તેઓ તેમના તંબુ પાસે જઈ પોહોંચ્યા, એટલામાં અજાપાળ પોતાનાં કામથી પરવારીને સાહેબના તંબુમાંથી બહાર આવતો નજરે પડ્યો. બેઉ ભાઈઓની નજરે નજર મળતાંની સાથે તેમને આનંદનો ઉભરો આવ્યો. બન્ને ભાઈ ઘણા દિવસથી છુટા પડ્યા હતા, તેઓ અકસ્માત્ એકદમ ભેગા થઈ જવાથી એવો આનંદ થવો સ્વાભાવિક છે. એક બીજાને કાંઈ ખબર નથી, તોપણ જેવી રીતે રાજપાળ આ બળવાના કામમાં સરકારને ઉપયોગી થઈ પડયો હતો, તે જ પ્રમાણે અજાપાળ પણ આ બળવો સમાવી દેવાના કામમાં સરકારને ઘણો મદદગાર થયો હતો. વીરમલ લાખાને તો આ વખતે અચાનક પોતાના પ્રાણાત્મા અજાપાળને જોઇને એવો કાંઈ

વિલક્ષણ આનંદ થયો કે, તે તેનાં હૃદયમાં સમાઈ શકવો મુશ્કેલ થઈ પડયો. તેને તો જઈને એકદમ પ્રજાપાળને ભેટી પડવાની તાદૃશ્ય ઈચ્છા થઈ; પરંતુ આ વેશમાં તથા આવી સ્થિતિમાં ખુલ્લી રીતે એવું કાંઈ કરવાની બીલકુલે અનુકૂળતા જ હતી નહીં. તેથી કરીને તે અદ્‌ભુત આનંદ ગમે તે રીતે પાછો દાબી દેવાની જરૂર પડી. તોપણ તે ગમે તે રૂપાંતરથી પણ પ્રગટ કરવાની તેની પ્રવૃત્તિ થઇ. તે ઉપરથી પોતે એ બન્ને ભાઈઓની પાસે જઇને સહજ બન્નેનો જયજયકાર થાઓ! આનંદ મેળવો! અને વિજયવંત પ્રકાશો! એટલું જ બોલીને તે રહી ગયો. એટલામાં રાજપાળ સાહેબની પાસે તંબુમાં ગયો. તેમને કર્નલ ઓનર સાહેબની સલામ કહીને પેલી ચિઠ્ઠી આપી, અને વળી પાછો ફરીથી આપ સાહેબને મળીશ, એમ કહીને તે પાછો બહાર આવ્યો. પ્રજાપાળ તથા વીરમલ લાખા બહાર ઉભેલા જ હતા. તેઓ બધા સાથે પ્રજાપાળની રાવટીમાં આવ્યા. આટલા વખતમાં પ્રજાપાળ તથા રાજપાળનો શું સગાઈ સંબંધ છે, તે જાણવાની ઉત્કંઠા વીરમલના મનમાં ઘણી જ સતેજ થઇ. તેને લીધે તેણે તે રાજપાળને પૂછ્યું પણ ખરું.

રાજપાળે જણાવ્યું કે, હું કપિલાષષ્ઠીના મેળામાં જવાને માટે આ મારા મોટા ભાઈ પ્રજાપાળની પરવાનગી લઇને ઘેરથી નીકળ્યો હતો. તે દિવસ પછી આજે ફરી અમારી મુલાકાત થઈ. આ સમયે જમવાનો વખત થયેલો હતો. તે ઉપરથી રાજપાળને તથા વીરમલ લાખાને પોતાના મુકામ ઉપર જ રહી જવાનું પ્રજાપાળે કહ્યું. વીરમલના ચહેરા ઉપર તેના આનંદની તેજી ઝળકી રહી હતી. પરંતુ આજ વેશમાં પ્રજાપાળની પાસે વધારે વખત રહેવાની કાંઇ હિંમત ચાલી નહીં. તેને લીધે તેણે ઘોડાના ચંદી ચારાનું બાહાનું બતાવીને રજા માગી અને તે પોતાની રાવટી તરફ ચાલ્યો ગયો.

રાજપાળ તથા પ્રજાપાળ બન્ને એકલા જ રહ્યા ત્યારે પ્રજાપાળે પોતાના ભાઈ રાજપાળને પૂછ્યું કે, "તું કપિલાષષ્ઠી પછી ઘેર ગયો હતો કે નહીં?" રાજપાળે જવાબ આપ્યો કે, "હું બેટમાં જઈ પહોંચ્યો, અને ત્યાં મેળાની મજા જોતો હતો. તે વખતમાં જ વાઘેર લોકોએ બેટ ઉપર હલ્લો કર્યો, અને ચારે તરફ તેમણે નાકેબંધી કરી; તેથી બહાર જવાનો કાંઈ રસ્તો જ હતો નહીં. પછી હું બેટમાંના કિલ્લાની અંદર આવેલા મંદિર તરફ ગયો. આ વખતે કિલ્લાના પહેરેગિરો તથા જમાદાર વગેરે લોકોએ પોતાની પાસેનો દારુગોળો પુરો થતાં સુધી વાઘેર લોકોને કાંઈ દાદ દીધી નહીં. પરંતુ દારુગોળો પુરો થયો ત્યારે તેઓ વહાણમાં બેસીને સલાયા બંદર તરફ નીકળી ગયા. તે લોકોએ સાત દિવસ સુધી કિલ્લાનો બચાવ કર્યો; પણ તેમને કાંઈ મદદ મળી નહીં અને દારુગોળો પણ રહ્યો નહીં ત્યારે તેઓ નિરુપાયે આખરે નાસી ગયા. એટલે કિલ્લામાંથી બંદુકના અવાજ આવતા બંધ થયા. તે ઉપરથી વાઘેર લોકોએ મહા મુશ્કેલીએ કિલ્લાની તટબંદીને સિડીઓ લગાડીને હુમલો શરુ કર્યો. આ હુમલાનો અટકાવ કરવાને ત્યાં કોઇ હતું નહીં. આ નાની સરખી લડાઇની બધી ખુબી હું જોતો હતો. તે પછી વાઘેર લોકો બેટમાં તથા કિલ્લામાં પેઠા અને લુંટફાટ શરુ થઇ. આ ધામધુમમાં તેમણે ધનલોભને લીધે મંદિર લુંટવાને પૂજારી લોકોને પકડ્યા અને બિચારા

બ્રાહ્મણોને મારવા લાગ્યા. તેથી જોનારને પણ ત્રાસ આવતો હતો. તે લોકોને છોડાવવા માટે મેં કેટલાક બળવાખોરોને ઘાયલ કર્યા. તેવામાં કોઈ અબળાની પાછળ એક સિંધી લાગેલો હતો અને તે તેના હાથમાંથી છુટવા માટે કાગારોળ કરી રહી હતી. તેની અંગ ઉપરનાં રુવાટાં ઉભાં થાય એવી વાણીની કારમી બુમ સાંભળીને હું તેને છોડાવવાને એકદમ કિલ્લા ઉપર ગયો અને તે અબળાને છોડાવવામાટે એ કાળ જેવા રાક્ષસને મારે ઠાર મારવો પડ્યો. હવે જે સ્ત્રીને છોડાવવા માટે મેં આટલી મહેનત કરી, તે આ ગરબડમાં ભયની મારી કોટ ઉપરથી દરિયામાં પડી ગઈ. તેની પાછળ તરત જ મેં પણ સમુદ્રમાં પડતું મુકયું. અને તેને બહાર કાઢીને સામી બાજુના પગરસ્તાથી પાછી લાવીને તેના બાપને ઘેર પહોંચતી કરી."

પોતાના ભાઈનું આ બોલવું સાંભળીને પ્રજાપાળને ઘણો જ આનંદ થયો અને તે કહેવા લાગ્યો કે, "શાબાસ! કોઈ પણ બિચારા અનાથ નિરાશ્રિત પ્રાણીનું રક્ષણ કરવું અને તેમાં પણ કોઇ અબળાનું સંરક્ષણ કરવું, એ દરેક માણસનું કર્તવ્ય છે. તેમાં પણ વળી દરિયામાં પડીને તેં જે કામ કર્યું તે તારે હાથે ખરેખરા સાહસનું તથા તે બળવાખોરોની વિરુદ્ધમાં અનાયાસે આપણા અન્નદાતા ગાયકવાડ સરકાર તરફનું સારું કામ થયું, એ જોઇને મને ઘણો જ સંતોષ થાય છે, કારણ કે આપણા પિતાએ મરતી વખતે જે ઉપદેશ કર્યો હતો તેને અનુસરીને આ કામ અનાયાસે થઈ ગયું. તેઓ હંમેશાં આપણને કહેતા કે ગાયકવાડ સરકાર આપણા અન્નદાતા છે. હશે; ચાલો, પછી શું થયું?"

તે ઉપરથી રાજપાળ પાછો કહેવા લાગ્યો કે, "પછી વાઘેર લોકો બેટ દ્વારકા છોડીને બરડાના ડુંગર તરફ ગયા. મને પણ લડાઈ જોવાની ઈચ્છા હતી. તેથી જો આપણે વાર કરીશું તો આ આવેલી સંધિ કદાચ જતી રહેશે, એમ જાણીને આ કામમાં આપની તથા માતુશ્રીની પરવાનગી લેવાની જરૂર હતી, તો પણ આપ મને દોષ દેશો નહીં અને બળવાખોરોની વિરુદ્ધમાં શ્રીમંત ગાયકવાડ સરકારને મારે હાથે ઘણી મદદ મળી જાણીને આપ સંતોષ પામશો, એમ સમજીને આપની તથા માતુશ્રીની રજા લેવામાં દિવસ નહીં ગુમાવતાં હું એકદમ આવીને કર્નલ ઓનર સાહેબને મળ્યો. આપણા શિવાય તેમને ડુંગરી રસ્તાની તથા ચોર લુટારાઓને છુપાઈ રહેવાની જગાની શી રીતે ખબર પડે? તે ઉપરથી મને તેમણે પોતાની પાસે મદદગાર તરીકે રાખ્યો. હું પણ તેમને જેવી જોઇએ તેવી મદદ કરું છું."

એ સાંભળીને પ્રજાપાળ પણ કહેવા લાગ્યો કે, "હું પણ દ્વારકાથી નીકળીને કેપ્ટન બાર્ટન સાહેબને મળ્યો અને તેમને બળવાખોરોની વિરુદ્ધમાં ખરેખરી મદદ કરી, હાલમાં હું તેમની સાથે જ ફરું છું." આવી રીતે બળવા સંબંધી વાતો થઈ રહ્યા પછી પાછી બન્ને ભાઇઓએ ઘરની કર્મકથાઓ પણ એક બીજાને કહી સંભળાવી તે પછી તેઓ જમી પરવાર્યા.

પાનસોપારી ખાતાં, વાઘેર લોકોને આ બળવો કરવાનું કારણ શું? તે કાંઈ એ લોકો તરફથી બહાર પડયું કે નહીં? એવી રાજપાળે સાધારણ વાત કાઢી. ત્યારે પ્રજાપાળે જણાવ્યું કે, "તે લોકો આપણને કાંઇ સ્પષ્ટ કહેતા નથી; પરંતુ કેદ કરેલા વાઘેર લોકો રાતના એક બીજાની સાથે કાંઇ ગુપચુપ વાતો કરે છે. તે ઉપરથી એટલું

તો જાણવામાં આવે છે કે, તે લોકો ઉપર ગાયકવાડ સરકારનો કાંઈ જુલમ નથી; પરંતુ કેટલાંક લોકોનાં વતન અમલદારોએ બંધ કરી દીધાં છે. અને તેમાંનો કોઈ ખરો હકદાર પૂછવા આવે તો તેમને ન્યાયસર જવાબ નહીં દેતાં, જો તમે વધારે ગરબડ કરશો તો તમારાં બાળબચ્ચાંનો પણ નાશ કરવામાં આવશે, એવી તેમને હંમેશાં ધમકી દેતા અને ત્રાસ આપતા. આવા ભય અને ત્રાસને લીધે તેમને બળવો કરવાની જરૂર પડી, અને આમ કરવાથી પણ વખતે સરકાર આપણને દાદ આપશે, એમ તેઓ સમજતા હતા. વળી એમ પણ સાંભળવામાં આવે છે કે, બળવાનો બંદોબસ્ત જો ગાયકવાડ સરકાર કરી શકશે નહીં તો ટોપીવાળાઓ ઉખામંડળની હકુમત તાલુકદારોને સોંપશે, એવી બદસલાહ પણ તાલુકદારોએ તેમને આપેલી ખરી. એ શિવાય બીજી કાંઈ વધારે હકીકત વાઘેર લોકો પાસેથી નીકળી આવતી નથી." એ સાંભળીને રાજપાળ બોલ્યો કે, "આ સઘળી હકીકતમાં એક વાત વિચાર કરવા જેવી છે. ઉખામંડળની આજુબાજુના તાલુકદારોનો આમ લાભ મેળવવાનો ઘાટ તદન ભુલ ભરેલો તો કહેવાય તેમ નથી. કેમ કે વાઘેર લોકો પાસે બળવો કરાવીશું, તો તેના સંબંધમાં ઉઘાડી રીતે કોઈ આપણો દોષ કાઢી શકશે. તેથી જો બનશે તો ઠીક જ છે, નહીં તો આપણે બહારથી પાછા સરકારને મદદ કરવાને માટે તૈયાર જ છીએ. એવો ઘાટ કરવામાં તેમને કાંઇ હરકત આવે નહીં." તે ઉપરથી પ્રજાપાળે કહ્યું કે, "એ લોકોનો એવો ઘાટ ખરો. એમાં કાંઇ સંશય જ નહીં." વળી રાજપાળ કહે છે કે, "વાઘેર લોકોના બોલવા ઉપર પણ હવે કેમ વિશ્વાસ રાખી શકાય?" તેને માટે પ્રજાપાળે એવો ખુલાસો કર્યો કે, "એ વાત પણ ખરી છે. માણસ માત્રનો સ્વભાવ એવો છે કે, કોઈ બાબત એકદમ આપણા ઉપર આવી પડે તો પોતાનો બચાવ કરવાને ખોટું બોલવાને અથવા ખોટું કરવાને પણ કોઈ આઘું પાછું જુવે નહીં. એ બાબત વાઘેર લોકોને તથા તાલુકદારોને એક સરખી રીતે લાગુ પડે છે. મારો પોતાનો અભિપ્રાય તો બધા વાઘેર લોકો સારા જ હોય, એવો નથી; તેમ જ તેઓ બધા ખરાબ જ હોય, એમ પણ કાંઈ કહી શકાય નહીં. તે ઉપરથી મેં તે લોકોના સ્વભાવની સાહેબ લોકોને સમજ પાડી. કેમ કે તે લોકોને હવે લડાવી મારવામાં કાંઇ અર્થ નથી. તેના કરતાં તેમની તકરારો સાંભળીને તોડજોડથી તેમનો નિકાલ કરતાં એ લોકોને ધંધે લગાડવા, એ વધારે સારી વાત છે. એવું સ્પષ્ટ રીતે મેં તો જણાવ્યું. તે બાબત સાહેબ લોકોને પણ પસંદ પડી; અને તેમણે પોતાના ઉપરી અમલદારોને તે પ્રમાણે લખી જણાવ્યું છે. તથાપિ ત્યાં તો કાંઇ મોટા ફેરફાર થઈ ગયાનું સાંભળવામાં આવે છે."

આવી રીતે આ સંવાદ ચાલી રહેલો છે, એટલામાં પથાજી તેમને મળવાને માટે આવ્યો. એટલે એ વાત ત્યાંથી અટકી પડી. બન્ને જણે પથાજીને રામ રામ કરીને આદર સત્કાર સાથે બેસાડ્યો અને આપ કોણ, કયાંથી આવ્યા વગેરે હકીકત પૂછી. ત્યારે પથાજીએ જણાવ્યું કે, "બેટમાં જોધા કુંભાણી નામના એક ગૃહસ્થ છે, તેમનો હું દીકરો છું અને હું ગોંડળ રાજ્યના લશ્કરી ખાતામાં નોકર છું. મને આપની મુલાકાત કરવાની ઘણી ઇચ્છા હતી. પરંતુ તે પ્રસંગ આજે જ આવ્યો." એ પ્રમાણે તેમનું બોલવું સાંભળીને પ્રજાપાળે કહ્યું કે, "ગોંડળ તરફનું લશ્કર મદદ કરવાને આવેલું છે,

તેમાં મેં તમને કાંઈ જોયેલ હોય, એમ મને લાગે છે." તે ઉપરથી પથાજીએ જણાવ્યું કે, "તે આપનું કહેવું બરોબર છે. કેમકે હું જ એ લશ્કર લઇને આવેલો છું." એવો જવાબ સાંભળીને રાજપાળે કહ્યું કે, "એ ધામધુમમાં આપને તથા મને બે ઘડી બેસીને વાતો કરવાનો પણ વખત મળ્યો નથી. આજે આ આપણી મુલાકાત થઈ, એ પણ ઘણું સારું થયું. મને તેથી ઘણો જ સંતોષ થયો." એમ કહીને રાજપાળે પોતાના ભાઈ તરફ જોયું, અને "જોધા કુંભાણી તારા ઓળખીતા છે કે શું?" એવો તેને પ્રશ્ન કર્યો. તે ઉપરથી રાજપાળે એકદમ કાંઈ જવાબ આપ્યો નહીં; પરંતુ જરા કાંઈ સ્મરણ કરવા જેવો ચહેરો કરીને કહ્યું કે, "હા, તે બેટમાં મને મળેલા હતા."

રાજપાળને જોઇને પથાજીને ઘણો જ આનંદ થયો અને તેમના સંબંધમાં તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. તે વખતે રાજપાળની નજર નીચે જમીન તરફ લાગેલી હતી. તે ઉપરથી તેમના વિચાર પથાજી પોતાના મનમાં સમજી ગયો. પછી જરાવાર રહીને પોતે કહ્યું કે, "જોધાજી પોતે અહિંયાં આવેલા છે અને તે આપની મુલાકાત લેવાની ઇચ્છા રાખે છે." "હું જ તેમની મુલાકાત માટે અનુકૂળતા લઇને ઘણી ખુશીની સાથે આવી જઈશ. કેમકે વૃદ્ધ માણસને એવી તસ્દી આપવી તે યોગ્ય નહીં." એવી રીતે રાજપાળે ઘણા જ વિનયથી જવાબ આપ્યો. તે ઉપરથી રાજપાળની આપણા પિતાના સંબંધમાં ઘણી જ પૂજ્ય બુદ્ધિ છે, એવું ખાસ અનુમાન થતાં હવે તેમને વળી વધારે કાંઈ પૂછીને તેમના મનની પ્રેમ સ્થિતિ જાણી લેવી જોઇએ. એવા હેતુથી પથાજી ફરીથી કહેવા લાગ્યો કે, "જોધાજી આપની લાયકીની ઘણી જ તારીફ કરતા હતા અને તેઓ પોતે કુટુંબ સાથે અત્રે આવેલા છે. કારણ કે મારું મોસાળ અહિંયાં જ છે." આવું બોલવાની સાથે રાજપાળના ચહેરા ઉપર એકદમ ફેરફાર થઇ ગયો. તેમની મુખાકૃતિ વધારે મોહક તથા આનંદિત દેખાવા લાગી અને તેમણે તરત જ પૂછ્યું કે, "આપના પિતાનો મુકામ કયાં મહેલ્લામાં છે, તે જણાવશો, એટલે કહેશો તે વખતે હું તેમને જરૂર મળવાને માટે આવીશ." તે ઉપરથી પથાજીએ ખુલાસો કર્યો કે, "કિલ્લાની અંદર બજાર છે, તેના પાછલા મહેલ્લામાં મારું મોસાળ છે અને આપ કહેશો તે વખતે હું જ ખાસ આપને તેડવા માટે આવીશ." તેના જવાબમાં રાજપાળે જણાવ્યું કે, "તમે જ્યારે મારી પાસે આવશો ત્યારે આપણે ચાલીશું. એવી રીતે તેમની અરસ્પરસ ઓળખાણ થઈ. પછી થોડીવાર લશ્કર સંબંધી આડી અવળી વાતો કરીને પથાજીએ રજા માગી અને હું આપને જરૂર ફરીથી મળીશ, એમ કહીને રામ રામ કરીને તે ચાલતો થયો. પથાજીના ગયા પછી રાજપાળ કેટલીકવાર સુધી પોતે બેટ સંબંધી વાતોના વિચાર સ્મરણમાં ગર્ક થઈ ગયો હતો.

પ્રકરણ ૩૬ મું

વીરમલ લાખાની ચિંતા

વીરમલ લાખાનું નામ ધારણ કરનાર રણસુંદરી રાજપાળની રજા લઇને પોતાની રાવટી ઉપર આવી. પણ તેનું મન સર્વસ્વ પ્રજાપાળ તરફ લાગેલું હતું. દેહમાત્ર ત્યાંથી ઉઠીને આ રાવટીમાં આવ્યો. આ વખતે તેની ઘણી વિલક્ષણ સ્થિતિ થઈ હતી અને તેનો જીવ તદન ગભરાઈ ગયો હતો. હવે આપણે શું કરવું? તેની પણ કાંઇ સમજ પડી નહીં. મન કેવળ બહેબાકળું બની ગયું. 'જેને માટે પોતાનાં જન્મદાતા માબાપને પણ તજી દીધાં, એટલે જે માતા પિતાએ નાનપણથી આપણને મોટાં કરતાં અનેક સંકટો વેઠીને ઉછેર્યાં, મન ગમતાં લાડ લડાવ્યાં તથા કોઈ દિવસ જીવને જરા ઓછું પણ આવવા દીધું નહીં, તેમને છોડીને એકદમ નીકળી જતાં આપણે કાંઈ પણ વિચાર કર્યો નહીં. વળી કોઈ દિવસ ઘરના ઉમરા બહાર કદી એકલાં નીકળેલાં નહીં તથા પરપુરુષના સામી કદી નજર પણ કરેલી નહીં; તેમ છતાં જેને માટે આપણે ગામેગામ અને રાનેરાન અથડાયાં તથા જાતે સ્ત્રી–અબળા છતાં વેશાંતર કરવાથી લશ્કરી ખાતામાં અસહ્ય દુઃખ સહન કરવાં પડ્યાં; અર્થાત્ એકલા પુરુષોના જ મોટા સમુદાયમાં હું એકલી આવીને રહી, તે સઘળાનો આજે આપણને બદલો મળી ગયો, એમ કહીશું તોપણ ચાલશે. કારણ કે ખરી રીતે જોતાં આપણી સ્થિતિ એવી હતી કે, ઘરનાંએ નહીં અને ઘાટનાં પણ નહીં! કેમ કે ઘેરથી આપણે વગર વિચારે નીકળી પડ્યાં. જો કદાચ પ્રજાપાળના કહેવા પ્રમાણે આપણે માતા પિતાને જણાવ્યું હોત તો તેઓ પ્રજાપાળને જહાગીરદાર તથા મોટા કુલવાન્ જાણીને ખુશીની સાથે મારું લગ્ન કરી દીધું હોત; પરંતુ બાળક બુદ્ધિમાં આપણે છાનાંમાનાં ઘેરથી નીકળી પડ્યાં. એ કાંઈ ઠીક કર્યું નહીં. આપણા બાપા આટલી વૃદ્ધ ઉમરે નિરાંતે સુખચેનમાં આનંદ કરતા હતા અને સારી આબરુ મેળવીને પ્રતિષ્ઠાપાત્ર ગણાતા હતા, તેઓ મારે માટે ઘરબાર છોડીને આ વૃદ્ધ અવસ્થામાં અથડાવા નીકળ્યા. કેમકે હું નાસી જવાથી કુળને કલંક લાગ્યું; અને તેની જ ખાતર મરવાને માટે તેઓ વાઘેર લોકોના ભેગા જઇને મળ્યા. તે પ્રમાણે રાજપાળને હાથે તે દિવસે તેમનો જીવ ગયો હોત, પણ પરમેશ્વરે મને સારી બુદ્ધિ આપી કે જેથી મેં તેમનો હાથ પકડી લીધો! અરે રે! પણ તે તેમને તો સારું લાગ્યું નહીં. શાથી કે તે તો મરવાને માટે જ બહાર પડેલા છે. હવે વળી કાંઈ બાકી હશે તે પાછા કેદ ભોગવે છે! જે થાય તે ખરું! મારી માડી પણ ઘેર ઝુર્યા કરતી હશે. તેને એક તો મારું દુઃખ અને વળી મારા બાપા પણ પાછા નીકળી આવ્યા, એ પાછું વધારે દુઃખ થઈ પડ્યું હશે. તેમાં તેને બહાર નીકળીને કોઈ સાથે સુખ દુઃખની બે ઘડી વાત કરવાનુંએ રહ્યું નથી. પોતાની દીકરીને કોઈ લઈ ગયું ત્યારે હવે શું મુખ લઇને કોઈની જોડે કાંઈ વાત કરવી? અરે રામ રામ રામ! જે થયું તે કાંઈ સારું થયું નહીં. તથાપિ જે થવા કાળ હતું તે થઈ ગયું. પરંતુ હવે જેવી બધી બાજી બગડી છે તેવી જ પાછી સુધારી લેવી એ આપણી ફરજ છે; તે ફરજ શી રીતે બજાવવી? આપણે જેને માટે આટલી બધી આફતમાં આવી પડયાં, તે આજે પ્રત્યક્ષ મળવા છતાં બધું હજુ અંધારામાં જ છે. મારા મનમાં તો તે જ વખતે હું આકળવિ-

કળ થઈ ગઈ હતી, પણ કરું શું? મારા મનમાં તે વખતે એકદમ તેની સાથે ભેટી પડવાની ઘણીએ ઈચ્છા થઈ, પણ ઉપાય શું? ત્યારે હવે તેમની મુલાકાત કેવી રીતે કરવી ?' એ વિચારમાં તેને કાંઈ જમવાખાવાની પણ સુઝ પડી નહીં. ઘણા દિવસનો વિરહ આજે ખરેખરો દુઃસહ થઈ પડચો. આટલા દિવસ સુધી વિયોગદુઃખ કાંઈ વધારે લાગતું નહીં, પરંતુ આજે તો જીવ જ કાંઈ કહ્યું કરે નહીં; તેથી તેનું સ્વાભાવિક જ્ઞાન ભાન પણ કાંઈ ઠેકાણે રહ્યું નહીં. તેના મનમાં એકવાર એવું આવ્યું કે, તેમની એકાંત મુલાકાત લેવી; અને આ વેશ તેમની સમક્ષ જ બદલીએ તો શી અડચણ છે? પણ પાછું મનમાં એમ આવે કે, રાજપાળના દેખતાં તો એવો પ્રસંગ આવે તે કાંઈ ઠીક નહીં. ત્યારે હવે બીજો શો ઉપાય કરવો? એવા એવા વિચારતરંગમાં તેણે આખો દિવસ કાઢી નાંખ્યો.

છેવટે રાજપાળ આટલા બધા વખત સુધી પાછા મુકામ ઉપર આવ્યા નહીં. ત્યારે હવે સંધ્યાકાળે રાજપાળને મળવાના નિમિત્તે ત્યાં જવું, એટલે પાછો નેત્ર સુખનો તો લાભ મળશે! અને વખતે તેમાંથી જ કોઈ સંધિ મળી આવે તો તેનું પ્રમાણ શું? એવો વિચાર કરીને તેણે ત્યાં જવાનો નિશ્ચય કર્યો અને તેણે લાગલા જ પ્રજાપાળના મુકામ તરફ ચાલવા માંડચું. રસ્તામાં પાછા તેને એવા વિચાર આવ્યા કે બે ભાઇઓ આજે બહુ દિવસે ભેગા થયા છે, તેથી આનંદમાં બેઠા હશે; પરંતુ તે પ્રમાણમાં જોતાં મારો કાંઇક વધારે હક છે, છતાં અત્યારે ઓળખ પણ આપી શકાતી નથી અને મનમાં જ મુઝાયા કરવું પડે છે. તેથી હવે આપણી તેમની તાકીદે મુલાકાત થાય, એવો શો ઉપાય કરવો જોઇએ? તેમાં જો રાજપાળને ચેતાવીએ તો તત્કાળ આપણી ઇચ્છા પુરી થાય, પરંતુ આખા જન્મારા સુધી તેમના હાસ્યનું પાત્ર થઈ રહેવું પડે; માટે રાજપાળના દેખતાં તો એવો પ્રસંગ ન આવે, એ જ સારું. એમ કરતાં પ્રજાપાળનો મુકામ આવ્યો. તે અંદર જઇને મોટી અદબથી રામરામ કરીને ઉભો રહ્યો. પ્રજાપાળે તેને બેસવાનું કહ્યું. તે દરમ્યાન વીરમલ લાખાને જોઇને રાજપાળે પોતાના બંધુને જણાવ્યું કે, "જે દિવસથી મેં આને સ્વારની નોકરીમાં દાખલ કર્યો છે, તે દિવસથી એ એક નિષ્ઠાથી કામ કરે છે. તેથી તેને હું હંમેશાં મારી પાસે જ રાખું છું. વળી તેની સોબતને લીધે મારો વખત પણ ઘણા આનંદમાં જાય છે. તેની સાથે હું કદી પણ નોકર પ્રમાણે વર્તતો નથી. કેમ કે તે આપણું જેમ કોઈ ખરા અંતઃકરણનું અથવા આંતરડાંની સગાઇનું માણસ હોય તેમ પોતાના મનની લાગણીથી કામ કરે છે. એટલું જ નહીં પણ તે દરેક કામમાં વખતો વખત મને મદદગાર થઇ પડે છે. તેને માટે હવે વધારે હું શું કહું? પણ તે બહુ જ ગુણવાન છે. તેથી તે સદાકાળ આપણી પાસે જ રાખવા લાયક માણસ છે, એમાં કાંઈ સંશય જ નથી."

આવી રીતે રાજપાળના મુખથી પોતાની પ્રશંસા સાંભળીને વીરમલે જણાવ્યું કે, "આપે મને આશરો આપીને નોકરીએ લગાડ્યો, એટલું જ નહીં પણ પોતાના સગા ભાઈની માફક મને રાખ્યો છે. મારાથી કોઈ પણ પ્રકારની જુદાઇ ગણી નથી. અને કોઈ પણ કામમાં મારી સલાહ લીધા શિવાય આપ કાંઈ કરતા નથી. તેમ જ કેટલીક-

વાર તો મારા કહેવાનું માન રાખીને આપે કાંઈ ગુનેગાર છતાં પણ તેના ઉપર દયા કરી છે. આપ મોટા ખાનદાન કુટુંબના કુલવાન ગૃહસ્થ છો. તે જ પ્રમાણે આપના વિચાર પણ મોટાઈના જ છે, તેથી આપે મારી અલ્પ સેવા માન્ય કરી, એ જ મારા ઉપર મોટી મેહેરબાની થઈ. તે શિવાય આવી તારીફ કરવા લાયક તો મારે હાથે કાંઈ કામ થયું નથી."

પ્રજાપાળ આવી વાતો સાંભળીને ઘણો ખુશી થયો અને બોલ્યો કે, "જ્યારે એ આવી સારી લાયકીવાળા માણસ છે ત્યારે તેમને આખી જીંદગીભરને માટે આપણે ઘેર જ રાખવાને શી હરકત છે? તેવા માણસ જગતમાં શોધ્યા પણ મળતા નથી. ખરી રીતે જોતાં આપણે ઘેર પણ આવા માણસની ઘણી જરૂર છે; માટે ઈશ્વરે જ આપોઆપ આવો પ્રસંગ મેળવ્યો છે, તે બહુ સારી વાત છે."

એવી વાતચિત થાય છે એટલામાં કર્નલ ઓનર સાહેબ તરફથી રાજપાળને વાકીદે બોલાવી લાવવા માટે ખાસ માણસ આવ્યો એટલે તે ત્યાં જવાને માટે નીકળ્યો, અને જતી વખતે પ્રજાપાળને કહ્યું કે, "સાહેબની પાસે આખો દિવસ આમ ફેરા ખાવા પડે છે, તેમાં કાંઈ છુટકો નહીં. તો પણ ફુરસદ મળશે ત્યારે આપના તંબુ ઉપર આવતો જઈશ, અને આપને ફુરસદ મળે ત્યારે આપ પણ અમારા મુકામ તરફ આવજો." એટલું કહીને તે વીરમલ લાખાને સાથે લઇને પોતાના મુકામ ઉપર આવ્યો. કપડાં વગેરે ઠીકઠાક કરીને પોતે કર્નલ સાહેબના તંબુમાં ગયો.

પ્રકરણ ૩૭ મું

રાજબાનો આનંદ

પથાજી આખે રસ્તે વિચાર કરતો અને ખુશી થતો થતો ઘેર આવ્યો. તેને આવતો જોઇને જોધા કુંભાણી ઘણે દૂરથી તેના સામું જોઈ રહ્યા હતા. તેણે ઘરમાં આવીને જોડો કાઢ્યો, એટલામાં જોધા કુંભાણી જરા હસીને બોલ્યા કે, "કેમ ભાઈ! કાંઈ બહુ ખુશી થતા થતા આવો છો? એટલી બધી શું નવા જુની છે?"

પથાજી–"શું કહું બાપા! તમારી પુન્યાઈથી આપણા કુળની કીર્તિ બહુ પ્રકાશી નીકળશે અને રાજબા ઘણી ભાગ્યશાળી નીવડશે." એમ કહીને તે પાસે આવીને બેઠો. એટલામાં ઘરનાં બધાં માણસો પણ આજુબાજુ જ્યાંનાં ત્યાં ઉભાં રહ્યાં, તેની માતા પણ તરત પાસે આવી અને રાજબા પ્રસન્ન મુદ્રાથી આતુરતા સાથે પરસાળની જાળીમાં આવીને જોતી ઉભી. તેની સાથે વહુઓ પણ ઉભી રહીને ત્યાંથી જોવા લાગી.

જોધાજી–"શું તું છાવણીમાં જઈને આવ્યો? શું થયું ત્યાં? રાજપાળની મુલાકાત થઈ? જે બન્યું હોય તે હકીકત કહે તો ખરો!"

પથાજી–"પહેલાં તો મેં છાવણીમાં જતાં બરોબર હવાલદાર, નાયક, સુબેદાર, રિસાઈદાર, રિસાલેદાર વગેરે અમલદારો ભેગા થઇને બેઠા હતા ત્યાં જઇને પૂછ્યું કે, "ભાઈ! આપણા લશ્કરમાં રાજપાળ કોણ છે? અને તે કયાં છે?" એક સુબેદારે કહ્યું, "તમે મોટા ગોંડળના લશ્કરના અમલદાર થઇને આવ્યા છો; અને રાજપાળજીને હજુ જાણતા નથી? ત્યારે તમે શાની અમલદારી કરો છો? બીજા રિસાલદારે ટાપસી

પુરી એવા રજવાડી લોકોને શું ખબર કે સૂર્ય ક્યાં ઉગે છે અને ક્યાં આથમે છે ? જ્યાં ત્યાં નોકરી કરતાં દિવસ જાય એટલે થયું !"

પથાજી—"ના, ના, છેક એમ તો શું ? પેલા બહાદુર જાણભેદુઓને હું જાણું છું; પણ તેમની અને મારી મુલાકાત જ થયેલી નથી, તેથી નામ ઠામથી બરોબર જાણતો નથી." સુબેદારે મને કહ્યું કે," શું જાણતા નથી ? આ સઘળા એકંદર લશ્કરના જુદા જુદા અમલદારોના ઉપરી અમલદાર કર્નલ ઓનર પાસે જે મુખ્ય કર્તાહર્તા છે તે જ રાજપાળજી ! તેઓ ગીરમાં આવેલા સુરપુરાના મોટા નામાંકિત જહાગીરદાર છે.'

શંભુ જમાદાર—"તેમના જેવો આપણા આટલા બધા લશ્કરમાં કોઈ શૂરવીર નથી. તેમ જ તેઓ એવા ઉત્તમ લડવૈયા છે કે, તેમની સામે ગમે તેટલી તરવારો તથા બીજાં હથિયારો ચાલતાં હોય તો તે પણ કોઈ કામ કરી શકતાં નથી."

રિસાલદાર—"વળી તે એવા બુદ્ધિવાન્ છે કે, આ બળવાના બંદોબસ્તના સંબંધમાં જે કાંઈ તજવીજો થાય છે તે તેમની સલાહ પ્રમાણે જ થાય છે. મોટા મોટા સાહેબ લોકો વગેરે રાતના મસલત કરવા ભેગા થાય છે, ત્યારે રાજપાળની સલાહ શિવાય તો પગલું પણ હાલતું નથી, અને તે જે યોજના બતાવે છે તે બરોબર ફતેહમંદ જ નીવડે છે."

સુબેદાર—"ખારડાના ડુંગરના હુમલાની એકંદર યોજના તેમણે જ કરી હતી; અને સરકાર જે આજસુધી યશ મેળવતા આવ્યા છે તે સઘળા તેમના જ પ્રતાપ છે. અહો ! તેમની બહાદુરીનાં શું વખાણ કરવાં ?"

શંભુ જમાદાર—"બળવાના આરંભમાં એ વીરપુરુષે જે કિલ્લા પાસે તરવાર ચલાવી હતી. તે જોઇને હજારો માણસ છક થઈ ગયા હતા. સઘળા વાઘેરો પણ ચકિત થઇને ચારે તરફ નાસવા લાગ્યા હતા. એટલામાં તો તેણે કેટલાકનો ઘાણ કાઢી નાંખ્યો. અમે પણ તેની બહાદુરી જોઇને તદન સ્તબ્ધ જ થઈ ગયા હતા !"

રિસાલદાર—"એવી તો એ રાજપાળજીએ ઘણી જગાએ હથિયાર બાજીથી વાઘેરોને નસાડ્યા છે અને આખરે વિજય મેળવ્યો છે."

સુબેદાર—"સાહેબ પોતે જ કહેતા હતા કે આવા પુરુષો જગતમાં થોડા જ જન્મ લેતા હશે. આ તો એની માએ એને એક જ જણેલો મેં જોયો. આજ સુધીમાં આવો શૂરવીર તથા બુદ્ધિવાન્ પુરુષ મેં બીજો જોયેલો જ નથી. તેને માટે સાહેબ શ્રીમંત મહારાજા સાહેબની હજુરમાં ખાસ ભલામણ કરવાના છે. કેમ કે તેમણે પોતાના બાપ દાદાનું નામ રાખ્યું છે. અર્થાત્ તેમના બાપે જેવી રીતે કાઠીઆવાડ સર કરવામાં સરકારને મદદ કરીને મોટી જહાગીરો મેળવી છે. તેથી પણ વધારે બહાદુરી આજે રાજપાળજીની વખણાય છે.'

પથાજી—"એવા ખાનદાન કુળમાં જ હીરાની પેદાશ થાય અને તે જગતમાં પ્રકાશી નીકળે, એમાં શું નવાઈ છે ?"

સુબેદાર—"પથાજી ! એ ખાસ મુલાકાત કરવા લાયક માણસ છે; અને આખા કાઠીઆવાડમાં અવશ્ય ઓળખાણ રાખવા લાયક કહીએ તો પણ ચાલે."

પથાજી—"મારો વિચાર પણ તેમને ખાસ મળવા જવાનો છે; કેમકે મારે થોડું તેમની પાસે કામ છે."

રિસાલદાર–"જાઓ ત્યારે કર્નલ ઓનર સાહેબના તંબુ પાસે જ તેમની રાવટી છે."

"આવી રીતે છાવણીમાં વાતોચિતો થયા પછી તરત જ મેં તેમને ઓળખ્યા અને સિધો તેમના તંબુ તરફ જ ગયો. તે વખતે તેઓ મુકામ ઉપર હતા નહીં, પણ તેઓ કેપ્ટન બાર્ટન પાસે ગયાની ખબર મળી. તે ઉપરથી હું ત્યાં ગયો. આ વખતે હું કહેતો હતો તે બન્ને જાણુભેદુઓ વાતો કરતા બેઠા હતા, તે બન્ને મને તો સગાભાઈ જેવા લાગ્યા. પણ શું તેમની લાયકી! તેમણે બન્નેએ મને માન સાથે સત્કાર કરીને બેસાડ્યો. એટલે પ્રથમ મોટાની સાથે મારી થોડી વાતચિત થઈ. તેમાં તેમણે મને તમે કોણ, કયાંના, વગેરે હકીકત પૂછી. તે વખતે મેં આપનું નામ દીધું અને ગોંડળ રાજ્ય તરફથી લશ્કરી ટુકડી લઇને આવ્યાનું જણાવ્યું. તે પછી તેમણે રાજપાળજીને આપની ઓળખાણ સંબંધી સવાલ કર્યો. તે વખતે તેમણે જરા ખંમચાઇને જણાવ્યું કે, તેઓ મને બેટમાં મળેલા હતા. આ વખતે મને અત્યંત આનંદ થયો; અને હું પણ મોટા વિચારમાં પડી ગયો. તે દરમ્યાન તેઓ નીચું જોઇને વિચાર કરતા હતા. હું પણ તે ચિકિત્સા ઉપરથી કેટલુંક સમજી ગયો અને તેમને આપની મળવાની ઈચ્છા જણાવી. તે સાંભળીને તેમણે એવા વિનયથી જવાબ આપ્યો કે, મેં તેમને મારા મનથી જ ધન્યવાદ આપ્યો. તેમણે ઘણી ખુશીની સાથે આપની પાસે મળવા આવવાનું જણાવ્યું. તે ઉપરથી તેમની આપના તરફ ઘણી જ પૂજ્ય બુદ્ધિ માલમ પડી. વળી વધારામાં મેં જણાવ્યું કે, તેઓ પોતાના કુટુંબ સાથે આવેલા છે. તેના જવાબમાં તેમણે જરૂર આવવાનું કહ્યું અને ઘરના મુકામનું ઠેકાણું પૂછી લીધું, પણ મેં કહ્યું કે, હું આપને બોલાવવાને આવીશ. તે ઉપરથી તેમણે આપની પાસે આવવાનું કબુલ કર્યું છે અને આપ કહેશો ત્યારે તેમને તેડી લાવીશ.''

આ સઘળી હકીકત સાંભળીને પોતાની માતા તથા વડીબાઈ વગેરેના મુખ ઉપર ખુશાલીની તેજી આવેલી માલમ પડી અને પોતાના પિતા જોધા કુંભાણી તો સાનંદાશ્ચર્યમાં ગરકાવ થયેલા દેખાયા. તો પણ તે બોલી ઉઠ્યા કે, "મોટાની વાતો મોટી છે. ઈશ્વર તેમનું કલ્યાણ કરો. પણ હવે આપણે શું કરવું?"

પથાજી–"શું કરવું શું? બાપદાદાની ભેગી કરેલી લક્ષ્મી વાપરવી અને રાજબાને પરણાવવી. તેમાં વિચાર શો કરવાનો છે?"

વડીબાઈ–"વાહરે ભાઈ વાહ! શું સારું ઠેકાણું શોધી આણ્યો છે! તમારી સાત પેઢીની કીર્તિ વધશે અને સૌ સારાં વાનાં થશે; પણ એકવાર મારા દેખતાં રાજબાનું લગ્ન કરી નાખો, એટલે પછી મને કાંઈ બીજી ઇચ્છા બાકી રહી નથી."

જોધાજી–"હવે તેમણે રાજબાને માટેનું માગુ સ્વીકારવું જોઇએ, એટલે આપણે તો તૈયાર જ છીએ, કાંઈ વાર નથી. પણ તું એમને હવે કયારે મારી પાસે તેડી લાવીશ? પાછી એમને પણ ફુરસદ હોવી જોઇએ કે નહીં? રાજબાને મુકવા આવ્યા ત્યારે આપણે ઘેર એક જ રાત રહીને ચાલ્યા ગયા છે."

પથાજી–"હું એમની ફુરસદ જોઇને એક બે દિવસમાં તમારી પાસે લાવીશ અને તમારી પુન્યાઈથી સર્વ સારું જ થશે."

આટલી વાત કરીને પથાજી ત્યાંથી ઉઠયો અને હસતાં હસતાં કહેવા લાગ્યો કે, કયાં ગયાં અમારાં વાલીબેન? એમ કરીને તે ઘરમાં જાય છે તો જાળી પાસેથી વહુઓ તથા રાજબા આમ તેમ વેરાઈ જવા લાગ્યાં. પણ પથાજીએ રાજબાની પાસે જઇને પૂછ્યું કે, "કેમ બેન! અમારી સાથે બોલશો કે નહીં? તમે તો બહુ જ મોટાં માણસ દેખાઓ છો!"

રાજબાના અંતઃકરણમાં આ વખતે અનહદ આનંદ ઉભરાયો હતો અને મુખ ઉપર લાલી ચમકી રહી છે. મંદમંદ હસવું પણ આવે છે. તેની સાથે પથાજીનું આવું અટકચાળું બોલવું સાંભળીને લાજ આવી અને કાંઈ બોલ્યા ચાલ્યા વગર મેડે એકાંતમાં ચાલી ગઈ.

પથાજી–"બેન! એમ નાસી શું જાઓ છો. જરા વાત તો કરો. તમે કાંઈ રાજપાળજીનું વચન બચન લીધું છે કે નહીં? જો તમે તમારું પાકું કર્યું નહીં હોય તો અમારું બધાનું તે કેમ માનશે? જે હોય તે મને વાત તો કરો. એટલે કાંઈ સમજ પડે." એવું બોલતો તે પોતાની માતા પાસે જઇને બેઠો.

રાજબા પોતે એકલી ઉપર જઇને બેઠી હતી. તેણે પોતાના મનથી પ્રિયતમ માનેલા રાજપાળની બહાદુરીની કીર્તિ સાંભળીને તેની છાતી હર્ષથી ભરાઈ આવી અને અદ્ભુત આનંદ થયો. પોતાના મન સાથે તે કહેવા લાગી કે, 'વાહરે મારા રાજપાળ! તમે આવા મોટા માણસ છો અને તમારી કીર્તિ આવી તેજસ્વી છે, તે તો મેં જાણ્યું જ નહીં. જ્યારે મારા ઉપર મોટો ઉપકાર કર્યો અને મને સારી રીતે સંભાળીને ઘર સૂધી મુકી ગયા, ત્યારે છેવટ સૂધી તમે આવા યશસ્વી મહાપુરુષ છો, એમ તો હું કહી શકી જ નહીં. આ બધી મારી અક્કલ બહારની વાતો છે. તે મારી કલ્પનામાં પણ શી રીતે આવે? અહો! પણ મારો બચાવ કરવાને માટે જ કેવું મોટું જીવ ઉપરનું સાહસ કર્યું? જો કદાચ તે વખતે મને તેમણે સહાય કરી હોત નહીં તો હું આ દુનિયામાં હતી ન હતી થઈ જાત. પરંતુ મને જીવતદાન આપ્યું, એ કાંઈ સાધારણ વાત નથી. હું મારો દેહ ખરા અંતઃકરણથી તેમને જ અર્પણ કરી ચુકી છું અને મારા ઉપરના ઉપકારનો બદલો બીજી કોઈ રીતે વાળી શકાય તેમ છે જ નહીં. જ્યારથી એ પુરુષનો મને સ્પર્શ થયો અને મારો હાથ ઝાલીને મહાસાગરમાંથી પણ તારી તેવી રીતે આ સંસારસાગરમાંથી તારે, એટલે હું મોટી ભાગ્યશાળી જ ગણાઉં. આવું આપણું ભાગ્ય કયાંથી હોય? પણ પરમેશ્વરે જ એ આફતમાંથી બચાવીને આજે આ આનંદનો દિવસ દેખાડ્યો! આવો ભરથાર દેશેદેશ શોધતાં પણ મળે નહીં. બસ. આપણે તો એમની સાથે જ વરી ચુકયાં છીએ. પરંતુ માતાપિતાના રૂઢિરિવાજની બાકી રહી છે. તે જો અડચણ હોત નહીં તો કયારનુંએ મેં તેમનું મન સંપૂર્ણ રીતે વશ કરી લીધું હોત. તથાપિ ધર્માચારની આડે આપણાથી કેમ અવાય? તેમાં આપણા કુળની આબરૂ નહીં અને હજુ શું બગડી ગયું છે? જે થવાનું તે બધું હવે રીતસર જ થશે. એ બધી વાત તો ખરી; પણ હમણાં મોટા ભાઈ કહેતા હતા તેમ આપણે તેમનું સ્પષ્ટ વચન લીધું નહીં તે આપણે ભૂલ કરી છે. આપણે તેમની પાસે વચન લેવું જોઇતું હતું. જો કદાચ તે એમ કહેશે કે,

મેં તો એ અબળાનો જીવ બચાવવાને માટે જ એટલી બધી ખટપટ કરી હતી. મારી કાંઈ બીજી તેવી ઇચ્છા નથી. હાય હાય! જો તેઓ એવું બોલે તો મારા ખરેખરા ભોગ જ લાગે. દુનિયામાં મારે તો બીજો એક આરો જ રહે નહીં. આ દેહ હવે બીજા કોઇને તો અર્પણ થાય જ નહીં.' આવા વિચારમાં તેને થોડી ગ્લાનિ આવી ગઈ અને મુખ ઉપર કાંઇક દિલગીરી દેખાવા લાગી. તે ઉપરથી તેના મનમાં મોટી ભાંજગડ આવી પડી; અને હવે તેનું પરિણામ કેવું આવશે તેને માટે જૂદી જૂદી શંકાઓ ભરેલી કલ્પનાઓ થવા લાગી. તેથી તેનું મન ઘણું જ ગુંચાઈ ગયું. તોપણ વળી પાછો મનમાં વિચાર કર્યો કે, 'હશે; જો તેઓ નાકબુલ કરશે તો હું તેમની પાસે જ મારો જીવ કાઢીશ; પણ મનોનિશ્ચયમાં હવે કાંઈ ફેરફાર થાય નહીં. અરે, પણ તેમનું લગ્ન થયેલું તો નહીં હોય? કોણ જાણે? તે પણ આપણે કાંઈ પૂછી લીધું નહીં. હું કેવી ગાંડી. મેં મારી બધી હકીકત તેમને કહી, પણ તેમની વાતો કાંઈ જાણી લીધી નહીં. ગમે તેમ હશે. તોપણ એટલી વાત તો ખરી કે, તેઓ મારા તરફ પ્રેમની નજરે જોતા અને બહુ જ મમતા રાખતા હતા. તે ઉપરથી તેઓ નાકબુલ કરે, એમ તો મને લાગતું નથી. પછી તો ઈશ્વર જાણે! હે દ્વારકાધીશ! જો મારી મનઃકામના પૂર્ણ થશે તો હું તમને સવાશેરનો શીરો ધરાવીશ. તમે તેમના હૃદયમાં તેવી પ્રેરણા કરજો. હે પ્રભુ! મારે તો તમારો જ આશરો છે અને તમારે જ ભરુંસે રહેલી છું; માટે જરૂર તમે મને સહાય કરજો. હે લક્ષ્મીજી! આ તમારી બાલકીની મનની આશા પુરી કરજો. હું તમને એક જોડો લુગડાં ચડાવીશ. હે શંકર પાર્વતી! તમે તો આખા વિશ્વનાં માતાપિતા છો. તમને એક નારિયળ વધેરીશ, પણ રાજપાળના મનને મારા તરફ વાળજો. હે જગદંબે! તમારો થાળ કરીને નૈવેદ્ય કરીશ તથા હવન કરાવીશ, બ્રાહ્મણ જમાડીશ, પરંતુ મારી મન ધારી ઇચ્છા પુરી કરજો.'

એવા એવા વિચાર કરતી બેઠી છે એટલામાં પાછળથી પથાજી આવ્યો અને બોલ્યો કે, "કેમ બેન! કયારનાં શું વિચારમાં પડ્યાં છો? એ તો અમે જાણ્યું કે તમે રાજપાળજીને પસંદ કર્યા છે; અને તે સંબંધી અમે આટલી બધી ખટપટ કરી રહ્યા છીએ. તમારે શું ફીકર છે? તમે તો મોટા રાજાનાં રાણી થશો. તેમની જાગીર એક રાજા જેવા તાલુકદારથી પણ વધારે છે. અને વળી હમણાં જે મળશે તે જૂદું જ! એ તો ઠીક, પણ વાલી બેન! અમારા ઉપર રહેમ નજર રાખશો કે નહીં? વખતે સાસરે જશો એટલે અમને ભુલી જશો અને સામું પણ જોશો નહીં. તમારી શું વાત થાય?"

રાજબા આમ ઓચિંતો પાછળથી પથાજીને આવેલો જોઇને એકદમ ચમકી; પણ પાછળથી તેનું બોલવું સાંભળીને આનંદ થતાં હસવા લાગી અને બોલી કે, "મોટા ભાઈ! તમે મારાથી મોટા થઈને આવું શું બોલો છો? મને શરમ આવે છે; તેથી ઉપર એકલી આવીને બેઠી; ત્યાં પણ તમે પાછળ છો જ. એવું શું વારુ બોલતા હશો? જાઓ, તમે તમારે નીચે જઇને બેસો. મારું શું કામ છે?"

પથાજી–"શું કામ છે શું? પરમ દિવસે રાજપાળજીને જમાઈ તરીકે જમવા

તેડવાનું ઠર્યું. હવે તમારા લગ્નની તજવીજો ચાલવા લાગી. શું વાત કરો છો? આમ અત્યારથી જ અમને પાસેથી નીચે કાઢી મુકો છો, ત્યારે સાસરે જશો તે વખતે તો ઓળખાણે નહીં રાખો! શી આ તે આજથી આટલી મગરૂરી?"

રાજબા–"શું મોટા ભાઈ તમે આવું બોલતા હશો? હું તો મારે પેલા મેડામાં જઈને બેસું છું, ત્યાં તમે આવશો નહીં."

પથાજી–"શું છે? હજુ રાજપાળજીની રાણી થતાં પહેલાં જ એકાંતમાં પડદે-નસીન થાઓ છો કે શું? પણ ત્યાં અમને સુદ્ધાં આવવાની મનાઈ? હશે; ચાલો, હજુ વાર છે એવી સાહેબી કરવાની! બા નીચે બોલાવે છે; અને બધાં શોધે છે કે રાજબા પાછી કયાં ખોવાઈ ગઈ! જો કદાચ એમ ગુમ થઇ જશે તો રાજપાળજીને શું જવાબ આપીશું? એ મોટી ફીકર થઈ પડી છે; માટે નીચે ચાલો, થાઓ આગળ!"

ભાઇ બેન બન્ને ઉપરથી નીચે આવે છે અને નિત્ય વ્યવહારમાં લાગે છે. તો પણ વહુઓ વગેરે બધીઓ રાજબાની ઠઠ્ઠા મશકરીઓ કરવા લાગી. તે રાજબાને મનથી સારું લાગવા છતાં ઉપરથી ચિડાયા કરે છે.

પ્રકરણ ૩૮ મું

ભાઇઓની વાતો

આ સમયે કર્નલ સાહેબ આરામ ખુરસી ઉપર પડ્યા પડ્યા ચિરુટના ધુમાડા કાઢતા હતા. રાજપાળે આવીને સલામ કરી એટલે સાહેબે સવાલ કર્યો કે, "વાઘેર કેદીઓ પાસેથી બળવા સંબંધી કાંઈ મૂળ કારણો મળી આવે છે કે?" રાજપાળે જવાબ દીધો કે, "નહીં સાહેબ! કાલે મેં જે હકીકત આપને જણાવી, તેના કરતાં કાંઈ વધારે નીકળી આવતું નથી. આજે પણ કેટલાકના જવાબ થયા છે, તેમાં સઘળાની એક સરખી હકીકત આવે છે." વળી સાહેબ બોલ્યા કે, "અહા, ઠીક સાંભરી આવ્યું. આપણે પેલા બુઢ્ઢાને કેદ કરીને મોકલ્યો હતો તે શું કહે છે? તેની સફેત દાઢી મુછો તથા શરીરની કાંતિ ઉપરથી તેની વયને માટે વિચાર કરીએ તો, મને તેની ઘણી દયા આવે છે અને તેના સંબંધમાં પૂજ્ય ભાવના થાય છે. આવો છેક ડોસો થયેલો આ બળવામાં કેવા રીતે દાખલ થયો? તેની તો હું કાંઇ કલ્પનાજ કરી શકતો નથી." રાજપાળે કહ્યું કે, "હું તેની સાથે ઘણીવાર વાતો કરતો બેઠો હતો અને કાંઈ નવી હકીકત જાણવામાં આવે, એવી બહુ તજવીજ કરી; પરંતુ તે માત્ર એટલું જ કહે છે કે ત્રણ માસ પહેલાં હું ચોટિલા ગામે રહેતો હતો અને ઘોડાનો વેપાર કરીને ઈશ્વરના ભજનમાં દિવસ ગાળતો હતો. તે શિવાય કાંઈ વિશેષ હકીકત નીકળતી નથી. તો પણ તે પોતાની જીંદગીથી કંટાળી ગયો હોય, એમ તેના બોલવાના ઝોક ઉપરથી જણાય છે."

સાહેબ–"રાજપાળજી, તમેજ વિચાર કરો કે તેની વય સુમારે એંશી વર્ષથી વધારે મને લાગે છે. તેના શરીર ઉપર વૃદ્ધકાળની અવસ્થાને અનુસરીને ચામડીની કરચલીઓ વળી ગઈ છે. તો પણ તેનો ચહેરો ભવ્ય, ગંભીર અને શાંત દેખાય છે. બીજા બધા વાઘેરો વગેરે પોતાનાં વતનોને માટે બળવામાં સામેલ થયાનું કહે છે તે

કલ્પનાથી માનવા લાયક લાગે છે, કેમકે તેઓ પોતાના જવાબમાં જે પોતાની માગણીઓ જણાવે છે, તે ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે. પરંતુ આ ડોસાની કાંઇ તેમના જેવી માગણી નથી. ઉખામંડળમાં તેનું કાંઈ વતન નથી. તેમ જ ઘરબાર પણ નથી. ત્યારે તે બળવામાં શા કારણથી દાખલ થયો? કદાચ કાંઈ વધારે મેળવવાની તેની ઇચ્છા હોય, એમ માનીએ તો તે તેની વયના પ્રમાણમાં યોગ્ય લાગતું નથી. ત્યારે પછી આપણા દેશનો ઉત્કર્ષ થવો જોઇએ અને આપણા સર્વ ભાઇઓ સુખી થવા જોઇએ, તેને માટે પોતાનો દેહ સત્કાર્યાર્થ ઉપયોગમાં આવે તો સારું, એવો જ કાંઈ તેનો હેતુ હશે. તે શિવાય બીજો કાંઈ તર્ક તેને માટે ચાલતો નથી."

આ પ્રમાણે સાહેબના બોલી રહ્યા પછી રાજપાળ કહેવા લાગ્યો કે, "જોઇએ, હવે કાલે તે પોતાના જવાબમાં કાંઈ વધારે હકીકત કહે છે કે નહીં?" એવી રીતે વાતો કરીને, કાલે શું શું કામો કરવાનાં છે, તે સર્વ સાહેબને પૂછી લઇને રાજપાળે રજા લીધી અને કાલે કામની તપાસ વખતે હાજર થઇશ, એમ કહેતાની સાથે સલામ કરીને પોતાના મુકામ તરફ ચાલવા લાગ્યો. એટલામાં સાહેબ કહેવા લાગ્યા કે, "ઘણું કરીને કાલે એકંદર તપાસનું કામ પુરું થશે. તે વખતે મારે પણ કોર્ટમાં કેટલીક હકીકત જણાવવાને માટે આવવાનું છે, અને જે લોકોએ લડાઈમાં બહાદુરીનાં કામ કર્યાં છે તેમને માટે હજુરને ખાસ ભલામણ કરવાની નોંધ કરાવવાની છે." રાજપાળે તે જરા અટકીને સાંભળી લીધું અને સાહેબને ફરી સલામ કરીને પોતાની રાવટીમાં આવ્યો.

કેટલીકવાર પછી ફરતો ફરતો અજપાળ પણ ત્યાં આવી પહોંચ્યો. તે વખતે છાવણીમાં બધે દીવા થઈ ગયા હતા. કેટલાક સિપાઇઓ અને સ્વારો તાપણી પાસે બેઠા બેઠા તાપતા હતા, ત્યારે કેટલાક રસોઈ કરવાના કામમાં ગુંથાયલા માલમ પડતા હતા. રાજપાળે કહ્યું કે, "મોટાભાઇ! રસોઈ તૈયાર થઇ છે, માટે ચાલો આપણે જમી લઇએ. અમારો વીરમલ બહુ સારી રસોઇ કરે છે, તે તો જુવો!" એટલે અજપાળ ત્યાં જમવાને માટે રહ્યો. અને બન્ને ભાઈ સાથે જમવા બેઠા. વાતો કરતાં કરતાં દ્વારકાના ટોકરાનંદ સ્વામિના મઠની વાત નીકળી; ત્યારે તે મઠમાં શું શું જોયું તે રાજપાળે પોતાના મોટા ભાઇને પૂછ્યું.

અજપાળ—"મઠ તો બરોબર જોવામાં આવ્યો નહીં, પરંતુ સ્વામિની કીર્તિ ઘણી સાંભળવામાં આવી. તેઓ મહાવિદ્વાન્ છે એટલું જ નહીં પણ તે મોટા રાજકારસ્તાની પુરુષ પણ છે. તથાપિ હવે સંન્યાસ લીધા પછી તેમણે જગતની ભાંજગડો શા માટે કરવી જોઇએ, તે કાંઈ મને સમજ પડતી નથી. સઘળા સાધુઓ તથા સંન્યાસીઓ સંસારથી કંટાળીને મુંડાવે છે, એમ કાંઈ નહીં; પરંતુ કેટલાકના અંતર હેતુઓ તદ્દન જુદા જ હોય છે. ભગવાં વસ્ત્ર જોયાં, એટલે તેમને સઘળા લોકો માન આપે છે. તે પ્રમાણે નિરપેક્ષ બુદ્ધિથી લોકોને તેમના હિતની વાતો કહેવાને કાંઈ હરકત નથી. એકાદ વખત કોઈ મોટા અમલદાર લોકોને કાંઈ કહે, તેના કરતાં આવી ત્યાગી અવસ્થાના માણસોના કહેવાની અસર લોકોના મન ઉપર વધારે થાય છે અને તેનું મુખ્ય કારણ એ જ કે, તે લોકોએ કેવળ સ્વાર્થત્યાગ કરેલો હોય છે."

રાજપાળ-"રવે જાતના લોકોમાંથી આવા સાધુઓ થયેલા છે અને થાય છે. પરંતુ હાલના સમયમાં તેમનો શું ઉપયોગ? આજે શંકરાચાર્ય મોટા જગદ્ગુરુ કહેવાય છે, પરંતુ તેઓ આવાં કિયાં લોકોપયોગી કામો કરે છે?"

પ્રજાપાળ-"આજ સુધીમાં રાજ્ય-બદલાના કેટલાક પ્રસંગ આવ્યા છે. તેવે વખતે ધર્મના રૂપમાં શંકરાચાર્ય જેવાએ જ લોકોના મનનું સમાધાન કર્યું છે, અને તેમના મનમાં ધર્મ સંબંધી જાગૃતિ કરતા આવ્યા છે. પરંતુ આજકાલ વેદધર્મના કરતાં બીજા આઠ માર્ગની સત્તા આપણા દેશમાં ઘણી વધી ગયેલી છે, તેથી કરીને શંકરાચાર્યના મઠનું પ્રબળ હવે પહેલાંના જેવું રહેલું નથી. ધર્મને નામે અનેક પંથ નીકળેલા છે. તેથી વેદધર્મનું બંધન ઘણું જ નરમ થઈ ગયું છે, અને ઘણા પેટા ધર્મ નીકળવાને લીધે અન્યોન્ય દ્વેશભાવનો જ માત્ર વધારો થયેલો છે. ધર્મના સંબંધમાં અથવા બીજી કોઈ રીતે કોઈ પણ બાબતમાં લોકો સંપ શું, તે સમજતા જ નથી. ત્યારે પરદેશી લોકો સત્તાધીશ છે. તેઓ પોતાના ધર્મના ફેલાવા માટે અનેક પ્રયાસ કરતાં લાખો રૂપિયા ખરચ કરે છે."

આ વખતે રાજપાળે કહ્યું કે, "એ બધીએ વાત ખરી છે, પણ આપણા દેશી રાજવંશીઓ અને રાજા રજવાડાઓ આવા પરધર્મનો આપણા દેશમાં શા માટે ફેલાવો થવા દે છે?"

પ્રજાપાળ-"આ બાબતમાં તેમનો કાંઈ ઇલાજ નથી. હાલમાં જે કેળવણી આપવામાં આવે છે તે કેવળ જૂદા જ વલણ ઉપર છોકરાંને લઈ જાય છે. તેમાં દિવસાનુદિવસ પરરાજ્યની સત્તા વધતી જતાં દેશી રાજાઓ પોતાની સત્તા ગુમાવતા આવ્યા છે. કારણ કે અમલદારોની મરજી સંપાદન કરવી અને તેમને ખુશી રાખવા, એજ આપણું મુખ્ય કર્તવ્ય છે, એમ તેઓને લાગે છે. પરંતુ આ પેચ કેવો છે, તે સમજીને તેમાંથી તેમને છુટતાં આવડતું નથી. કેમ કે તેમની પાસે કોઈ ખરા મુસદ્દી હોતા નથી. આવા ઐશ્વર્યમાં આપણા દેશી રાજા મહારાજાઓ અને તાલુકદારો તથા જહાગીરદારો મૌજ મજા કરે છે અને તેમાં જ તેઓ આનંદ માને છે; પરંતુ સ્વતંત્રતા એટલે શું? લોકસત્તા કેવી રીતે જાગૃત થાય, તેમાં સ્વાર્થત્યાગ કેટલે દરજ્જે કરવો પડે છે? એની કલ્પના કોઇને પણ આવતી હશે કે નહીં તે શંકા જ છે." આટલું પ્રજાપાળ બોલી રહ્યો એટલે રાજપાળે કહ્યું કે, "ત્યારે પછી એકંદરે દેશનાં દુર્ભાગ્ય જ સમજવાં જોઇએ. હશે; જવા દ્યો આવી ભાંજગડો આપણે શું કરવા જોઇએ. "ધણીને સુઝ્યું તે ઢાંકણીમાં અને પાડોસીને સુઝ્યું તે આરસીમાં." એવી રીતે કહીને એ રાજપ્રકરણી વિષય પુરો કર્યો, અને જમી ઉઠ્યા પછી ઘરસંબંધી વાતો કાઢી."

પ્રજાપાળે પૂછ્યું કે, "ઘરની કાંઈ ખબર અંતર આવી છે કે શું?" ત્યારે રાજપાળે જવાબ આપ્યો કે, "હા, એક સ્વાર મેં મોકલ્યો હતો તે આજે જ પાછો આવ્યો છે. ઘેર સર્વ કુશળ ખેમ છે." તે ઉપરથી પ્રજાપાળે જણાવ્યું કે, "મને લાગે છે કે હવે બળવાની સમાધાની થઈ ગયેલી છે અને ચારે તરફ શાંતતા ફેલાઈ છે. ત્યારે આ વખતમાં બાને અહિંયાં જ તેડાવવી, એવું મારા મનમાં આવે છે. કેમ કે દ્વારકા તથા

બેટના મંદિરોની ફરીથી સ્થાપના થશે, તે સમારંભ પણ તેના જોવામાં આવશે. બળવાની ધામધુમમાં ઘણા પરધર્મીઓએ દેવસ્થાનો બીલકુલ ભ્રષ્ટ કરી નાંખ્યાં છે. તેથી હવે ધર્મિષ્ઠ લોકોની અને સરકારની ફરજ છે કે, તેની પહેલાંની પેઠે સ્થાપના કરવી અને તે થશે જ, એમાં કાંઈ સંશય જ નહીં." એટલું કહીને વળી—"હા, ઠીક સ્મરણ થયું. સરકાર તરફથી સ્થાપના થશે અને ગોંસાઇજી મહારાજ તરફથી છપ્પન ભોગ પણ થવાનો છે. તેની સાથે શિવરાત્રિએ અત્રેના નાગનાથ મહાદેવનો મોટો મેળો પણ જોવામાં આવશે."

આવી રીતે વાતચીત થયા પછી બન્ને ભાઇઓએ પોતાની માતાને બોલાવવાની તજવીજ કરી અને કેટલાક સ્વારો સામા લેવા માટે મોકલ્યા. માણસ એકવાર કોઈ મહત્વના કામમાં રોકાય છે એટલે પછી પોતાના ઘરબારનું પણ તેને કાંઇ લક્ષ રહેતું નથી. તથાપિ આ વખતે બન્ને ભાઇઓને પોતાની માતાની ઘણી લાગણી થઈ અને તે આપણી કેટલી બધી ફીકર કરતી હશે, એ વગેરે વિચારો તેમના મનમાં આવવા લાગ્યા. હશે એવી અનેક પ્રકારની પ્રેમથી વાતો કરીને પ્રજાપાળ પોતાના ભાઇની રજા લઈને પોતાની રાવટી તરફ જવાને નીકળ્યો.

રાજપાળ જ્યારે એકલો પડ્યો ત્યારે બેટમાંથી બધાં આવ્યાની વાતનું તેને સ્મરણ થયું, અને જોધાજીને મળવા જઇશું; તો પણ રાજબા શી રીતે નજરે પડશે, એ વગેરે વિચારતરંગો કરતો તે ઉંઘી ગયો.

ભાઇઓ ભાઈઓની આ વાતો ચાલતી હતી તે વખતે વીરમલ લાખા પણ પાસે જ હતો, તેના મનમાં કાંઇનું કાંઈ થઈ ગયું હતું. જેને પ્રેમથી જમાડીએ, અને જેની સાથે છાની છપની તથા અનેક પ્રકારની વાતો કરતાં બેસીએ, તે પ્રજાપાળ આજે આપણી કરેલી રસોઈ જમવાને સારે નસીબે આવ્યા, પરંતુ અત્યારે હું રણસુંદરી તરીકે નથી, પણ વીરમલ લાખાના વેશમાં જમાડું છું! આવા વેશના બદલામાં રણસુંદરીએ પોતે જ આ રસોઈ કરેલી છે, એમ જો પ્રજાપાળના જાણવામાં આવત તો વીરમલ લાખાની રસોઇની જે પ્રશંસા થઈ તેને બદલે તેનું ઘણું જૂદું જ સ્વરૂપ આવ્યું હોત, પણ તે શી રીતે બને? અનાજ પાસે પડેલું છતાં તે જોઈને ભુખ્યાનું મન વ્યાકુળ થાય છે, તેમ જ વહાણ કિનારા પાસે આવવા છતાં પણ તે કાંઈ કામમાં આવતું નથી, એમ જગતમાં સાધારણ રીતે બની જાય છે અને એવી જ સ્થિતિ અત્યારે રણસુંદરીની થઈ હતી. તેનું મન ઘણું મુંઝાઈ ગયું હતું અને એક બાજુએ પોતે જે કામ કરે તેનું તેને કાંઈ ભાન જ હતું નહીં. આખરે પોતાનું કામકાજ પરવારીને વીરમલે પણ સુવાની તજવીજ કરી, પરંતુ કાંઈ નિદ્રા આવી નહીં અને આખી રાત પ્રજાપાળની જ તાલાવેલી લાગી રહી.

પ્રકરણ ૩૯ મું
કમિશનની તપાસ

આરોપી લોકો આજે આપણું કામ કમિશનમાં પુરું થશે, અને તપાસ થઈ રહેશે, એવા વિચારમાં ગુંથાયા હતા. કેટલાકને પોતાના કૃત્યનો પશ્ચાત્તાપ થતો હતો અને કેટલાક માણસો આપણે નિરપરાધી છીએ, એવી પોતાની ખાત્રી હોવાથી આપણે જલદી છુટીને બૈરાં છોકરાંના ભેગા થઇએ, એવા તરંગમાં નિમગ્ન થયા હતા. વળી કેટલાક ખરા અપરાધીઓ આપણી આયુષ્યની દોરી હવે થોડા વખતમાં જ પૂરી થશે અને ફાંસીની શિક્ષા થશે, એવી ફીકરમાં ગમગીન થયા હતા. અર્થાત્ સર્વે પોતપોતાના વિચારમાં પડ્યા હતા. તેમને વખત થયો એટલે કોર્ટમાં લઈ જવામાં આવ્યા.

પ્રથમથી મુકરર થયા પ્રમાણે અમરેલી મુકામે કર્નલ વોલેસ કેપ્ટન હીલ અને બાર્ટન સાહેબ સાથે એન્ડરસન સાહેબના પ્રમુખપણા નીચે કમિશનના કામની શરૂઆત થઈ હતી. સઘળા આરોપીઓને વખતસર લાવીને હાજર રાખવામાં આવ્યા હતા અને લોકોની પણ આ વખતે ઘણી ભીડ થઈ હતી. ગુનેગારોના જવાબ તપાસમાં થઈ ગયા હતા. તેને માટે જે લોકો ખટપટમાં રોકાયા હતા, તેણે આરોપીઓને ખરી હકીકત કહેશો તેને માફી મળશે, એવું સમજાવવાથી સઘળાએ ખરે ખરું કહી દીધું હતું અને જે પ્રમાણે પડદા પાછળ પુરાવો તૈયાર હતો તે કોર્ટની પાસે આગળ આવ્યો. તેમાં છેતાળીસ આરોપીઓ એક પછી એક કમિશન સમક્ષ હાજર થયા. તેમણે એવું જણાવ્યું કે, "શ્રીમંત ગાયકવાડ સરકારે અમારાં વતન બંધ કર્યાં અને કેટલાકની રોકડ નિમણુંકો પણ બંધ કરવામાં આવી. તેને લીધે ખાવા પીવાની વિટંબણા પડવા લાગી, ત્યારે દાદ મેળવવાને અરજીઓ મોકલી. પરંતુ કાંઈ બંદોબસ્ત નહીં થતાં ઉલટા અમલદારોએ સરકારના એવી રીતે કાન ભર્યા કે વાઘેર લોકો જાતે તોફાની છે. તેમને તંગીમાં આણી નાખ્યા શિવાય તેઓ વશ થશે નહીં. આવી રીતે સરકારની ફાવે તેવી સમજુત કરવાથી દિવસાનુદિવસ અમને વિશેષ ત્રાસ પડવા લાગ્યો. તેથી હવે દાદ મેળવવાને કાંઈ પણ ઉપાય કરવો જોઇએ, એવા વિચારથી કેવળ નિરુપાયે આ બળવો કર્યો. દ્વારકા તથા ઉખામંડળ અમારા હાથમાં આવ્યાં, તેથી અમને વધારે હિંમત આવી. સરકારનું જોર કમી થયું અને ટોપીવાળાઓની હિંદુસ્થાનના બળવામાં હાર થઈ છે, એવી ખબરો આવવા લાગી. તે જ અરસામાં બંદરમાંથી ગંધક તથા સોડાનાં પીપ ભરેલું વહાણ હાથમાં આવ્યું. દારૂગોળો અને તોપો પણ] સરકારની મળેલી હતી. અર્થાત્ એકવાર જીવવાની આશા છુટી, એટલે ભય માત્રનો નાશ થાય છે, તે પ્રમાણે છેવટે અમે જીવ ઉપર ઉદાર થયા. તે શિવાય આજુબાજુના તાલુકદાર લોકો તરફથી પણ અમને મદદ મળતી ગઈ. તેથી અમે આ તોફાનમાં આટલા દિવસ ટકી રહ્યા." આવા જ પ્રકારની એક સરખી હકીકત ઘણાઓની જુબાનીમાં બહાર પડી. બળવાની ધામધુમ ચાલતી હતી ત્યારે ઇંગ્રેજ લોકો તેમને કહેતા હતા કે, "તમે તમારે પોતપોતાને ધંધે લાગો." તે વખતે વાઘેર લોકો એવો જવાબ આપતા હતા કે, "શ્રીમંત ગાયકવાડ સરકાર અમારાં માબાપ છે, અને

અમે તેમનાં છોકરાં છીએ. તેથી અમે તેમના ઉપર રિસાઇએ અને તેમણે જ અમને મનાવવા જોઇએ તેમાં તમારે એટલી બધી ભાંજગડ શા માટે કરવી જોઇએ? તમે તદ્દન ત્રાહિત હોવાથી તમારે વચમાં બોલવાની કાંઈ જરૂર જ નહીં." તે સાંભળીને ઇંગ્રેજ લોકોને ઘણું જ આશ્ચર્ય લાગતું અને તેમની સ્વામિભક્તિને માટે ઘણી જ વિચિત્રતા લાગતી. એટલું જ નહીં પણ આ બળવો એકંદરે ગેરસમજુતીથી થયો છે, એમ તેમને કહેવું પડયું અને તેની પણ કામમાં નોંધ કરવામાં આવી.

વાઘેરોએ પોતે ગુન્હો કર્યો નથી, એવું બતાવવાનો બીલકુલે પ્રયત્ન કર્યો નહીં. અને જેવી બની હતી તેવી હકીકત સરળ રીતે કહી દીધી. જો કદાચ તેમને વકીલની મદદ મળી હોત અને કાયદેસર કામ ચાલ્યું હોત તો આટલી બધી ખરી હકીકત આગળ આવી હોત નહીં, અને તેનો પુરાવો કરવાની ઘણી અડચણ પડી હોત. તથાપિ જગત્ જાહેર બળવો થયેલો હતો. તેને માટે કાયદેસર પુરાવો મળે કે નહીં મળે તો પણ વાઘેર લોકો ખરેખરા ગુનેગાર હતા એમાં તો કાંઈ અંદેશો જ નહીં.

આ વખતે ચાલતી કામની તપાસ જોવાને હજારો લોકો ભેગા થયા હતા; તેથી કોઈ કોઈવાર તો કોર્ટમાં જવાને પણ ઘણી મુશ્કેલી પડતી હતી. તેમ છતાં સઘળા આરોપીઓની જુબાનીઓ થઈ ગઈ; અને છેવટે જે આરોપીના સંબંધમાં ખાસ કમિશનના સાહેબોને પણ ખાસ નવાઈ લાગતી હતી તથા જે બીજા આરોપીઓથી તદન નિરાળોજ દેખાતો હતો તે છેવટના આરોપી હમીર જસાજીને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો. તે બીજા કેદીઓ જેવો હતો નહીં; તેથી કાચી કેદમાં પણ તેના ઉપર વધારે સખ્તાઇ હતી નહીં. કેમકે તે ૭૫-૮૦ વર્ષની વયનો શરીરે પહાડ જેવો મજબુત તથા ગોરા વર્ણનો હોવાની સાથે વયોવૃદ્ધ થવાથી તેના શરીર ઉપર ચામડીની કરચલીઓ પડી ગઈ હતી. તેની દાઢી મુછોના વાળ તદન સફેત સુતરફેણી જેવા થઈ ગયા હતા. એ જ્યારે કોર્ટમાં આવીને ઉભો રહ્યો ત્યારે તેની મુખમુદ્રા કેવળ શાંત હતી. બીજા આરોપીઓ જેવો તેનો દેખાવ કાંઇ ભયંકર હતો નહીં. આ હમીર જસાજીને જ્યારે લોકોએ જોયો ત્યારે તેના સંબંધમાં લોકોએ જૂદી જૂદી વાતો કરવા માંડી. અને તે શી હકીકત કહે છે તે તરફ સઘળાનું લક્ષ લાગી રહ્યું. આ પ્રસંગે કોર્ટમાં વળી વધારે ભીડ થયેલી હતી. તોપણ એકદમ ગરબડ બંધ થઈ જતાં સર્વત્ર શાંતતા ફેલાઈ. કોર્ટે તેને પોતાની હકીકત કહેવાનો હુકમ કર્યો.

હમીર જસાજીએ જણાવ્યું કે, "હું જાતનો વાઘેર છું. મારી ૧૫-૧૭ વર્ષની વય હતી ત્યારથી મેં ઉખામંડળની રીત પ્રમાણે સેંકડો વખત ધાડ પાડી, હજારો માણસોને લુંટયા; અને મારે હાથે કેટલાંક ખુન પણ થઇ ગયાં. તે વખતે મારી ઉમરના પ્રમાણમાં અમારા જાતિસ્વભાવ પ્રમાણે હું આવો ધંધો કરવામાં માન સમજતો હતો, તેથી મેં ઘણાં ઘાતકી કામો કર્યાં. તે સઘળી હકીકત કહેવામાં વિના કારણ હું આપનો અમૂલ્ય વખત રોકતો નથી. પરંતુ એક જાણવા જેવી બાબત કહું છું કે, એકવાર આપની જાતના એક અમલદારને બાંધીને અમે ગીરમાં લઈ ગયા હતા અને તેની કમરે દોરી બાંધીને તેને વાંદરાની માફક ચલાવ્યો તથા નચાવ્યો હતો, તે મેં મારી નજરે જોયું હતું. આ બાબત આપના દફતરમાં કોઈ જગાએ લખેલી હશે નહીં, તોપણ તે

હકીકત ઘણા લોકોના જાણવામાં છે. વાઘેર લોકોની જાત ઘણી જ શુરાતનવાળી છે, એ બાબત કાંઇ આજે આપને નવી જણાવવાની નથી. તો પણ આ પ્રમાણે મેં વીસ વર્ષ સુધી ચલાવ્યું. તે પછી હું એ ધંધાથી કંટાળી ગયો. કારણ કે, લુંટ ચોરીના ધંધામાં બરકત નથી. તેથી કાંઈ પણ ધંધો કરીને મેળવવું અને તે ખર્ચવું, એવું મારા મનમાં આવ્યું. તે વખતે મારી પાસે થોડી રકમ હતી. તે લઇને મેં ઉખામંડળ છોડી દીધું અને પોતાનું નામ બદલીને ચોટીલા ગામે આવીને રહ્યો. તે જગાએ મેં તાજણ, માણકી, કુંબરી વગેરે ઘણી જાતની સારી ઘોડીઓ લીધી અને તેના વછેરા વેચવાની શરૂઆત કરી. આ વેપારમાં ઈશ્વરે મને લાભ આપ્યો. બે પૈસા કમાયો પણ ખરો અને આસપાસ આખા કાઠીઆવાડમાં મારી નામના થઈ. તેમ જ મારાં ઘોડાંના સંબંધમાં ચારે તરફ સારી પ્રખ્યાતિ વધી. આ વેપારમાં એક ઘોડી તથા તેનો વછેરો, એ બે જનાવરો બહુ જ સારાં નિપજ્યાં તેને માટે દૂર દેશાવરમાંથી પણ તેની ઘણી માગણીઓ આવતી. તો પણ તે કોઇને નહીં આપતાં મેં મારાં પેટનાં છોકરાંની માફક સંભાળ્યાં." એ હકીકત કહેતી વખતે તેણે એક મોટો નિસાસો નાંખ્યો અને થોડીવાર પછી તે પાછો કહેવા લાગ્યો કે, "છેવટે તે બે ઉત્તમ જનાવરો અને મારી એક જુવાન છોકરીને કોઈ નસાડીને લઈ ગયું. તે બાબતની ખબર પડતાની સાથે ક્રોધના સપાટામાં ઘર છોડીને હું તેમને શોધવા માટે નીકળ્યો. ઘણી ઘણી જગાએ ફર્યો, પણ તેમનો કાંઈ પત્તો લાગ્યો નહીં. આવી રીતે પેટની દીકરી નાસી જવાથી આ આખર અવસ્થામાં મારી બેઆબરુ થઈ અને જાતવાન સારાં ઘોડાં પણ ગયાં. તેથી મારું કાળું મુખ બતાવવાની જગતમાં કાંઈ જગા રહી નહીં. હવે આવું કાળું મુખ લઇને જગતમાં રહીને શું કરવું છે. એમ મારા મનમાં થવા લાગ્યું અને ખરેખરો કંટાળો આવી ગયો. તે ઉપરથી એકવાર આત્મહત્યા કરવાનો વિચાર થયો, પરંતુ તેમાં પણ એક જાતનું પાપ છે, એમ સમજીને તે વખતે બરડાના ડુંગરમાં વાઘેર લોકોનું તોફાન ચાલે છે, તેમને જઇને મળવું, એવો વિચાર ઠર્યો. કદાપિ લશ્કરમાં કાંઈ પત્તો લાગશે તો ઠીક જ છે, નહીં તો લડાઇમાં લડીને મરવું, એવો મેં નિશ્ચય કર્યો. તે પ્રમાણે બળવાખોરોને જઇને મળ્યો અને લશકરની બાતમી મેળવવાનું કામ કબુલ કરીને બરડાના ડુંગરમાંથી બહાર પડ્યો. બધે ફરીને પાછા જતી વખતે અમારાથી થોડા અંતર ઉપર સ્વારની ટોળી નજરે પડી. તેમાં મારી ઘોડી તથા વછેરો સ્વારોની પાસે જોવામાં આવ્યાં. તે જોતાની સાથે મને ક્રાળ ચડ્યો અને તત્કાળ તે સ્વાર ઉપર મેં નિશાન તાક્યું. ક્રોધના આવેશમાં તે નિશાન ચુકી ગયું એટલે તે સ્વારો અમારા ઉપર એકદમ ધાઈ આવ્યા, કેમકે વચમાં અંતર ઘણું જ થોડુ હતું. એ સ્વારોએ અમને પ્રથમ ભાલા માર્યા. તે વખતે હું અત્રે બેઠેલા કર્નલ ઓનર સાહેબને મારવા જતો હતો, એટલામાં તે સ્વારે પોતાનો ઘોડો વચમાં ઘાલ્યો અને તેના ધક્કાથી હું નીચે પડી ગયો. મારી સાથેના બીજા માણસો ઘાયલ થવાથી બધા કેદ પકડાયા. તે જ વખતે એ સ્વારે મને ઠાર કરી દીધો હોત, પરંતુ બીજા એક સ્વારે તેને અટકાવ્યો અને નમ્રતાથી મને નહીં મારવાની વિનંતિ કરી, ત્યારે તેણે મને છોડી દીધો, અને કેદ કરીને અમને છાવણીમાં મોકલી દીધા. તે વખતથી હું કેદમાં છું અને આજે હું તે જ સ્થિતિમાં આપની

પાસે હાજર થયો છું. મારા ઉપર આપ મહેરબાની કરો. મારી હવે જીવવાની ઇચ્છા નથી, કેમકે હું કેવળ કંટાળી ગયો છું; માટે બીજા આરોપીઓની માફક મને કેદની સજા કરશો નહીં. મને એકદમ તોપને ગોળે ઉડાવો, ફાંસી દ્યો અથવા હમણાં જ મને ગરદન મારો. એવી આપને મારી અરજ છે." એ પ્રમાણે છેવટના શબ્દો બોલતાં તે ગળગળો થઈ ગયો હતો, અને નેત્રમાં પાણી આવતાં તે હાથ જોડીને બોલ્યો હતો.

કમિશ્નના પ્રેસિડેન્ટ સાહેબે આ આરોપીએ જણાવેલી હકીકત ખરી છે કે કેમ ? તે જાણવાના હેતુથી કર્નલ ઓનર તરફ નજર કરી. લાગલા જ કર્નલ ઓનર સાહેબ પોતે બોલી ઉઠયા કે, "હમીરજી જે કહે છે તે સર્વ ખરું છે. મારી સાથેના સ્વારે જો મને મારી જગા ઉપરથી બાજુએ ખસેડ્યો હોત નહીં તો હું ઠાર થઈ ગયો હોત." આ ઉપરથી એન્ડરસન સાહેબે જણાવ્યું કે, "પ્રત્યક્ષ તમને મારનારો આરોપી પોતે જ કબુલ કરે છે, ત્યારે પછી તેને માટે બીજા પુરાવાની કાંઈ જરૂર નથી."

બળવાખોરોની તપાસ સંબંધી કમિશનનું કામ પુરું થયું. એટલે એન્ડરસન સાહેબે જાહેર કર્યું કે, "પુરાવા ઉપરથી હવે આ કમિશનનો રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. તેની સાથે કેદીઓને વડોદરે મોકલવાની તજવીજ લશકરીખાતા તરફથી થવી જોઇએ. તે શિવાય લશકરીખાતા તરફથી કર્નલ ઓનર તથા કેપ્ટન બાર્ટન સાહેબે રાજપાળ તથા પ્રજાપાળ સાથે શ્રીમંત ગાયકવાડ સરકારની મુલાકાત લેવાની અમે ભલામણ કરીએ છીએ. તેમણે બેટના બળવા સંબંધીની અગત્યની બાબતો પોતાના રિપોર્ટ સાથે રુબરુમાં રજુ કરવાની જરૂર જણાય છે. તે ઉપરથી હજુર છેવટ ઇન્સાફ આપશે અને આરોપીઓને શિક્ષા ફરમાવશે." એ પ્રમાણે કહી રહ્યા પછી કમિશનની કોર્ટ બરખાસ્ત થયેલી જણાવવામાં આવી અને સર્વે ચાલતા થયા અને કેદીઓને પાછા લઈ જવામાં આવ્યા.

પ્રકરણ ૪૦ મું
ઉપકારનો બદલો

પથાજીને સવારે ઉઠતાની સાથે જોધા કુંભાણીએ જણાવ્યું કે, અત્યારે જલદી જઇને રાજપાળજી તથા તેમના ભાઈ વગેરેને જેમને કહેવું હોય તેમને જમવાનું કહી આવો, કેમકે જમવાનું આમંત્રણ કરવાને મોડા જઇએ તે ઠીક નહીં. તે ઉપરથી ઝટપટ પરવારીને પથાજી રાજપાળના તંબુ ઉપર આવ્યો. તે વખતે પ્રજાપાળ પણ ત્યાં જ બેઠા હતા અને બન્ને ભાઈ વાતો કરતા હતા. પથાજીએ આવીને રામ રામ કરતાની સાથે રાજપાળે હસીને માન સાથે બેસવાનું જણાવ્યું અને પૂછયું કે, "આજે અત્યારમાં ક્યાંથી આવી પહોંચ્યા ?" પથાજીએ ઉત્તર આપ્યો કે, "આજે અત્યારમાં આપને તથા મોટાભાઇને જમવાનું કહેવાને મારા બાપાએ મોકલ્યો છે. મારા મામા પણ સાથે આવવાના હતા પણ તે હમણાં કાંઇ કામે ગયેલા હોવાથી હું જ એકલો જલદીથી આવ્યો." રાજપાળે મનમાં કાંઈ આનંદ થવાથી હસીને કહ્યું કે, "એવી ખટપટ કરવાની શી જરૂર છે ? અહિંયાં જમીએ છીએ, તે પણ એમનું જ છે અને મારે મળવા આવવું છે તે હું જરૂર આવીશ જ."

પથાજી–"એ બધી વાત ખરી; પણ આજે કાંઈ ચાલે તેમ નથી. તેઓ તો તમારી ઝંખના જ કરી રહ્યા છે અને એમનો તથા મારી વડીઆઇનો એટલો બધો આગ્રહ છે કે આપ ગમે તેટલું કહેશો, પણ કાંઇ ચાલવાનું જ નથી."

પ્રજાપાળ–"એથી શું વધારે છે? એમનો આટલો બધો ભાવ છે, એ જ બહુ છે. કેમકે તેમનો તો આપણને આશીર્વાદ હોય, એટલે જ બસ છે."

પથાજી–"નાજી, તે કાંઈ ચાલવાનું નથી. તેમણે મને આપની પાસે અને રાજપાળજી પાસે જઇને ગમે તેમ કરીને જમવાનું આમંત્રણ કબુલ કરાવીને આવવાનું કહેલું છે."

રાજપાળ–"એવી બાબતમાં તમે શું કરવા આટલો બધો આગ્રહ કરો છો? ઘણીએ વાર આવીશું એમાં શું છે? આપણો સમાગમ છે તો અમે હજારો વખત તમારે ત્યાં આવીશું અને તમે અમારે ત્યાં આવશો, પણ આજે જ એટલું બધું શું છે?"

પથાજી–"આજે જ તેનું મુહૂર્ત છે, અને આપને બધાને આવ્યા શિવાય ચાલશે જ નહીં. માટે આપ હવે બીજું કાંઈ કહેશો જ નહીં, એવી મારી વિનંતિ છે."

આ વાતચિત ચાલી રહેલી છે, એટલામાં એક સ્વારે દોડતા આવીને પ્રજાપાળના હાથમાં કાગળ આપ્યો અને "માજીસાહેબ તથા કારભારી સાહેબ વગેરે સર્વે દરવાજા બહાર થોભ્યાં છે તેમને આપ કહો તે ઠેકાણે લાવીને પહોંચાડું." એમ કહીને તે ઉભો રહ્યો. તે સાંભળીને પથાજીએ તે સ્વાર સાથે એક પોતાનો માણસ આપીને એ સઘળા પરોણાઓને પોતાના મામાને ઘેર લાવીને પહોંચાડવાનું જણાવ્યું. તે ઉપરથી પ્રજાપાળ કહે છે કે, "એમ શું કરવા કરો છો? તેમને માટે બીજી વ્યવસ્થા કરીએ છીએ." પથાજીએ ઝટ ઉત્તર આપ્યો કે, "મને આપ માફ કરજો; પરંતુ બીજી કાંઇ પણ વ્યવસ્થા કરવાની નથી એમ હાથ જોડીને હું આપને કહું છું." રાજપાળે જણાવ્યું કે, "તમે આવી ભાંજગડમાં શા માટે પડો છો? એ તો બધું થવાનું તે થયા કરશે." પથાજીએ કહ્યું કે, "મેં આપને અરજ કરી છે કે, આપ કાંઈ બોલશો નહીં અને હું જ પોતે માજી વગેરેને તેડવા જાઉં છું." રાજપાળ કહે છે કે, "તમે માનતા નથી, તે કાંઈ ઠીક નહીં. પરંતુ તમારી એમ જ મરજી છે તો ચાલો તેમ કરો. તમે ખુશી થાઓ. મોટા ભાઈ! ચાલો, આપણે બીજી કાંઈ ગોઠવણ કરવી પડત ત્યારે આ તો આપણે ઘર જેવું છે. વળી છાવણીમાં તો બધાનો મુકામ રખાય નહીં; માટે પથાજીની એમ મરજી છે તો તેમ જ થવા દો. હવે આપણે એક બે દિવસમાં વડોદરા તરફ પણ ઉપડી જવું પડશે જ." એમ કહીને સઘળા સાથે સાથે ચાલ્યા અને દરવાજા બહાર આવીને માજીને મળ્યા. તેઓ બહુ જ ખુશી થયાં અને કારભારી સાથે વાતો કરતા સર્વ પથાજીના મોસાળ પાસે આવ્યા. પથાજીએ જરા ઉતાવળા પગે ચાલીને ઘરમાં ખબર આપીને બહાર આવ્યો, એટલામાં તેઓ ત્યાં આવી પહોંચ્યા. એટલે જોધાજી તથા તેના મામાએ બહાર આવીને રાજપાળ, પ્રજાપાળ વગેરેને ઘણા માન સાથે ઘરમાં લઇ ગયા અને પથાજીની માતા તથા વડીઆઇ વગેરેએ આવીને માજીને ઘરમાં લઈ જતાં મામાએ તેમના માણસ કુણસ તથા સામાન સુમાન અને ગાડી ઘોડાની વ્યવસ્થા કરી. આ પ્રકારે સર્વ મંડળી આવી, તે જોઈને રાજબાની વડીઆઇનો

હર્ષ કાંઈ માય નહીં. તે સર્વેનો ઘણા પ્રેમ સાથે સત્કાર કર્યો અને ખુશીથી વાતો કરવા લાગ્યાં.

પથાજી તથા જોધા કુંભાણી રાજપાળ પાસે બેઠેલા હતા, તે બન્ને ભાઇની જોડી જોઇને ઘણા જ ખુશી થયા. તેમણે પોતાના મન સાથે રાજબાને માટે આ રાજપાળજી યોગ્ય વર છે, એવો નિશ્ચય કરેલો હતો. અને તે વાત કરવાની તેઓ સંધિ જ જોયા કરતા હતા. તેમને તેમનાં માતુશ્રી પાસે જ વાત કરવાનો સારો અવસર મળ્યો.

જોધાજીએ રાજપાળની માતાને ખબર અંતર પૂછ્યા પછી જણાવ્યું કે, "હું તમારી પાસે સુરપુર આવવાનો મારા મનમાં વિચાર કરતો હતો, તેને બદલે તમે જ આવી પહોંચ્યાં તેથી અમને ઘણો આનંદ થયો. તમને ઈશ્વરે બે રત્ન જ આપેલાં છે. બન્ને ભાઈ બહુ જ લાયક અને કીર્તિ વધારનારા કુલદીપક છે. તેમાં રાજપાળજીનો તો અમારા ઉપર અનહદ ઉપકાર થયો છે. તેમણે અમારી દીકરીને જીવતદાન આપ્યું છે." તે વખતે રાજબાની માતા વચમાં જ બોલી ઉઠી કે, "આ અમારી દીકરી, (રાજબા ત્યાં પાસે જ હતી તે પોતાની ભાવી સાસુને પગે પડી) જે દિવસે બેટમાં વાઘેર લોકોએ લુંટ ચલાવી, તે દિવસે રાતમાં અમારા ઘર ઉપર ધાડ પડી. રાતનો વખત હતો; તો પણ એના બાપાએ માણસો સાથે બહાર જઇને લુંટારાઓને ઘણે દૂર નસાડી મૂક્યા. ઘરમાં તે વખતે બધાં ગભરાઈ ગયાં હતાં. એ ધાંધળમાંથી જરા રહીને જોયું તો ઘરમાં આ છોડી જ નહીં. તેને માટે ઘણી શોધ ખોળ કરી પણ કાંઈ પત્તો જ લાગ્યો નહીં. દિવસાનુદિવસ ખુબ આથડાઇને થાકવા છતાં પણ જડી નહીં; ત્યારે અમને બહુ ફીકર થવા લાગી અને આખરે ઈશ્વર ઉપર હવાલો રાખીને બેઠાં. તેને ઘણા દિવસ ગયા પછી એક દિવસે સંધ્યાકાળના સુમારમાં તમારા રાજપાળજીએ છોડીને ઘોડા ઉપર બેસાડીને અમારે ઘેર પહોંચતી કરી. તેને માટે અમે ઘણુંએ આપવા માંડયું, પણ તેમણે કાંઈ લીધું નહીં, અને બીજે જ દિવસે સવારમાં તો ચાલતા થયા.

એ સાંભળીને માજીએ કહ્યું કે, એમાં શું આપવું હતું, એ તો તમારાં છોકરાં છે પછી રાજબા ઉપર હાથ ફેરવીને તેને બનેલી હકીકત પૂછી; ત્યારે તે મર્યાદાથી કહેવા લાગી કે, "ઘરમાં લુંટારા લોકો પેઠા, એના ભયને લીધે હું પાછલે બારણેથી નીકળી ગઈ. અને પાછી ઘરમાં આવવાની બીક લાગી તેથી મંદિરમાં ગઈ. ત્યાંથી એક હબસી સિપાઈ મારી પાછળ પડ્યો. તેથી નાસતી નાસતી કોટ ઉપર ગઈ અને હવે દરિયામાં પડીને જીવ આપ્યા શિવાય છુટકો નથી, એવો વિચાર કરતી ઉભી રહી, ત્યારે તે પણ ત્યાં જરા થોભ્યો અને તરત જ તેણે મને પકડવા માટે પોતાનો હાથ લાંબો કર્યો. એટલામાં એમણે ત્યાં આવીને તેના બે તુકડા કરી નાંખ્યા. પરંતુ ભયની મારી હું પાછળ ખસવાથી દરિયામાં પડી ગઈ. તે વખતે મને કાઢવા માટે મારી પાછળ જ એમણે પડતું મૂક્યું અને સવારથી બપોર સુધી મને લઇને તરતાં મહા કષ્ટ વેઠીને સામે કિનારે કાઢી. તે પછી પોતાને ખરચે ઘોડા વેચાતા લઈ આવીને મને ઘોડે બેસારીને સુખ આનંદથી ઘેર પહોંચતી કરી."

જોધા કુંભાણી પાછા બોલવા લાગ્યા કે, "રાજપાળજીના આવા ભયંકર સાહસકર્મથી તેમની કોણ પ્રશંસા કરશે નહીં? મારા ઉપર તેમનો હદપાર ઉપકાર થયો છે અને તેનો બદલો શી રીતે આપવો, તેના હું વિચારમાં જ હતો. એ વીર પુરુષની બહાદુરીનાં કાલે કોર્ટમાં પણ ઘણાં વખાણ થતાં હતાં. હવે એક તમારી પાસે મારે માગી લેવાનું છે, અને તે મારી માગણી તમે સ્વીકારશો જ, એવી આશાથી કહી દઉં છું. તમારે મારી આશા અવશ્ય પૂરી કરવી પડશે. આ વખતે મારી એટલી જ માગણી છે કે, એમના ઉપકારના બદલામાં હું મારી દીકરી તેમને જ અર્પણ કરવા ઇચ્છું છું અને તમારે ખોળે મૂકું છું (એમ કહેતાં રાજબાએ માજીના ખોળામાં માથું મૂક્યું) તેને તમે જ સંભાળશો."

એ સાંભળીને રાજપાળનાં માતુશ્રીને ઘણો આનંદ થયો; કેમકે છોડી પણ ઘણી રૂપાળી અને ગુણવાન જણાય છે, એમ સમજીને તેમણે ઉત્તર આપ્યો કે, "તમારી જેમ ઇચ્છામાં આવે તેમ કરો. મારી કાંઈ ના નથી. એ પણ તમારાં છોકરાં જ છે. તેમાં મને શું કહેવા સાંભળવાનું છે?" તે વખતે રાજબાની માતાએ કહ્યું કે, "અમે તો એવો નિશ્ચય જ કરીને બેઠાં છીએ કે છોડી દેવી તો રાજપાળજીને જ દેવી; પછી તમારી મરજી." રાજપાળનાં માતુશ્રીએ લાગલું જ જણાવ્યું કે, "તમારી મરજી એ અમારી મરજી. એમાં મારા તરફથી કાંઈ વાંધો નથી. જે તમારી નજરમાં આવ્યું તે ખરું." એ સર્વ સાંભળીને રાજબાની વડીઆઈ બોલી કે, "છોકરાં સુખી થાય એટલે થયું. આપણે તેથી જ ખુશી થવાનું છે. તેમને સુખમાં જોઇને જઇએ, એટલે આપણને સંતોષ થાય. આપણે હવે બીજું શું જોઇએ છીએ? છોકરાં સારાં નીવડીને સુખી થાય, એ જ આપણે તો બહુ છે." એટલામાં વહુઓએ જણાવ્યું કે, "જમવાનો વખત થયો છે, માટે હવે નાવાધોવાની તજવીજ કરો તો સારું." તે ઉપરથી સર્વે નાઇધોઇને પરવાર્યાં.

જોધા કુંભાણી, પ્રજાપાળ, રાજપાળ, તેમના કારભારી વગેરે માણસો સાથે પદ્માજી અને તેનો મામો વગેરે જમવા બેઠા. તે વખતે રાજપાળે જણાવ્યું કે, "અમારે તો કાલે વડોદરે જવાનો ઠરાવ થયો છે. તેમાં કાંઈ છુટકો થવાનો નથી."

પ્રજાપાળ—"માજી આવ્યાં છે અને જોધાજી પણ અત્રે કુટુંબકબિલા સાથે આવ્યા છે. તેઓ પણ વડોદરું ક્યારે જોશે, માટે મારી મરજી તો એ બધાને સાથે જ લઇ લેવાની છે. વળી ડાકોર પણ જતા અવાશે અને રણછોડરાયનાં દર્શન થશે."

જોધાજી—"આપણે ત્યાં દ્વારકામાં પણ તે જ છે. ડાકોર જવાથી શું વધારે છે? અને વડોદરા તો વળી નસીબમાં હશે તો જોવાશે. હમણાં જ એ બધાંને લઇને લાંબા પ્રવાસમાં ક્યાં ફરીએ?"

રાજપાળ—"તેમ જો આપ કહેતા હશો તો હમણાં જ બધી અનુકૂળતા છે. લશ્કર સાથે જવાનું છે એટલે આપણને કોઇ પણ જાતની હરકત નથી. અને ડાકોરનાં રણછોડરાયનાં દર્શન કરે ત્યારે દ્વારકાની યાત્રા વળે. તેની સાથે આ વખતે વડોદરામાં પણ ઘણી ગમત છે."

જોધાજી—"આપ કહો છો તે સર્વ સત્ય છે, પણ પ્રવાસ ઘણો લાંબો પડ્યો.

તેથી બધાને સાથે લઇને જવા આવવામાં બહુ ત્રાસ પડશે; માટે મારો વિચાર પાછો હઠે છે."

પ્રજાપાળ–"એમાં કાંઈ અડચણ જેવું નથી. તમારે લીધે અમે પણ અમારાં માજીને સાથે લેવાનો વિચાર કરીએ છીએ. અમે આપનું કહેવું બધું માન્ય કરીએ ત્યારે આપ અમારું કહેવું, એટલું માનો નહીં કે?"

જોધાજી–"જો આપને એમ લાગતું હોય તો હું કાંઈ ના કહી શકતો નથી. આપ જેમ કહેશો તેમ કરીશું. મારા તરફથી કાંઈ હરકત નથી. પરંતુ એકંદરે આપણને ઘણો ત્રાસ પડશે, માટે હું આપને આટલું કહું છું. પછી હું કાંઈ તમારી મરજી બહાર નથી."

રાજપાળ–"કાંઈ પણ ત્રાસ પડવાનો નથી. આપણી સાથે ઘણાં માણસો છે. લશ્કરની વ્યવસ્થા દરેક જગાએ અગાઉથી કરવામાં આવે છે. તેથી આપણને કાંઈ અડચણ પડવાની નથી, પણ વધારે અનુકૂળતા થશે; માટે આપ એ વિચાર કરો તો સારું."

જોધાજી–"ભલે, આપની મરજી તેમ છે તો હું પણ તૈયાર છું. આપનું વચન માથે ચઢાવવાને હું બંધાયલો છું. તેમાં કાંઈ વિશેષ નથી."

પ્રજાપાળ–"આપ વૃદ્ધ છો. અમારા વડીલ જેવા છો. તેથી આપ કહો તે અમારે માન્ય રાખવું જોઈએ પણ આ તો તેવો પ્રસંગ છે, માટે બધાં સાથે હોય તો વધારે સારું, એમ મારું કહેવું છે."

જોધાજી–"સારું ત્યારે એમ જ કરીશું અને સાથે સાથે બધાં પાછાં આવીશું."

પથાજી–"બાપા, એ વિચાર ઠીક છે. તેમાં એક પંથ દો કાજ થશે. અને એમની સાથે કોઈ પણ પ્રકારની અડચણ પડવાની નથી."

એવી રીતે વાતો કરતા બધા જમી ઉઠયા. પછી બૈરાં બધાં જમવા બેઠાં. આ સમયે આ ઘર ઘણું જ મંગળમય દેખાતું હતું. સર્વેના મુખ ઉપર આનંદ છવાઈ રહ્યો હતો. એટલામાં વીરમલ્લ લાખા ત્યાં શોધતો શોધતો આવ્યો અને રાજપાળ તથા પ્રજાપાળને બધા સાહેબો ભેગા થયા છે ત્યાં આપને બોલાવે છે, એમ જણાવ્યું. એટલે પોતાની માતુશ્રીની તથા જોધાજી વગેરેની રજા લઇને તેઓ ચાલતા થયા. તે વખતે પથાજીના મામાએ તેમને સાંજના વીરમલ્લ સાથે આવવાની વિનંતિ કરી. તે સાંભળીને તેઓ હસતા હસતા ચાલ્યા ગયા.

આટલા બધા વખત સુધી રાજબાની શી સ્થિતિ છે, તે તરફ તો કાંઈ ધ્યાન જ અપાયું નથી. જમવાની ધામધુમ થઈ રહ્યા પછી ઘરમાં વહુઓ વગેરે ધીમે રહીને કહેવા લાગી કે, "હવે તો એ મોટા જહાગીરદારનાં રાણી થયાં, તે આપણી સાથે બોલશે પણ નહીં અને સામું તો જુવે જ શાનાં?"

રાજબા ખુબ ખુશીમાં બોલી કે, "તમારી વાણી ફળો અને સઘળાનું સારું થાઓ."

પથાજીની વહુ–"વાલી બેન! ગમે તેમ થાય, પણ મને તો તમારી સાથે લઈ જવી પડશે. હું તમારી ચાકરી કરીશ અને તાબેદારી ઉઠાવીશ. તમે મોટાં રાણી થાઓ ત્યારે અમને એટલો પણ લાભ નહીં?"

રાજબા–"ભાભી! તમે એવું તે શું બોલતાં હશો. તમને મારાથી કદી એવું તે કહેવાય ?"

મામી–"તમે તો એમનાં ભોજાઈ છો તેથી તમને એવું કહેવાય નહીં. એ તો અને સાથે લઈ જશે. આપણે એમનું ભુંડાપણું કરીશું. એવાં મોટાં રાણી સાહેબની તાબેદારી કયાંથી ?"

રાજબા બોલી કે, "તમે તો બધાં મારી મશ્કરીઓ કરો છો, ત્યારે હવે મેડે જઇને એકલી બેસી રહીશ. તમે તમારે બોલવું હોય તે બોલો." એમ કહીને તે ઉપર ચાલી ગઈ અને એકાંતમાં જઇને બેઠી. તેનું અંતઃકરણ આજે આનંદથી ઉભરાઈ જતું હતું. "આજે આપણી મન ધારણા પૂરી થઈ. સાસુજીએ કબુલ કર્યું એટલે હવે કોઇનાથી કાંઈ બીજું કહી શકાય તેમ નથી. આજ સુધી આપણે ફીકર કરેલી બધી મજરે આવી. દ્વારકાનાથે જે કર્યું તે સારું જ કર્યું, તેમ નહીં તો સાસુજી એકદમ આપણે ઘેર કયાંથી આવે ? પણ પાછું વડોદરે જવાનું કહે છે. હશે, એ પણ સારું છે. આપણે કયારે વડોદરા જોવાનાં હતાં. પણ તેઓ મારા તરફ વારે ઘડીએ જોયા જ કરતા હતા. તેમનું મુખકમળ આજે હસતું હતું. એમના મોટા ભાઈ પણ એમના જેવા જ છે. રામ લક્ષ્મણ જેવી બન્ને ભાઇની જોડી કેવી શોભતી હતી ? પણ આજે બે ત્રણ વખત તેમની અને મારી નજર એક થતાં મને તેમ જ તેમને સાથે હસવું આવી ગયું. આજ સુધી એવું કદી બનેલું જ નહીં. તે ઉપરથી તેમનો મારા ઉપર પ્રેમ તો છે." એવા એવા વિચાર કરતી બેઠી છે. એટલામાં તેની માતા ઉપર આવી અને કહેવા લાગી કે, "આમ એકલી શું બેસી રહી છે ? તારી સાસુ પાસે જઇને બેસ કે તે જાણે તો ખરાં કે છોડી કેવી ડાહી છે ?" એ સાંભળીને રાજબા ત્યાંથી ઉઠીને પોતાની સાસુ પાસે મર્યાદાથી જઇને બેઠી અને વિવેકથી જૂદી જૂદી વાતો કરવા લાગી.

પ્રકરણ ૪૧ મું

વડોદરાનો પ્રવાસ

કમિશનના સાહેબોની વચમાં અધ્યક્ષ એન્ડરસન સાહેબ બેઠેલા હતા. તેની જોડા જોડ જમણી બાજુએ કર્નલ ઓનર અને ડાબી બાજુએ કેપ્ટન બાર્ટન બેઠેલા હતા. તેમની પાસે બન્ને બાજુએ એકેકી ખુરશી ખાલી હતી અને તે પછી રાજકોટ, ડિસા વગેરે લશ્કરોના ઉપરી સાહેબો અને કાઠીઆવાડના બીજા રજવાડાઓના વકીલો હારબંધ એક પછી એક બેઠેલા હતા. એન્ડરસન સાહેબ કાંઇ (ઠરાવ) શ્રીમંત ગાયકવાડ સરકાર હજુરની પાસે રજુ કરવાના કામના સંબંધમાં વાંચતા હતા. તે વાંચી રહેતા બરોબર રાજપાળ તથા અજપાળ ત્યાં દાખલ થયા. એ બન્ને ભાઈ સર્વ સાહેબોને તથા એકંદર મંડળીને મુજરો કરીને ઉભા રહ્યા. તેમને કર્નલ વોલેસ સાહેબે ખાલી રહેલી ખુરસીઓ ઉપર બેસવાની ઇશારત કરી; પણ મોટા સાહેબોની વચમાં જઇને બેસવાની આપણી યોગ્યતા નહીં, એવા વિચારથી તેઓ આ સ્થળે ઠીક છે, એવી ઇશારત કરીને જ્યાંના ત્યાં ઉભા રહ્યા; ત્યારે ફરીથી કેપ્ટન હીલ સાહેબે

કહ્યું કે, "આ ખાલી ખુરસીઓ ઉપર આવીને બેસો." ત્યારે તેમણે જવાબ આપ્યો કે, "અમારે આપની તેહેનાતમાં ઉભાં રહેવું સારું." તે ઉપરથી કેપ્ટન બાર્ડન સાહેબે જણાવ્યું કે, "એ ખુરસીઓ તમારે માટે જ છે." તે સાંભળીને વળી ફરીથી મુજરો કરીને બેઠા. તે વખતે કેપ્ટન હીલ સાહેબે કહી બતાવ્યું કે, "અમારા અભિપ્રાયનો ઠરાવ અધ્યક્ષ સાહેબે બેટના બળવાને લગતી અમલદાર મંડીળીમાં વાંચી સંભળાવ્યો. તેને માટે કોઇને કાંઇ કહેવાનું હશે તેમને પોતાના વિચાર જણાવવાની છુટ છે." કર્નલ ઓનર સાહેબે ઉઠીને કમિશનના અભિપ્રાય સાથે પોતાનો મળતો મત જણાવ્યો. કેપ્ટન બાર્ટને તેને ટેકો આપ્યો. તે પછી સર્વાનુમતે એ હજુરમાં નિવેદન કરવાને મોકલવાનો ઠરાવ પસાર થયો. તે વખતે રાજપાળ અને પ્રજાપાળની ગેરહાજરીથી તેમને વાકેફ કરવામાં આવ્યા તથા તેમની સંમતિ લેવામાં આવી.

છેવટે કેપ્ટન બાર્ટન સાહેબે જણાવ્યું કે, "રાજકોટ, ડિસા તથા બીજા રાજ રજવાડાઓ તરફનાં લશ્કરો આવેલાં છે, તે સઘળાં લશ્કરોને કાલે પોતપોતાના સ્થાન તરફ જવાની પરવાનગી છે. તેમાં સરકારી લશ્કરો કેદીઓને લઇને સવારના ચાર વાગે કુચ કરી જશે. તે વખતે જેમણે જે બાજુએ જવાનું હોય તેમણે તે તરફ રવાના થવાનું છે. આ સંબંધી ચેતવણીને માટે બે તોપ થશે અને બીજી તોપ થવાની સાથે સરકારી લશ્કરોનો મુકામ ઉપડી જવો જોઇએ. આ તરફનું કામકાજ હવે પૂરું થયું છે, અને વિના કારણ કોઇને વધારે વખત રોકવાની કાંઈ જરૂર રહેતી નથી." આ પ્રમાણે તેઓ બોલીને બેસી ગયા એટલે સમાજ બરખાસ્ત થયાનું જાહેર કરવામાં આવ્યું. તેની સાથે જ સર્વે ઉઠયા અને અરસ્પરસ વાર્તા કરતા ચાલ્યા. કેપ્ટન બાર્ટન સાહેબે હસતાં હસતાં રાજપાળને કહ્યું કે, "તમે તથા પ્રજાપાળ હાજર હતા નહીં; પણ કેદીઓને લઇને વડોદરે પહોંચાડવાની જવાબદારી તમારે શીર રાખવામાં આવી છે." રાજપાળે પણ તેવી જ રીતે જવાબ આપ્યો કે, "સાહેબના હુકમ પ્રમાણે અમે તૈયાર છીએ, કારણ શ્રીમંત ગાયકવાડ સરકારનું અન્ન ખાઇને મોટા થયેલા છીએ અને તેમને માટેના આપના હુકમો ઉઠાવવાને પ્રાણાંત સુધી તૈયાર છીએ." એમ કરતાં સર્વે પોતપોતાના મુકામ તરફ ગયા. રાજપાળ પણ કર્નલ ઓનર સાથે વાતો કરતા મુકામ ઉપર આવ્યા; અને એકંદર વાત વિચાર કરીને પોતાની રાવટીમાં આવે છે, એટલામાં પ્રજાપાળ પણ કેપ્ટન બાર્ટનને તંબુએ થઇને પરવાનગી લઇને આવી પહોંચ્યા. વીરમલ લાખા પોતાની સમેટા સમેટીની તૈયારીમાં લાગેલા હતા. તેમણે રાજપાળને કપડાં ઉતાર્યા પછી સવાલ કર્યો કે, "અત્યારે જમવાનો શું વિચાર છે?" ત્યારે પ્રજાપાળે જ કહી નાંખ્યું કે, "આપણે બધાને પથાજીને ત્યાં જ અત્યારે પણ જમવાનું છે. તેમના મામાએ આવતી વખતે તમને સુદ્ધાં કહ્યું નહીં કે? ભુલી ગયા એટલામાં કે?" વીરમલે જવાબ આપ્યો કે, "આપની પાછળ અમે હાજર જ છીએ. પરંતુ જ્યારે દાદ લાગે ત્યારે ખરી." તેટલામાં પ્રજાપાળે રાજપાળને પથાજીને ત્યાં ચાલવાનું કહ્યું: કેમકે બધાને માટે તૈયારીની તજવીજ કરવાની હતી. વીરમલ લાખાને સાથે લઇને તેઓ ત્યાં ગયા અને સઘળી હકીકત કહીને બધાને તૈયારી કરવાનું જણાવ્યું. પથાજી પણ પાછળથી એ સમાજમાં જઈ પહોંચ્યો હતો. તેણે પોતાની ટુકડીને વકીલની સાથે પાછી મોકલ-

વાનું નક્કી કરીને બધો બંદોબસ્ત કરવા ઉપરાંત પોતે વડોદરે જવાની કહીને ઘેર આવ્યો.

પથાજી ઘેર આવીને જુવે છે તો પ્રજાપાળ તથા રાજપાળજી આવીને બેઠા છે અને વાતો ચાલી રહેલી છે તેમાં તેણે આવીને કહ્યું કે, "ચાલો તૈયારી કરો વડોદરે જવાની, આપણે પણ તૈયાર છીએ." જોધાજીએ પૂછ્યું, "તું કેમ કરીને આવીશ?" ત્યારે તેણે પોતે બધો બંદોબસ્ત કરીને આવ્યાનું જણાવ્યું. તે પછી કોણે કોણે જવું, એ નિર્ણય કરવા લાગ્યા. તેમાં સઘળા પરોણાઓ તો જવાના જ; પણ જોધાજીએ પથાજીની વહુ તથા તેની મામી અને મામાને આવવાનું જણાવ્યું. તે વખતે વડીઆઈ પાસે વહુઓ તો રહેવી જોઇએ, એમ પથાજીએ કહ્યું. પરંતુ ડોસી પોતે જ કહેવા લાગી કે, "હું મારે ઘર સંભાળીશ. નોકર ચાકરો ઘણા છે. એ બિચારી વહુઓને પણ આવો વખત ક્યારે મળવાનો છે? તમે બધા ખુશીની સાથે જાઓ." એ સાંભળીને બધાં રાજી થયાં અને વખત થતાં જમી પરવાર્યાં પછી સર્વે પોતાની તૈયારીમાં લાગ્યાં. આખી રાત આનંદમાં કોઈને ઉંઘ આવી નહીં. રાજપાળ તથા પ્રજાપાળ તો જમીને રાતના પોતાને તંબુએ ગયા હતા. પાછલી રાતે વીરમલ લાખા પચાસ માણસની એક ઘોડે સ્વારની ટુકડી લઇને ત્રણ વાગે આવ્યો એટલે ગાડીઓમાં સામાન સુમાન ભરવા વગેરેની તજવીજો ચાલી; અને બીજી તોપ થતાની સાથે તેઓ પણ ઘેરથી વડીઆઇની રજા લઇને વિદાય થયાં. લશ્કર આગળ નીકળી ગયા પછી પાછળ પાછળ આ સંઘ પણ ચાલતો હતો. રસ્તામાં લશ્કરની સાથે નિયમિત રીતે મુકામ કરવામાં આવતો હતો. તેમને માટે એક તંબુ અલગ જ રાખવામાં આવતો હતો. અને દરેક પ્રકારની સારી રીતે વ્યવસ્થા રાખવામાં આવી હતી. તે શિવાય આખે રસ્તે કાંઈ વિશેષ જાણવા લાયક બન્યું નહીં અને સુખશાંતિથી સર્વે મુસાફરી કરતાં વડોદરા લગભગ આવી પહોંચ્યાં. છેવટના મુકામ ઉપર રાજપાળે પ્રજાપાળને પૂછ્યું કે, "હવે વડોદરામાં બધાં ઘરનાં માણસોને માટે મુકામની શી તજવીજ કરીશું?" તેના જવાબમાં પ્રજાપાળે જણાવ્યું કે, "અમારા બાર્ડન સાહેબને કહીને એક મોટો તંબુ આપણે માટે રાખવાનો હું બંદોબસ્ત કરીશ; કેમકે તેઓ તો બધા પોતાના મુકામપર જશે." રાજપાળે કહ્યું કે, "એ વાત ખરી છે. તેઓ બધા તો કાંપમાં જશે. તથાપિ આપણે કેમ કરીશું?" કેમ કરીશું? કેમ કરીશું શું? આપણે વડોદરામાં મુકામ રાખીશું અને આપણને શેહેરમાં જ ઠીક પડશે. વળી કેદીઓ પણ શેહેરની જેલમાં મુકવાના છે. એટલે આપણી નોકરી પણ ત્યાંથી પૂરી થશે, એવો પ્રજાપાળે ઉત્તર આપ્યો અને તે પ્રમાણે વ્યવસ્થા કરી.

કોઠી પાછળ મારવાડી જોશીની પાયગામાં તેમના મુકામ માટે ખાસ માણસો મોકલીને અગાઉથી તંબુ ઠોકવામાં આવ્યો અને મુકામની એકંદર તજવીજ કરવામાં આવી. જેવી રીતે સાહેબ લોકો વધારાના લશ્કર સાથે કાંપમાં ગયા, તેવી રીતે આ બે કુટુંબનાં માણસોએ આવીને પોતાને માટેના તંબુમાં મુકામ કર્યો. રાજપાળ તથા પ્રજાપાળે પણ કેદીઓને વડોદરાની સેંટલ જેલમાં સોંપી દીધા અને સાહેબને જઇને વરદી આપી. તે વખતે કર્નલ ઓનર સાહેબે તેમના મુકામની કાંઈ તજવીજ

જોઈ નહીં ત્યારે પૂછ્યું કે, "તમે ક્યાં મુકામ કરો છો?" રાજપાળે ઉત્તરમાં જણાવ્યું કે "અમે શેહેરમાં મુકામ રાખવાની તજવીજ કરી છે. કાંઈ અડચણ જેવું નથી." તે પછી તેણે સાહેબની રજા લીધી અને આગળ આવે છે એટલામાં અજાપાળ પણ બાર્ટન સાહેબને સઘળી વરદી આપીને રજા લઈ આવતો ભેગો થયો. પછી તેઓ મુકામ ઉપર આવ્યા.

પથાજીએ સઘળી વ્યવસ્થા લગાવી હતી અને ઘરના જેવી તજવીજો થઈ ચુકી હતી. અજાપાળ તથા રાજપાળ તંબુમાં આવતાં ઘણાં જ ખુશી થયા, કેમકે એકંદર ગોઠવણો સારી કરવામાં આવી હતી. અજાપાળે તેને માટે પથાજી તથા વીરમલને ઘણી સાબાશી આપી. તે વખતે વીરમલે જણાવ્યું કે, "આપને નામે અત્ર ગાયકવાડ સરકારના દરબારમાંથી પણ જે જોઇએ તે મોકલી દેવાનો હુકમ થયો છે અને સિધું સામાન વગેરે સર્વ સરકાર તરફથી આવ્યું છે એટલું જ નહીં પણ કારકુન માણસોની યોજના કરીને વખતો વખત જે જોઇએ તે પુરું પાડવાનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે." એ સાંભળી રાજપાળે કહ્યું કે, "દરબારમાં કોણે ખબર આપી? કારણ કે એકદમ કાંઈ આવી વ્યવસ્થા થઈ શકે નહીં." પથાજીએ ઉત્તર આપ્યો કે, "આપણા આવતા પહેલાં લખાણ આવ્યું હતું; તેથી આપણે માટે પ્રથમથી જ તજવીજો થયેલી હતી." અજાપાળજી કહે છે કે, "કેપ્ટન, બાર્ટન સાહેબના લખાણથી દરબારમાં અગાઉથી ખબર આપવામાં આવી હતી અને કાલે સવારમાં નવ વાગે આપણી સાહેબની સાથે શ્રીમંત હજુરની મુલાકાત લેવાનું પણ મુકરર થયું છે, તેજ વખતે સરકાર વાડા પાસે બધા કેદીઓને પણ હાજર રાખવાનો હુકમ થયો છે." રાજપાળ બોલ્યા કે, "અમારા કર્નલ સાહેબ પણ મને હમણાં તે કહેતા હતા. કેમકે રેસિડેન્ટ સાહેબની મુલાકાતમાં તેમની જે તત્કાળ વાતો થઈ તે તેઓ પણ મને કહેતા હતા અને આઠ વાગે હાજર થવાનો હુકમ કર્યો છે." એટલામાં જોધા કુંભાણી જોતા જોતા ફરતા હતા તે પણ ત્યાં આવ્યા ત્યારે પથાજીએ જણાવ્યું કે, "બાપા વડોદરે આવી પહોંચ્યા, તે કાંઈ જણાયું નહીં અને તમે તો કહેતા હતા કે બહુ ત્રાસ પડશે."

જોધાજી—"એ તો પારસની સાથે લોઢું પણ સોનું થઇ જાય. આપણે કોની સાથે આવ્યા છીએ? આખા કાઠીઆવાડના વીરરત્નોને આશ્રયે છીએ. આટલી બધી મુસાફરીમાં દરેક મુકામ ઉપર અગાઉથી જ સઘળી વ્યવસ્થા થઈ જતી હતી અને જે જોઈએ તે હાજર કરનારા માણસો પણ કેટલાં? કોઇ પણ પ્રકારની કાંઈ અડચણ જ નહીં. મને તો અતિશય સંતોષ થયો. વળી કાઠીઆવાડ તો કેટલુંક આપણે જોયેલું; પરંતુ આ તો આખા કાઠીઆવાડ ઉપરાંત ગુજરાતનાં પણ વીરમગામ તથા અમદાવાદ જેવાં નાનાં મોટાં ઘણાં શેહેરો જોવામાં આવ્યાં અને તે સારી સાહેબી સાથે જોયાં. એ સઘળાનું શું વર્ણન કરતા બેસીએ તો તેનો કાંઈ પાર આવે જ નહીં. તો પણ આપણો આ પ્રવાસ એક સરખી નિયમિત રીતે બહુ જ ખુશનુમા થયો. આપણને તો તેથી બહુ જ આનંદ થયો."

અજાપાળ—"એ તો બધું આપના જેવા ઘરડાની પુન્યાઇથી બને જાય છે; પરંતુ કાલે સવારે શ્રીમંત ખંડેરાવ મહારાજની હજુરમાં જવાનું છે, ત્યાં આપને પણ

આવવું પડશે. તે વખતે ખાસ મોટો દરબાર થવાનો છે; અને એ દરબારમાં રેસિડેન્ટ સાહેબ તથા બીજા બધા સાહેબ લોકો પણ આવવાના છે. તે વખતે અમે તો સાહેબ લોકોની સાથે આવીશું; પરંતુ તમે, પથાજી વગેરેને માટે બારોબાર દરબારમાં જ જવાની તજવીજ કરીશું."

એ સાંભળીને જોધાજી ઘણા જ પ્રસન્ન થયા અને જણાવ્યું કે, "ભાઇ ! તમારે લીધે અમને આ દુનિયામાં હવે કોઈ પણ જાતની ઉમેદ બાકી રહેવાની નથી. જે જે જગાઓ અને પ્રસંગો આ પ્રત્યક્ષ જોવામાં આવે છે, તેની અમારા બાપદાદાએ સ્વપ્નામાં પણ કલ્પના કરી નહીં હોય ! ત્યારે અમારા ભાગ્યની તો કાંઈ સીમા જ નહીં, એમ અમે જાણીએ છીએ અને ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ કે આપ બન્ને ભાઇઓની દિન પ્રતિદિન ચઢતી થાઓ અને સૂર્યના જેવી અખંડ તેજસ્વી કીર્તિ મેળવો."

રાજપાળ–"તથાસ્તુ. અમને વૃદ્ધ વડિલોનો આશીર્વાદ જ સફળ થાય છે. પરંતુ હવે વડોદરામાં જે જોવા લાયક સ્થળો હોય તે બધાને બતાવવાની તજવીજ કરવી જોઇએ. તેને માટે તમે કહેશો ત્યારે તૈયારી છે. માત્ર આપણી તેનાતમાંના કારકુનને વરદી આપશો એટલે સર્વ વ્યવસ્થા થશે."

વીરમલ પણ આટલા વખત સુધી ત્યાંજ બેઠેલો હતો; પરંતુ તેના સાંભળવામાં આ કાંઈ પણ વાત આવી નહીં. તે તો પોતાના વિચારમાં આકળવિકળ થઈ ગયો હતો. આટલા દિવસ તો મહામુશકેલીથી કાઢયા; પણ હવે શું કરવું ? તેની કાંઈ તેને ગતાગમ પડે નહીં. જમવાનો તાટ પકવાન્ન વગેરે વિવિધ પ્રકારની જુદી જુદી વાનીથી ભરીને પાસે મુકેલો છે, પણ કમનસીબીની વાત એટલી જ છે કે તેમાંથી એક દાણાનો પણ ઉપયોગ થઈ શકતો નથી. પોતાનો જીવનહાર અજાપાળ પાસે જ છે; અને તે પણ રણસુંદરીના વિયોગથી તેની ઝંખના કરે છે, તથાપિ તે રણસુંદરી વીરમલ લાખાના મરદાની વેશમાં ફસાઈ પડી છે. તે વેશ હવે શી રીતે બદલવો અને અજાપાળના પ્રેમામૃતનું પાન કરવાની કેવી યુક્તિ કરવી ? તેની કાંઈ સમજ પડે નહીં. વળી કાલે દરબાર છે અને ત્યાં આપણે પણ જવાનું છે. વાઘેર કેદીઓનો છેવટ ઇન્સાફ પણ કાલે જ થશે. તેવખતે આપણા પિતા હમીરજસાજીનો શી રીતે બચાવ કરવો ? તે તો પોતાને દેહાંતદંડની જ શિક્ષા કરવા માગણી કરે છે, કેમકે હું નાસી જવાથી તેઓ પોતાના જીવ ઉપર જ ઉદાર થયા છે. અહો ! ઈશ્વરની શી ખુબી છે ? મેં કાંઇ ખોટું કર્યું નથી; પણ અજાપાળ જેવા યશસ્વિ કુળના નરરત્નને પસંદ કરેલા છે. તે મારી પાસે છતાં મને પણ તેનો લાભ મળતો નથી. મારો બાપ મારે માટે મરવાને તૈયાર થયો છે અને માતા ઘેર ઝુરતી હશે, તેનો તો કાંઈ સુમાર જ નહીં. આવી રીતે જે ઉલટો કાળો પડદો પડેલો છે, તે કેવી કરામતથી બદલી નાંખવો ? હવે તેમાં ઢીલ કરવી પણ કાંઈ કામની નથી. હાથવેંતમાં બધી બાજી આવી પડી છે. જો કાલે તેનો કોઈ પણ પ્રકારે દરબાર થતાં સુધીમાં પરિસ્ફોટ થાય નહીં, તો તેનું વિપરીત પરિણામ આવે, એ દેખીતું છે. હવે શું કરવું ? રાજપાળજીને આ બધી હકીકત કહી દેવી ? ના, નહીં જ. એમ તો બને જ નહીં. તેમાં આપણી જ ફજેતી થાય અને જન્મ સુધીનું મેણું રહે. વારુ ત્યારે અજાપાળને જ એકાંત મળીએ અને બધું કહી

દઇએ તો બધું સહેજ બનવા જેવું છે; પરંતુ તેવો વખત મળે ક્યાંથી? અને એવી નિરાંતની જગા પણ ક્યાં અનુકૂળ છે? અરે પણ કાલે બિચારા બુઢ્ઢાની શી દશા થાય છે, તેની તો આપણે પ્રથમ કાળજી રાખવાની જરૂર છે. હશે, જે બનશે તે ખરું; પણ કાલના દરબારમાં શું થાય છે, તે જોયા પછી વળી થઇ પડશે. તો પણ કાલનો દરબાર જ આપણે માટે અત્યંત અગત્યનો છે. તેમાં કેવા કેવા પ્રસંગો આવે છે, તે ઉપરથી જે થશે તે ખરું. એવો મનનો નિશ્ચય કરે છે, એટલામાં રાજપાળે પૂછ્યું કે, "મારા વીરમલ લાખા! તમે એવા શું ગહન વિચારમાં પડી ગયા છો? તમને શી ફીકર છે? ચાલો જમવાનો વખત થયો હોય તો પરવારીને પાછા જલદી વિશ્રાંતિ લ્યો. કેમકે ઘણા દિવસના એક સરખા પ્રવાસથી બહુ થાકી ગયા હશો." આ સાંભળીને વીરમલને જરા હસવું આવ્યું અને પોતે ઉઠીને સમયાનુસાર તજવીજો કરવા લાગ્યો. અંદર જઇને જુવે છે તો રાજબા વગેરે વીરમલની વાટ જ જોતાં હતાં. કેમ કે બધાને રસ્તામાં તેનો ઘણો સહવાસ થયો હતો. તેના મમતાળુપણા તથા રમુજીપણાના સરળ સ્વભાવને લીધે તેને બધાં બહુ ચાહતાં હતાં. તેથી તે ઐરાંના જનાનામાં આવતાં રાજબાએ કહ્યું કે, "કેમ લાખાજી કોનું ધ્યાન લગાવ્યું હતું? એવા શા વિચારમાં તલ્લીન થઈ ગયા હતા કે કોઈ બોલાવે, તેની પણ ખબર પડે નહીં?" વીરમલ જરા હસીને કહે છે કે, "એ તો અમારા મનની તાલાવેલી ચાલતી હતી. તેની તમને શું ખબર પડે? હવે ધીરજ રાખો, થોડા દિવસમાં તમને પણ ખબર પડશે, અને જે હશે તે જણાશે." એવા એવા ખરા આનંદિત પ્રભાવમાં આ ખાનદાન તથા પ્રેમાળ કુટુંબીજનો વડોદરામાં આવી પહોંચ્યાં છે.

પ્રકરણ ૪૨ મું
દરબાર અને ઇન્સાફ

દિવસ ઉગ્યો ત્યારથી સરકારવાડા પાસે લોકોની ગરદી થવા લાગી. બંદોબસ્ત માટે ઘોડેસ્વારોની એક લશ્કરી તુકડી તથા પાયદળ લશ્કરની એક તુકડી ત્યાં હાજર થયેલી હતી. પોલીસ તરફથી પણ આજુબાજુએ સારો જાપતો રાખવામાં આવ્યો હતો. તોપણ તેટલામાં બેસુમાર લોકો ત્યાં ભેગા થઈ ગયા, કેમકે આજે વાઘેર લોકોના બેટના બળવાનો છેવટ ઇન્સાફ થવાનો હતો; તેથી સાહેબ લોકો વગેરે પણ આ દરબારમાં મોટા મોટા દરજ્જાના ભેગા થવાના હતા. અર્થાત્ આજનો દરબાર મોટા દશરા દિવાળીના દરબાર કરતાં પણ બહુ મોટો ભવ્ય થવાનો હતો. તેથી વડોદરાની પ્રજા ઉપર નીચે થઈ ગઈ હતી. રસ્તામાં શહેર વચેના લહેરીપૂરા તથા ચાંપાનેરી દરવાજા સુધીમાં માણસોની આ સ્થિતિ હતી ત્યારે દરબારની તો વાત જ શી કરવી? આઠ વાગતા સુધીમાં તો સરદાર, દરકદાર, વતનદાર અને અમલદારો બધા હાજર થઈ ગયા હતા. તેથી દરબાર બધો ચિકાર ભરાઈ ગયો હતો. તોપણ શિરસ્તા પ્રમાણે વચમાં સુંદર નાચિકાનો નાચ ચાલી રહેલો હતો. તેને પણ સંકોચથી કામ કરવું પડતું હતું. બરોબર નવ વાગ્યાના સુમારમાં રેસિડન્ટ સાહેબ, આસિસ્ટન્ટ રેસિડન્ટ, કર્નલ

ઓનર, કેપ્ટન બાર્ડન વગેરે કેટલાક મોટા મોટા સાહેબો લશ્કરી દમામ સાથે ફુલ ડ્રેસમાં હાજર થઈ ગયા હતા. તેમની સાથે પ્રજાપાળ, રાજપાળ, વીરમલ લાખા વગેરે પણ પોતાના દેશી પોષાકમાં ભભકાબંધ અલંકાર તથા હથિયારો સજીને આવેલા હતા. તે શિવાય કેટલાક લાગવગવાળા પ્રેક્ષકો પણ ઘણા આવ્યા હતા. તેથી આ ભવ્ય દરબાર બહુ જ તેજોમય દેખાતો હતો. તેવામાં છડીદારે નેકી પોકારવાનો અવાજ આવ્યો; તેની સાથે બધા ઠીકઠાક થઇને શાંતતાથી સાવચેતી ભરેલી નિધાથી જોવા લાગ્યા. એટલામાં આગળ છડીદાર સાથે હજુરીઓ વગેરેના મંડળમાં શ્રીમંત ખંડેરાવ મહારાજ પધાર્યા. તે વખતે સર્વેએ ખડી તાજીમ આપી; અને મહારાજા રાજ તખ્ત ઉપર બિરાજ્યા. તે પછી દિવાન રેસિડન્ટ વગેરે સાહેબો તથા સરદારો, અમલદારો અને સર્વ દરબારમાં હાજર થયેલાઓએ એક પછી એક પાસે જઇને ત્રણ સલામથી નમીને હજુરને મુજરો કર્યો. આ વખતે અને છેવટ સુધી નામાંકિત નાયિકા મનોહર નાચ ગાયન મધુર વાજીંત્ર સાથે કરી રહેલી જ હતી.

બળવાખોર વાઘેર કેદીઓને સરકારવાડા સામા લશ્કરી જાપતા સાથે લાવીને હારબંધ ઉભા રાખવામાં આવ્યા હતા. તેમને છજામાંથી જોતા જોતા શ્રીમંત મહારાજા સાહેબ દરબારમાં પધાર્યા હતા. તે વખતે રસ્તામાંથી સર્વેએ સલામ કરી, તેમનો પોષાક સાદો, ચહેરો ભવ્ય પણ પ્રફુલ્લિત અને ગળામાં માત્ર એક હીરાનો હાર ઘાલેલો હતો દિવાન સાહેબે ઉઠીને સરકારને મુજરો કરીને જણાવ્યું કે, "વાઘેર લોકોના બેટના બળવા સંબંધીની સર્વ હકીકત તથા તેમની અમરેલી ખાતે તપાસ કરવાને માટે નિમાયલા કમિશનનો હેવાલ અને ખાલસના સન ૧૮૫૧ ના અગિયારમા તથા સોળમા ઍકટ પ્રમાણે ગુનેગારોને શિક્ષા કરવાની ભલામણ વગેરે શ્રીમંત મહારાજા સાહેબ હજુર વિદિત કરવામાં આવી છે. તે ઉપરથી એવો હજુરનું હુકમ થયો છે કે, મુળુમાણેકને ચૌદ, બાપુમાણેકને સાત અને સાગા તથા ઘોડમાણેકને પાંચ પાંચ વર્ષની સખ્ત મજુરી સાથે કેદની સજા કરવામાં આવે છે. તે શિવાય બાકી રહેલા પચીસ આરોપીઓને બેથી પાંચ વર્ષ સુધીની શિક્ષા ફરમાવવામાં આવે છે; અને સત્તર જણને છોડી દેવાની સિફારસ બહાલ રાખવામાં આવી છે. તો પણ તેમણે ઉખામંડળ છોડીને સરકારની પરવાનગી શિવાય બહાર જવું નહીં" "આ ફરમાન નીચે ઉભેલા ગુનેગારોને પણ જાહેર કરવામાં આવ્યું. તે વખતે જે આરોપીઓને સજા કરવામાં આવી, તેઓ ખુશીની સાથે તે ભોગવવાને તૈયાર દેખાતા હતા, કેમકે ગુનો કરીએ અને શિક્ષા થાય, તેમાં તેઓ કોઈ અપમાન સમજતા હતા નહીં. આમાંના કેટલાક માણસો પેહેલાં પણ કેદમાં જઈ આવેલા હતા; તથા કેટલાક કાળા પાણીએ મોકલેલા, ત્યાંથી પણ નાસી આવેલા હતા. એ લોકો એમ સમજતા હતા કે ઘરમાં પથારીમાં પડીને મરવામાં કાંઈ આબરુ નથી. તેમને જ્યારે શિક્ષા ફરમાવી ત્યારે બેડીઓ ઘાલેલા કેદી થઇને ઉભા રહેલા હતા, તો પણ તેમના ડોળા ક્રોધને લીધે લાલ થયેલા હોવાથી તેમનો ચેહેરો ક્રૂર તથા ઘણો ભયંકર દેખાતો હતો. તેથી તેમના તરફ જોનારને તો ખરેખરો ભય જ લાગતો હતો. આ વખતે હજારો લોકોની જયાં

જુવો ત્યાં ભારે ભીડ થયેલી હતી. તેમ જ દરબારમાં પણ જરા ઉભા રહેવા જેટલી પણ જગા હતી નહીં. આ પ્રમાણે થયેલ છેવટ ઈન્સાફના સંબંધમાં ઘણા લોકો તારીફ કરતા હતા; અને કેટલાક લોકોએ વાઘેરોની બહાદુરી વગેરેના સંબંધથી અન્યાય થયેલો જણાવ્યો. જગતમાં લોકો બે બાજુનું બોલે છે; કેમકે દુનિયાં તો દોરંગી છે. તથાપિ આ પ્રકારે ખરા બળવાખોરોના સંબંધમાં નિકાલ થઈ ગયો. પરંતુ છેવટે જે આરોપીને માટે કમિશનના સાહેબો અને લશ્કરી અમલદારોએ કેટલીક નવાઈ લાગવાથી ખાસ ભલામણ કરેલી તથા જે બીજા બધા આરોપીઓથી જૂદો જ જણાતો હતો, તે છેવટના આરોપીને ઉપર દરબારમાં હાજર કરવામાં આવ્યો.

જેનો ચહેરો ઘણો જ શાંત, ગંભીર અને ભવ્ય દેખાતો હતો, તે હમીર જસાજીને સઘળાએ જોયો ત્યારે તેના સંબંધમાં બધાના જૂદેજૂદા વિચાર શરૂ થયા અને તેનું હવે શું થાય છે તે તરફ સર્વેનું લક્ષ લાગ્યું. તેણે આવીને હજુરને નમીને મુજરો કર્યો અને બે હાથ જોડીને કેટલીક વિનંતિ કરવાની રજા માગી. તે પ્રમાણે તેને જે જાહેર કરવું હોય તે કહેવાની રજા આપવામાં આવી. તેણે ફરી મુજરો કરીને જણાવ્યું કે, "સન ૧૮૦૧ અગર ૧૮૦૪ સાલમાં હું પચીસેક વર્ષની વયનો હોઇશ, તે વખતે વાઘેર લોકોએ મુંબઇના એક વેપારીનું વહાણ દ્વારકાના બંદરમાં લુંટયું. તેમાંથી એક ઇંગ્રેજ સ્ત્રી હાથમાં આવી. તેને અતિશય હેરાન કરીને દરિયામાં ધકેલી મુકી. એ બાબત મુંબઈ સરકારના જાણવામાં આવતાં લશ્કરી આગબોટો દ્વારકા તરફ રવાના કરવામાં આવી. તેને માટે ઉખામંડળના તાલુકદાર પાસેથી યોગ્ય બદલો લેવાનો હુકમ થયેલો હતો. પરન્તુ તે વખતે વાઘેર લોકોનો જ સમુદાય વધારે હોવાથી તેઓ ઘણા જોર ઉપર હતા. તેથી તેમને મગરૂરીને લીધે કાંઈ દાદ દીધી નહીં. તે વખતે શ્રીમંત ગાયકવાડ સરકારના દિવાન વિઠ્ઠલરાવ દેવાજી ઘણા મુસદ્દી તથા બહુ બહાદુર હતા. તેમની મદદ શિવાય વાઘેર લોકોની સામા આપણે ટકી શકીશું નહીં, એમ લાગવાથી ઇંગ્રેજ સરકારે વિઠ્ઠલરાવને લશ્કર સાથે શ્રીમંત ગાયકવાડ સરકાર પાસે માગી લીધા. તેમની સાથે કર્નલ વોકરને લશ્કર સાથે મોકલવામાં આવ્યા હતા. તેમણે કાઠીઆવાડ ઉપર ચડાઈ કરી અને આખું કાઠીઆવાડ હલાવી મૂકયું. માળિયાના તાલુકદારનો બળવો તેમણે સહેજમાં સમાવી દીધો અને ઉખામંડળ તરફ લશ્કર ચાલ્યું. ઉખામંડળ પણ તેઓએ પોતાના તાબામાં લીધું. બેટ તથા પોશિત્રાના લોકોને જેર કરી દીધા અને તેમની પાસેથી ઘાસ દાણો લેવાનો ઠરાવ કર્યો. વહાણ લુંટવાના સંબંધમાં નુકસાની બદલ એક લાખ પંદર હજાર રૂપિયા લીધા; અને ફરીથી લુંટ ચોરી નહીં કરવાના સંબંધમાં સદારામ ભંડારી વગેરે આબરૂદાર લોકોને જામીન લીધા. આટલું બધું થયું, તોપણ અમારો બારવટું કરવાનો ધંધો હોવાથી શાંત શી રીતે બેસી શકાય? તેથી અમે તે કરાર ભુલી ગયા અને જળ તથા સ્થળ ઉપરની લુંટ ફરીથી ચાલુ કરી. છેવટે ઇંગ્રેજો આ વાઘેર લોકોથી કંટાળી ગયા. દ્વારકા હિંદુ લોકોનાં ચાર ધામ પૈકીનું પવિત્ર સ્થાન હોવાથી તે ગાયકવાડ સરકારને મહત્વનું લાગતું હતું. તે વખતે સન ૧૮૧૯ માં કર્નલ સ્ટાનહોપ ઇંગ્રેજી લશ્કર લઇને ઉખામંડળમાં આવ્યા. તેમ જ

ગાયકવાડ સરકાર તરફથી વિઠ્ઠલરાવ દેવાજી પણ લશ્કર લઇને આવ્યા હતા. આ વખતે પાછી વાઘેર લોકોની સાથે ઝટાપટી થઈ, અને છેવટે દ્વારકા સર કર્યું. સુરજી શિવાજી ત્યાં ચૌદ માસ સુધી વહિવટદાર હતા. તે પછી દ્વારકા સાથે ઉખામંડળ ઈંગ્રેજ લોકોએ કાયર થઇને ગાયકવાડ સરકારને સ્વાધીન કર્યું. ઉખામંડળના તાલુકદારોનાં વતન કાયમ રાખ્યાં અને માત્ર પોશિત્રાના તાલુકદારનો ગિરાસ કાયમ રાખીને તેમણે ગાયકવાડ સરકારના તાબામાં રહેવાનું ઠરાવ્યું. સન ૧૮૧૮માં પત્રામળ માણેકે પાછું તોફાન શરુ કર્યું અને સન ૧૮૨૦ માં પાછો બળવો થયો. તેમાં પહેલા સુળુ માણેક તથા વેરશી માણેક પડ્યા અને કેપ્ટન મેરો પણ એ જ લડાઈમાં માર્યા ગયા. જે વખતે શરીરમાં શક્તિ હોય છે, અને તાજું લોહી ચઢતું હોય છે, તે વખતે માણસને દુનિયાંની કાંઈ ફીકર હોતી નથી. એવા વખતમાં મેં પોતે કેટલી બધી લુંટ, ચોરીઓ તથા લડાઈઓ કરી અને કેટલાક ગોરા લોકોને મારી નાંખ્યા! તે શિવાય કેટલીક જગાએ છાપા મારતાં ઘણા માણસોની કતલ કરી નાંખી! એ સઘળાં કૃત્ય આજે મારી નજર પાસે દેખાય છે. આ વખતે એક અગત્યની હકીકત કહેવાની રહી જાય છે કે, વિઠ્ઠલરાવ દેવાજીએ જે કાઠીઆવાડની લડાઇમાં વિજય મેળવ્યો અને મોટી નામના કરી, તેમાં વખતો વખત મુખ્યત્વે શુરા જોધાણીની મદદ હતી. તે પોતે બહુ બહાદુર વીર પુરુષ હતા અને આખા કાઠીઆવાડમાં તેમની હાક વાગી હતી. તેઓ શ્રીમંત ગાયકવાડ સરકાર તરફ ઘણી જ ઇમાનદારી રાખતા હતા; તે પ્રમાણે તેમને ઇનામ જહાગીરો પણ આપવામાં આવી હતી. તે પછી કાઠીઆવાડમાં સ્વામી નારાયણનો ધર્મ શરુ થયો, તેમના ઉપદેશથી રજપુત, કાઠી વગેરે લોકો તદન નિર્માલ્ય થઈ ગયા છે. તથાપિ વાઘેરો કાંઈ તેમને માનતા નથી અને હવે પછી પણ માને, એમ મને લાગતું નથી. ચારે તરફ હવે ટોપીવાળાના રાજ્યમાં કાઠીઆવાડના રાજા રજવાડા તથા તાલુકદારો શાંતતાથી દિવસ નિર્ગમન કરે છે. પરંતુ ઉખામંડળનાં હવા પાણી જ કાંઈક ચમત્કારિક છે. તેથી અમારા લોકોને માટે શાંતતાથી આયુષ્ય કાઢવું, એ એક પ્રકારની શિક્ષા જ લાગે છે. જુવો, તેઓએ હાલનો ઓખાનો બળવો કરીને દેશની તથા લોકોની પાયમાલી કરી નાંખી, પણ શાંત બેસી રહ્યા નહીં, અને તેમનો તેવો સ્વભાવ જ નથી. આજે પણ અમને અમારા યુવાવસ્થાના દિવસો યાદ આવે છે ત્યારે મગજમાં જુદો જ પવન ભરાય છે; પરંતુ વૃદ્ધાવસ્થાને લીધે ગાત્ર શિથિલ થઈ ગયાં છે. તેવી જ રીતે મનની સ્થિતિ પણ ઘણી દીન થઈ ગયેલી છે. તોપણ મારી છોકરી નાસી જવાથી દુનિયામાં મારું નાક કપાઈ જવાને લીધે હું આ બળવાખોરોમાં મરવાને માટે સામેલ થયો. તે પછી આ (કર્નલ ઓનરને બતાવીને) સાહેબને મારવા માટે પ્રસંગ આવે તેમના ઉપર ધસી ગયો. તે વખતે મને પેલા સ્વારે ઠાર કર્યો હોત, પણ કમનસીબે હજુ સુધી જીવતો આપની હજુરમાં ઉભો છું. આપ મારા ઉપર કૃપા કરો. હું જીવવાની ઇચ્છા રાખતો નથી, માટે મને એકદમ દેહાંતદંડની શિક્ષા કરો. હું બહુ મોટો ગુનેગાર છું. આખા જન્મારામાં મેં અસંખ્ય ગુના કરેલા છે, માટે હું એ જ શિક્ષાને પાત્ર છું. તેથી આપ કાંઇ પણ વિચાર નહીં કરતાં મને દેહાંતદંડ દ્યો, એવી મારી સરકાર ચરણે નમ્ર વિનંતિ

છે. એમ કહીને તેણે હાથ જોડ્યા, ઘાંટો ગળગળો થઈ ગયો અને નેત્રમાંથી નીર વહેવા લાગ્યું.

એકદમ કર્નલ ઓનર ઉભા થઇને કહેવા લાગ્યા કે, "આ બળવા સંબંધી ગાયકવાડ સરકાર પાસે એકંદર હકીકત રજુ થઈ ચુકેલી છે. તો પણ મને જણાવવાને ઘણો જ આનંદ થાય છે કે, પહેલાંની કાઠીઆવાડની લડાઇઓમાં જેવી રીતે શૂરા જોધાણીએ સરકારને ઘણી જ અગત્યની મદદ કરેલી હતી. તેવી જ રીતે બલ્કે તેથી પણ વધારે તેમના દીકરાએ આ વખતે અમૂલ્ય મદદ કરી છે, અને મારે કહેવું જોઇએ કે આટલા વખતમાં આવા વિજય સાથે આ બળવાની સમાધાની થવી મુશ્કેલ હતી, તે આ વીરપુરુષની બહાદુરી તથા બાતમીઓ અને પહાડી અનુભવને લીધે સરકારની મહાન્ ફતેહ થઇ છે. અમે સર્વ તેની ચતુરાઈ, ચપળતા અને તરવાર બહાદુરી જોઇને ચકિત જ થઈ ગયા છીએ. તેને માટે ગાયકવાડ સરકારને ખાસ વિચાર કરવાની મારી મજબુત ભલામણ છે. તે જ આ (ઇશારત કરવાથી આગળ આવીને મુજરો કરતાં) રાજપાળે મારો જીવ પણ ઘણી વાર બચાવ્યો છે."

દરબારના સઘળા લોકો તેને જોવા લાગ્યા. તેવામાં સાહેબ બેસી જતાં રાજપાળે જણાવ્યું કે, "જે કાંઈ શ્રીમંત ગાયકવાડ સરકારને માટે અમે કરીએ છીએ તે અમારી વંશપરંપરા ફરજ છે, કેમકે તે અમારા અન્નદાતા છે. એ શિવાય સાહેબ ઉપર આવેલી ગોળી મારા સ્વારે ચુકાવી, તેથી તેમનો પ્રાણ બચ્યો, તેનું શ્રેય તેને જ મળવું જોઇએ, કારણ કે હમીર જસાજીના નિશાનની તેણે મને ઇશારત કરી હોત નહીં તો મારાથી કાંઈ બની શકત નહીં." તે સાંભળીને બધાને ઘણી નવાઈ લાગી અને કેટલાક તો ભરદરબારમાં બોલી ઉઠ્યા કે, "વાહ વાહ! આનું નામ જ ખરી મોટાઈ અને ઉદારતા કહેવાય! નહીં તો આજ કાલ તાબાના નોકરે કરેલા કામની બહાદુરી પોતાની કહેવરાવનારા ઘણા થઈ ગયા છે!"

એટલામાં વીરમલને આગળ આવવાની તાકીદ થઈ તેણે આગળ આવીને મુજરો કરતાં જ હમીર જસાજીના ડોળા લાલ થઈ ગયા અને ક્રોધથી ચહેરો બદલાઈ ગયો, એટલું જ નહીં પણ એકદમ ડોસો બોલી ઉઠ્યો કે, "આજ તે સ્વાર કે જેણે રાજપાળને વિનંતિ કરીને મારો જીવ બચાવ્યો." તે ઉપરથી બધાને આશ્ચર્ય થયું કે, આ તેના જીવ બચાવનાર તરફ કરડી નજરથી કેમ જુવે છે! એટલામાં વીરમલને પોતાની હકીકત કહેવાની હજુરની આજ્ઞા થઈ.

વીરમલે જણાવ્યું કે, "હમીરજી પોતે જ મેં તેમનો જીવ બચાવ્યાનું કબુલ કરે છે, ત્યારે તેના સંબંધમાં મારે કાંઈ ખુલાસો કરવાનું રહેતું નથી, તથાપિ મારી ઇચ્છા કાંઈ અગત્યની હકીકત જણાવવાની છે. તે જો હજુરની આજ્ઞા થશે અને હમીરજી તેમનો જીવ બચાવ્યા બદલ મને હું જે માગું તે ઇનામ આપવાને તૈયાર હશે તો જ તે હકીકત હું જાહેર કરીશ."

આ સાંભળીને સર્વને ઘણું આશ્ચર્ય લાગ્યું અને હવે આ વળી આગળ શું કહે છે, તે સાંભળવાને બધા બહુ આતુર થઇ રહ્યા. એટલું જ નહીં પણ સઘળા હમીર

જસાજી તરફ જોવા લાગ્યા. તે વખતે ડોસાએ આંખમાં આંસુ આવતાં હાથ જોડ્યા અને કહ્યું કે, "મહારાજ! આ યાચનાને માટે મને માફ કરો અને મારો જીવ જલદી જાય તેમ હુકમ કરો. છોડીની છોડી ગઈ! જીવ કરતાં વધારે સંભાળેલી ઘોડી ગઈ! લોકોમાં બેઆબરુ થઈ! હવે મારે શા સુખની આશાએ જીવવું? હું મારી મેળે મારા અસંખ્ય ગુનાઓ કબુલ કરું છું, અને મારો જલદીથી અંત લાવવાની વિનંતિ કરું છું. મારા ઉપર દયા કરીને હવે મને બીજુ કાંઈ પૂછશો જ નહીં!" એટલું બોલીને તે જમીન તરફ નીચું જોવા લાગ્યો. તે વખતે લોકોને વળી વધારે નવાઈ લાગી અને તે જાણવાની આતુરતા પણ વધારે થઈ. તેની જ સાથે હમીરજીને દિવાન સાહેબે જણાવ્યું કે, "જ્યારે જીવવાની આશા નથી ત્યારે આ વીરમલ માગે છે તે આપવાને શી હરકત છે?"

હમીર જસાજી—"તે જીવતદાન માગશે, માટે મને ક્રોધ આવે છે; પણ તે શિવાય વીરમલને જે માગવું હોય તે માગ. શું માગે છે? હવે મને વધારે બોલાવીશ નહીં." એટલું બોલવું સાંભળીને વીરમલ એકદમ હમીરજીની પાસે ગયો અને તેમના પગ ઉપર માથું મુકીને રડી પડ્યો. તેણે રડતાં રડતાં કહ્યું કે, "મારો અપરાધ મને માફ કરો, એટલું જ મારે માગવાનું છે અને તે તમે કબુલ કરો, એટલે મારે જે કહેવાનું છે તે કહું છું." હમીરજીને પણ આ વખતે ઘણું માઠું લાગ્યું, અને જણાવ્યું કે "આ સ્વારના જે અપરાધ હોય તે હું માફ કરું છું. તેણે તો મારો કાંઈ અપરાધ કરેલો નથી; પણ ઉપકાર જ કરતો આવ્યો છે. તે જ મને પસંદ નથી." તરત જ વીરમલે શ્રીમંત મહારાજા તરફ વળીને કહ્યું કે, "થોડીવાર મને બહાર જઈ આવવાની પરવાનગી મળવી જોઇએ. તાબડતોબ તેને રજા આપવામાં આવી, અને તે સપાટાબંધ દરબારમાંથી બહાર નીકળી ગયો. તે વખતે બધાને ઘણો જ અચંબો લાગ્યો, અને વળી આ શી ભાંજગડ છે, તે કાંઈ કોઇને સમજ પડી નહીં. તેથી આખો દરબાર સ્તબ્ધ જ થઈ ગયો."

આ વખતે જોધા કુંભાણી તથા પથાજી પણ દરબારમાં ગોઠવણ પ્રમાણે આવીને બેઠેલા હતા. તેમને વિચાર થયો કે આપણી રાજબાને બચાવ્યાની રાજપાળની બહાદુરી દરબારમાં જણાવવાની આ યોગ્ય સંધિ છે. તે ઉપરથી તેમણે આગળ આવીને મહારાજા સાહેબને મુજરો કરીને વિનંતિ કરી કે, "આ બળવાને લગતી એક જાણવા જેવી બાબત મારે જણાવવાની છે તે જો હુકમ હોય તો જાહેર કરું.' તેમને જે હોય તે કહેવાની પરવાનગી મળી, એટલે જોધા કુંભાણીએ જણાવ્યું કે, "હું બેટ શંખોદ્ધારનો રહેવાસી છું. જે દિવસે વાઘેર લોકોએ ત્યાં હુમલો કર્યો ત્યારે મારી દીકરી ગુમ થઈ ગઈ હતી. તે ભયની મારી નાસીને મંદિરમાં જતાં તેની પાછળ કિલ્લા ઉપર એક હબસી કાળ થઇને લાગ્યો. તે વખત આ રાજપાળજીએ અકસ્માત્ જઇને તે સિપાઇના બે તુકડા કરી નાંખ્યા, પરંતુ એટલામાં તે કિલ્લા ઉપરથી ભયભીત થઇને દરિયામાં પડી ગઈ. તેની પાછળ એમણે પણ પડતું મૂક્યું અને તેને બહાર કાઢીને પાછી મારે ઘેર પહોંચતી કરી. તેમની બહાદુરીની બધા લોકો તારીફ કરે છે. તેમનો મારા ઉપર આ અતિશય ઉપકાર થયો છે, તેના બદલામાં એ મારી દીકરી એમની જ

સાથે પરણાવવાનો મેં નિશ્ચય કર્યો છે, અને તે બળવાના સંબંધની હકીકત હોવાથી હજુરને ટુંકામાં વિદિત કરીને મેં તસ્દી આપી છે તેને માટે મને ક્ષમા કરશો.”

એટલામાં બુરખો નાંખેલી એક સ્ત્રી આવીને દરબારમાં હાજર થઈ. હમીર જસાજીની તેના તરફ નજર જતાંની સાથે તે લાગલો જ તેની પાસે ગયો અને તેને ભેટીને છાતી સરસી ચાંપી. તેની છાતી ભરાઈ આવી અને આંખમાંથી આનંદાશ્રુની ધારાઓ ચાલી. તે સ્ત્રી પણ પોતાના પિતાને બે હાથે બાથ ભરીને ભેટી પડી અને બોલી કે, “બાપા! આપની પરવાનગી શિવાય જે કામ કરવું જોઇએ નહીં, તે મારે હાથે બની ગયું; માટે મને માફ કરશો. આટલા વખત સુધી જે વીરમલ લાખા હતો તે હું જ હતી!”

તે વખતે અજાપાળ પણ તેના તરફ જોઈ રહ્યો હતો અને ઘેરથી નાસી જતી વખતે તેણે જે કપડાં પહેરેલાં હતાં તે જ અત્યારે તેના અંગ ઉપર જોઇને તરત જ તેને ઓળખી. તે જ વખતે જઇને તેને એકદમ ભેટી પડવાની તેની ઇચ્છા થઈ, પણ લોકલાજને લીધે ભર દરબારમાં તે તેમ કરી શકયો નહીં.

રણસુંદરી પોતાના બાપથી છુટી પડી અને અજાપાળ તરફ આંગળી બતાવીને કહ્યું કે, તે જ જયમલ અથવા અજાપાળને આપ ઓળખશો. “તેણે આવીને હમીર જસાજીને પગે લાગીને પોતાના અપરાધની ક્ષમા માગી;” ત્યારે તેમણે જણાવ્યું કે, “હવે તમારે ક્ષમા માગવાનું કારણ રહ્યું નથી. કેમકે તેને માટે ભર દરબારમાં હું પ્રથમથી જ વીરમલને માફી આપવાનું કબુલ કરી ચુકયો છું.”

હજુરે અજાપાળને પોતાની સર્વ હકીકત જણાવવાની આજ્ઞા કરી. તેથી તેણે હજુરને મુજરો કરીને જણાવ્યું કે, “ઘોડાની લાલચથી હું ચાકરના વેશમાં તેમને ઘેર રહીને ઘોડા સાથે રણસુંદરીને નસાડીને લઈ ગયો. પરંતુ રસ્તામાં તે નદીમાં પડી જવાથી અમારો વિયોગ થયો. તેથી હું ફરતો ફરતો દ્વારકાં ગયો અને ત્યાં કેટલીક સરકાર હિતની હકીકત મળવાથી તે બાર્ટન સાહેબ પાસે જઇને જણાવી અને તેમની પાસે જ નોકરીમાં રહ્યો.” એ પ્રમાણે તેણે પોતાની હકીકવ ટુંકામાં કહી દીધી. તે સાંભળીને બાકીની હકીકત પૂરી કરવાનું રણસુંદરીને કહેવામાં આવ્યું. તેણે જણાવ્યું કે, “તેઓ મને ડુબી ગયેલી ધારીને ચાલતા થયા; પણ હું સામે કિનારે નીકળી હતી અને ફરીને આવીને જોઉં છું તો ત્યાં ઘેરથી આણેલાં બે ઘોડાં ચરતાં હતાં. તેને મેં જોયાં અને તેમની પાસે ગઈ. તે પછી સ્ત્રીના વેશમાં રહેવાથી અનેક આફતો આવશે, એમ ધારીને મરદાની પોષાક કર્યો હતો. તે પછી વીરમલ લાખાનું નામ ધારણ કરીને રાજપાળજી પાસે સ્વાર થઇને રહી. તે વખતે મારાથી જે બની તે સરકારની સેવા કરી છે. પાછળથી જ્યારે મારા વૃદ્ધ પિતા ઉપર જ પ્રસંગ આવ્યો ત્યારે મેં તેમને ઓળખીને રાજપાળજીને વિનંતિ કરીને તેમનો જીવ બચાવ્યો છે. હવે સરકારને પણ મારી વિનંતિ છે કે, મારી નોકરીના બદલામાં અથવા તો દયાળુપણાથી કૃપાવંત થઇને મારા પિતાના અપરાધ સર્વ ક્ષમા કરશો અને જીવતદાન આપશો.”

એટલામાં કેપ્ટન બાર્ટન સાહેબે ઉઠીને જણાવ્યું કે, “એકંદરે જોતાં આ બળવાનું સ્વરૂપ ઘણું ભયંકર હતું. તેમાં કર્નલ ઓનર સાહેબને જેવી રીતે રાજપાળે અગ-

ત્યની મદદ કરી છે તેવી જ રીતે મારી પાસે જાણભેદુ તરીકે પ્રજાપાળે પણ બહુ સારું કામ બજાવ્યું છે. તેણે વખતો વખત વાઘેર લોકો તરફની બાતમીઓ મેળવીને લડાઇને મોખરે પણ તેણે જોવા જેવી બહાદુરી બતાવી છે. તે શિવાય વાઘેરોને જીવતા પકડવા તે મુશકેલી ભરેલું છે, તો પણ તેમને સમજાવીને શરણે લાવવા તથા તેવા હોય તેને પકડવાના કામમાં બહુ સારી સમયસૂચકતા બતાવી છે, તેના સંબંધમાં આ નવાઈ ભરેલો બનાવ જોઇને મને ઘણો જ આનંદ થયો છે, અને તે સંબંધી યાદગિરીની ખાતર હું તેને મારી વિંટી બક્ષીસ આપું છું. તે શિવાય ગાયકવાડ સરકારને પણ તેને માટે યોગ્ય વિચાર કરવાની સિફારસ કરીને બેસવાની રજા માગું છું."

રાજપાળે સરકારને નમીને વિદિત કર્યું કે, "હું અને પ્રજાપાળ બે સગા ભાઇઓ છીએ. તે મારા મોટા ભાઈ છે અને અમે શુરા જોધાણીના દીકરા છીએ. તેમણે અમને, શ્રીમંત ગાયકવાડ સરકાર આપણા અન્નદાતા છે, એવો મરતાં સુધી ઉપદેશ કર્યો હતો. તે પ્રમાણે અમે પણ સરકારને અમારા માતાપિતા સમજીએ છીએ અને આ દેહ તેમનો જ છે. તેથી સરકારની સેવા અમારાથી જેટલી થાય, તેટલી થોડી જ છે. આ વખતે જે અમે અમારી ફરજ બજાવી છે, તેમાં કાંઈ અમે વિશેષ કર્યું નથી. સરકારની અમારા ઉપર કૃપા હોય એટલે અમારે લાખો રૂપિયા છે."

આ હકીકતો સાંભળીને લોકોને ઘણું સાનંદાશ્ચર્ય લાગ્યું, અને સર્વે પ્રજાપાળ તથા રાજપાળની ઇમાનદારી, બહાદુરી તથા ખાનદાની માટે પ્રશંસા કરવા લાગ્યા. એટલું જ નહીં પણ સસરાનું અકલ્પિત નવીન પદ પામનાર હમીર જસાજી તથા જોધા કુંભાણીને પોતાની દીકરીઓ સારે ઠેકાણે પડી, એમ જાણીને તેમને ઘણી જ ધન્યતા લાગી.

એ સમય દરમ્યાન દરબાર તદ્દન સ્તબ્ધ હતો અને શ્રીમંત મહારાજા સાહેબ દિવાન સાહેબની સાથે વાત કરતા હતા, તે તરફ સઘળાનું ધ્યાન લાગેલું હતું. એટલામાં દિવાન સાહેબે ફરમાન પ્રમાણે જાહેર કર્યું કે, "આ બેટના બળવાની સમાધાની થવાથી સરકાર ઘણા ખુશી થયા છે. તેમાં જે કેટલીક નવાઈ ભરેલી હકીકત નીકળી આવી છે, તેથી તો વિશેષ જ આનંદ થયો છે. હમીર જસાજીની કેવળ વૃદ્ધાવસ્થાની સફેતી તરફ જોઇને અને બીજાં વિશેષ કારણોને લીધે સરકાર તેમના અપરાધની માફી આપીને છોડી દેવાને ફરમાવે છે. તેમની દીકરી રણસુંદરીએ મરદાની વેશ લઇને મહાન્ સાહસ કર્યું છે, તેને માટે સરકાર તેને સોળે શણગારનો શરપાવ આપે છે. એટલું જ નહીં પણ તેને વંશપરંપરા પાંચ હજાર રૂપિયાની નિમણૂંક કરી આપે છે. પ્રજાપાળ તથા રાજપાળે શ્રીમંત ગાયકવાડ સરકારની પરંપરા ઇમાનદારીની ઇમાનદારી પ્રમાણે પ્રશંસાપાત્ર સેવા બજાવી છે. તેને માટે તેમને કડાં, કંઠીઓ, મોતીના હાર અને પગલાં તોડાની સાથે શાલ પાઘડીનો શરપાવ આપવામાં આવે છે. તે ઉપરાંત તેમના ગિરાસમાં વધારો કરીને ગામો પણ ઈનામમાં આપવાની હજુરની આજ્ઞા થયેલી છે, તેની તેમને સનદો આપવામાં આવશે, તે શિવાય લશ્કરના બીજા બસો ઇસમોને કડાં કઠીઓ તથા પાઘડી શેલાનાં ઇનામ શરપાવ આપવાનો હુકમ થયો છે. અને રેસિડન્ટ સાહેબ તથા બીજા મોટા લશ્કરી અમલદારોએ જે કામગિરી બજાવી છે તે સરકારના ધ્યાનમાં છે."

આ પ્રમાણે બોલવું ચાલતું હતું, તે જ વખતે હજુરીઓએ મહારાજાને હાથ લગાડાવીને જેને તેને ઇનામ શરપાત્રો આપી દીધા. વૃદ્ધ હમીરજી તથા જોધાજીને પણ શરપાવ થયો. આ વખતે દરબારનો દેખાવ ઘણો રળિયામણો દેખાતો હતો. અને સઘળાનાં મુખ કમળ પ્રફુલ્લિત થઈ ગયાં હતાં.

રેસિડન્ટ સાહેબે ઉઠીને શ્રીમંત મહારાજા સાહેબની ઉદારતા તથા કદરદાની માટે ઘણી પ્રશંસા કરી તથા બળવાની સમાધાની માટે સંતોષ બતાવ્યો. વળી અમરેલી વિભાગમાં ખાસ આસિસ્ટન્ટ રેસિડન્ટ રાખવાનો ઠરાવ થયા પ્રમાણે જોનસન સાહેબને બંદોબસ્ત માટે નિમવાનું જાહેર કર્યું, એટલું જ નહીં પણ બ્રીટીશ સરકારનો મિત્રાઈનો સંબંધ ફતેહમંદી સાથે વધેલો જોઇને ખુશાલી બતાવી.

તે પછી શ્રીમંત ઉઠીને ચાલ્યા. છડીદારે નેકી પોકારી. સર્વેએ ખડી તાજીમથી મુજરો કર્યો અને દરબાર બરખાસ્ત થયો. એટલે સર્વે પોતપોતાના સ્થાન ઉપર ગયા અને લોકો પણ વેરાઈ ગયા.

પ્રકરણ ૪૩ મું

લગ્ન

જોધા કુંભાણી, પથાજી, હમીર જસાજી અને રણસુંદરી ગાડીમાં બેસીને મુકામ ઉપર આવ્યાં, અને પ્રજાપાળ તથા રાજપાળ પણ પોતાના ઘોડા ઉપર બેસીને સાહેબની રજા લઇને આવી પહોંચ્યા. રસ્તામાં લોકો આ શૂરવીર વાઘેરોને જોઇને ઘણા જ ખુશી થતા હતા. મુકામ ઉપર આવ્યા પછી ઘરનાં માણસોની વીરમલ અથવા રણસુંદરી સંબંધી જૂદી જૂદી ગમતની વાત થવા લાગી, એટલામાં હમીર જસાજીની સ્ત્રી પોતાનો પતિ બળવાખોરોમાં પકડાયાની ખબર મળવાથી અમરેલી આવી; અને ત્યાંથી વડોદરે કેદીઓને લઈ જવાનું જાણીને પાછળ પાછળ ચાલી આવતી હતી, તે પોતાના ચાકર માણસો સાથે ગાડીમાં બેસીને તપાસ કરતી ત્યાં આવીને દાખલ થઈ. તે પણ પોતાના પતિને માફી મળી, રણસુંદરી જડી આવી, અને તેમનાં સરકાર તરફથી લગ્ન થવાનાં છે, એવી હકીકત સાંભળીને આનંદભરી અકસ્માત્ આવી પહોંચી. તેને હમીરજી જોતાંની સાથે ખુશી થતા થતા ગાડી પાસે ગયા. પથાજી પણ પાછળ પાછળ સાથે ગયો અને તેમને મુકામની અંદર લઈ આવતાં રણસુંદરી તુરત આવીને એકદમ માતૃપ્રેમથી ભેટી પડી. મા દીકરીની આંખમાં આંસુ આવી ગયાં, અને પછી માતાએ રણસુંદરીને છાતી સાથે ચાંપી રડતી છાની રાખી. ત્યારબાદ બધાં સુખાનંદથી વાતો કરવા લાગ્યાં. તે દરમ્યાન જમવાનો વખત થવાથી સર્વેએ મિષ્ટાન્ન ભોજન કર્યું.

પાસે જ એક મોટું મેદાન હતું. તેમાં સુંદર સુશોભિત માંડવો નાંખવામાં આવ્યો. બ્રાહ્મણો તથા જોશીઓ ભેગા થયા. તેમણે બીજા જ દિવસનું લગ્નનું મૂહુર્ત શોધી કાઢીને મુકરર કર્યું. તે પ્રમાણે સરકારમાં ખબર આપી, એટલે અનેક પ્રકારની સઘળી તૈયારીઓ સપાટાબંધ થવા લાગી. બીજે દિવસે તો ત્યાંનો દેખાવ ઘણો જ જોવા લાયકથઈ ગયો. ટકોરખાનાં અને જૂદાં જૂદાં વાજીંત્રો ચોતરફ વાગી રહ્યાં હતાં.

તેમ જ સરકારની તથા લશ્કરી ખાતાની તજવીજોથી એવો રળિયામણો દેખાવ થઈ ગયો કે કાંઈ કહેવાની જ વાત નહીં. તે જોવાને આખું શહેર ઉલટયું હતું. લોકોની ભીડ પહેલા દિવસ કરતાં પણ આજે વધારે હતી, તો પણ બંદોબસ્ત બહુ સારો રાખવામાં આવ્યો હતો. રાજપાળ તથા રાજબા અને પ્રજાપાળ તથા રણસુંદરીનાં એક જ મંડપમાં, એક જ મૂહુર્તે, તથા એકી વખતે લગ્ન થયાં. તે વખતે શ્રીમંત ખંડેરાવ મહારાજાની સ્વારી પધારી હતી. તે પહેલાં દરબારીઓ આવીને મીસલ પ્રમાણે ગોઠવાઈ ગયા હતા. રામજણીનો નાચ પણ ચાલતો હતો. લગ્નમંડપમાં દાખલ થતાં શ્રીમંતને પણ ઘણો જ આનંદ થયો. તેઓ આવીને બિરાજ્યા પછી સર્વેનો મુજરો થયા બાદ બન્ને વરકન્યા આવીને સરકારને પગે પડ્યાં. તે જોઇને મહારાજાનો ચહેરો પ્રફુલ્લિત થઈ ગયો અને હસતાં હસતાં આજ્ઞા કર્યા પ્રમાણે દિવાન સાહેબે વર વહુને પોષાક તથા મુલ્યવાન્ અલંકારો આપ્યા. તેમ જ હમીરજી, જોધાજી, પથાજી તથા તેના મામા વગેરેને પણ સારા પોષાક આપ્યા. એટલામાં કર્નલ ઓનર તથા કેપ્ટન બાર્ટન પણ આ સમારંભમાં ભાગ લેવાને આવી પહોંચ્યા. તેમણે તથા ઇતર જનોએ પોષાક સાથે ચાંલ્લો કર્યો. આ સમયનો દેખાવ ખરેખરો જોવા લાયક જ થઈ રહ્યો હતો. અત્તર ગુલાબ તથા પાન સોપારી સર્વેને અપાયા પછી શ્રીમંત મહારાજ સાહેબ અને સર્વે લોકો વરકન્યાને આશીર્વાદ આપીને વિદાય થયા. તે પછી વરકન્યા ડેરામાં જઇને પ્રથમ વરરાજાની માતાને, હમીરજી તથા તેમની સ્ત્રીને તેમ જ જોધાજી તથા તેમની પત્નીને પગે લાગ્યાં. તે પછી પથાજીના મામા વગેરે જે વડીલ ગણાય તેમને પણ પગે લાગ્યાં. આ સમયે સર્વેના આનંદનો કાંઈ પાર રહ્યો નહીં.

થોડા દિવસ ત્યાં રહીને શ્રીમંત મહારાજા સાહેબની રજા લઇને તેઓ સઘળાં વિદાય થયાં. વડોદરેથી નીકળીને ડાકોરમાં રણછોડરાયનાં દર્શન કર્યાં. પછી પાછા ઉખામંડળમાં આવ્યાં અને દ્વારકાનાથની ફરી સ્થાપના થયાની ધામધુમની મજા જોઇને સર્વે સ્વસ્થાને ગયાં અને આનંદમાં આયુષ્ય નિર્ગમન કર્યું.

"ગુજરાતી" છાપખાનામાંથી પ્રકટ થયેલા ગ્રંથો

ઐતિહાસિક નવલકથા

	પુસ્તકનું નામ	કિમ્મત
૧	ટીપૂ સુલતાન (પ્રથમ ભાગ)	૧– ૮–૦
૨	દિલ્હીપર હલ્લો (૨ જી આવૃત્તિ)	૧– ૦–૦
૩	અઢારમી સદીનું હિંદુસ્તાન	૧– ૮–૦
૪	ઔરંગઝેબ અને રાજપૂતો	૨– ૦–૦
૫	શાહજાદો અને ભીખારી	૦–૧૨–૦
૬	હેસ્ટીંગ્સની સોટી	૨– ૦–૦
૭	બાજીરાવ બલ્લાળ	૨– ૦–૦
૮	બેગમસાહેબ	૨– ૦–૦
૯	પાણીપતનું યુદ્ધ	૨– ૦–૦
૧૦	નૂરજહાંન	૨– ૦–૦
૧૧	રૂપનગરની રાજકુંવરી	૨– ૦–૦
૧૨	ઇન્દુકુમારી	૧– ૮–૦
૧૩	પ્લાસીનું યુદ્ધ	૨– ૦–૦
૧૪	શિવાજીનો વાઘનખ	૦– ૮–૦
૧૫	હળદીઘાટનું યુદ્ધ	૦– ૮–૦
૧૬	નંદનવનનો નાશ	૨– ૦–૦
૧૭	પેશવાઇની પડતીનો પ્રસ્તાવ	૨– ૮–૦
૧૮	ઔરંગઝેબનો ઉદય	૨– ૦–૦
૧૯	પદ્મિની અથવા ભસ્મીભૂત ચિત્તોડ	૨– ૦–૦
૨૦	કત્લેઆમ (નાદિરની દિલ્લીપર ચડાઈ)	૨– ૦–૦
૨૧	ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય	૨– ૦–૦
૨૨	જગન્નાથની મૂર્ત્તિ અથવા ભારતનું ભવિષ્ય	૨– ૦–૦
૨૩	જનાનખાનાની બીબીઓ	૦–૧૨–૦
૨૪	લીલા–(યોગની એક વાર્ત્તા)	૧– ૦–૦
૨૫	ચાંદબીબી	૦–૧૨–૦
૨૬	કલિયોપેત્રા–મિસરની મહારાણી	૦–૧૨–૦
૨૭	આર્ય આદિત્ય બાપ્પારાવળ	૦– ૪–૦
૨૮	ભારતલોક કથા (ભાગ ૧ લો)	૦–૧૨–૦
૨૯	" (ભાગ ૨ જો)	૦–૧૨–૦
૩૦	રજીયા બેગમ	૦– ૮–૦
૩૧	૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિન્દુસ્તાન	૦–૧૨–૦
૩૨	પાટણની પ્રભુતા	૨– ૦–૦

સસ્તું સાહિત્ય-"ગુજરાતી"ના ગ્રાહકોને જ

પુસ્તકનું નામ	કિમ્મત
૧ જૂનું નર્મગદ્ય-વધારા ને કવિની છબી સાથે	૧- ૪-૦
૨ ગુજરાત સર્વસંગ્રહ-કવિ નર્મદનો રચેલો અને સરકારે છપાવેલો...	૧- ૦-૦
૩ દેશવ્યવહાર વ્યવસ્થા-કવિ નર્મદનો ન છપાયલો અર્થશાસ્ત્રનો ઉત્તમ ગ્રંથ	૦-૧૪-૦
૪ નર્મકવિતા-સુરત મીશન પ્રેસમાં છપાયલી	૦- ૨-૦
૫ નર્મકવિતા-સુરત સોદાગર પ્રેસમાં છપાયલી	૦- ૨-૦
૬ રામજાનકી દર્શન-(નાટક)	૦- ૬-૦
૭ સારશાકુન્તલ (નાટક)...	૦- ૪-૦
૮ બાળકૃષ્ણવિજય (નાટક)	૦- ૪-૦
૯ ગંગા-ગુર્જર વાર્તા (શિવાજીની સુરતની લૂટ)	૦- ૮-૦
૧૦ ઘાસીરામ કોટવાલ-પેશ્વાના વખતની બહુ રમુજી ચાનક અને જ્ઞાન આપનારી વાર્તા	૦- ૪-૦
૧૧ વેદોક્ત ધર્મપ્રકાશ-વિષ્ણુબાવા બ્રહ્મચારી કૃત. એ ગ્રંથમાં ધર્મના ઘણા ગૂઢ વિષયોના સાદી ભાષામાં એવા સચોટ ખુલાસા આપ્યા છે કે, જેવા બીજે સ્થળે ભાગ્યે જ વાંચવામાં આવશે ...	૦-૧૪-૦
૧૨ ધાતુસંગ્રહ-ટેલર અને વ્રજલાલ શાસ્ત્રીનો રચેલો અને સરકારે છપાવેલો	૦- ૬-૦
૧૩ એમ. એ. બનાકે કર્યો મેરી મીટ્ટી ખરાબકી	૧- ૦-૦
૧૪ સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન	૧- ૮-૦
૧૫ વિલાયતી વિલાસમાં ફેશનબાઈ ખલાસ	૧- ૦-૦
૧૬ ભાગવત એકાદશસ્કંધ-મૂળ-ભાષાંતર-ચિત્ર પાકું પુઠું. સુંદર કાગળ	૦- ૬-૦
૧૭ ૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિન્દુસ્તાન	૦- ૮-૦
૧૮ બોધવચન-પરમહંસ રામકૃષ્ણનાં	૦- ૬-૦
૧૯ શુક્રનીતિ	૧- ૪-૦
૨૦ જનાનખાનાની બીબી	૦- ૮-૦
૨૧ મુક્તમાળા	૦- ૮-૦
૨૨ રાસેલાસ	૦- ૭-૦
૨૩ હિનાર્બસ	૦- ૭-૦

ઉપરની સઘળી ચોપડીઓનો ટપાલ ખર્ચ જૂદો પડશે.

અમારા એજંટો પાસેથી લેનાર ગ્રાહકને રૂપિયે એક આનો વધુ ટપાલનો આપવો પડશે.